સાપ્તાહિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 3

■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ પૌષ વદ-૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20

રવિવાર, ૧૯ જાન્યુઆરી, ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઉત્સવ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ

## ૧૫ મહિનાથી ચાલતી લડાઈના અંતના કરાર

કૈરો : હમાસ અને ઈઝરાયલ વચ્ચેનો યુદ્ધવિરામ ૨૪ કલાકથી ઓછા સમયમાં અમલમાં આવશે, એવી માહિતી કતારના વિદેશ મંત્રાલયે આપી હતી. વિદેશપ્રધાન મજિદ અલ-અન્સારીએ એક્સ પર મૂકેલી પોસ્ટ પર લખ્યું હતું કે યુદ્ધવિરામ રવિવારે સવારે સાડાઆઠ વાગ્યાથી (ગ્રિનીજ મીન ટાઈમ ૬-૩૦) અમલમાં આવશે. તેમણે લોકોને સાવધાની રાખવા અને અધિકારીના નિર્દેશોની રાહ જોવા કહ્યું હતું.

શનિવારે સવારે ઈઝરાયલના પ્રતિનિધિમંડળે ગાઝાની યુદ્ધવિરામની ડીલને મંજૂર કરી હતી. આ સંધિને લીધે ડઝનેક બાનો મુક્ત થશે અને હમાસ સાથેના ઈઝરાયલના ૧૫ મહિનાના યુદ્ધનો અંત આવશે. આ સંધિને લીધે બન્ને પક્ષો તેમની સૌથી કાતિલ અને વિનાશકારી લડાઈનો અંત લાવવાની નજીક આવશે.

યુદ્ધ તહુકબીના સમાચાર છતાં શનિવારે મધ્ય ઈઝરાયલમાં સાયરનોના અવાજ સંભળાયા હતા. ઈઝરાયલના લશ્કરે કહ્યું હતું કે અમે યમનથી આવેલી મિસાઈલને આંતરી હતી. તાજેતરના અઠવાડિયામાં ઈરાન સમર્થિત હુથીએ મિસાઈલ હુમલા ભીષણ બનાવ્યા છે. હુથીએ કહ્યું હતું કે અમારા હુમલાનો હેતુ ઈઝરાયલ અને પશ્ચિમના દેશો પર ગાઝાના યુદ્ધનો અંત લાવવાનું દબાણ લાવવાનો છે.

યુદ્ધવિરામના પ્રથમ તબક્કામાં આગામી છ અઠવડિયામાં ૩૩ બાનને મુક્ત કરાશે. આના બદલામાં ઈઝરાયલ તેણે જેલમાં રાખેલા સેંકડો પેલેસ્ટાઈનવાસીઓને મુક્ત કરશે.

બાકીના પુરુષ સૈનિકો પ્રથમ તબક્કા દરમિયાનની વાતચીત બાદ છોડવામાં આવશે. હમાસે કહ્યું હતું કે બાકીના બાનોને કાયમી યુદ્ધવિરામ અને ઈઝરાયલ તેનાં દળો ગાઝા પટ્ટીમાંથી સંપૂર્ણપણે પાછા લે એ પહેલાં છોડવામાં નહીં આવે.

જોકે યુદ્ધવિરામ અંગે થોડા સવાલોના જવાબ હજી મળ્યા નથી. યુદ્ધ દરમિયાનનો આ બીજો યુદ્ધવિરામ છે. જે ૩૩ બાનને મુક્ત કરવામા આવનાર છે એનાં નામો જાહેર થયા નથી. એ પણ માહિતી નથી મળી કે બાનમાંથી હવે કેટલા જીવંત છે.

હમાસે ડીલના પહેલા દિવસે ત્રણ મહિલા બાનને, સાતમા દિવસે ત્રણ મહિલા કેદી અને પાંચ અઠવાડિયાની અંદર બાકીના ૨૬ બાનને મુક્ત કરશે. આના બદલામા ઈઝરાયલ પેલેસ્ટાઈન કેદીઓને મુક્ત કરશે.

ઈઝરાયલના ન્યાય ખાતાએ યુદ્ધવિરામના પ્રથમ તબક્કામાં જે ૭૦૦ લોકોને મુક્ત કરવામાં આવનારા છે એનાં નામો જાહેર કર્યા છે. મંત્રાલયે કહ્યું હતું કે કેદીની મુક્તિ રવિવાર સાંજના ચાર વાગ્યા પહેલાં ચાલુ નહીં થાય. આ કેદીઓ યુવાન કે મહિલાઓ છે. પ્રથમ તબક્કા દરમિયાન

(જુઓ પાનું ૨) ▶▶

## આરજી કર ચુકાદો : અદાલતે આરોપી સંજય રોયને બળાત્કાર-હત્યા માટે દોષી ઠરાવ્યો


નવી દિલ્હી : કોલકાતાની અદાલતે શનિવારે આરજી કર મેડિકલ કૉલેજ અને હૉસ્પિટલમાં ફરજ પર રહેલી ડૉક્ટરના બળાત્કાર અને હત્યા માટે સંજય રોયને દોષી ગણાવ્યો હતો. આ ભયંકર ગુનાથી આખા દેશમાં આક્રોશ ફાટી નીકળ્યો હતો અને દેખાવો થયા હતા.

રોયનો ખટલો સિયાલદહ અદાલતમાં થયો હતો અને વધારાના જિલ્લા અને સેશન્સ જજ અનિર્બાન દાસ દોષી રોયને સોમવારે સજા ફટકારશે.

ગયા વર્ષના નવેમ્બરમાં બંધબારણે ખટલો શરૂ થયો એના બે મહિના બાદ ચુકાદો આવ્યો હતો. રોય ભારતીય ન્યાય સંહિતાની બળાત્કારની ૬૪મી કલમ અને મરણ અને હત્યાને લગતી ૬૬ અને ૧૦૩(૧)મી કલમ હેઠળ ગુનેગાર માલુમ પડ્યો હતો. ૧૦૩(૧)મી કલમ હેઠળ ફાંસી કે આજીવન કેદની સજા થઈ શકે.

જજે કહ્યું હતું કે રોય ડૉક્ટર પર જાતીય હુમલો

(જુઓ પાનું ૨) ▶▶



**મહાકુંભઃ**
ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભ મેળા ૨૦૨૫ દરમિયાન સંગમ વિસ્તારમાં નવા દીક્ષિત 'નાગા સાધુઓ' ધાર્મિકવિધિ કરતા નજરે પડે છે. (પીટીઆઈ)

## વડા પ્રધાન મોદીએ ૬૫ લાખ સ્વામિત્વ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કર્યું




**'સ્વામિત્વ' યોજના**
'સ્વામિત્વ' યોજના હેઠળ, ૧૦ રાજ્ય અને બે કેન્દ્રશાસિત પ્રદેશમાં, વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પ્રોપર્ટી કાર્ડના વિતરણ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી ભાષણ આપતા દેખાય છે. (પીટીઆઈ)

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે લગભગ ૬૫ લાખ સ્વામિત્વ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કર્યું હતું અને કહ્યું કે તે આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપશે અને ગરીબી દૂર કરવામાં મદદ કરશે.

તેમણે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કેટલાક લાભાર્થીઓ સાથે વાતચીત પણ કરી અને કહ્યું કે આ યોજના લોકોને લોન અને સરકારી યોજનાઓના લાભ મેળવવામાં મદદ કરશે.

આ પ્રોપર્ટી કાર્ડ ૧૦ રાજ્ય - છત્તીસગઢ, ગુજરાત, હિમાચલ પ્રદેશ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, મિઝોરમ, ઓડિશા, પંજાબ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને જમ્મુ અને કાશ્મીર અને લદાખના બે કેન્દ્રશાસિત પ્રદેશોના ૫૦,૦૦૦ થી વધુ ગામડાઓમાં લાભાર્થીઓને વિતરણ કરવામાં આવી રહ્યા છે.

આ પ્રસંગે એમણે જણાવ્યું હતું કે "આજે ૬૫ લાખ કાર્ડનું વિતરણ થયા પછી ગામડાઓમાં લગભગ ૨.૨૪ કરોડ લાભાર્થીઓ પાસે સ્વામિત્વ પ્રોપર્ટી કાર્ડ હશે."

"સંપત્તિ અધિકારો સમગ્ર વિશ્વમાં એક મોટો પડકાર છે. વર્ષો પહેલા, સંયુક્ત રાષ્ટ્રએ એક અભ્યાસ હાથ ધર્યો હતો, જેમાં બહાર આવ્યું હતું કે ઘણા દેશોમાં લોકો પાસે મિલકત અધિકારો માટે કાનૂની દસ્તાવેજો નથી. સંયુક્ત રાષ્ટ્રએ કહ્યું છે કે ગરીબી નિવારણ માટે મિલકત અધિકારો મહત્ત્વપૂર્ણ છે."

તેમણે કહ્યું કે "ભારતનાં ગામડાઓમાં લોકો પાસે લાખો કરોડની મિલકત છે, પરંતુ તેમની પાસે તેના માટે કાગળો નહોતા. વિવાદો થયા, મિલકતો છીનવાઈ ગઈ, અને બેંકોએ પણ તેના પર લોન ન આપી."

"પહેલાની સરકારોએ તેના વિશે કંઈક કરવા માટે પગલાં લેવા જોઈતા હતા પરંતુ કંઈ ખાસ કરવામાં આવ્યું ન હતું." તેમણે કહ્યું. મોદીએ કહ્યું કે દલિતો, પછાત વર્ગો અને આદિવાસીઓ આનાથી સૌથી વધુ પ્રભાવિત થયા હતા. "કાનૂની મિલકત

(જુઓ પાનું ૨) ▶▶

## ભારત-અમેરિકા વચ્ચે સાયબર ક્રાઈમ તપાસમાં સહયોગ માટે કરાર

નવી દિલ્હી : ભારત અને અમેરિકાએ સાયબર ક્રાઇમ તપાસમાં સહયોગ વધારવા માટે એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે, એમ વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું. આ કરાર પર હસ્તાક્ષર બાઇડેન વહીવટીતંત્ર દ્વારા ટ્રમ્પ વહીવટીતંત્રને કાર્યભાર સોંપવાના થોડા દિવસો પહેલા થયા છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે શુક્રવારે વોશિંગ્ટન ડીસીમાં ભારતીય રાજદૂત વિનય ક્વાત્રા અને કાર્યકારી યુએસ ડેપ્યુટી સેક્રેટરી ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (ડીએચએસ)નાં ક્રિસ્ટી કેનેગાલો દ્વારા સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

તેમાં કહેવામાં આવ્યું છે કે આ કરાર બંને દેશોની સંબંધિત એજન્સીઓને ગુનાહિત તપાસમાં સાયબર

(જુઓ પાનું ૨) ▶▶

**સૈફ અલી ખાન પર હુમલાનો કેસ**

## મુંબઈ પોલીસે લોકેશન મોકલ્યું ને આરપીએફે છત્તીસગઢના દુર્ગ સ્ટેશનેથી શકમંદને તાબામાં લીધો



સૈફ હુમલા કેસનો શકમંદ

દુર્ગઃ બાંદ્રા પશ્ચિમમાં અભિનેતા સૈફ અલી ખાનના ઘરમાં ઘૂસીને તેના પર છરીથી હુમલો કરવાના કેસમાં રેલવે પ્રોટેકશન ફોર્સે (આરપીએફ) છત્તીસઢના દુર્ગ રેલવે સ્ટેશન પરથી શનિવારે બપોરના ૩૧ વર્ષના શકમંદને પકડી પાડ્યો હતો.

શકમંદની ઓળખ આકાશ કૈલાશ કનોજિયા તરીકે થઇ હતી, જે મુંબઈ લોકમાન્ય ટિળક ટર્મિનસ (એલટીટી)થી કોલકાતા શાલીમાર વચ્ચે દોડતી જ્ઞાનેશ્વરી એક્સપ્રેસમાં પ્રવાસી કરી રહ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

દુર્ગ આરપીએફને મુંબઈ પોલીસ પાસેથી શનિવારે બપોરે માહિતી મળી હતી કે સૈફ અલી ખાન પર હુમલાનો શકમંદ જ્ઞાનેશ્વરી એક્સપ્રેસમાં પ્રવાસ કરી રહ્યો છે. શકમંદનું મોબાઇલ લોકેશન અને તેનો ફોટો પણ શૅર કરવામાં આવ્યો હતો.

દુર્ગની આરપીએફે મુંબઈ-હાવડા માર્ગ પર દુર્ગ પૂર્વે આવતા રાજનંદગાવ સ્ટેશનની આરપીએફને સતર્ક કરી દીધી હતી, પણ ટ્રેન ત્યાં થોભી ત્યારે શકમંદ મળી આવ્યો નહોતો.

દરમિયાન દુર્ગ રેલવે સ્ટેશન પર બે ટીમ તૈયાર રાખવામાં આવી હતી. ટ્રેન જ્યારે દુર્ગ રેલવે સ્ટેશન પર આવી ત્યારે શકમંદની શોધ ચલાવાઇ હતી અને તેને ટ્રેનના જનરલ કોચમાંથી તાબામાં લેવામાં આવ્યો હતો. શકમંદને પૂછપરછમાં શરૂઆતમાં કહ્યું હતું કે તે નાગપુર જતો હતો. બાદમાં તેણે કહ્યું હતું કે તે બિલાસપુર જઇ રહ્યો હતો. તેની પાસે ટિકિટ પણ નહોતી.

આરપીએફે બાદમાં શકમંદનો ફોટો મુંબઈ પોલીસને મોકલ્યો હતો. વીડિયો કૉલ પર પણ બતાવ્યો હતો.

(જુઓ પાનું ૨) ▶▶

## કાશ્મીરમાં ઠંડી ઘટીઃ રાજસ્થાન ઠૂંઠવાયું

શ્રીનગર/જયપુર : કાશ્મીરમાં અનેક વિસ્તારોમાં લઘુતમ તાપમાન ઊંચે જતાં લોકોને રાહત મળી હતી. પહેલગામમાં ઉષ્ણતામાન સાત ડિગ્રી ઊંચે જઈને માઈનસ ૩.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, એવી માહિતી અધિકારીઓએ આપી હતી. બીજી બાજુ રાજસ્થાનમાં કાતિલ ઠંડીનો સિલસિલો ચાલુ હતો. અનેક સ્થળોએ ગાઢ ધુમ્મસને લીધે દૃષ્ટિગોચરતા ઘટી ગઈ હતી.

અલબત્ત હવામાન ખાતાએ આવતા અઠવાડિયા માટે ખીણમાં અતિ હળવાથી હળવી હિમવર્ષાની આગાહી કરી છે. શ્રીનગરમાં રાતનું તાપમાન શુક્રવારે રાત્રે માઈનસ ૦.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જે ગુરવારના રાતના તાપમાન કરતાં બે ડિગ્રી સેલ્સિયસ વધારે હતું.

જ્યાં અમરનાથનો બેઝ કેમ્પ છે એ દક્ષિણ કાશ્મીરના પહેલગામમાં તાપમાન માઈનસ ૩.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે ગુરુવારના રાતના તાપમાન કરતાં સાત ડિગ્રી સેલ્સિયસ વધારે હતું. ગુરુવારે તાપમાન માઈનસ ૧૧.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

સહેલાણીઓના રીસોર્ટ માટે જાણીતા ગુલમર્ગમાં

(જુઓ પાનું ૨) ▶▶

## સરકાર બજેટ સત્રમાં નવું આવકવેરા બિલ રજૂ કરે તેવી શક્યતા

નવી દિલ્હી : સંસદના આગામી બજેટ સત્રમાં સરકાર એક નવું આવકવેરા બિલ રજૂ કરે તેવી શક્યતા છે જે વર્તમાન આવકવેરા કાયદાને સરળ બનાવવા, તેને સમજી શકાય તેવું બનાવવા અને પાનાઓની સંખ્યા લગભગ ૬૦ ટકા ઘટાડવાનો પ્રયાસ કરે છે.

નાણાપ્રધાન નિર્મલા સીતારમણે તેમના જુલાઈના બજેટમાં છ દાયકા જૂના આવકવેરા કાયદા, ૧૯૬૧ની છ મહિનાની અંદર વ્યાપક સમીક્ષા કરવાની જાહેરાત કરી હતી.

"નવો આવકવેરા કાયદો સંસદના બજેટ સત્રમાં રજૂ કરવામાં આવશે. તે એક નવો કાયદો હશે, હાલના કાયદામાં સુધારો નહીં. હાલમાં, કાયદાના ડ્રાફ્ટની કાયદા મંત્રાલય દ્વારા ચકાસણી કરવામાં આવી રહી છે અને તે બજેટ સત્રના બીજા ભાગમાં સંસદમાં લાવવામાં આવે તેવી શક્યતા છે," એમ એક સૂત્રએ જણાવ્યું હતું.

બજેટ સત્ર ૩૧ જાન્યુઆરીથી ૪ એપ્રિલ સુધી ચાલવાનું છે. પ્રથમ ભાગ (૩૧ જાન્યુઆરી-૧૩ ફેબ્રુઆરી) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના લોકસભા અને રાયસભાના સંયુક્ત સત્રને સંબોધન સાથે શરૂ થશે, ત્યારબાદ ૨૦૨૪-૨૫ માટે આર્થિક સર્વેક્ષણ રજૂ

(જુઓ પાનું ૨) ▶▶

## રોહિતના નેતૃત્વમાં ચૅમ્પિયન્સ ટ્રોફી માટેની ભારતીય ટીમ જાહેર કરાઈ

### યશસ્વીને વન-ડેમાં ડેબ્યૂની તકઃ શમી અને કુલદીપ પણ સામેલ, બુમરાહ ફિટ હશે તો જ રમશે




મુંબઈમાં ગઈ કાલે પત્રકાર પરિષદ દરમ્યાન કૅપ્ટન રોહિત શર્મા અને ચીફ સિલેક્ટર અજિત આગરકર. (અમય ખરાડે)

મુંબઈઃ બરાબર એક મહિના પછી (૧૯મી ફેબ્રુઆરીએ) શરૂ થનારી વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી માટેની ભારતીય ટીમની ગઈ કાલે અહીં જાહેરાત કરવામાં આવી હતી. ૧૫ ખેલાડીઓની આ ટીમમાં ટી-૨૦ અને ટેસ્ટના ઓપનિંગ બૅટર યશસ્વી જયસ્વાલનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. એ સાથે, યશસ્વીને વન-ડે ફૉર્મેટમાં ડેબ્યૂ કરવાનો મોકો મળ્યો છે.

રોહિત શર્મા આ ટીમનું સુકાન સંભાળશે. શુભમન ગિલની નિયુક્તિ વાઇસ-કૅપ્ટન તરીકે થઈ છે. આ કાર્યવાહક ટીમ છે અને ૧૫ ખેલાડીઓની અંતિમ ટીમની જાહેરાત ૧૧મી ફેબ્રુઆરી સુધીમાં કરી દેવાની રહેશે. ચૅમ્પિયન્સ ટ્રોફી પાકિસ્તાનમાં રમાવાની છે, પરંતુ ભારતની તમામ મૅચો દુબઈમાં રમાશે. ભારતની આ જ ટીમ છઠ્ઠી ફેબ્રુઆરીએ ઘરઆંગણે ઇંગ્લૅન્ડ સામે શરૂ થનારી વન-ડે શ્રેણીમાં રમશે.

ઈજાગ્રસ્ત જસપ્રીત બુમરાહને આ ટીમમાં સામેલ તો કરવામાં આવ્યો છે, પરંતુ તે આ ટૂર્નામેન્ટમાં રમશે કે નહીં એ તેનો આધાર તેની ફિટનેસ પર રહેશે. તે સ્ટ્રેસ સંબંધિત પીઠની ઈજાનો શિકાર થયો છે. ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ-સિરીઝના નવ દાવમાં તેણે ૧૫૧.૨ ઓવર બોલિંગ કરી હતી

(જુઓ પાનું ૨) ▶▶

## વિકસિત ભારત માટે અનિશ્ચિત સરહદો જેવા મુદ્દાઓ ઉકેલવા પડશેઃ આર્મી વાઇસ ચીફ

સુરત : પૂરતી રોજગારીની તકોનો અભાવ, અનિશ્ચિત સરહદો અને માનવ વિકાસ સૂચકાંકમાં તેનું સ્થાન એ કેટલીક નબળાઈઓ છે જેને ભારતે વિકસિત ભારત ૨૦૪૭ના વિઝનને સાકાર કરવા માટે દૂર કરવાની જરૂર છે, એમ આર્મી સ્ટાફના વાઇસ ચીફ લેફ્ટનન્ટ જનરલ એન.એસ. રાજા સુબ્રમણીએ જણાવ્યું હતું.

સુરત લિટફેસ્ટ ૨૦૨૫ ખાતે શુક્રવારે "રાષ્ટ્રીય સુરક્ષા અને ભારત ૨૦૪૭" વિષય પર બોલતા, લેફ્ટનન્ટ જનરલ સુબ્રમણીએ કહ્યું કે ૨૦૪૭ ના ભારતે તેની પ્રતિભાવ પદ્ધતિને એકીકૃત કરવી જોઈએ, જમ્મુ અને કાશ્મીર અને ઉત્તરપૂર્વમાં તેની આંતરિક સમસ્યાઓ તેમજ સામાજિક અને સાંપ્રદાયિક સુમેળ સુનિશ્ચિત કરવા માટે ડાબેરી ઉગ્રવાદ (એલડબલ્યુઇ) ને ઉકેલવો જોઈએ. "આપણી શક્તિઓ

(જુઓ પાનું ૨) ▶▶

## કિવમાં રશિયન હુમલામાં ચારનાં મોતઃ યુક્રેનિયન ડ્રોન હુમલામાં રશિયન ઇંધણ ભંડારમાં આગ

કિવઃ રશિયાએ યુક્રેન પરના હુમલાઓ વધુ તીવ્ર બનાવતા શનિવારે યુક્રેનની રાજધાની પર ડ્રોન અને મિસાઇલોથી ભયંકર હુમલો કર્યો હતો. જેમાં ઓછામાં ઓછા ચાર લોકોનાં મોત થયાં હતાં. જ્યારે યુક્રેનિયન હુમલાઓમાં રશિયાના ઔદ્યોગિક સ્થળોએ આગ લાગી ગઇ હતી.

યુક્રેનની વાયુ સેનાના જણાવ્યા અનુસાર રશિયાએ શનિવારે વહેલી સવારે ૩૯ શાહેડ ડ્રોન, અન્ય સિમ્યુલેટર ડ્રોન અને ચાર બેલિસ્ટિક મિસાઇલ છોડી હતી. યુક્રેનિયન હવાઇ સંરક્ષણ દળોએ બે મિસાઇલ અને ૨૪ ડ્રોનને તોડી પાડ્યા હતા. એક નિવેદનમાં જણાવાયું છે કે અન્ય ૧૪ ડ્રોન સિમ્યુલેટર વિશે કોઇ માહિતી નથી. કિવ સિટી મિલિટ્રી એડમિનિસ્ટ્રેશનના પ્રમુખ તૈમૂર તકાચેંકોએ જણાવ્યું કે શેવચેનકિવ્સ્કી જિલ્લામાં તોડી પાડવામાં આવેલી મિસાઇલના પડવાથી ચાર લોકોનાં

(જુઓ પાનું ૨) ▶▶

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૧૯-૧-૨૦૨૫ થી તા. ૨૫-૧-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ સમગ્ર સપ્તાહમાં મકર રાશિમાં ભ્રમણ કરે છે. વક્રી મંગળ કર્કમાંથી તા. ૨૧મીએ મિથુનમાં મિશ્ર ગતિએ પ્રવેશ કરે છે. બુધ ધનુમાંથી તા. ૨૪મીએ મકરમાં પ્રવેશે છે. વક્રી ગુરુ વૃષભમાં મંદ ગતિએ ભ્રમણ કરે છે. શુક્ર કુંભ રાશિમાં સ્થિર ગતિએ ભ્રમણ કરે છે. માર્ગી શનિ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે કન્યા રાશિમાં, તા. ૨૧મીએ તુલા રાશિમાં, તા. ૨૩મીએ વૃશ્ચિકમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના કામકાજમાં પરિવર્તનો આવે તેમ છે. નવીન કાર્યપદ્ધતિ અપનાવશો. નોકરીમાં સ્થાન બદલી થાય. તા. ૨૦, ૨૧, ૨૨ના નોકરીના નિર્ણયો સફળ બની રહેશે. નોકરી માટે પ્રવાસ પણ શક્ય છે. ભાગીદારના સંબંધોમાં પરિવર્તનો આવે તેમ છે. તા. ૨૦, ૨૩મીએ મહિલાઓને નોકરીમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને તા. ૧૯, ૨૦, ૨૩ના નિર્ણયોમાં સફળતા જણાશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવશો. વેપાર લાભદાયી થશે. તા. ૨૦, ૨૨, ૨૩ નોકરી માટે સકારાત્મક પુરવાર થશે. નોકરીમાં અપેક્ષિત કામકાજની જવાબદારી પણ પ્રાપ્ત કરશો અને સફળતા પણ મેળવશો. આ સપ્તાહમાં સહપરિવાર પ્રવાસ સફળ જણાય છે. મિલકત, વાહનની ખરીદી શક્ય છે. મહિલાઓને કિંમતી ચીજોની ખરીદી માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને અપેક્ષિત શિક્ષણનું સાહિત્ય મેળવવામાં સફળતા જણાશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ભાગીદાર ઉપયોગી થશે. ભાગીદારથી સહકર્મી, મદદનીશ પણ મેળવશો. નોકરીની મૂંઝવણનો ઉકેલ આ સપ્તાહમાં આવશે. તા. ૨૨, ૨૩, ૨૪ના નિર્ણયોમાં સફળતા મેળવશો. કાર્યક્ષેત્રે નવા નાણાં રોકાણ પરત્વે સાવધાની દાખવવી જરૂરી છે. નવો કારોબારનો પ્રારંભ પણ થાય. ગૃહિણીઓને પરિવારના પ્રસંગો સરળતાથી સંપન્ન થતાં જણાશે. વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રવૃત્તિઓનો, જવાબદારીઓનો સુખદ અનુભવ થશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરી માટે તા. ૧૯, ૨૦, ૨૩ શુભ ફળદાયી જણાય છે. નોકરીના મિત્રોમાં યશસ્વી પુરવાર થશો. સપ્તાહમાં કારોબારના નાણાંની આવકની વૃદ્ધિ થાય, પરંતુ અકારણ નાણાંખર્ચના સાધનોને ઓળખી સતર્ક બની રહેવું જરૂરી છે. નવો વેપાર પણ શક્ય જણાય છે. મહિલાઓના ભાઈ-બહેનો સાથેના મતભેદોનો ઉકેલ પણ જણાય છે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં કઠીન વિષયોમાં માર્ગદર્શન મેળવશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર તથા નવું રોકાણ ઉપયોગી જણાશે. તા. ૨૦, ૨૨, ૨૩ નોકરીના નિત્ય કામ સફળતાથી પૂર્ણ થતાં દર્શાવે છે. રાજકીય ક્ષેત્રના કામકાજ પૂર્ણ કરી શકશો. નાણાંની આવક જળવાઈ રહેશે. સ્વતંત્ર કારોબારમાં યશ મેળવશો. મહિલાઓને આ સપ્તાહમાં નબળા આરોગ્યમાં સુધારો થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અધ્યયન માટેનાં સાધનો પ્રાપ્ત થતાં જણાશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં અપેક્ષાનુસાર લેવડદેવડનું કામકાજ સફળ પુરવાર થશે. નોકરી માટે આ સપ્તાહમાં સાનુકૂળ બની રહેશે. તા. ૧૯, ૨૦, ૨૪, ૨૫ નોકરીમાં યશસ્વી પુરવાર થશે. કામકાજ માટે જરૂરી માનવબળ મેળવશો. કર્મચારીઓ સાથેના મતભેદોનો ઉકેલ આવશે. નાણાંની આવક જળવાઈ રહેશે. મહિલાઓના પરિવારના જવાબદારીના કામકાજ સરળ બની રહેશે. મહિલાઓને તીર્થયાત્રા માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષણનાં સાધનો સરળતાથી પ્રાપ્ત થતાં જણાશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં લાંબા સમયના નવા રોકાણ માટે અનુકૂળ તક મેળવશો. નોકરીમાં પુરુષાર્થ અધિક રહેશે. પરંતુ કામકાજ સમય અનુસાર પૂર્ણ કરી શકશો. તા. ૨૧, ૨૩, ૨૪ અધિકારીનો સહયોગ દર્શાવે છે. કારોબારના મિત્રો સાથેના વ્યવહારમાં સાવધાની દાખવવી જરૂરી છે. મહિલાઓને નવા કામકાજના પ્રારંભ માટે અનુકૂળતાઓ જણાશે. વિદ્યાર્થીઓના અભ્યાસના નિર્ણયો સફળ બની રહેશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરી માટેનો પ્રવાસ સફળ જણાય છે. તા. ૧૯, ૨૦, ૨૪, ૨૫ નોકરીની પ્રવૃત્તિઓમાં સફળતા દર્શાવે છે. અધિકારીનો સહયોગ મેળવશો. ભાઈ-બહેનો સાથેનો નાણાંનો વ્યવહાર સફળ નીવડશે. ઉપરી અધિકારીનો સહયોગ મેળવશો. મહિલાઓનો કુટુંબના સભ્યો સાથેનો મતભેદ હળવો બનશે. નોકરીમાં સહકાર્યકરો ઉપયોગી થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં ઉચ્ચ અભ્યાસમાં અનુકૂળતાઓ જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં અપેક્ષાનુસાર નવું રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ પુરવાર થશે. નોકરીના તા. ૧૯, ૨૦, ૨૨ના કામકાજમાં સફળતા મેળવશો. નવી નોકરીનો પ્રારંભ પણ શક્ય જણાય છે. કારોબારની નાણાંઆવકની વૃદ્ધિ થશે. કુટુંબના સભ્યોમાં સંપ જળવાશે. મહિલાઓને નવીન પ્રવૃત્તિ માટે સફળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં કઠીન અભ્યાસમાં સફળતા મેળવશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં પારંપારિક કામકાજ સફળ રહેશે. નાણાંની આવકની વૃદ્ધિ થશે. નોકરીમાં તા. ૨૧, ૨૨, ૨૩ શુભ જણાય છે. નોકરીના પરિવર્તનોને અપનાવી શકશો. સામાજિક, જાહેર જીવનની પ્રવૃત્તિઓમાં યશ મેળવશો. કુટુંબના સભ્યો સાથેનો નાણાંવ્યવહાર સફળ નીવડશે. મહિલાઓને નોકરીમાં સફળતાનો અનુભવ થશે તથા પતિનો સહયોગ પણ કાર્યક્ષેત્રની મૂંઝવણમાં ઉપયોગી થતો જણાશે. વિભાગીય પરીક્ષામાં વિદ્યાર્થીઓ સફળતા મેળવશે. મિત્ર સમુદાયમાં ગેરસમજણ દૂર થશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવશો. તા. ૨૩, ૧૪, ૨૫ના નિર્ણયો એકંદરે રચનાત્મક બની રહેશે. નોકરી માટે સમગ્ર સપ્તાહ શુભ જણાય છે. નોકરીના અધિકારીનો સહયોગ મેળવશો. સહકાર્યકરોમાં સંપ જળવાશે. પરિવારના કારોબારમાં વડીલનો સહયોગ મેળવશો. વડીલો દ્વારા આર્થિક સહાય પણ મેળવશો. મહિલાઓના પરિવારના પ્રસંગો સફળ બની રહેશે. વિદ્યાર્થીઓને અભ્યાસની પ્રવૃત્તિઓની મૂંઝવણમાં ઉકેલ પ્રાપ્ત થશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં જૂનાં રોકાણનું વેચાણ શક્ય જણાય છે. ઉપરાંત નવું નાણાં રોકાણ પણ જણાય છે. નોકરી માટે તા. ૧૯, ૨૦, ૨૫ શુભ જણાય છે. વેપારમાં નવીનતા, પરિવર્તનો લાવનારું ગ્રહગોચર ફળ જણાય છે. કારોબારની નાણા આવકમાં વૃદ્ધિ થાય. નાણા વ્યવસ્થા પ્રબળ બની રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં જીવનસાથીનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા વિષયનું જ્ઞાન મેળવી શકશે.

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ-સૌર શિશિર ઋતુ, રવિવાર, તા. ૧૯-૧-૨૦૨૫

ભારતીય દિનાંક ૨૯, માહે પૌષ, શકે ૧૯૪૬
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, પૌષ વદ-૫
જૈન વીર સંવત ૨૫૫૧, માહે પૌષ, તિથિ વદ-૫
પારસી શહેનશાહી રોજ ૮મો દએપઆદર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૮મો દએપઆદર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૪થો શહેરેવર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૩
મુસ્લિમ રોજ ૧૮મો, માહે ૭મો રજજબ, સને ૧૪૪૬
મીસરી રોજ ૨૦મો, માહે ૭મો રજજબ, સને ૧૪૪૬
નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની સાંજે ક. ૧૭-૨૯ સુધી, પછી હસ્ત.
ચંદ્ર કન્યામાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૬ અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૬, સ્ટા. ટા.
-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
ભરતીઃ બપોરે ક. ૧૫-૨૫, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૩૫ (તા. ૨૦)
ઓટઃ સવારે ક. ૦૯-૩૪, રાત્રે ક. ૨૧-૧૦
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, પૌષ કૃષ્ણ - પંચમી. સૂર્ય સાયન કુંભમાં મધ્યરાત્રિ પછી ક. ૨૫-૩૧. અમૃતસિદ્ધિ યોગ સાંજે ક. ૧૭-૩૦થી સૂર્યોદય.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃ લગ્નમુહૂર્ત. વિનાયક પૂજા, ભગવાન સૂર્યનારાયણનું પૂજન, ગાયત્રી હવન, જાપ, અર્યમા પૂજન, ધ્રૂવદેવતાનું પૂજન, પીપળાનું પૂજન, શિવપૂજા, શિવ-પાર્વતી પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, પ્રયાણ મધ્યમ, મુંડન કરાવવું નહીં. નવા વસ્રો, આભૂષણ, દુકાન-વેપાર-નોકરી, મિત્રતા, સીમંત સંસ્કાર ચંદ્ર બળ મુજબ, બાળકને અન્ન પ્રાશન, દેવદર્શન, વિદ્યારંભ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, રાજ્યાભિષેક, મંદિરોમાં પાટ-અભિષેક પૂજા, ધજા-કળશ પતાકા ચઢાવવી. રોપા વાવવા, બી વાવવું ખેતીવાડીના કામકાજ ધાન્ય ભરવું, પશુ લેવડદેવડ. અમૃતસિદ્ધિયોગમાં ચંદ્રની પૂજા, વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠવાંચન, નામકરણની વિધિ, મહેંદી લગાવવી,
આચમનઃ શુક્ર-શનિ યુતિ નાણાંની જાળવણી માટે સતર્ક રહેવું, સૂર્ય-ચંદ્ર ત્રિકોણ સામાજિક જીવનમાં પ્રતિષ્ઠા, ચંદ્ર-રાહુ પ્રતિયુતિ વિચારો આત્મવિશ્વાસનો અભાવ.
ખગોળ જ્યોતિષઃ શુક્ર-શનિ યુતિ, સૂર્ય-ચંદ્ર ત્રિકોણ, ચંદ્ર-રાહુ પ્રતિયુતિ. ચંદ્ર ક્રાંતિવૃત્ત પર આવી દક્ષિણે થશે.
ગ્રહગોચરઃ સૂર્ય-મકર. વક્રી મંગળ-કર્ક, બુધ-ધનુ, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- કુંભ, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૧૯-૧-૨૦૨૫ થી તા. ૨૫-૧-૨૦૨૫

રવિવાર, પૌષ વદ-૫, વિ. સં. ૨૦૮૧, તા. ૧૯મી જાન્યુઆરી, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની સાંજે ક. ૧૭-૨૯ સુધી, પછી હસ્ત. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. સૂર્ય સાયન કુંભમાં મધ્યરાત્રિ પછી ક. ૨૫-૩૧. અમૃતસિદ્ધિ યોગ સાંજે ક. ૧૭-૩૦. લગ્ન શુભ દિવસ.

સોમવાર, પૌષ વદ-૬, તા. ૨૦મી નક્ષત્ર હસ્ત રાત્રે ક. ૨૦-૨૯ સુધી, પછી ચિત્રા. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. ભદ્રા સવારે ક. ૦૯-૫૮ થી રાત્રે ક. ૨૩-૧૭. લગ્ન, ખાતમુહૂર્ત, વાસ્તુ કળશ.સર્વદેવ પ્રતિષ્ઠા શુભ દિવસ.

મંગળવાર, પૌષ વદ-૭, તા. ૨૧મી, નક્ષત્ર ચિત્રા રાત્રે ક. ૨૩-૩૬ સુધી, પછી સ્વાતિ. ચંદ્ર કન્યામાં સવારે ક. ૧૦-૦૨ સુધી, પછી તુલા રાશિ પર જન્માક્ષર. શ્રી રામાનંદાચાર્ય જયંતી, કાલાષ્ટમી, ભારતીય માઘ માસારંભ, બુધ પૂર્વમાં અસ્ત થાય છે. મંગળ મિથુનમાં વક્રી થાય છે. લગ્ન. શુભ દિવસ.

બુધવાર, પૌષ વદ-૮, તા. ૨૨મી, નક્ષત્ર સ્વાતિ મધ્યરાત્રિ પછી ક. ૨૬-૩૩ સુધી, પછી વિશાખા. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર.- લગ્ન,ખાત મુહૂર્ત,વાસ્તુ કળશ.સર્વદેવ પ્રતિષ્ઠા શુભ દિવસ.

ગુરુવાર, પૌષ વદ-૯, તા. ૨૩મી, નક્ષત્ર વિશાખા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૦૭, પછી અનુરાધા. ચંદ્ર તુલામાં ક. ૨૨-૩૨ સુધી, પછી વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. નેતાજી સુભાષચંદ્ર બોઝ જયંતી, વિંછુડો પ્રારંભ રાત્રે ક. ૨૨-૩૨. સૂર્ય શ્રવણમાં ૨૮-૪૫. ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૩૦-૩૫. શુભ કાર્ય વર્જ્ય છે.

શુક્રવાર, પૌષ વદ-૧૦, તા. ૨૪મી, નક્ષત્ર અનુરાધા મધ્યરાત્રિ પછી ૩૧-૦૭ સુધી, પછી જયેષ્ઠા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. વિંછુડો, બુધ મકરમાં સાંજે ક. ૧૭-૪૦, ભદ્રા સમાપ્તિ રાત્રે ક. ૧૯-૨૫. લગ્ન, વાસ્તુ કળશ. શુભ દિવસ.

શનિવાર, પૌષ વદ-૧૧, તા. ૨૫મી નક્ષત્ર જયેષ્ઠા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. ષટ્તિલા એકાદશી (કોપરા), વિંછુડો. સામાન્ય દિવસ.

# મુડા મામલે ભાજપે સિદ્ધારમૈયાને તાત્કાલિક પદ છોડવાની માગ કરી

બેંગલૂરુઃ ઇડીએ મુડાના ૧૪૨ એકમની સ્થાવર મિલકતો જપ્ત કર્યા બાદ ભાજપે શનિવારે મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયાનાં રાજીનામાની માગ કરી હતી. ઇડીએ શુક્રવારે જણાવ્યું હતું કે તેણે સિદ્ધારમૈયા અને અન્ય લોકો સામેના કેસના સંદર્ભમાં પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ), ૨૦૦૨ની જોગવાઈઓ હેઠળ લગભગ ૩૦૦ કરોડ રૂપિયાની બજાર કિંમત ધરાવતી ૧૪૨ સ્થાવર મિલકત કામચલાઉ રીતે જપ્ત કરી છે. ઇડીએ કહ્યું કે જપ્ત કરાયેલી મિલકતો વિવિધ વ્યક્તિઓના નામે નોંધાયેલી છે જેઓ રિયલ એસ્ટેટ ઉદ્યોગપતિઓ અને એજન્ટો તરીકે કામ કરે છે.

ભાજપના પ્રદેશ પ્રમુખ બી વાય વિજયેન્દ્રએ 'એક્સ' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે ''જો મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયા તેમના કાર્યાલયની પ્રામાણિકતાને મહત્ત્વ આપે છે, તો તેમણે તાત્કાલિક પદ છોડવું જોઈએ અને નિષ્પક્ષ તપાસ આગળ વધવા દેવી જોઈએ. કર્ણાટકના લોકો પારદર્શિતા, જવાબદારી અને ન્યાયને પાત્ર છે.''

એમણે મૈસુર શહેરી વિકાસ સત્તામંડળ (મુડા) સાઇટ ફાળવણી કૌભાંડ સામેની લડાઈમાં તેને મોટી જીત ગણાવી હતી.

મુડા કૌભાંડ અંગે ખુલાસો કરતા ઇડીએ જણાવ્યું હતું કે, ''એવું માનવામાં આવે છે કે સિદ્ધારમૈયાએ મુડા દ્વારા સંપાદિત ૩ એકર ૧૬ ગુંટા જમીનના બદલામાં તેમની પત્ની શ્રીમતી બી એમ પાર્વતીના નામે ૧૪ સાઇટ્સ (પ્લોટ)નું વળતર મેળવવા માટે તેમના રાજકીય પ્રભાવનો ઉપયોગ કર્યો છે. આ જમીન મૂળ મુડા દ્વારા ૩૨૪૭૦૦ રૂપિયામાં હસ્તગત કરવામાં આવી હતી. પોશ વિસ્તારમાં ૧૪ સાઇટ્સના રૂપમાં વળતર રૂ. ૫૬ કરોડ (આશરે) ની કિંમતનું છે.''

ઇડીએ ઉમેર્યું હતું કે, પાર્વતીને વળતર સાઇટ્સની ગેરકાયદેસર ફાળવણીમાં મુડાના ભૂતપૂર્વ કમિશનર ડી બી નટેશની ભૂમિકા મુખ્ય ભૂમિકા ભજવી રહી છે.

વિજયેન્દ્રએ આરોપ લગાવ્યો હતો કે ઇડીની તપાસમાં સિદ્ધારમૈયા સાથે સંકળાયેલા નોંધપાત્ર ભ્રષ્ટાચારનો પર્દાફાશ થયો છે, જેમણે કથિત રીતે તેમની પત્નીના નામે ગેરકાયદેસર રીતે સાઇટ્સ ફાળવવા માટે તેમના રાજકીય પ્રભાવનો ઉપયોગ કર્યો હતો. ''પ્રભાવશાળી વ્યક્તિઓના 'બેનામી' અને ડમીઓને જગ્યાઓ ફાળવવાથી ભ્રષ્ટાચારનો વ્યવસ્થિત ઉપયોગ વધુ સ્પષ્ટ થાય છે,'' એમ તેમણે આરોપ લગાવ્યો. જ્યારે રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે સિદ્ધારમૈયા સામે કાર્યવાહીને મંજૂરી આપી હતી, ત્યારે ''કૉંગ્રેસે રાજ્યપાલના બંધારણીય અધિકારનું અપમાન અને અવમૂલ્યન કરવામાં કોઈ કસર છોડી નહોતી,'' એમ ભાજપના રાજ્ય પ્રમુખે કહ્યું. તેમણે ધ્યાન દોર્યું કે કર્ણાટક હાઈકોર્ટે પણ રાજ્યપાલના નિર્ણયને સમર્થન આપ્યું હતું, ભારપૂર્વક જણાવ્યું હતું કે મુખ્યમંત્રીના પરિવાર સામેના આરોપોની તપાસ થવી જોઈએ.

## પહેલા પાનાનું ચાલુ

### ઈઝરાયલ અને હમાસ

ઈઝરાયલનાં લશ્કરી દળો ગાઝાની એક કિલોમીટરની અંદરની બફર ઝોનમાં જતા રહેશે. આ હિલચાલને લીધે પેલેસ્ટાઈના વિસ્થાપિત લોકો તેમના ગાઝા પટ્ટી કે ઉત્તર ગાઝાના તેમના ઘરે પાછા ફરશે.

ગાઝાની મોટા ભાગની વસ્તી તંબુમાં રહે છે અને તેમનાં ઘરો તૂટ્યાં કે નુકસાન પામ્યાં હોવા છતાં તેઓ ઘરે જવા ઉત્સુક છે. ગાઝાવાસીને મદદ કરવા રફાહ સરહદની ઈજિપ્તની બાજુએ રાહત સામગ્રીને લઈ આવતી ટ્રકો ઊભી છે.

#### હિઝબુલ્લાએ યુદ્ધવિરામને આવકાર્યો

હિઝબુલ્લાના ટોચના નેતા નેઈમ કાસીમે કહ્યું હતું કે પેલેસ્ટાઈન લોકોના બલિદાને પેલેસ્ટાઈનને ભુંસી નાખવાના ઈઝરાયલના પ્રયાસોને નાકામ બનાવ્યા છે.

લેબેનીઝ મિલિટન્ટ ગ્રુપના અલ મનાર ટીવીને કાસીમે કહ્યું હતું કે લેબેનોનની સરકારે અમેરિકાએ કરાવેલી ૧૪ મહિનાના ઈઝરાયલ-હિઝબુલ્લાના યુદ્ધના વિરામની સંધિના ઈઝરાયલ દ્વારા થતા ઉલ્લંઘનને અટકાવવો જોઈએ. ઈઝરાયલે ૨૭ નવેમ્બરથી અમલમાં આવેલા યુદ્ધવિરામ પછી સેંકડો વખત સંધિનો ભંગ કર્યો છે. હિઝબુલ્લાએ ચેતવણી આપી હતી કે હિઝબુલ્લાના ધૈર્યની ચકાસણી ન થવી જોઈએ.

#### ઈઝરાયલ માર્વાન બરઘોતીને નહીં છોડે

ઈઝરાયલે તેના દ્વારા મુક્ત થનારા ૭૦૦ પેલેસ્ટાઈન કેદીઓની યાદી જાહેર કરી છે. આમાં પેલેસ્ટાઈનના મોટા કદના નેતા મારવાન બરઘોતીનાં નામનો સમાવેશ થતો નથી. મારવાન પેલેસ્ટાઈનના ભાવિ પ્રમુખ છે એમ રાજકીય પંડિતો કહે છે. ૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં પેલેસ્ટાઈનના બીજા બળવાના તેઓ નેતા હતા. તેઓ ૨૧ વર્ષથી ઈઝરાયલની જેલમાં છે.

### વડા પ્રધાન મોદીએ

અધિકારો મેળવ્યા પછી, લાખો લોકોએ લોન લીધી છે. તેઓએ આ પૈસાનો ઉપયોગ તેમના વ્યવસાય શરૂ કરવા માટે કર્યો છે. આમાંના ઘણા ખેડૂતો છે, જેમના માટે આ મિલકત કાર્ડ નાણાકીય સુરક્ષાની ગેરંટી છે,'' એમ તેમણે કહ્યું. તેમણે એમ પણ કહ્યું કે સ્વામિત્વ અને ભૂ-આધાર ગામડાઓના વિકાસનો પાયો બનશે.

આ કાર્યક્રમમાં કેન્દ્રીય પંચાયતી રાજ પ્રધાન રાજીવ રંજન સિંહ 'લલન', કેન્દ્રીય પંચાયતી રાજ રાજ્ય પ્રધાન એસ પી સિંહ બઘેલ અને પંચાયતી રાજ મંત્રાલયના સચિવ વિવેક ભારદ્વાજ પણ હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમમાં અનેક મુખ્ય પ્રધાનો, કેન્દ્રીય પ્રધાનો અને રાજ્ય પ્રધાનોએ વર્ચ્યુઅલી હાજરી આપી હતી.

પ્રોપર્ટી કાર્ડના ભૌતિક વિતરણ માટે ૨૩૦ થી વધુ જિલ્લાઓમાં કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. એવી અપેક્ષા છે કે પ્રોપર્ટી કાર્ડના પ્રાદેશિક વિતરણ સમારોહનું નિરીક્ષણ કરી શકાય એ માટે લગભગ ૧૩ કેન્દ્રીય પ્રધાનો દેશભરમાંથી નિયુક્ત સ્થળોએથી ભૌતિક રીતે જોડાશે.

### આરજી કર ચુકાદો

કરવા અને તેને ફાંસો દઈને મારી નાખવા માટે દોષી માલૂમ પડ્યો હતો અને સીબીઆઈએ તેની સામેના બધા ગુના સિદ્ધ કર્યા હતા.

દાસે કહ્યું હતું કે રોયનું નિવેદન સોમવારે બપોરે સાડાબાર વાગ્યે સાંભળવામાં આવશે અને પછી સજા જાહેર કરવામાં આવશે. જજ ચુકાદો આપતા હતા ત્યારે રોયે અદાલતમાં દાવો કર્યો હતો કે મને ફસાવવામાં આવી રહ્યો છે. પોતાના બચાવમાં રોયે કહ્યું હતું કે હું રૂદ્રાક્ષનો હાર પહેરું છું અને જો મેં ગુનો કર્યો હોય તો એ હાર તૂટી જવો જોઈએ. ચુકાદા પછી પોલીસ કડક જાપ્તામાં રોયને અદાલતમાંથી પ્રેસિડેન્સી કરેકશનલ હોમમાં લઈ ગઈ હતી. પોલીસે રાહ જોઈ રહેલા પત્રકારો સાથે રોયને વાતચીત કરવા દીધી નહોતી.

તબીબના માતાપિતાએ ચુકાદા બાદ જજનો આભાર માન્યો હતો અને કહ્યું હતું કે અદાલતે અમે તેમના પર રાખેલા વિશ્વાસનું માન રાખ્યું છે.

સીબીઆઈએ તેની ચાર્જશીટમાં સિવિક વોલ્યુન્ટર રોયને પોસ્ટગ્રેજ્યુએટ ટ્રેની પર બળાત્કાર અને હત્યા કરવાના ગુનાના મુખ્ય અને એકમાત્ર આરોપી ગણાવ્યો હતો. કોલકાતા પોલીસ જે પહેલાં આ કેસની તપાસ કરી રહી હતી તેણે ડૉક્ટરનો મૃતદેહ હૉસ્પિટલના સેમિનાર રૂમમાં મળ્યો એના એક દિવસ બાદ ૧૦ ઓગસ્ટે રોયની ધરપકડ કરી હતી.

કોલકાતા હાઈ કોર્ટે આ કેસ સીબીઆઈને ટ્રાન્સફર કર્યો હતો. સીબીઆઈએ તેને મૃત્યુદંડની સજા દેવાની અદાલતને વિનંતી કરી છે. (એજન્સી)

### મુંબઈ પોલીસે

મુંબઈ પોલીસે તેને ઓળખી કાઢ્યો હતો. ત્યાર બાદ તેને તાબામાં લઇને ટ્રેનમાંથી ઉતારવામાં આવ્યો હતો.

સૈફ અલી ખાન પર હુમલા પહેલા ઇમારતમાં જતી વખતે અને હુમલો કર્યા બાદ નીચે ઊતરતી વખતે શકમંદ સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો. જેને આધારે તેને તાબામાં લેવાયો હતો. મુંબઈ પોલીસની ટીમ શકમંદનો કબજો લેવા માટે સાંજે ફ્લાઇટ દ્વારા રાયપુર જવા માટે નીકળી હતી. અગાઉ પણ પોલીસે એક શકમંદને તાબામાં લીધો હતો. જોકે તેની સંડોવણી ન હોવાથી તેને છોડી દેવામાં આવ્યો હતો.

### કાશ્મીરમાં ઠંડી

તાપમાન માઈનસ ૮.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાન ખાતાએ રવિવારે ટેકરીમાં હળવી હિમવર્ષાની આગાહી કરી હતી. હવામાન ખાતાની આગાહી છે કે ૨૨ જાન્યુઆરીએ કાશ્મીરમાં હળવી હિમવર્ષા અને ૨૩ જાન્યુઆરીએ જમ્મુ અને કાશ્મીરમાં હળવી હિમવર્ષા પડી શકે.

દરમિયાન રાજસ્થાનમાં સિરોહીમાં સૌથી નીચું લઘુતમ તાપમાન નોંધાયું હતું. ત્યાં ઉષ્ણતામાન ૪.૯ ડિગ્રી સેલ્સિયસ હતું. છેલ્લા ૨૪ કલાકમાં હવામાન સૂકું રહ્યું હતું. રાજધાની જયપુરમાં લઘુતમ તાપમાન ૮.૨ ડિગ્રી સેલ્સિયસ હતું.

હવામાન ખાતાએ વેસ્ટર્ન ડિસ્ટરબન્સને લીધે ૨૧ અને ૨૨ જાન્યુઆરીએ હળવો વરસાદ પડે એવી આગાહી કરી છે. ધુમ્મસને લીધે જયપુર-અજમેર હાઈવેમાં કિશનગઢ નજીક ત્રણ અકસ્માત થયા હતા અને આમાં બેને ઈજા થઈ હતી. (એજન્સી)

### ભારત-અમેરિકા

થ્રેટ ઇન્ટેલિજન્સ અને ડિજિટલ ફોરેન્સિક્સના ઉપયોગના સંદર્ભમાં સહયોગ અને તાલીમના સ્તરને વધારવાની મંજૂરી આપે છે. ભારત તરફથી, ગૃહ મંત્રાલયનું ભારતીય સાયબર ક્રાઇમ કોઓર્ડિનેશન સેન્ટર આ એમઓયુના અમલીકરણ માટે જવાબદાર છે. યુએસ બાજુ, ડીએચએસ અને તેની ઘટક એજન્સીઓ યુએસ ઇમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ અને હોમલેન્ડ સિક્યુરિટી ઇન્વેસ્ટિગેશન્સ સાયબર ક્રાઇમ્સ સેન્ટરને કરારના અમલીકરણનું કામ સોંપવામાં આવ્યું છે. (એજન્સી)

### રોહિતના નેતૃત્વમાં

જેને લીધે તેના મન અને શરીર પર પ્રચંડ બોજ આવ્યો હતો. ફાસ્ટ બોલર હર્ષિત રાણાનું સિલેક્શન બુમરાહના બૅક-અપ બોલર તરીકે કરવામાં આવ્યું છે. જો બુમરાહ ચૅમ્પિયન્સ ટ્રોફીમાં નહીં રમી શકે તો હર્ષિતને રમાડવામાં આવશે.

મોહમ્મદ શમી વન-ડે માટેની ટીમ ઇન્ડિયામાં કમબૅક કરી રહ્યો છે. તેને પણ ૧૫ ખેલાડીઓની સ્ક્વૉડમાં સમાવવામાં આવ્યો છે.

લેફ્ટ-આર્મ રિસ્ટ સ્પિનર કુલદીપ યાદવ પણ ચૅમ્પિયન્સ ટ્રોફીમાં રમશે. તે ભારત વતી છેલ્લે વન-ડેમાં ઑગસ્ટ, ૨૦૨૪માં શ્રીલંકા સામેની મૅચમાં રમ્યો હતો. નવેમ્બરમાં તેણે હરણિયાનું ઑપરેશન કરાવ્યું હતું જેને લીધે તે મેદાનથી દૂર રહ્યો છે. મોહમ્મદ સિરાજના સ્થાને લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર અર્શદીપ સિંહ પર સિલેક્ટરોએ કળશ ઢોળ્યો છે.

**ભારતીય ટીમઃ**

રોહિત શર્મા (કૅપ્ટન), શુભમન ગિલ (વાઇસ-કૅપ્ટન), રિષભ પંત (વિકેટકીપર), વિરાટ કોહલી, યશસ્વી જયસ્વાલ, શ્રેયસ ઐયર, કેએલ રાહુલ, હાર્દિક પંડ્યા, રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, વૉશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ શમી અને અર્શદીપ સિંહ.

### કિવમાં રશિયન હુમલામાં

મોત થયાં હતાં. ડેસ્ન્યાન્સ્કી જિલ્લામાં પણ મિસાઇલનો કાટમાળ પડી રહ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું. યુક્રેનમાં પોલ્ટાવા, સુમી, ખાર્કિવ, ચેર્કાસી, ચેર્નિહિવ, કિવ, ખમેલનિત્સ્કી, ઝાયટોમીર, કિરોવોગ્રાડ, નિપ્રોપેટ્રોવ્સ્ક, ખેરસોન અને ડોનેત્સ્ક પ્રદેશોમાં ડ્રોન અને મિસાઇલો તોડી પાડવામાં આવ્યા હતા. સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું કે શનિવારે યુક્રેનિયન ડ્રોન હુમલાઓને કારણે રશિયાના કાલુગા અને તુલા પ્રદેશોમાં ઔદ્યોગિક સ્થળોએ આગ લાગી હતી. રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે રાતોરાત દેશભરમાં ૪૬ યુક્રેનિયન ડ્રોનનો નાશ કરવામાં આવ્યો હતો.

કલુગા પ્રદેશમાં એક ડ્રોન હુમલામાં લ્યુડિનોવો શહેર સળગી ગયું હોવાનું ગવર્નર વ્લાદિસ્લાવ શાપશાએ જણાવ્યું હતું. સ્થાનિક લોકોનો દાવો છે કે હુમલાએ સ્થાનિક તેલ ડેપોને નિશાન બનાવ્યું હતું. તુલા પ્રદેશમાં પણ આગ લાગવાની ઘટના નોંધાઇ હતી. જ્યાં એક ઇંધણ ભંડાર ટેંકમાં આગ લાગી હોવાનું ગવર્નર દિમિત્રી મિલ્યાવે જણાવ્યું હતું.

### સરકાર બજેટ સત્રમાં

કરવામાં આવશે. ૨૦૨૫-૨૬ માટેનું કેન્દ્રીય બજેટ ૧ ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવશે. સંસદ ૧૦ માર્ચે ફરી મળશે અને ૪ એપ્રિલ સુધી ચાલશે.

૧૯૬૧ના આઇ-ટી એક્ટની વ્યાપક સમીક્ષા માટે સીતારમણ દ્વારા બજેટની જાહેરાત અનુસાર, સીબીડીટીએ સમીક્ષાની દેખરેખ રાખવા અને કાયદાને સંક્ષિપ્ત, સ્પષ્ટ અને સમજવામાં સરળ બનાવવા માટે એક આંતરિક સમિતિની સ્થાપના કરી હતી, જે વિવાદો, મુકદ્દમા ઘટાડશે અને કરદાતાઓને વધુ કર નિશ્ચિતતા પ્રદાન કરશે. ઉપરાંત, કાયદાના વિવિધ પાસાઓની સમીક્ષા કરવા માટે ૨૨ વિશેષ પેટા સમિતિઓની સ્થાપના કરવામાં આવી હતી.

ચાર શ્રેણીઓમાં જાહેર સૂચનો અને ભલામણો મંગાવવામાં આવ્યાં હતાં - ભાષાનું સરળીકરણ, મુકદ્દમામાં ઘટાડો, પાલનમાં ઘટાડો અને બિનજરૂરી/અપ્રચલિત જોગવાઈઓ.

આવકવેરા વિભાગને કાયદાની સમીક્ષા અંગે હિસ્સેદારો તરફથી ૬૫૦૦ સૂચનો મળ્યાં છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે જોગવાઈઓ અને પ્રકરણોમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં આવશે અને જૂની જોગવાઈઓ કાઢી નાખવામાં આવશે.

આવકવેરા અધિનિયમ, ૧૯૬૧, જે પ્રત્યક્ષ કર-વ્યક્તિગત આવકવેરા, કોર્પોરેટ ટેક્સ, સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ, ભેટ અને સંપત્તિ કર ઉપરાંત-લાદવા સાથે સંબંધિત છે, તેમાં હાલમાં લગભગ ૨૯૮ કલમ અને ૨૩ પ્રકરણ છે.

### વિકસિત ભારત માટે

આપણું ભૌગોલિક સ્થાન, યુવાનો, સ્થિર આર્થિક વિકાસ અને સેવા ક્ષેત્રો - ફાર્મા અને આઇટી - છે જે પ્રગતિ કરી રહ્યા છે.''

આપણી નબળાઈઓમાં પ્રથમ, પર્યાવરણીય પરિવર્તન; બીજું, આપણું ઉત્પાદન ક્ષેત્ર મજબૂત નથી; ત્રીજું, આપણી પાસે રોજગારીની આટલી બધી તકો નથી. આપણી સરહદ, ભલે તે ચીન સાથે હોય કે પાકિસ્તાન સાથે, હજુ સુધી વિકસિત નથી. આપણે માનવ વિકાસ સૂચકાંકમાં સુધારો કરવાની જરૂર છે, એમ તેમણે કહ્યું.

લેફ્ટનન્ટ જનરલ સુબ્રમણીએ કહ્યું કે, સમાજમાં આંતરિક સંઘર્ષો પર કામ કરવાની, તણાવ ઘટાડવાની અને વિકાસ તરફ આગળ વધવાની આપણી જવાબદારી છે. ત્યારે જ આંતરિક સુરક્ષામાં પણ સુધારો થશે.''

તેમણે કહ્યું કે ૨૦૪૭ સુધીમાં, ભારતની પ્રતિભાવ પદ્ધતિને સંકલિત કરવી જોઈએ, અને આંતરિક સમસ્યાઓનો ઉકેલ લાવવો પડશે. જમ્મુ અને કાશ્મીર, મણિપુર, નેપાળ અને ઉત્તર પશ્ચિમપૂર્વ સંબંધિત મુદ્દાઓનો ઉકેલ લાવવો પડશે જેથી સામાજિક અને સાંપ્રદાયિક સુમેળ રહે અને ૨૦૪૭ સુધીમાં ભારત વિકસિત બને, એમ તેમણે કહ્યું.

લેફ્ટનન્ટ જનરલ સુબ્રમણીએ કહ્યું કે આર્થિક સુરક્ષા પણ મહત્ત્વપૂર્ણ છે, અને જો રાષ્ટ્રીય અને આર્થિક સુરક્ષા એકરૂપ ન હોય તો ભારત ક્યારેય પ્રગતિ કરી શકશે નહીં. તેમણે કહ્યું કે આર્થિક સુરક્ષા વિના બાહ્ય અને આંતરિક સુરક્ષા પ્રાપ્ત કરી શકાતી નથી, અને પર્યાવરણીય, તકનીકી, માનવ અને ઊર્જા સુરક્ષા બધા જોડાયેલા છે. એમણે કહ્યું કે આજે અર્થતંત્રનો ઉપયોગ હથિયાર તરીકે થઈ રહ્યો છે. ઉપરાંત, વિશ્વ વિવિધ બ્લોકમાં વહેંચાઈ રહ્યું છે અને દેશો વૈશ્વિકરણની વિરુદ્ધ જઈ રહ્યા છે અને પ્રાદેશિક બ્લોક બનાવી રહ્યા છે.

ભારત અમેરિકા અને ચીન વચ્ચેની સ્પર્ધા, વિશ્વભરમાં સંઘર્ષો અને હાઇબ્રિડ, આર્થિક અને સાયબર યુદ્ધ - સોશિયલ મીડિયા દ્વારા વાતોનું યુદ્ધ-દરેકને અસર કરી રહ્યું છે.

તેમણે કહ્યું કે જ્યાં સુધી બાહ્ય સુરક્ષાની વાત છે, ત્યાં સુધી ભારત ચીન સાથે લાંબી, અસ્થિર સરહદ ધરાવે છે, જેના કારણે બંને દેશો વચ્ચે તણાવ વધ્યો છે.

''તમે ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૪ માં ચીન સાથેની અમારી ચર્ચાઓ વિશે સાંભળ્યું હશે, જેના કારણે ૨૦૨૦ના ગાલવાન યુદ્ધ પછી અમારી વચ્ચે તણાવ થોડો ઓછો થયો છે, અને ચીન આ પ્રદેશ છોડીને ચાલ્યું ગયું છે. હાલમાં, પરિસ્થિતિ લગભગ સામાન્ય છે પણ સંવેદનશીલ પણ છ.''

તેમણે કહ્યું કે ચીન ભારતના વ્યૂહાત્મક અવકાશ બાંગ્લાદેશ અને મ્યાનમાર જેવા પડોશીઓ - પર પોતાનો પ્રભાવ વધારવાનો પ્રયાસ કરશે.

જ્યાં સુધી બાહ્ય સુરક્ષાની વાત છે, ભારતના સરહદી વિસ્તારોને ૨૦૪૭ સુધીમાં સંપૂર્ણ રીતે વિકસિત કરવાની જરૂર છે, તેમણે કહ્યું. આંતરિક સુરક્ષાની વાત કરીએ તો, લેફ્ટનન્ટ જનરલ સુબ્રમણ્યમે કહ્યું કે કલમ ૩૭૦ અને તાજેતરની ચૂંટણીઓ પછી ૬૦ ટકાથી વધુ મતદાન સાથે જમ્મુ અને કાશ્મીરમાં પરિસ્થિતિ સામાન્ય થઈ ગઈ છે.

''હવે, આપણી પાસે ત્યાં ચૂંટાયેલી સરકાર છે. જ્યારે છૂટાછવાય આતંકવાદી ઘટનાઓ થાય છે, ત્યારે પણ સેના, સીએપીએફ, પોલીસ અને રાજ્ય વહીવટીતંત્રે પરિસ્થિતિને નિયંત્રિત કરી છે.

જ્યાં સુધી પૂર્વોત્તરની વાત છે, તમે મણિપુરમાં હિંસા વિશે જાણો છો. હાલમાં, પરિસ્થિતિ નિયંત્રણમાં છે. અને અમને આશા છે કે તેમાં સમય લાગશે, પરંતુ અમે શક્ય તેટલી વહેલી તકે પરિસ્થિતિને નિયંત્રિત કરીશું, તેમણે કહ્યું.

લેફ્ટનન્ટ જનરલ સુબ્રમણ્યે કહ્યું કે ૨૦૪૭માં, ભારત એવો દેશ હોવો જોઈએ જેમાં વિશ્વભરના લોકો રહેવા માંગે છે, અને અર્થતંત્ર ૩૦ ટ્રિલિયન ડૉલરથી વધુ હોવું જોઈએ.

''આપણે દરેક રીતે આંતરિક શાંતિ રાખવી જોઈએ અને પર્યાવરણીય, ઊર્જા, માનવ અને તકનીકી સુરક્ષાના ક્ષેત્રમાં અગ્રેસર રહેવું જોઈએ,'' એમ તેમણે કહ્યું હતું.

# કૉંગ્રેસના રાજ્યસભાના સાંસદ અને જામનગરના કૉર્પોરેટર સામે થયેલી ફરિયાદ રદ કરવા થયેલી અરજી હાઈ કોર્ટે ફગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગરમાં કૉંગ્રેસના રાજ્યસભાના સાંસદ ઇમરાન પ્રતાપગઢી અને જામનગર મનપાના વર્તમાન કૉર્પોરેટર અને વિરોધ પક્ષના પૂર્વ નેતા અલ્તાફ ખફી શહેરમાં યોજાયેલા સમૂહ લગ્નમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમની ઑડિયો વીડિયો ક્લિપના બેકગ્રાઉન્ડમાં ઉશ્કેરણીજનક સંવાદો સાથેનું ગીત વગાડવા અંગે રાજ્યસભાના સાંસદ ઇમરાન પ્રતાપગઢી અને સ્થાનિક કૉર્પોરેટર સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. જે ફરિયાદ રદ કરવા માટે ગુજરાત હાઈ કોર્ટનું શરણું લીધું હતું, જોકે, હાઈ કોર્ટે તે અરજી રદ કરી નાખી હતી અને બંનેની ધરપકડનો માર્ગ મોકળો બન્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત તા. ૨૯-૧૨-૨૦૨૪ના રોજ જામનગરમાં કૉંગ્રેસના કૉર્પોરેટર અલ્તાફ ખફીના જન્મદિવસે સંજરી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમૂહ લગ્નનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાજ્યસભાના સાંસદ ઇમરાન પ્રતાપગઢી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સાંસદ અને સ્થાનિક કૉર્પોરેટરની એન્ટ્રી સમયનો વીડિયો બનાવ્યો હતો. જેને સોશિયલ મીડિયામાં વાયરલ કરાયો છે. તેના બેક ગ્રાઉન્ડમાં હૈ ખૂન કે પ્યાસો બાત સુનો વાંધાજનક અને ઉશ્કેરણીજનક ગીત વગાડવામાં આવ્યું હતું. આ ઑડિયો-વીડિયો ક્લિપ વાયરલ થયા પછી મામલો ગરમાયો હતો અને જામનગરના એક આગેવાન દ્વારા આ બાબતે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં એક સમાજની લાગણી દુભાય અને બે કોમ વચ્ચે ઉશ્કેરાટ ફેલાય અને વૈમનસ્ય ઊભું થાય તેવી ભાષાનો પ્રયોગ થયો હોવાની ફરિયાદ કરવામાં આવી હતી.

આ ફરિયાદના આધારે પોલીસે રાજ્યસભાના સાંસદ ઇમરાન પ્રતાપગઢી અને સમૂહ શાદીનાં આયોજક એવા કૉર્પોરેટર અલ્તાફ ખફી સામે ગુનો નોંધ્યો હતો. તેની સામે સાંસદ ઇમરાન પ્રતાપ ગઢી તેમ જ જામનગરના કૉર્પોરેટર અલ્તાફ ખફી દ્વારા ગુજરાત હાઇકોર્ટનું શરણ લેવામાં આવ્યું હતું, અને ઉપરોક્ત ફરિયાદ રદ કરવા માટેની અરજી કરવામાં આવી હતી. જેમાં લંબાણપૂર્વકની દલીલ બાદ હાઇકોર્ટે અરજી રદ કરી નાખી હતી. ■

# ખ્યાતિ કાંડનો મુખ્ય આરોપી કાર્તિક પટેલ અમદાવાદ ઍરપૉર્ટ પરથી ઝડપાયોઃ પૂછપરછમાં મોટા ખુલાસા થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ખ્યાતિ હૉસ્પિટલ કાંડ મામલે પોલીસને મોટી સફળતા મળી હતી. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ખ્યાતિ હૉસ્પિટલના ડાયરેક્ટર અને છેલ્લા બે મહિનાથી ફરાર કાર્તિક પટેલને ઝડપી લીધો હતો. ૧૭ જાન્યુઆરીની મોડી રાત્રે અમદાવાદ ઍરપૉર્ટ પરથી તેની ધરપકડ કરાઈ હતી. ક્રાઈમ બ્રાંચની ટીમે અમદાવાદ ઈન્ટરનેશનલ ઍરપૉર્ટ પરથી તેની ધરપકડ કરી હતી. સમગ્ર કૌભાંડ બહાર આવ્યું ત્યારથી કાર્તિક પટેલ ફરાર હતો. આ કેસમાં તબક્કાવાર ઘણા આરોપીઓ પકડાઈ ચૂક્યા છે અને આ કેસમાં મુખ્ય આરોપી કાર્તિક પટેલ જ એકમાત્ર ફરાર હતો. કાર્તિક પટેલે ધરપકડથી બચવા આગોતરા જામીન અરજી પણ કરી હતી, પરંતુ કોર્ટે કાર્તિક પટેલની આગોતરા જામીન અરજી ફગાવી હતી. હવે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તેને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ માગવામાં આવશે. પોલીસના સકંજામાં આવેલા કાર્તિક પટેલની પૂછપરછમાં મોટા ખુલાસા થઈ શકે છે.

મળતી વિગત મુજબ, કાર્તિક પટેલ ૩ નવેમ્બરે અમદાવાદથી ઑસ્ટ્રેલિયા ગયો હતો અને ૧૧ નવેમ્બરે ન્યૂ ઝીલેન્ડ ગયો હતો અને ૧૨ નવેમ્બરે ખ્યાતિ હૉસ્પિટલમાં દર્દીઓનાં મોતનો મામલો બહાર આવતાં જ સમગ્ર કાંડનો ખુલાસો થયો હતો, ખ્યાતિ કાંડ થતાં જ તે દુબઈ ભાગ્યો હતો. જ્યાં તે બે મહિના હોટલમાં રોકાયો હતો, પરંતુ પત્નીની તબિયત બગડતાં તે દુબઈથી પાછો ફર્યો અને ક્રાઇમ બ્રાન્ચે તેને ઝડપી લીધો હતો. હૉસ્પિટલનો માલિક અને ડાયરેક્ટર કાર્તિક પટેલ ૧૭ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ દુબઈથી અમીરાતની ફ્લાઈટમાં દુબઈથી નીકળ્યો ત્યારથી જ અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચને ખબર હતી કે તે અમદાવાદ ઍરપૉર્ટ પર આવશે.

આ અંગે ક્રાઇમ બ્રાન્ચની ટીમ સતત સ્થાનિક પોલીસ સ્ટેશન અને ઍરપૉર્ટ ઑથોરિટી સાથે સંપર્કમાં હતી. કાર્તિક પટેલ અમદાવાદ ઍરપૉર્ટ પરથી ઝડપાતાં પોલીસે રાહતનો શ્વાસ લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, તેને ભારત લાવવા માટે ક્રાઇમ બ્રાન્ચની ટીમે લુકઆઉટ સર્ક્યુલર જાહેર કરી હતી અને તે ભારતના કોઈ પણ ઍરપૉર્ટ પર ઊતરે તો તરત જ પોલીસને જાણ થાય તે પ્રકારની આખી વ્યવસ્થા ગોઠવાઈ હતી.

આ સાથે જ હવે આરોગ્ય વિભાગમાં કાર્તિકના નેટવર્ક અંગે સઘન પૂછપરછ કરાશે. ખ્યાતિ હૉસ્પિટલમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ છેલ્લાં ત્રણ વર્ષમાં ૩૮૪૨ ઑપરેશન કરવામાં આવ્યાંની માહિતી અપાઈ હતી અને તેમાં ૧૧૨ દર્દીઓનાં ઑપરેશન દરમિયાન કે ત્યાર બાદની સારવાર દરમિયાન મોત નીપજ્યાનો દાવો કરાયો હતો. ૧૧૨ દર્દીઓ પૈકી કેટલાક દર્દીઓનાં સગાઓએ મેડિકલ બોર્ડમાં ફરિયાદ કરી હતી. જ્યારે મેડિકલ બોર્ડમાંથી બારોબાર દર્દીના સગાઓને પૈસા આપીને સમાધાન કરી દેવાયું હતું. ૧૧ નવેમ્બરે થયેલાં મોત મામલે પણ દર્દીનાં સગાઓને સમાધાન માટે પૈસાની ઑફર કરવામાં આવી હતી. ■

# ગુજરાત યુનિવર્સિટીના પ્રોફેસરની ૪.૦૯ કરોડની ઉચાપત મુદ્દે ક્રાઈમ બ્રાંચે ગુનો નોંધી ધરપકડ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત યુનિવર્સિટીના એસોસિયેટ પ્રોફેસર કમલજિત લખતરિયા સામે અમદાવાદ ક્રાઈમ બ્રાંચમાં ૪.૦૯ કરોડ રૂપિયાની ઉચાપત કરી હોવાની ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદમાં જણાવાયું હતું કે, આરોપી પાસે ૧૬ કરોડ રૂપિયાની રકમના ખર્ચના કોઈ પુરાવા નથી. ફરિયાદ બાદ ક્રાઈમ બ્રાંચે પ્રોફેસર કમલજીત લખતરિયાની ધરપકડ કરી હતી.

ગુજરાત યુનિવર્સિટીના સેન્ટર ફોર પ્રોફેશનલ કોર્સમાં કાર્ટોગ્રાફર અજય દાસે ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવી હતી. તેમણે ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટીમાં એનિમેશન વિભાગમાં કો.ઓર્ડિનેટર તરીકે ૨૯ ડિસેમ્બર ૨૦૧૫થી ચાર્જ સંભાળતા હતા. જ્યારે તેઓ કોમ્પ્યુટર વિભાગમાં એસોસિએટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા હતા. ત્યારે તેમની પાસે વિદ્યાર્થીઓની ફી સહિતની વહીવટી ફરજો હતી.

એનિમેશન ડિપાર્ટમેન્ટમાં ખાનગી કંપનીઓ સાથે કરાર થયા હતા. ખાનગી કંપનીઓને નોલેજ પાર્ટનર તરીકે રોકવામાં આવી હતી. એનિમેશન વિભાગમાં ફીની આવકના ૩૦ ટકા ગુજરાત યુનિવર્સિટીને આપવાના હતા અને ૭૦% એનિમેશન વિભાગે લેવાના હતા. યુનિવર્સિટીનાં નાણા સમયસર આપવાની જવાબદારી કો-ઓર્ડિનેટરની હતી. તેમણે ફાઈનાન્સનું મૅનેજમેન્ટ કરવા માટે યુનિવર્સિટીના રજિસ્ટ્રાર અને વાઈસ ચાન્સેલરની એપ્રુવલ મેળવીને કલોલમાં કોટક મહિન્દ્રા બૅન્કની બ્રાંચમાં સાત ખાતાં ખોલાવ્યાં હતાં.

એનિમેશન ડિપાર્ટમેન્ટમાં ખાનગી કંપનીઓ સાથે કરાર થયા હતા. જેમાં વિદ્યાર્થીઓની કુલ ફીમાંથી ૩૦ ટકા ગુજરાત યુનિવર્સિટી અને ૭૦ ટકા એનિમેશન વિભાગને આપવાના હતા. યુનિવર્સિટીનાં નાણાં સમયસર આપવાની જવાબદારી કો-ઑર્ડિનેટર લખતરિયાની હતી. વર્ષ ૨૦૨૩માં કાર્યકારી ચીફ એકાઉન્ટન્ટ કનૈયા ઠાકરે તપાસ કરી ત્યારે એનિમેશન વિભાગના વ્યવહારોમાં ગેરરીતિ થઈ હોવાની જાણ થઈ હતી. આ અંગે યુનિવર્સિટી દ્વારા નાણાકીય વ્યવહારની તપાસ માટે સીએની નિમણૂક કરાઈ હતી. આ દરમિયાન કમલજીત લખતરિયાને આઠમી ઑગસ્ટ ૨૦૨૩ના રોજ નાણાકીય ગેરરીતિ બદલ ફરજ મોકૂફ કરવામાં આવ્યા હતા

નિવૃત્ત ડિસ્ટ્રિક્ટ જજ અવિનાશ ગુપ્તાની અધ્યક્ષતામાં ઇન્કવાયરી કરવામાં આવી હતી. ઇન્કવાયરી દરમિયાન કમલજીત લખતરિયાએ પોતાના અંગત વપરાશ માટે પોતાનાં ખાતામાં, સંબંધીઓનાં ખાતામાં તથા વેપારીઓનાં ખાતાંમાં જેના આધાર પુરાવા નથી તથા નોલેજ પાર્ટનરનાં ખાતાંમાં જરૂર કરતાં વધુ એમ કુલ ૪.૦૯ કરોડ રૂપિયાની રકમ ટ્રાન્સફર કરી હતી. આ ઉપરાંત ૧૬.૬૪ કરોડ રૂપિયાની રકમના ખર્ચ કર્યા છે. જે બાબતે કોઈ પરવાનગી કે આધાર પુરાવા આપ્યા નથી.

કમલજી લખતરિયાએ ઇન્કવાયરી દરમિયાન ૬૭.૩૨ લાખ ટુકડે-ટુકડે પરત જમા કરાવ્યા હતા, પરંતુ યુનિવર્સિટીને લેવાના ૩૦ ટકા લેખેના ૪.૦૯ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા ના હતા અને યુનિવર્સિટી સાથે વિશ્વાસઘાત કરીને નાણાંની ઉચાપત કરી હતી. જે મામલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ગુનો નોંધ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કમલજીત લખતરિયાની ધરપકડ કરવામાં આવી હતી. ■

# હરણી બોટકાંડની વરસી પર ૧૪ મૃતકોને શ્રદ્ધાંજલિ અપાઈ

## કૉંગ્રેસે ન્યાય યાત્રા યોજી પણ ભાજપના નેતાઓ ફરક્યા જ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરામાં ૧૮મી જાન્યુઆરીએ હરણી તળાવ ખાતે પ્રવાસે આવેલા ન્યૂ સનરાઈઝ સ્કૂલના માસૂમ વિદ્યાર્થીઓની બોટ ડૂબી જતાં કુલ ૧૪ લોકોનાં મોત થયાં હતાં. આ ઘટનાને શુક્રવારે એક વર્ષ પૂર્ણ થતાં મૃતકોના પરિવારજનો દ્વારા સ્કૂલના મેદાનમાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં મૌન પાળીને મૃતકોના આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરી હતી. બીજી તરફ કૉંગ્રેસ દ્વારા ન્યાય યાત્રા યોજવામાં આવી હતી. અહીં ભાજપના એક પણ નેતાની હાજરી જોવા મળી નહોતી.

શહેરમાં ન્યૂ સનરાઈઝ સ્કૂલના મેદાનમાં યોજવામાં આવેલા શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં મૃતકના પરિવારજનો સહિત શહેરના અનેક લોકો ઉપસ્થિત રહ્યા હતા. ઘટનાની વરસી હોવા છતાં સ્કૂલ ચાલુ હોવાથી પીડિત પરિવારોએ સ્કૂલના સંચાલકો સામે રોષ વ્યક્ત કર્યો હતો. મને મારો ભાઈ આપો, મારી બહેન પાછી આપો જેવાં પોસ્ટરો સાથે વાલીઓ હાજર રહ્યાં હતાં. તે ઉપરાંત શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળે નહીં તે માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. લોકોએ વડોદરા મ્યુનિસિપલ કમિશનરને પણ ઘટનાની તપાસ અને કાર્યવાહી અંગે રજૂઆતો કરી હતી.

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર દિલીપ રાણાએ કહ્યું હતું કે, હરણી બોટ દુર્ઘટનામાં અનેક રજૂઆતો આવી છે અને રેકોર્ડ મુજબ જે લોકોનાં નામ હતાં તેમની સામે કાર્યવાહી કરાઈ છે અને કોર્ટમાંથી તેમને જામીન મળ્યા છે. અમે નવ અધિકારીઓ સામે પગલાં ભર્યાં છે અને તપાસ અને પેનલ્ટી અંગે પણ કાર્યવાહી કરવામાં આવી રહી છે. સ્કૂલ સામે પગલાં ભરવા પણ શિક્ષણ અધિકારીની કચેરીને પણ જાણ કરી છે.

આ ઘટનામાં લડત આપી રહેલા વકીલ હિતેશ ગુપ્તાએ જણાવ્યું હતું કે હરણી બોટકાંડનું એક વર્ષ પૂરું થયું, પણ હાઈ કોર્ટની સૂચના હોવા છતાં પાલિકાના તત્કાલીન મ્યુનિસિપલ કમિશનર ડો. વિનોદ રાવ સહિત અધિકારીઓ સામે કોઈ કાર્યવાહી કરાઈ નથી. આ ઘટનામાં ૨૦ જેટલા આરોપીઓ જામીન પર બહાર આવીને પોતાના વ્યવસાયમાં લાગી ગયા છે, પરંતુ પીડિત પરિવારજનો હજુ ન્યાય ઝંખી રહ્યા છે. વડોદરાના કાઉન્સિલર આશિષ જોષીએ જણાવ્યું હતું કે આ ઘટનામાં પાલિકાના જે ફરિયાદી છે તે જ આરોપી છે. આ ઘટનામાં હજુ સુધી શાળાના સંચાલકો તેમ જ પાલિકાના અધિકારીઓ સામે જે પ્રમાણે કાર્યવાહી થવી જોઈએ એવી થઈ નથી. ■

# ગુજરાતે સેમિકન્ડક્ટર ઉદ્યોગના વિકાસ માટે ભારત સરકાર પાસેથી ₹ ૪૦,૭૮૩ કરોડની ગ્રાન્ટની માગ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલૉજી વિભાગ દ્વારા આગામી છ વર્ષમાં ધોલેરા સર અને અમદાવાદ નજીક સાણંદમાં સેમિકન્ડક્ટર ઉદ્યોગના વિકાસ માટે ભારત સરકાર પાસેથી રૂા. ૪૦,૭૮૩ કરોડની ગ્રાન્ટની માગણી કરી છે. વિજ્ઞાન અને ટેકનોલૉજી વિભાગના અગ્ર સચિવ મોના ખંધારે માહિતી આપી હતી કે, રાજ્ય સરકારનો ઉદ્દેશ આગામી છ વર્ષમાં સાણંદ અને ધોલેરા સરમાં સેમિકન્ડક્ટર અને ઇલેક્ટ્રૉનિક્સ ઇકોસિસ્ટમ ઈન્ડસ્ટ્રીઝના વિકાસનો છે. સેમિકોન ઈન્ડિયા પ્રોગ્રામ હેઠળ ભારત સરકાર દ્વારા મંજૂર કરાયેલી પાંચ સેમિકન્ડક્ટર સુવિધાઓમાંથી, ગુજરાતમાં ચાર પ્રોજેક્ટ સ્થપાઈ રહ્યા છે. સાણંદ જીઆઈડીસીમાં માઇક્રોન ટેક્નોલૉજી ઇન્ક, સીજી સેમી અને કેઇન્સ સેમીકોનના મોટા પ્રોજેક્ટ્સ સાથે એક ચિપ પેકેજિંગ ક્લસ્ટર આકાર લઈ રહ્યું છે. ટાટા ઈલેક્ટ્રૉનિક્સ પ્રા. લિ. દ્વારા ધોલેરા સરમાં ભારતની પ્રથમ કૉમર્શિયલ સેમિકન્ડક્ટર ફેબની સ્થાપના કરવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સેમિકન્ડક્ટર પૉલિસી અંતર્ગત ગુજરાત સરકારે સેમિકન્ડક્ટર કંપનીઓ માટે સાનુકૂળ ઇકો-સિસ્ટમનું નિર્માણ કર્યું છે. જેના પરિણામે ગુજરાત સેમિકન્ડક્ટર કંપનીઓ માટે પ્રથમ પસંદગીનું રાજ્ય બન્યું છે. જેની ફળશ્રુતિ રૂપે ગુજરાતમાં ૪ જેટલી સેમિકન્ડક્ટર કંપનીઓ દ્વારા કુલ રૂા. ૧.૨૪ લાખ કરોડના રોકાણ સાથે નવા પ્રોજેક્ટસ બનવા જઈ રહ્યા છે, આ પ્રોજેક્ટ થકી રાજ્યમાં નવી સંભવિત ૫૩ હજાર જેટલી રોજગારીનું સર્જન થશે. ■

# ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં ટોચનાં ત્રણ સ્થાન મેળવનારા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીને મળશે ઈનામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે નવી નાણાકીય સહાય યોજના જાહેર કરી હતી, જેમાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં રાજ્ય અને જિલ્લા સ્તરે ટોચનાં ત્રણ સ્થાન મેળવનારા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ પેટે માતબર રકમ આપવામાં આવશે.

શિક્ષણ પ્રધાન કુબેર ડીંડોરે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, વિદ્યાર્થી સહાય યોજનાને પ્રકાશિત કરી હતી. જે મુજબ ધોરણ ૧૦ અને ૧૨ માટે રાજ્ય સ્તરે ટોચના ત્રણ વિદ્યાર્થીઓને નાણાકીય સહાય મળશે - પ્રથમ સ્થાન માટે રૂા. ૫૧,૦૦૦, બીજા માટે રૂા. ૪૧,૦૦૦ અને ૩૧,૦૦૦ રૂા. ત્રીજા સ્થાને આવનારા વિદ્યાર્થીને મળશે.

તે જ પ્રકારે જિલ્લા કક્ષાએ બોર્ડની પરીક્ષામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનાર વિદ્યાર્થીને તેના શૈક્ષણિક ઉત્કર્ષ માટે અનુક્રમે રૂા. ૧૫,૦૦૦, રૂા. ૧૧,૦૦૦ અને રૂા. ૯,૦૦૦ આપવામાં આવશે. ■

# ઈ-નામ પ્લૅટફૉર્મ થકી ગુજરાતમાં ૧૦ હજાર કરોડના મૂલ્યની કૃષિ પેદાશોનું વેચાણ

## ૧૪૪ મંડીઓ પોર્ટલ પર સંકલિત થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬માં નેશનલ એગ્રિકલ્ચર માર્કેટ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું હતું. ગુજરાતમાં ઇ-નામ પોર્ટલ પર ૮ લાખથી વધુ ખેડૂતોને જોડવામાં આવ્યા છે. ઇ-નામ પોર્ટલ પર ગુજરાતની ૧૪૪ મંડીઓને સંકલિત કરવામાં આવી છે. અત્યાર સુધીમાં ઇ-નામ પ્લૅટફૉર્મ મારફતે ગુજરાતમાં ૨.૬૪ કરોડ ક્વિન્ટલથી વધુ કૃષિપેદાશોનું વેચાણ કરવામાં આવ્યું છે, જેનું કુલ મૂલ્ય ૧૦,૫૩૫.૯૧ કરોડ છે.

ઇ-નામ પોર્ટલ પર રાજ્યના લાખો ખેડૂતોને ટેક્નોલૉજી સાથે જોડીને ગુજરાત ભારતની ડિજિટલ કૃષિ ક્રાંતિને સતત આગળ ધપાવી રહ્યું છે. બજારભાવ કરતાં વધુ સારો ભાવ મળે છે, પૈસા સીધા ખાતામાં જમા થાય છે. ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ના આંકડા મુજબ, રાજ્યમાં કુલ ૮,૮૭,૪૨૦ લોકો આ પ્લૅટફૉર્મનો સક્રિયપણે ઉપયોગ કરી રહ્યા છે, જેમાં ૮,૬૯,૮૦૭ ખેડૂતો, ૧૦,૧૮૧ વેપારીઓ, ૭,૧૭૦ કમિશન એજન્ટો અને ૨૬૨ ખેડૂત ઉત્પાદક સંગઠનોનો સમાવેશ થાય છે.

ઈ નામ એ ભારતભરમાં કાર્યરત એક ઇલેક્ટ્રૉનિક ટ્રેડિંગ પ્લૅટફૉર્મ છે, જે કૃષિ ઉત્પાદનો માટે એકીકૃત બજારનું નિર્માણ કરવા માટે તમામ મંડીઓને એકસાથે લાવે છે. કૃષિ મંત્રાલય હેઠળના સ્મોલ ફાર્મર્સ એગ્રીબિઝનેસ કન્સોર્ટિયમની આગેવાની હેઠળ, આ પ્લૅટફૉર્મનો ઉદ્દેશ કૃષિ માર્કેટિંગને પ્રમાણિત કરવાનો, માહિતીની કમીઓને દૂર કરવાનો અને પુરવઠા અને માગના આધારે વાસ્તવિક સમયના કિંમત નિર્ધારણને સક્ષમ કરવાનો છે. ■

# સીબીઆઈ કોર્ટે ઠગાઈવાળા વીમાના દાવાઓના કેસમાં બે આરોપીને પાંચ વર્ષની સખત કેદ અને ૧૭.૨ લાખનો દંડ ફટકાર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં સ્પેશિયલ સીબીઆઈ કોર્ટે ઠગાઈવાળા વીમાના દાવાઓના કેસમાં બે આરોપીઓને પાંચ વર્ષની સખત કેદ અને ૧૭.૨ લાખનો દંડ ફટકાર્યો હતો. સીબીઆઈ કોર્ટના સ્પેશિયલ જજે આ કેસમાં અમદાવાદની મેસર્સ માર્ક્સ કેમિકલ અને મેસર્સ એસઆરજે એસોસિયેટ્સના ભાગીદારના પાર્ટનર હસન અબુ સોની અને સર્વેયર સંજય રમેશ ચિત્રેને કુલ રૂા. ૧૭.૨ લાખના દંડની સાથે પાંચ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી.

સીબીઆઈએ ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની લિમિટેડ ડિવિઝનલ ઑફિસ, નવસારીના તત્કાલીન સિનિયર ડિવિઝનલ મૅનેજર ઉપરોક્ત દોષિત વ્યક્તિઓ અને અન્ય લોકો સામે કેસ નોંધ્યો હતો. જેમાં એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે આરોપી તત્કાલીન સિનિયર ડિવિઝનલ મૅનેજરે ગુનાહિત કાવતરું ઘડ્યું હતું અને ખાનગી વ્યક્તિઓ અને આરોપીઓ સાથે મળીને બનાવટી દસ્તાવેજોના આધારે વીમા દાવા મંજૂર કર્યા હતા.

જેના કારણે ન્યૂ ઇન્ડિયા એશ્યોરન્સ કંપની લિમિટેડને બે પૉલિસીમાં રૂા. ૪,૪૧,૧૪૫ અને રૂા. ૪,૯૪,૭૧૨નું નુકસાન થયું હતું. તપાસ પૂર્ણ થયા પછી સીબીઆઈએ દોષિત આરોપીઓ સહિત અન્ય લોકો સામે ૨૪.૦૬.૨૦૦૫ના રોજ ચાર્જશીટ દાખલ કરી હતી. ટ્રાયલ દરમિયાન ફરિયાદી પક્ષના ૩૮ સાક્ષીઓની તપાસ કરવામાં આવી હતી.

આરોપીઓ વિરુદ્ધ ગુનાહિત કાવતરું, છેતરપિંડી, છેતરપિંડીના હેતુથી બનાવટી દસ્તાવેજો બનાવવા અને વીમા દાવા મેળવવા માટે બનાવટી દસ્તાવેજોનો અસલી તરીકે ઉપયોગ કરવાના કેસમાં આરોપીઓ સામેના આરોપોના સમર્થનમાં ૨૫૫ દસ્તાવેજો પર આધાર રાખવામાં આવ્યો હતો.

આ કેસમાં નવસારીના ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપનીના તત્કાલીન ડિવિઝનલ મૅનેજરનું ટ્રાયલ દરમિયાન મોત થતાં તેમની સામેના આરોપો રદ કરવામાં આવ્યા હતા. ■

# પ્રયાગરાજ મહાકુંભમાં શ્રદ્ધાળુઓ માટે ગુજરાત પેવેલિયન તૈયાર

## હેલ્પલાઈન નંબર જાહેર કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતમાં દર ૧૨ વર્ષે યોજાતો વિશ્વનો સૌથી મોટો આધ્યાત્મિક મેળો કુંભમેળો આ વર્ષે ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં શરૂ થયો છે, હિન્દુ સંસ્કૃતિ અનુસાર ૧૪૪ વર્ષમાં ચારેય મુખ્ય ગ્રહો - સૂર્ય, ચંદ્ર, ગુરુ અને શનિ એક જ રેખામાં આવે છે, તેથી આ મહાકુંભનું વિશેષ મહત્ત્વ છે. ભારત સહિત વિશ્વભરના લાખો ભક્તો ગંગા, યમુના અને સરસ્વતીના પવિત્ર ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવવા પ્રયાગરાજ આવશે.

પ્રયાગરાજ મહાકુંભ ૨૦૨૫માં ભાગ લેવા જતા ગુજરાતના શ્રદ્ધાળુઓ કોઈ પણ જાતની મુશ્કેલી વિના યાત્રા કરી શકે તે માટે ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા 'ગુજરાત પેવેલિયન' બનાવવાનો એક મહત્ત્વનો નિર્ણય લીધો હતો. ગુજરાતના શ્રદ્ધાળુઓને ત્યાં તમામ પ્રકારની મદદ અને સુવિધાઓ મળી રહે તે માટે ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા પ્રયાગરાજમાં ૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી સુધી 'ગુજરાત પેવેલિયન' બનાવવામાં આવ્યું છે.

ગુજરાત પેવેલિયનનો મુખ્ય ઉદ્દેશ્ય ભારત સહિત વિશ્વભરના પ્રવાસીઓને ગુજરાતના સમૃદ્ધ વારસાથી પરિચિત કરાવવાનો અને તીર્થયાત્રીઓને શક્ય તમામ મદદ પૂરી પાડવાનો છે. ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા ટોલ-ફ્રી હેલ્પલાઈન નંબર ૧૮૦૦-૧૮૦-૫૬૦૦ પણ જાહેર કરવામાં આવ્યો છે. આ નંબર પર સંપર્ક કરીને ગુજરાતીઓ મહાકુંભ ૨૦૨૫ સંબંધિત તમામ માહિતી અને પેવેલિયનની વિવિધ સેવાઓ વિશે જાણી શકશે.

પેવેલિયનમાં ગુજરાતની ગ્રામીણ મહિલાઓ દ્વારા ચલાવવામાં આવતા ૧૦ સ્ટોલ પણ છે, જ્યાં યાત્રિકો સ્વાદિષ્ટ ગુજરાતી ભોજનનો આનંદ માણી શકશે. આ પહેલથી ગુજરાતના ગ્રામીણ વિસ્તારોની મહિલાઓ સ્વાવલંબી અને આત્મનિર્ભર બનશે. ■

# સરકારે અત્યાર સુધીમાં ૬૩ નગરપાલિકાને ૧૩૬ સ્થળ પર સોલાર પ્લાન્ટ્સ સ્થાપવા ₹૧૧૪.૩૪ કરોડ મંજૂર કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે ગુજરાતની અગ્રેસરતાને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સુધી વિસ્તારવાનો પર્યાવરણ-પ્રિય નવતર અભિગમ અપનાવ્યો છે. તેમણે રાજ્યની નગરપાલિકાઓમાં ગ્રીન-ક્લીન એનર્જી ઉત્પાદન અને ઉપયોગથી વીજબિલમાં ઘટાડો કરવા સાથે તેમને આત્મનિર્ભર બનાવવાના હેતુથી નગરપાલિકાઓને સોલાર પ્લાન્ટ સ્થાપવા માટે સ્વર્ણિમ જયંતી મુખ્ય પ્રધાન શહેરી વિકાસ યોજના અંતર્ગત ફંડ ફાળવવાનું સુનિશ્ચિત કર્યું છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આ હેતુસર રાજ્યની નગરપાલિકાઓ પોતાના વિસ્તારોના સ્યુએજ ટ્રિટમેન્ટ પ્લાન્ટ, વોટર ટ્રિટમેન્ટ પ્લાન્ટ, પંપિગ સ્ટેશન્સ અને વોટર વર્ક્સ તેમ જ નગરપાલિકાઓનાં બાંધકામોમાં સોલાર પ્લાન્ટ સ્થાપવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. મુખ્ય પ્રધાને અત્યાર સુધીમાં રાજ્યની ૬૩ નગરપાલિકાઓને ૧૩૬ સ્થળોએ સોલાર પ્લાન્ટ સ્થાપિત કરવા રૂા. ૧૧૪.૩૪ કરોડ મંજૂર કર્યા છે. રાજ્યની ૫૫ નગરપાલિકાઓએ ૯૭ સ્થળો પર આવી કામગીરી પૂર્ણ કરી લીધી છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે વધુને વધુ નગરપાલિકાઓ આવા સોલાર પ્લાન્ટ સ્થાપિત કરીને પોતે સોલાર એનર્જી જનરેશન અને તેના ઉપયોગથી વીજબિલ ખર્ચ ઘટાડી શકે અને આત્મનિર્ભર બને તેવા અભિગમને વ્યાપક બનાવવાની નેમ રાખી છે. તેમણે આ માટે રાજ્યની વધુ ૩૨ નગરપાલિકાઓને ૬૦ સ્થળો પર કુલ ૬.૭ મેગાવોટના સોલાર પ્લાન્ટ સ્થાપવા રૂા. ૪૫.૩૭ કરોડ સ્વર્ણિમ જયંતી શહેરી વિકાસ યોજનામાંથી ફાળવવાની સૈદ્ધાંતિક અનુમતિ આપી છે. રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં બિનપરંપરાગત ઊર્જાનો ઉપયોગ થવાથી ભવિષ્યમાં તેમનાં વીજ બિલોમાં અંદાજે ૫૦ ટકા સુધીની બચત થઈ શકશે એવો અંદાજ છે. ■

# ઊંઝા હાઈવે પર રાજસ્થાનથી મુંબઈ જતી લકઝરી બસ, બાઈક અને કાર વચ્ચે ટ્રિપલ અકસ્માતમાં બે યુવકનાં મોત

અમદાવાદઃ ગુજરાતમાં અકસ્માતોનું પ્રમાણ સતત વધી રહ્યું છે. હાઈવે પર પૂરપાટ ઝડપે પસાર થતાં વાહનોના અકસ્માતોમાં લોકોના જીવ જોખમાઈ રહ્યા છે. ઉત્તર ગુજરાતમાં ઊંઝા તાલુકાના બ્રાહ્મણવાડા હાઈવે પર સર્જાયેલા ત્રિપલ અકસ્માતમાં બે યુવાનોનાં મોત થયાં હતાં. પોલીસે ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઉત્તર ગુજરાતના ઊંઝા તાલુકાના બ્રાહ્મણવાડા હાઈવે પર શુક્રવારે રાત્રે ગંભીર ટ્રિપલ અકસ્માત સર્જાયો હતો. રાજસ્થાનથી મુંબઈ તરફ જઈ રહેલી લક્ઝરી બસ, બાઈક અને કાર વચ્ચે થયેલા ટ્રિપલ અકસ્માતમાં બાઈક પર સવાર બે યુવાનોએ જીવ ગુમાવ્યા હતા. અકસ્માતની જાણ થતાં જ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને વધુ તપાસ હાથ ધરી હતી. ■

# સુરતના પાંડેસરામાંથી ત્યજેલું નવજાત શિશુ મળ્યું

## પોલીસે સીસીટીવીના આધારે તપાસ શરૂ કરી

અમદાવાદઃ ડાયમન્ડ સિટી સુરતમાં ફરી એક વાર માનવતા શર્મસાર કરતો કિસ્સો બહાર આવ્યો હતો. સુરતના પાંડેસરાના વડોદ ગામના ખુલ્લા પ્લોટમાંથી બાળભ્રૂણ સમાન નવજાત ભ્રૂણ મળી આવ્યું હતું. આ કરુણ ઘટનાની જાણ થતાં સ્થાનિકોમાં આઘાત ફેલાયો હતો. વડોદ ગામના એક ખુલ્લા પ્લોટમાંથી બાળકનું ભ્રૂણ મળતાં સ્થાનિકોએ તરત જ પાંડેસરા પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ શરૂ કરી હતી.

પાંડેસરા પોલીસે આ ઘટના અંગે જણાવ્યું હતું કે, આ ભ્રૂણ તાજું જન્મેલું હતું અને બેદરકારીપૂર્વક ત્યાં ફેંકવામાં આવ્યું હોવાની શંકા છે. નવજાતને તાત્કાલિક સુરત સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યું છે, જ્યાં તેની વધુ તબીબી તપાસ કરવામાં આવશે. ■

# પ્રાચીન કિલ્લાઓ પરનાં અતિક્રમણો દૂર કરવા સરકાર સમિતિઓ રચશે

મુંબઈઃ મહારાષ્ટ્રના પ્રાચીન કિલ્લાઓ પરના અતિક્રમણો હટાવવા માટે જિલ્લા સ્તરની સમિતિઓની રચના રાજ્ય સરકારે કરી છે.

આ સમિતિ કિલ્લાઓ પરના હાલનાં અતિક્રમણ દૂર કરશે અને આ સ્થળો પર વધુ અતિક્રમણો ન થાય એ સુનિશ્ચિત કરશે.

મહારાષ્ટ્રમાં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (અર્જઈ) હેઠળ ૪૭ કેન્દ્ર-સંરક્ષિત કિલ્લાઓ અને પુરાતત્વ અને સંગ્રહાલય નિયામક દ્વારા સંચાલિત ૬૨ રાજ્ય-સંરક્ષિત કિલ્લાઓ છે.

આ કિલ્લાઓ રાજ્યના સાંસ્કૃતિક વારસાનો એક મહત્વપૂર્ણ ભાગ છે અને તેમના સંરક્ષણ અને જાળવણીને સુનિશ્ચિત કરવા અને અતિક્રમણ અટકાવવા માટે મજબૂત પગલાં લેવાની જરૂર છે,'' એમ સરકાર દ્વારા જણાવવામાં આવ્યું હતું.

આ મુદ્દાઓને ઉકેલવા અને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જિલ્લા સ્તરીય સમિતિની સ્થાપના કરવામાં આવશે.

આ સમિતિઓનું નેતૃત્વ જિલ્લા કલેક્ટરો કરશે અને તેમાં પોલીસ કમિશનર, જિલ્લા પરિષદના સીઈઓ, પોલીસ સુપરિન્ટેન્ડન્ટ, મ્યુનિસિપલ કમિશનર અને અન્ય અધિકારીઓનો સમાવેશ થશે.

પહેલી ફેબ્રુઆરીથી ૩૧ મે દરમિયાન અતિક્રમણ દૂર કરવા જોઈએ અને ભવિષ્યમાં આવી ગેરકાયદે પ્રવૃત્તિઓથી કિલ્લાઓનું રક્ષણ સુનિશ્ચિત કરવા માટે પગલાં અમલમાં મૂકવા જોઈએ.

## નાટ્ય દર્પણ

### કાકા ૨૪ કેરેટના

રંગમંચ પ્રોડક્શન પ્રસ્તુત આસિફ પટેલ નિર્મિત ઈમ્તિયાઝ પટેલ લિખિત પ્રથમ ભટ્ટ-પ્રિતેષ સોઢા આલેખિત આશિષ ભટ્ટ દિગ્દર્શિત-અભિનિત ''કાકા ૨૪ કેરેટના'' કલાકારોઃ ધ્રુવ બારોટ, મહેક ભટ્ટ, હેમ જોષી, દત્તા શુકલા, કમલેશ પરમાર અને પ્રથમ ભટ્ટ છે. આ રવિવાર, તા. ૧૯ જાન્યુઆરી બે પ્રયોગ ભજવાશે બપોરે ૩.૩૦ ક. ભારતીય વિદ્યા ભવન ઓડિટોરિયમ, ચોપાટી ખાતે અને રાત્રે ૯.૦૦ ક. અસ્પી ઓડિટોરિયમ, મલાડ (વેસ્ટ) ખાતે ભજવાશે.

### ત્રંબક ત્રણ બાયડી વાળો



સંજય ગોરડિયા પ્રોડક્શન્સ વિશાલ ગોરડિયા પ્રસ્તુત રાહુલ પટેલ લિખિત સંજય ગોરડિયા કથા-દિગ્દર્શિત-અભિનિત ''ત્રંબક ત્રણ બાયડી વાળો'' આ કોમડી નાટકનાં કલાકારોઃ સંજય ગોરડિયા, કૌશાંબી ભટ્ટ, પ્રતિક દવે, ભાવિતા સંઘવી, સાગર રાવલ, ફલક મહેતા, સાવન દોઢિયા, મીતાલી ગોરડિયા અને નિલેશ પંડ્યા છે. આ રવિવાર, તા. ૧૯ જાન્યુઆરી બપોરે ૩.૩૦ ક. નહેરુ ઓડિટોરિયમ, વર્લી ખાતે ભજવાશે.

### ડોન્ટ વરી બી હેપ્પી

બાલીવાલા થિયેટર્સ આ વખતે એક નવું વિચારશીલ નાટક લઈને આવ્યું છે. નિર્માતાઃ આદિલ ભગત, લેખકઃ પ્રવીણ સોલંકી, દિગ્દર્શકઃ ફિરોઝ ભગત, કલાકારોઃ ફિરોઝ ભગત, અપરા મહેતા, પૃથ્વી પંચોલી, હેતલ ગાલા, નિયતિ ભટ્ટ. શોઃ રવિ. સાંજે ૭.૩૦ કલાકે તેજપાલ, ગોવાળિયા ટેંક.

### વાઈફ હેપ્પી તો લાઈફ હેપ્પી

નિર્માતાઃ સુશીલા શાહ-મલ્લિકા શાહ આવટે, લેખક-દિગ્દર્શક- નિમેષ શાહ. કલાકારો- નિમેષ શાહ, મલ્લિકા શાહ, સમીર રાજડા, જય ભટ્ટ, વિશ્વા ગરાછ. શો. રવિ. રાતે ૯ કલાકે પ્રબોધન ઠાકરે, બોરીવલી.

# સંજય ગાંધી નેશનલ પાર્કમાં ૧૪ વર્ષે સંભળાઈ સિંહબાળની ગર્જના

મુંબઈઃ સંજય ગાંધી નેશનલ પાર્ક(એસજીએનપી)માં ૧૪ વર્ષે પહેલી વાર સિંહબાળનો જન્મ થયો. નેશનલ પાર્કના કેપ્ટિવ બ્રીડિંગ પ્રોગ્રામની સફળતા સિંહબાળનો જન્મ દર્શાવે છે.

અધિકારીએ જણાવ્યું હતું કે ગુરુવારે રાત્રે રાષ્ટ્રીય ઉદ્યાનમાં સિંહણ માનસીએ બચ્ચાને જન્મ આપ્યો હતો.

સેન્ટ્રલ ઝૂ ઓથોરિટીની માર્ગદર્શિકા અનુસાર, પ્રાણી સંગ્રહાલય વિનિમય કાર્યક્રમના ભાગ રૂપે, એસજીએનપીએ ગયા વર્ષે બે વાઘના બદલામાં માનસ અને માનસ નામના સિંહ-સિંહણની જોડી ખરીદી હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે ક્વોરન્ટાઇન સમયગાળા પછી સિંહ અને સિંહણમાં મેટિંગ થયું હતું. ડો. વિનયા જંગલે અને સંભાળ રાખનારાઓની એક ટીમ સતત ૨૪ કલાક માતા અને બચ્ચાનું નિરીક્ષણ કરી રહી છે.

તેમણે જણાવ્યું હતું કે સિંહણની તબિયત સારી છે અને તે સારી રીતે કામ બચ્ચાને સંભાળી રહી છે. (પીટીઆઈ)

# મુંબઈ એરપોર્ટ પર અઢી કરોડનું સોનું-હીરા જપ્તઃ ત્રણ પ્રવાસીની ધરપકડ

મુંબઈઃ મુંબઈના છત્રપતિ શિવાજી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર હીરા અને સોનાની દાણચોરીના ત્રણ કેસ કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ પકડી પાડ્યા હતા, જેમાં અઢી કરોડ રૂપિયાના મૂલ્યનું સોનું-હીરા સાથે ત્રણ પ્રવાસીની ધરપકડ કરવામાં આવી હતી.

પહેલા કિસ્સામાં શનિવારે મળસકે બેંગકોકથી ફ્લાઇટમાં બે પ્રવાસી આવ્યા હતા. તેમણે શરીરમાં મીણમાં ૨૪ કેરેટ ક્રૂડ ગોલ્ડ ડસ્ટ છુપાવ્યું હતું. તેમની પાસેથી ૧.૮૦ કરોડ રૂપિયાની કિંમતનું સોનું જપ્ત કરવામાં આવ્યું હતું. આ પ્રકરણે બંને પ્રવાસી વિરુદ્ધ ગુનો દાખલ કરીને તેમની ધરપકડ કરાઇ હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

દરમિયાન મુંબઈથી દુબઇ જવા માટે એરપોર્ટ પર આવેલા પ્રવાસીને શંકાને આધારે આંતરવામાં આવ્યો હતો. તેની પાસેથી ૫.૨૦ લાખની કિંમતના ૨૧.૭૦ કેરેટના કટ અને પોલિશ્ડ લેબ ગ્રોન છૂટક હીરા મળી આવ્યા હતા. એ સિવાય ૨૬.૯૫ કેરેટના કટ અને પોલિશ્ડ નેચરલ છૂટક હીરા પણ મળ્યા હતા, જેની કિંમત ૬૯.૬૯ લાખ હતી. આમ કુલ ૭૪.૯૦ લાખની કિંમતના હીરા જપ્ત કરવામાં આવ્યા હતા. પ્રવાસી આ હીરા શરીરમાં છુપાવીને લાવ્યો હતો. તેની ધરપકડ કરાઇ હતી, એમ અધિકારીએ કહ્યું હતું.

# અર્જુન કપૂરની ફિલ્મનો સેટ અચાનક તૂટી પડ્યો

મુંબઈઃ ગોરેગાંવમાં ચાલતા ફિલ્મના ગીતના શૂટિંગ દરમિયાન બાંધવામાં આવેલા સ્ટેજ પરની છત અચાનક નીચે ધસી આવવાની ઘટના બુધવારે રાતે બની હતી.

સાઉન્ડના વાઈબ્રેશન વધુ પ્રમાણમાં હોવાને કારણે સેટ તૂટી પડ્યો હોવા સિને કર્મચારીના ફેડરેશને શનિવારે જણાવ્યું હતું. આ ઘટનામાં અર્જુન કપૂર, જેકી ભગનાની અને મુદ્દસર અઝીઝને મામૂલી ઈજા થઇ હતી.

અર્જુન કપૂર અને ભૂમિ પેડણેકર અભિનિત મુદ્દસર અઝીઝ દિગ્દર્શિત 'મેરે હસબન્ડ કી બીવી' ફિલ્મના ગીતનું બુધવારે રાતે ગોરેગાંવ ખાતે શૂટિંગ ચાલી રહ્યું હતું ત્યારે આ ઘટના બની હતી, એવું ફેડરેશનના અશોક દુબેએ જણાવ્યું હતું.

શૂટિંગમાં ઊભો કરવામાં આવેલો સેટ નીચે ધસી આવ્યો એ સમયે અર્જુન કપૂર, ભૂમિ પેડણેકર, જેકી ભગનાની અને દિગ્દર્શક અઝીઝ હાજર હતાં. નસીબજોગ અર્જુન કપૂર, ભગનાની અને અઝીઝને મામૂલી ઈજા થઇ હતી. એના સિવાય કોઇને ગંભીર ઈજા થઇ નહોતી. બાંધવામાં આવેલા સેટની છત વગાડવામાં આવી રહેલા ગીતના ભારે અવાજને કારણે ધસી આવ્યો હોવાનું દુબેએ જણાવ્યું હતું.

# પાલિકા ગેરકાયદે રીતે લહેરાવાતા ધ્વજને કેવી રીતે ઉતારે છે એ માટે સોગંદનામું આપોઃ હાઈ કોર્ટ

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે શુક્રવારે પાલિકાને જાહેર સ્થળોએ ગેરકાયદે રીતે લહેરાવવામાં આવતા ધ્વજ અંગેની ફરિયાદોને કેવી રીતે ધ્યાનમાં લે છે અને તેને કેવી રીતે ઉતારે છે તે અંગે સોગંદનામું નોંધાવવા માટે જણાવ્યું હતું. નવેમ્બર ૨૦૨૩માં મુંબઈના રહેવાસી દ્વારા દાખલ કરવામાં આવી હતી. એક હાઉસિંગ સોસાયટીના ગેટ પર ગેરકાયદે રીતે લહેરાવવામાં આવેલા ધ્વજ પર પાલિકાની નિષ્ક્રિયતા સામે આવતાં ઉક્ત પ્રશ્ન કોર્ટે કર્યો હતો.

જસ્ટિસ રેવતી મોરે-ડેરે અને જસ્ટિસ ડો. નીલા ગોખલેની બનેલી ખંડપીઠે આ મામલાની સુનાવણી કરી હતી. અરજીકર્તાએ પાલિકાને પૂછ્યું હતું કે શું ધ્વજ ફરકાવનાર વ્યક્તિએ આવું કરવા માટે જરૂરી પરવાનગી લીધી હતી. પાલિકાને ફરિયાદ કરવામાં આવી હોવા છતાં કોઇ કાર્યવાહી કરવામાં આવી ન હતી. ધ્વજ ચોક્કસ પ્રસંગ માટે ફરકાવાય છે અને પ્રસંગ પૂરો થયા બાદ ધ્વજને હટાવવાનું કોઇને ધ્યાનમાં આવતું નથી, એવું કોર્ટને જણાવવામાં આવ્યું હતું. બેન્ચે સ્થાનિક સંસ્થા વતી હાજર રહેલા વકીલને પૂછ્યું હતું કે શું આવી ફરિયાદોને હેન્ડલ કરવા અને ગેરકાયદે રીતે ફરકાવેલા ધ્વજ સાથે વ્યવહાર કરવા માટે કોઇ પદ્ધતિ છે કે કેમ, એ માટે પાલિકાને સોગંદનામું દાખલ કરવાનો નિર્દેશ કરવામાં આવ્યો હતો.

# નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સ્વામિત્વ યોજના હેઠળ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કર્યું

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ શનિવારે થાણેમાં એક કાર્યક્રમમાં કેન્દ્રની સ્વામિત્વ યોજનાના લાભાર્થીઓને પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કર્યું હતું. તેમણે કહ્યું હતું કે આ કાર્ડ નાગરિકોને ઘણા સમય પહેલાં આપવા જોઇતા હતા, પણ અગાઉની સરકારોએ એ માટે પ્રયત્નો કર્યા નહોતા. નરેન્દ્ર મોદી ૨૦૧૪માં વડા પ્રધાન બન્યા પછી જ નાગરિકો માટે ઘણી કલ્યાણકારી યોજનાઓ શરૂ કરવામાં આવી હતી. સ્વામિત્વ યોજના તેમાંની એક છે. આ પ્રોપર્ટી કાર્ડ્સ ગ્રામવાસીઓના પ્રશ્નોના નિરાકરણમાં અને તેમના મિલકત અધિકારો સ્થાપિત કરવામાં મદદ કરશે, એવું તેમણે જણાવ્યું હતું. સ્વામિત્વ યોજના હેઠળ ગ્રામીણ વિસ્તારોમાં પ્રોપર્ટી કાર્ડ્સનું વિતરણ જમીનના નકશાના આધારે કરવામાં આવે છે જે માળખા અને પ્લોટની ડિજિટલ છબીઓ મેળવે છે. તે કેન્દ્રીય પંચાયતી રાજ મંત્રાલય, સર્વે ઓફ ઈન્ડિયા અને રાજ્યોના મહેસૂલ વિભાગો દ્વારા સંચાલિત છે.

પાચમાં પાનાનું ચાલુ

## બુલેટની

પાડવામાં આવ્યું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું.

મુંબઈમાં બીકેસી, વિક્રોલી, ઘણસોલી નજીક સાવલી, શિલફાટા (થાણે) સહિત મહાપેમાં વિવિધ જગ્યાએ કામગીરી ચાલી રહી છે. મહાપેમાં કાસ્ટિંગ યાર્ડનું નિર્માણ કાર્ય કરવામાં આવશે. મહાપેમાં ૧૬ કિમી લાંબા ટીબીએમ પોર્શન માટે ટનલ લાઇનિંગ કાસ્ટિંગ માટે એક સમર્પિત કાસ્ટિંગ યાર્ડ પહેલેથી જ કાર્યરત છે.

સાઈટની મુલાકાત વખતે રેલવે પ્રધાને કહ્યું હતું કે મુંબઈ સહિત બંને રાજ્ય (ગુજરાત અને મહારાષ્ટ્ર)માં બુલેટ ટ્રેનનું કામ પૂરપાટ ઝડપે ચાલી રહ્યું છે. મુંબઈમાં બીકેસીમાં અંડરગ્રાઉન્ડ બુલેટ ટ્રેનના સ્ટેશન નિર્માણની સાથે ટનલનું નિર્માણ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે, જ્યાં રેલવે પ્રધાને ટનલ સાથે એડિશનલ ડ્રિવન ઈન્ટરમિડિયેટ ટનલ (એડીઆઈટી)નું પણ પરીક્ષણ કર્યું હતું.

મુંબઈ-અમદાવાદના કોરિડોરમાં મુંબઈ રેન્જમાં બીકેસી સાથેના સ્ટેશન નિર્માણ સાથે ટનલ નિર્માણનું કામ પણ પ્રગતિના પંથે છે. હાલમાં જે ટનલનું કામકાજ ચાલી રહ્યું છે તેની ડિઝાઈન પણ એકદમ આધુનિક છે. આ ટનલમાંથી એકસાથે બે ટ્રેન કલાકના ૨૫૦ કિલોમીટરની ઝડપથી પસાર થશે. આ જ ટલનમાંથી કલાકના ૩૦૦ કિલોમીટરની ઝડપથી સિંગલ ટ્રેન પણ પસાર થવાની ક્ષમતા હશે. જોકે, આ ટનલમાં સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં વેન્ટિલેશન, લાઈટિંગ, સેફ્ટી પ્રિકોશન્સ સહિત અન્ય પરિબળને ધ્યાનમાં રાખીને ટનલનું નિર્માણ કર્યું છે.

અહીં એ જણાવવાનું કે બુલેટ ટ્રેનના પ્રોજેક્ટ મુંબઈ અમદાવાદ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટનું નિર્માણ કાર્ય નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશનના હસ્તકે છે, જેમાં પ્રોજેક્ટ પૂરો થયા પછી મુંબઈથી અમદાવાદ વચ્ચે બેથી ત્રણ કલાકમાં પહોંચી શકાશે. અમદાવાદમાં સાબરમતી ખાતે ઓપરેશન્સ કંટ્રોલ સેન્ટર હશે.

## દસમા-બારમાની

કેટેગરીનો ઉલ્લેખ છે. વિદ્યાર્થીઓને સગવડ થઇ રહે એ માટે તેનો ઉલ્લેખ કર્યો છે.

શરદ ગોસાવીએ જણાવ્યું હતું કે સ્કૂલ છોડયા બાદ સ્કૂલ કે પછી જુનિયર કોલેજના જનરલ રજિસ્ટરમાં વિદ્યાર્થીનું નામ, તેના પિતાનું નામ, કાસ્ટ અથવા કાસ્ટ કેટેગરીમાં ક્યાંય પણ ભૂલ રહી ગઇ હોય તો તેને દૂર કરી નથી શકાતી. અનેક વાર વિદ્યાર્થીઓની કાસ્ટ અથવા કાસ્ટ કેટેગરીનો ઉલ્લેખ ભૂલી જવાતો હોય છે. આને કારણે ભવિષ્યમાં તેઓને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. અનેક વિદ્યાર્થીઓ આવી ફરિયાદો લઇને અમારી પાસે આવતા હોય છે. નિયમ અનુસાર વિદ્યાર્થીઓ એક વાર જો શાળા છોડી કે તેઓને શાળાના જનરલ રજિસ્ટમાં તેમનું નામ, સરનેમ, માતા-પિતાનાં નામ, જન્મતારીખ કે પછી કાસ્ટના ઉલ્લેખમાં કોઇ પણ ફેરફાર કરી નથી શકતા. આમાં જો એકાદી ભૂલ રહી ગઇ હોય તો એ હોલ ટિકિટ તેઓને ઉપયોગી ઠરશે. હોલ ટિકિટ પર એકાદી ભૂલ હશે તો તે અત્યારે જ ધ્યાનમાં આવી શકશે અને તેને સુધારી શકાશે. આ જ હેતુથી એજ્યુકેશન બોર્ડે વિદ્યાર્થીઓને ટિકિટ પર કાસ્ટ કેટેગરીની નોંધ કરી છે. આને કારણે વિદ્યાર્થીઓએ તેમના નામમાં કોઇ પણ પ્રકારની ભૂલ રહી ગઇ હોય તો તેને ફેરફાર કરવાની તક મળશે.

## બીડ અને પુણે

મુશરીફને, નાશિકમાં ગિરીશ મહાજનને, જ્યારે સાંગલીમાં ચંદ્રકાંત પાટીલ અને પાલઘરમાં ગણેશ નાઈકને પાલકપ્રધાનપદ સોંપવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત જળગાંવમાં ગુલાબરાવ પાટીલને પાલકપ્રધાન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

## છગન ભુજબળ

મને બે કલાક સુધી મુલાકાત કરી અને શિરડી સંમેલનમાં હાજરી આપવા વિનંતી કરી. એનસીપીના રાજ્ય એકમના પ્રમુખ સુનીલ તટકરેએ પણ મારી સાથે ફોન પર વાત કરી અને મને શિર્ડી આવવા વિનંતી કરી,'' એમ ભુજબળે પત્રકારોને જણાવ્યું હતું. ભુજબળે ભારપૂર્વક જણાવ્યું કે તેઓ પટેલ અને તટકરે દ્વારા કરવામાં આવેલી વિનંતીને કારણે જ પાર્ટીની બેઠકમાં હાજરી આપી રહ્યા છે. ''આનો અર્થ એ નથી કે બધા મુદ્દાઓ ઉકેલાઈ ગયા છે. આ કોઈ એક વ્યક્તિની નહીં પણ પાર્ટીની બેઠક છે,'' એમ તેમણે કહ્યું હતું. (પીટીઆઈ)

## દાદરથી

રૂપિયા પાછા આપ્યા હતા. બાદમાં તે નીકળી ગયો હતો.

શુક્રવારે પોલીસની ટીમે ઉપરોક્ત દુકાને પહોંચી હતી અને દુકાનના સીસીટીવી ફૂટેજ તપાસ માટે લઇ લીધા હતા. હુમલાખોર વિશે દુકાનદાર પાસે પૂછપરછ પણ કરાઇ હતી. હસને જણાવ્યું હતું કે તેણે આવું કર્યું હશે એવો મને ખ્યાલ નહીં આવ્યો.

દુકાનના માલિક શાકીરે જણાવ્યું હતું કે મારી દુકાનમાં કામ કરતા છોકરાએ મને કહ્યું કે શંકાસ્પદ હુમલાખોરને તેણે ઇયરફૉન્સ આપ્યા હતા. બાદમાં શુક્રવારે અમુક પોલીસ અધિકારીઓ સીસીટીવી કેમેરાના ફૂટેજ લેવા માટે આવ્યા હતા, જે અમે આપી દીધા છે.

પોલીસના જણાવ્યા અનુસાર સૈફ પર હુમલો કર્યા બાદ આરોપી બાંદ્રા સ્ટેશને પહોંચ્યો હતો અને ત્યાંથી તે ટ્રેન પકડીને દાદર સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-૧ પર ઊતર્યો હતો. દાદર સ્ટેશનથી બહાર નીકળ્યા બાદ આરોપી કબૂતર ખાના ગયો હતો. પોલીસે શુક્રવારે રાતે સ્ટેશન પરના સીસીટીવી ફૂટેજ મેળવ્યા હતા.

સૈફ અલી ખાનના એપાર્ટમેન્ટના ફૂટેજ અનસાર ઘટનાને દિવસે આરોપીએ કાળા રંગનું ટી-શર્ટ પહેર્યું હતું. ઘટનાના બીજે દિવસે ફૂટેજમાં આરોપી બ્લ્યુ રંગના ટી-શર્ટમાં બેગ સાથે નજરે પડ્યો હતો. તાજેતરના ફોટામાં હુમલાખોર પીળા રંગના ટી-શર્ટમાં દેખાયો હતો.

## ૧૫મી મે પહેલા

પરિણામ જૂનના બીજા કે ત્રીજા અઠવાડિયે જાહેર થવાનું હતું. જોકે સ્ટેટ બોર્ડના આયોજનને કારણે છેલ્લાં અમુક વર્ષમાં બારમાની પરીક્ષાનું પરિણામ મે મહિનાના ત્રીજા કે પછી ચોથા અઠવાડિયે જાહેર થશે, જ્યારે દસમાનું પરિણામ જૂનના પહેલા અઠવાડિયે જાહેર કરવામાં આવી રહ્યું છે. જલદી પરિણામ જાહેર થવાથી ૧૧મા, આઈઆઈટી કોમર્સ અભ્યાસક્રમની પ્રવેશપ્રક્રિયા સમય પર પાર પડવામાં મદદ મળશે.

## સૈફની અપેક્ષા

બહાર લાવવામાં આવ્યો છે અને તેની તબિયત સારી છે. તે ચાલે છે અને સામાન્ય આહાર લેવાનું શરૂ કર્યું છે.

સૈફ પર જેમની આગેવાની હેઠળ સર્જરી કરવામાં આવી હતી તે ન્યુરોસર્જન ડૉ. નીતિન ડાંગેએ કહ્યું હતું કે તેની પ્રગતિ પર અમે ધ્યાન રાખી રહ્યા છીએ. તે અમારી અપેક્ષા કરતાં પણ ઝડપી સાજો થઇ રહ્યો છે. હાલમાં તેને બેડરેસ્ટ લેવા કહેવામાં આવ્યું છે. જો તેને સારું લાગશે તો બે-ત્રણ દિવસમાં તેને રજા આપવામાં આવશે. ડોક્ટરોની ટીમ તેની તપાસ કરી રહી છે.

# પારસી મરણ

નૌવાઝર બમન આંટીયા તે ઓસ્તી માહતાબ એન. આંટીયાના ધણી. તે ઓસ્તી મેહેર તથા મરહુમ ઓસ્તા બમનના દીકરા. તે ઓસ્તી બેનાઝ ડેલઝાદ પંથકીના પપ્પા. તે એરવદ ડેલઝાદ વિરાફ પંથકીના સસરા. તે બ્રીઆના ડી. પંથકી ને ઝીયશ. ડી. પંથકીના ગ્રેન્ડ ફાધર. તે મરહુમો ઓસ્તી આલુ શાપુરજી ફટાકીયાના જમઇ. (ઉં. વ. ૬૭) રે. ઠે. ૪/૧૦, પંથકી બાગ, હરગોવનદાસ સેનેટરીયમ રોડ, અંધેરી-પૂર્વ, મુંબઇ-૪૦૦૦૬૯. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૯-૧-૨૫ને બપોરે ૩.૪૫ વાગે અંધેરી મધે સાલસેટ અગિયારીમાં.

જરૂ ફલી દારૂવાલા તે મરહુમ ફલી પી. દારૂવાલાના વિધવા. તે મરહુમો આબાન તથા સોરાબજી બોનસેટરના દીકરી. તે ફરોખ એફ. દારૂવાલાના માતાજી. તે રૂચી એફ. દારૂવાલાના સાસુજી. તે ઓસ્તી ઝરીન રોહીન્ટન પંથકી ને નોશીર એસ. બોનસેટરના બહેન. તે સાયરસના ફૂઇજી. (ઉં. વ. ૮૫) રે. ઠે. ન્યુ લાઇફ ફાઉન્ડેશન, વિરાર, પશ્ચિમ. પીન કોડ-૪૦૧૩૦૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૯-૧-૨૫ના બપોરે ૩.૪૫ વાગે કોલાબા ખુશરૂબાગ મધે કરાની અગિયારીમાં.

# જૈન મરણ

**નૃસિંહપુરા દિગંબર જૈન**

બુહારી નિવાસી હાલ મુંબઈ સ્વ. ભૂપેન્દ્રભાઈ સી. શાહના ધર્મપત્ની સરોજબેન શાહ (ઉં. વ. ૮૫) તા. ૧૭-૧-૨૫ ને શુક્રવારે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પરેશ, મનીષ, સ્વાતિ, જીગીષાના માતુશ્રી. તે ધ્રુવ, રુચી, જશ, રોમિતના દાદી. તે સ્વ. નાગરદાસ સંઘવીના સુપુત્રી. તે સ્વ. ધનસુખભાઈ, રોહિતભાઈ, દીપકભાઈ, સ્વ. શ્રીમતીબેન, શકુંતલાબેનના ભાભી. પ્રાર્થનાસભા તા. ૨૦-૧-૨૫ ને સોમવારે ૪ થી ૬. (બંને પક્ષનું બેસણું) શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, બોરીવલી એલ. ટી. રોડ, ડાયમંડ સીનેમા સામે, બોરીવલી (વેસ્ટ).

**વિજાપુર વિશા ઓશવાળ જૈન**

વિજાપુર નિવાસી હાલ કાંદિવલી-વેસ્ટ મીનાક્ષીબેન રસિકલાલ શાહ (ઉં. વ. ૮૩)નું નિધન શુક્રવાર તા. ૧૭-૧-૨૫ના રોજ થયું છે. તેઓ સંદિપભાઈ, મયુરાબેન, ઈનાબેન અને લોપાબેનના માતુશ્રી. મનીષાબેનના સાસુ. વત્સલ અને કશિશના દાદીમા. પિયર પક્ષે રીખવદાસ લલ્લુભાઈ શાહ. લૌકિક વ્યવહાર બંધ રાખવામાં આવેલ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન,**

ભાવનગર નિવાસી હાલ કાંદિવલી અ.સૌ.ભારતીબેન ગાંધી (ઉં.વ. ૭૭) તે અનિલભાઈ નટવરલાલ ગાંધીના પત્ની. સ્વ. અરુણભાઈ, સ્વ.કિશોરભાઈ, જીતુભાઈ, સ્વ.અશ્વિનભાઈ, મહેન્દ્રભાઈ, સ્વ. જયેશભાઈના ભાભી. પૂર્વી વિશાલ ગાંધી અને દિશા જયશીલ ગાંધીના સાસુ. વાકાનેર નિવાસી સ્વ. ચિમનલાલ વિકમચંદ સંઘવી, સ્વ. વિજયાબેનના દીકરી. સ્વ. સુરેશભાઈ, સ્વ.અરુણભાઈ, સ્વ. ઇલાબેનના બેન. સોમવારે તા.૧૩-૦૧-૨૫ના દેહપરિવર્તન કર્યો છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**પાટણ જૈન**

પાટણ ખેતરવસીની પોળ બ્રાહ્મણવાડા હાલ મુંબઈના અ.સૌ. હર્ષાબેન સંઘવી તા.૧૮-૧-૨૦૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે વિજયભાઈ મહસુખભાઈ સંઘવીના પત્ની. કુણાલ અને રેશ્મા ગુલશનભાઈ ચોપરાના માતુશ્રી. પિયરપક્ષે નીમુબેન સનાલાલ શાહ પરિવાર.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ પિપરાળા હાલે લાકડીઆના ચંપાબેન કાનજી નિસર (ઉં. વ. ૭૩) ગુરુવાર તા. ૧૬.૦૧.૨૫ના અવસાન પામેલ છે. સ્વ. લખમીબેન રામજી રાજાના પુત્રવધૂ. શ્રી કાનજી રામજીના ધર્મપત્ની. જિતેન્દ્ર, ચેતન, ચંદ્રેશના માતુશ્રી. સંગીતા, કલ્પનાના સાસુજી, પાર્થ, પર્વ, વિશ્વ, કું. યશ્વીના દાદીમાં. શિવલખાના સ્વ. તેજાબેન, માનુબેન હાથીરામ આણંદજી ગડાની દિકરી. પ્રાર્થના સભા સોમવાર તા. ૨૧.૧.૨૦૨૫ સમય ૧૦.૩૦ થી ૧૨.૦૦ સ્થળ કરશન લધુ નિસર હોલ, જ્ઞાન મંદિર રોડ, દાદર-વેસ્ટ, નિવાસ અલોકા હાઈટ્સ બિલ્ડિંગ, ફ્લેટ નં.૯૦૩, જ્ઞાન મંદિર રોડ, દાદર-વેસ્ટ મું.૨૮.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોખાના ચંચળબેન ટોકરશી ગાલા (ઉં.વ. ૮૩) તા. ૧૭-૧-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. ટોકરશી વીરજીના પત્ની. વડાલાના સાકરબેન ખીમજી નીસરના પુત્રી. રાજેશ, દીના, રોહીતના માતુશ્રી. સ્વ મમીબાઇ વીરજી ચનાના પુત્રવધૂ. હીરજી, ભવાનજી, શાંતીલાલ, નિર્મળા, ધીરજ, વસંતના બેન. પ્રાર્થના રાખેલ નથી. રાજેશ ગાલા, બી-૪૦૨, ચિરાગ, છેડા પાર્ક, આચોલે રોડ, નાલાસોપારા (ઇ), મું. ૨૦૯.

ડુમરાના માતુશ્રી ધનબાઈ હીરજી ગાલા (ઉં. વ. ૯૧) તા. ૧૫-૧-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી મુલબાઈ પચાણ આસુના પુત્રવધૂ. હીરજીના પત્ની. તલકશી, સ્વ. ઠાકરશી, તારાચંદ, સ્વ.નવીન, મણીબેન, મંજુલા, લક્ષ્મીના માતુશ્રી. વેજબાઈ લીલાધરના સુપુત્રી. મુરજી, મો.રતાડીયા ગંગાબેન કેશવજી, લક્ષ્મીબેન મણશી, વિશનજી, રાજપાર વેલજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. તારાચંદ ગાલા, એ-૩૦૦૨, શ્રીજી એટલાન્ટીસ, ઓરલેમ ચર્ચની સામે, મલાડ (વે), મું-૬૪.

ટુંડાના કસ્તુર મોરારજી ગડા (ઉં. વ. ૮૯) તા. ૧૭-૦૧-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. હાંસબાઇ લખમશી કરમણના પુત્રવધૂ. સ્વ. મોરારજીના પત્ની. સ્વ. રેખા, નયના, નીતા, દિપકના માતુશ્રી. કાંડાગરાના દેવકાં દેવજી જેવતના પુત્રી. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ સ્થાન : દિપક ગડા, ૨/૨૦૬, સાઇ દ્વારકા, ડો.બી.એ. રોડ, ચીંચપોકલી, મુંબઇ -૪૦૦૦૧૨.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ વણોઈ હાલ નાલાસોપારાના કુ. અરૂણા રામજી બૌવા (ઉં. વ. ૪૯) ગુરુવાર તા. ૧૬.૦૧.૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી મોંઘીબેન દેવરાજ નોંઘાની પૌત્રી. ઝવેરબેન રામજીની સુપુત્રી, હરેશની બહેન, સંગીતાની નણંદ, દિવની ફઈ. મુંબઈના સ્વ. ઉમાબેન પોપટલાલ દેવી સત્રાની દોહિત્રી, પ્રાર્થનાસભા તા.૧૯.૦૧.૨૫ રવિવાર ટાઈમ.૧૦.૩૦ થી ૧૨.૦૦ કલાકે, પ્રા. સ્થળ. વર્ધમાન સ્થાનક, નૌકાવિહાર, થાણા (વેસ્ટ) ઠે. રામજી દેવરાજ બૌવા, પાનબાઈ નગર.

**જામનગર હાલર વિશા શ્રીમાળી જૈન**

જામવંથલી નિવાસી હાલ મલાડ સ્વ. જગદીશભાઈ અમૃતલાલ છગનલાલ શેઠના ધર્મપત્ની જયશ્રીબેન (ઉં.વ. ૬૫) તા.૧૭-૧-૨૦૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ચિરાગ અને કિરણના માતુશ્રી. જીનલ અને ઉર્વીના સાસુ. ભાવના-દિલીપભાઈ, હંસાબેન શેઠ, સ્વ. રેણુકાબેન શાહ, સ્વ.તરલાબેન, સુનીતાબેન ઠક્કરના ભાભી. સ્વ. વસંતલાલ છગનલાલ મહેતા જામનગરવાળાના સુપુત્રી. વેદાંત, વૃષ્ટિ, શૌર્યના દાદી. પ્રાર્થનાસભા તા. ૧૯-૧-૨૦૨૫ના ૧૦ થી ૧૨. ભુષણ બેન્ક્વેટ હોલ, પ્લોટનં-૯૫, નવજીવન સંસ્કાર ધામ, બાંગુર નગર, ગોરેગાંવ વેસ્ટ.

**ખંભાત વિશા શ્રીમાળી જૈન**

ખંભાત નિવાસી હાલ મુંબઈ રમેશચંદ્ર શાંતીલાલ શાહ (ઉં.વ. ૯૨) તે સૂર્યાબેનના પતિ. રાજેશ, સ્વ. તુષારના પિતાશ્રી. ગીતા, જ્યોતિના સસરા. ઋષભ-ચેલના, માનસી-દીવ્યેશના દાદા. સ્વ.પ્રવિણભાઈ, સ્વ. મહેશભાઈ, અશ્વીનભાઈ, કિરીટભાઈ, ભરતભાઈ, કુસુમબેન રમણલાલ શાહ, તૃપ્તી કિરીટભાઈ શાહના મોટાભાઈ. શાંતીલાલ મણીલાલ શ્રોફના જમાઈ તા. ૧૭-૧-૨૦૨૫ના અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહા બંધ છે.

# હિન્દુ મરણ

ગામ ભદ્રેશ્વરના (હાલ ઘાટકોપર) સ્વ. પંકજ માયારામ નાકરના ધર્મપત્ની ગીતાબેન (ઉં. વ. ૬૩), તે સાવિત્રીબેન માયારામ નાનજી નાકરના પુત્રવધૂ. નિખિલના માતુશ્રી. ભક્તિના સાસુ. ગામ મસ્કાનાં ગંગાબેન શંકરજી હરિરામ મોતાના સુપુત્રી. કાંતિલાલ, હિંમતભાઇ, દમયંતીબેન તથા જ્યોતીબેનના નાના બહેન શનિવાર, તા. ૧૮-૧-૨૫ના કૈલાસવાસી થયેલ છે. પ્રાર્થનાસભા રવિવાર, તા ૧૯-૧-૨૫ના સાંજે ૪થી ૬. ઠે. ઘાટકોપર બ્રાહ્મણ સમાજ, ઘાટકોપર પૂર્વ ખાતે રાખવામાં આવેલ છે.

પ્રફુલ ગૌરાંગ મોહન્તી તા. ૧૫-૧-૨૦૨૫ના અવસાન પામેલ છે. તે જયશ્રીના પતિ. ગોરાંગ હરમોહન મોહન્તીના પુત્ર. હરીશ જીવન મહેતાના જમાઈ. પૂનમ, વીરેન, અસ્મિતા મોહન્તીના પિતાશ્રી. વેલેંસીયા પેરેડાઈઝ, લેમિંગ્ટન રોડ.

**પટેલ**

ગામ અભ્રામા સુમખડા ફળિયા હાલ કાંદિવલી ગુલાબદાસ છગનભાઇ પટેલ (ઉં. વ. ૮૮) તા. ૧૬-૧-૨૫ના દેવલોક પામ્યા છે. તે ઇન્દુમતીના પતિ. સ્વ. દિવાળીબેન, સ્વ. મનુભાઇ અને મંજુલાબેનના ભાઇ. નીતા, લલિત, મીના, કલ્પનાના પિતા. સ્વ. કમલેશના મામા. ચંદ્રકાંત, માધવી, ચેતન અને સ્વ. સૂરજના સસરા. હેત્વી અને રોમીતના દાદા. તેમનું બેસણું સોમવાર, તા. ૨૦-૧-૨૫ના ૩થી ૫. ઠે. હાલાઇ લોહાણા મહાજન વાડી, બીજે માળે, એસ. વી. રોડ, શંકર મંદિરની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ). બારમુ તા. ૨૭-૧-૨૫ના સોમવારે, પુષ્પપાણી સાંજે ૪ કલાકે. ઘરે. ઠે. ૧૦૦૨ અભિરામ સોસાયટી, ઠાકુર ઇન્ટરનેશનલ સ્કૂલની સામે, દહાણુકર વાડી, કાંદિવલી (વેસ્ટ).

**ચીખલી મોઢ વણિક**

કિર્તી ગાંધી (ઉં. વ. ૬૮) તા. ૧૭-૧-૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તેઓ સ્વ. જસવંતીબેન તથા સ્વ. વેણીલાલ નગીનદાસ ગાંધીના સૌથી નાના પુત્ર. અંજનાબેનના પતિ. સાગર, ભૂમિકા, લોપા અને લીનાના પિતાશ્રી. તારકભાઈ, કેતનભાઈ, ડેનિશના સસરા. સ્વ. સરલાબેન, સ્વ. બીનાબેન, સ્વ. અશોક અને જયશ્રીબેન તથા અલકાબેનના ભાઈ. નરેશભાઈ, પ્રકાશભાઈ, સ્વ. અતુલભાઈના બનેવી. સાદડી તા. ૨૦-૧-૨૫ના ૫ થી ૭. ૨૫-૨૭ રાધાકૃષ્ણની ચાલ, ખાડીલકર રોડ, સી.પી. ટેન્ક. મુંબઈ-૪.

**ઘોઘારી વૈષ્ણવ દશા શ્રીમાળી**

ડુંગર નિવાસી પદમાવતી ભૂપતરાય મગનલાલ મહેતાના પુત્ર મનોજ (ઉં. વ. ૬૦) તા. ૧૧-૧-૨૫ના બેંગલોર મુકામે શ્રીજીચરણ પામેલ છે. હર્ષાબેનના પતિ. વત્સલ, ડો. અદિતિના પિતા. મુકેશભાઇ, નલિનભાઇ, ભાવનાબેન ગૌરાંગકુમાર ભગતના મોટાભાઇ. ઉદવાડાવાળા ભોગીલાલ ગોકુળદાસ પારેખના જમાઇ. પ્રાર્થના સોમવાર, તા. ૨૦-૧-૨૫ના ૫થી ૭. ઠે. ફ્રેન્ડસ બેન્કવેટ હોલ, જયવંત સાવંત માર્ગ, રૂસ્તમજી બિઝનેસ સ્કૂલ નજીક, દહીસર (વેસ્ટ).

**કપોળ**

ત્રાપજવાળા હાલ અંધેરી અનિલ ભવાનીદાસ મહેતા (ઉં. વ. ૮૦) તા-૧૬.૧.૨૦૨૫ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે વિભૂતિબેનના પતિ. અમર, નેહા પિયુષ નયાણીના પિતા. જાહ્નવી, પિયુષના સસરા. સીયા, ગીતના દાદા. સ્વ. નરેન્દ્રભાઈ, સ્વ. ચંદ્રકાંતભાઈ, નિર્મલાબેન પ્રવીણભાઈ મહેતાના નાનાભાઈ. સ્વ. ડૉ. જગદીશચન્દ્ર ચંદુલાલ મર્ચંટના જમાઈ. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ.શાંતાબેન વાલજી આઈયાના પૌત્ર ગં.સ્વ.મધુબેન રમેશ આઈયાના પુત્ર જીગર (ઉં. વ. ૩૯) તા.૧૩/૦૧/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. કશિશ (ડેલી)ના પતિ. વીરના પિતા. ગં.સ્વ.અનિતાબેન મહેશભાઈ ચોથાણી કચ્છ ગામ પત્રી હાલે ડોમ્બીવલી વાળાના જમાઈ. રુપલ પ્રકાશ મજેઠીયા,દર્શના પરેશ મજેઠીયા, કાજલ વિજય ચંદન, ડિમ્પલ પલણના ભાઈ. પ્રાર્થનાસભા રવિવાર તા.૧૯/૦૧/૨૫ના ૬ થી ૭. શ્રી કચ્છી લોહાણા મહાજન વાડી પવાણી હોલ મુલુંડ વેસ્ટ. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે. બૈરાઓએ એજ દિવસ આવી જવું.

**વિશાનગર વણિક**

સૌ.મીનાક્ષીબેન સુરેન્દ્ર પ્રેસવાલા (ઉં.વ. ૮૧) કુસમબહેન નટવરલાલ પ્રેસવાલાના વહુ ૧૬-૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે અમોલ, પીન્કી અને એશાના માતુશ્રી. કેયૂરના સાસુ. સ્વ.ઇન્દિરાબેન, સ્વ.યોગેન્દ્રભાઈ, સ્વ. ક્રિષ્નાભાઈ, જયશ્રીબેન, વિજયભાઈના ભાભી. કીર્તીબેન, સ્વ.માધુરીબેનના દેરાણી. હીનાબેનના જેઠાણી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ મોટી પાનેલી હાલ કાંદિવલી સ્વ.લક્ષ્મીબેન રૂગનાથ ચગના સુપુત્ર કિશોરચંદ્ર ચગ. (ઉં.વ. ૮૮) વીણાગૌરીના પતિ. નયના અતુલભાઇ કક્કડ, દીપક, વિપુલના પિતાશ્રી. આશાબેન, હિનાબેનના સસરાજી, માનસી વિશાલ, કાજલ, હિરલ આકાશ, સુરોહી રાજના દાદા. સ્વ.મંગળાબેન મોહનલાલ રાયચડાના જમાઈ તા.૧૭-૦૧-૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રવિવાર તા.૧૯/૦૧/૨૦૨૫ના ૧૦ થી ૧૨. શ્રી હાલાઈ લોહાણા મહાજન વાડી, ૧લે માળે, શંકરમંદિર પાસે, એસ. વી રોડ , કાંદિવલી વેસ્ટ.

**કચ્છી લોહાણા**

સ્વ. રમેશ મજેઠીયા કચ્છ ગામ ટોડીયા હાલ નાશીક (ઉં.વ. ૫૩) તે ગં.સ્વ.તારાબેન તથા સ્વ. પરસોતમ મોહનજી મજેઠીયાના દ્વિતીયપુત્ર તા ૧૮/૧/૨૫ના સ્વર્ગવાસ થયેલ છે. તે ભારતી (જુલી)ના પતિ. પ્રિયાન્સ, સ્વયમના પિતાશ્રી. ભરત, રૂપા વિજયભાઈ ભગદેના ભાઈ, સ્વ.કમલાબેન, સ્વ. શાંતીલાલ ચત્રભુજ ઠોડાપલણ કચ્છ અંજારના જમાઈ. સ્વ.વિરબાઈ, ગંગારામ વીશ્રામ શ્રોતાના દોહીત્રા, બન્ને પક્ષની પ્રાર્થનાસભા ૧૯/૧/૨૫ના ૪ થી ૫.૩૦. આર. પી. વીધ્યાલય પંચવટી નાશીક મધે.

**ચારણ - ગઢવી**

ગામ મોટા લાયજા હાલે મુંબઈ મુલુંડ માલતીબેન બારોટ (ઉં.વ. ૬૨) ૧૮/૦૧/૨૦૨૫ના રામશરણ પામેલ છે. તે રતન જીવન બારોટના ધર્મપત્ની. હિતેશના માતુશ્રી. અંગદના દાદીમા. પ્રાર્થના ૧૯ / ૦૧/ ૨૦૨૫ના સાંજના ૪ થી ૬. રૂમ નં. ૧, રાજહંસ બિલ્ડિંગ, જવેર રોડ, મુંબઈ બેંકની સામે, મુલુંડ વેસ્ટ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મુંબઈની તમામ જાહેર પરિવહન સેવાઓ સિંગલ કાર્ડ કે એક જ મોબાઈલ ઍપથી એક્સેસ થઇ શકશે



**ફડણવીસની જાહેરાતઃ મેટ્રો, લોકલ ટ્રેનો, બેસ્ટની બસો અને ટેક્સી માટે સિંગલ મોબિલિટી પ્લેટફૉર્મ બનાવાશે**

મુંબઈઃ મહાનગર મુંબઈની મેટ્રો, લોકલ ટ્રેન, બસ અને ટેક્સી જેવી તમામ પરિવહન સેવાઓનો ઉપયોગ સરળતાથી થઇ શકે એ માટે તમામને એક જ પ્લેટફૉર્મ કે સિંગલ કાર્ડ કે એક જ મોબાઈલ ઍપ પર સાથે લઇ આવશે મહારાષ્ટ્ર સરકાર.

આ પ્રોજેક્ટનો હેતુ દૂરના વિસ્તારોને જોડતી ઝડપી અને સુવિધાજનક પરિવહન સેવા પૂરી પાડવાનો હોવાનું મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું. વડા પ્રધાન નરેન્દ્ર મોદી તમામ જાહેર પરિવહનોને 'સિંગલ મોબિલિટી પ્લેટફૉર્મ' હેઠળ લાવવા માટે આતુર છે. આ વિઝનને સાકાર કરવા માટે મુંબઈમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, એવું મુખ્ય પ્રધાને રેલવેપ્રધાન અશ્વિની વૈષ્ણવ સાથેની સંયુક્ત બેઠક પછી પત્રકારોને જણાવ્યું હતું.

આ અંગે વધુ માહિતી આપતાં તેમણે કહ્યું હતું કે પ્રસ્તાવિત યંત્રણા મુસાફરોને માત્ર ૩૦૦થી ૫૦૦ મીટરના ચાલવાના અંતરની અંદર જાહેર પરિવહન સેવાઓની ઉપયોગ કરવાની મંજૂરી આપશે.

લોકલ ટ્રેન એ મુંબઈની જીવાદોરી છે. ઈન્ટિગ્રેટેડ સર્વિસ સિસ્ટમ મુસાફરો માટે ઝડપી અને વધુ સુવિધાજનક કનેક્ટિવિટી સુનિશ્ચિત કરશે, જેનાથી આવકમાં વધારો પણ થશે અને જાહેર સેવાઓનો વધુ ઉપયોગ થશે. તેમણે કહ્યું હતું કે નવી સિસ્ટમ મુસાફરોને એક જ પ્લેટફૉર્મ પર તમામ પરિવહન સુવિધા પ્રદાન કરશે, સમયની બચત કરશે અને પરિવહનના અવરોધોને દૂર કરશે.

દરમિયાન વૈષ્ણવે કહ્યું હતું કે હાલમાં મુંબઈમાં ૩૫૦૦ લોકલ ટ્રેન સેવાઓ કાર્યરત છે. રેલવે નજીકના ભવિષ્યમાં વધુ ૩૦૦ સેવાઓ ઉમેરવા માટે ૧૭૧૦૭ કરોડ રૂપિયાનું રોકાણ કરશે, જ્યારે સમગ્ર મહારાષ્ટ્રમાં રેલવે પ્રોજેક્ટ્સમાં ૧.૭૦ લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું છે.

મુંબઈમાં અત્યારે દરેક પરિવહન સેવા માટે અલગ-અલગ કાર્ડ કે પછી અલગ-અલગ એપ છે. આને કારણે મુંબઈગરાને ઘણી મુશ્કેલી વેઠવી પડે છે. મેટ્રોમાં પણ અલગ-અલગ ટિકિટ સિસ્ટમ છે. જોકે હવે જો નવી વ્યવસ્થા અમલી બનાવાય તો મુંબઈગરાને ઘણી સહુલિયત થઈ જાય એમ છે. (પીટીઆઈ)■

# હુમલાખોર આક્રમક પણ દાગીનાને તેણે હાથ ન લગાડ્યોઃ કરીના કપૂર



સૈફ અલી ખાન પર હુમલો થયો એ પછી તેને રિક્ષામાં હોસ્પિટલ લઈ જનાર રિક્ષાચાલક ભજનસિંહ રાણા (બ્લુ શર્ટમાં)ને બાંદ્રા પોલીસે નિવેદન નોંધાવવા માટે પોલીસ સ્ટેશન પર બોલાવ્યો હતો. (પીટીઆઈ)

મુંબઈઃ અમારા ઘરમાં ઘૂસેલો હુમલાખોર ઝપાઝપી દરમિયાન આક્રમક બન્યો હતો, પણ તેણે ખુલ્લી મૂકેલી જ્વેલરીને સ્પર્શ કર્યો નહોતો, એમ સૈફ અલી ખાનની પત્ની અને અભિનેત્રી કરીના કપૂર ખાને પોલીસને આપેલા નિવેદનમાં જણાવ્યું હતું.

બાંદ્રા પશ્ચિમમાં સતગુરુ શરણ એપાર્ટમેન્ટમાં ગુરુવારે મળસકે સૈફના ઘરમાં ઘૂસેલા હુમલાખોરે સૈફ પર હુમલો કર્યો હતો, જે અંગે કરીનાનું પોલીસે નિવેદન નોંધ્યું હતું.

હુમલાખોરે છરીથી સૈફ પર છ ઘા ઝીંક્યા હતા. સૈફને ગરદન, હાથ અને પીઠમાં ઇજા થઇ હતી. તેને લોહીલુહાણ હાલતમાં લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં તેના પર ઇમર્જન્સી સર્જરી પાર પાડવામાં આવી હતી.

કરીનાએ પોલીસને આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે સૈફ પર હુમલો કરવા દરમિયાન હુમલાખોર અત્યંત આક્રમક બની ગયો હતો. તેણે સૈફના શરીર પર અનેક ઘા કર્યા હતા. જોકે તેણે ખુલ્લામાં મૂકેલી જ્વેલરીને સ્પર્શ કર્યો નહોતો.

આવું જ નિવેદન કરીના કપૂરે નોંધાવ્યું હતું.

સૈફ હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાથી તેનું નિવેદન નોંધવાનું બાકી છે. ઘટના બાદ કરીનાની બહેન કરિશ્મા તેને પોતાના ખારના નિવાસસ્થાને લઇ ગઇ હતી. દરમિયાન સૈફ પર હુમલાની ઘટનાના ૪૮ કલાક બાદ પણ હુમલાખોર પોલીસને હાથમાં આવ્યો નહોતો અને તેને પકડવા માટે પોલીસની ૩૦ ટીમ કામે લાગી છે. (પીટીઆઇ)■

## સૈફ પર હુમલા પછી કરીના શું કામ કરિશ્માના ઘરે ગઈ?

મુંબઈઃ સૈફ અલી ખાન પર હુમલા બાદ હું ખૂબ જ વ્યથિત અને ગભરાઇ ગઇ હતી, એટલે મને મારી બહેન કરિશ્મા તેના ઘરે લઇ ગઇ હતી, એવું બયાન કરીનાએ પોલીસને આપ્યું હતું. પોલીસને આપેલા બયાનમાં તેણે એમ પણ કહ્યું હતું કે ઘરમાં ઘૂસેલો હુમલાખોર ખૂબ જ આક્રમક હતો અને તેણે વારંવાર સૈફ પર ચાકુના હુમલા કર્યે રાખ્યા હતા. હુમલાખોર સૌપ્રથમ જહાંગીર (જેહ)ના બેડરૂમમાં ગયો હતો અને જેને જોઇને નોકરાણીએ બૂમાબૂમ કરી હતી, એવું પોલીસને કરીનાએ જણાવ્યું હતું. નોકરાણીને બચાવવા માટે ગયો હતો અને હુમલાખોરને જહાંગીર સુધી પહોંચતાં અટકાવ્યો હતો. હુમલાખોર જ્યારે સૈફને ચાકુના વાર કરી રહ્યો હતો ત્યારે નોકરાણી જહાંગીરને ૧૨મા માળે લઇ ગઇ હતી. સતગુરુ શરણ બિલ્ડિંગમાં સૈફનો ડુપ્લેક્સ ફ્લેટ છે. ■

## દાદરથી ૫૦ રૂપિયાના ઇયરફૉન્સ ખરીધા

મુંબઈઃ બાંદ્રામાં સૈફ અલી ખાનના ઘરમાં ઘૂસીને તેના પર છરીથી હુમલો કર્યા બાદ ત્યાંથી ફરાર થઇ ગયેલો હુમલાખોર દાદર વિસ્તારમાંની એક દુકાનમાં ગયો હતો અને ત્યાંથી તેણે ઇયરફૉન્સ ખરીદી કર્યા હતા. આ દુકાનના સીસીટીવી કેમેરાના ફૂટેજ પોલીસે કબજામાં લીધા છે. હુમલાખોર દાદરમાં એક મોબાઇલ શોપમાં ગયો હતો.

દાદરની દુકાનમાં કામ કરતા હસને જણાવ્યું હતું કે હુમલાખોર અમારી દુકાનમાં આવ્યો હતો અને ૫૦ રૂપિયાની કિંમતના ઇયરફૉન્સ ખરીધા હતા. તેણે મને ૧૦૦ રૂપિયાની નોટ આપી હતી અને મેં તેને ૫૦

(જુઓ પાનું ૪) ▸▸

## સૈફની અપેક્ષા કરતાં ઝડપી રિકવરી, ટૂંકમાં ડિસ્ચાર્જ

મુંબઈઃ બાંદ્રાના સતગુરુ શરણ એપાર્ટમેન્ટમાં મળસકે ઘૂસીને હુમલાખોરે છરીથી કરેલા હુમલામાં ઘાયલ થયેલો સૈફ અલી ખાન લીલાવતી હોસ્પિટલમાં સારવાર લઇ રહ્યો છે અને તેની તબિયતમાં ઝડપથી સુધારો થયો છે. ટૂંક સમયમાં તેને ડિસ્ચાર્જ અપાશે, એમ ડોક્ટરોએ કહ્યું હતું.

સૈફને ગરદન, હાથ અને પીઠમાં ઇજાઓ થઇ છે. સૈફની કરોડરજ્જુમાં ખૂંપી ગયેલો છરીનો ટુકડો સર્જરી કરીને કાઢવામાં આવ્યો હતો. તેને હવે આઇસીયુમાંથી (જુઓ પાનું ૪) ▸▸

# દસમા-બારમાની હોલ ટિકિટમાં જાતિ કેટેગરીના ઉલ્લેખનો વિવાદ

મુંબઈઃ મહારાષ્ટ્ર સ્ટેટ એજ્યુકેશન બોર્ડ તરફથી લેવામાં આવનારી દસા અને બારમા ધોરણની પરીક્ષા શરૂ થઇ રહી છે, ત્યારે એક નવી વિમાસણ ઊભી થઇ છે. વિદ્યાર્થીઓએ પરીક્ષા માટેની હોલ ટિકિટ એજ્યુકેશન બોર્ડની વેબસાઈટ પર ઉપલબ્ધ કરી આપવામાં આવી છે. વિદ્યાર્થી અથવા તેની સ્કૂલ વેબસાઈટ પર આ હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકે છે.

જોકે આ હોલ ટિકિટ જોઇને એક મૂંઝવણ ઊભી થઇ છે. કારણ કે વિદ્યાર્થીઓની હોલ ટિકિટ પર જાતિની કેટેગરી મૂકવામાં આવી છે. એ જોઇને એજ્યુકેશન નિષ્ણાતા અને શિક્ષકો તરફથી આશ્ચર્ય વ્યક્ત કરવામાં આવી રહ્યું છે. તેના પર વિરોધીઓ બોર્ડની ટીકા કરી રહ્યા છે.

દરમિયાન સેકન્ડરી અને હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડના અધ્યક્ષ શરદ ગોસાવીએ આ તમામ પ્રકરણ પર સ્પષ્ટીકરણ આપ્યું છે. ગોસાવીએ કહ્યું હતું કે હોલ ટિકિટ પર કાસ્ટ નહીં પણ કાસ્ટ

(જુઓ પાનું ૪) ▸▸

## ૧૫મી મે પહેલાં દસમા અને બારમાનું પરિણામ જાહેર થશે

મુંબઈઃ મહારાષ્ટ્ર સ્ટેટ બોર્ડ ઓફ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન તરફથી ફેબ્રુઆરીમાં લેવામાં આવનારી દસમા-બારમા ધોરણની પરીક્ષાનું પરિણામ ૧૫મી મે સુધીમાં જાહેર થશે, એવી માહિતી સ્કૂલ શિક્ષણપ્રધાન દાદા ભુસેએ આપી હતી. સ્કૂલ શિક્ષણ વિભાગના વિવિધ વિષયની સમીક્ષા લેવા માટે તેઓ પુણેની મુલાકાતે ગયા હતા, જ્યાં તેમણે પત્રકારો સાથે વાતચીત દરમિયાન ઉક્ત માહિતી આપી હતી.

દસમા-બારમાની પરીક્ષા આ વર્ષે ૧૦થી ૧૫ દિવસ વહેલી શરૂ થવાની છે. બારમાની પરીક્ષા ૧૧મી ફેબ્રુઆરીથી, જ્યારે દસમાની ૨૧મી ફેબ્રુઆરીથી શરૂ થવાની છે. આ પરીક્ષા માટે અંદાજે ૩૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. પરીક્ષા સરળ રીતે પાર પડે એ માટે રાજ્યમાં કોપીમુક્ત પરીક્ષા થાય એ માટેનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

આ પહેલાં બારમાનું પરિણામ મે મહિનાના છેલ્લા કે પછી જૂનના પહેલા અઠવાડિયે, જ્યારે દસમા ધોરણનું

(જુઓ પાનું ૪) ▸▸



**કૉલ્ડપ્લેનો હૉટ કૉન્સર્ટઃ** બ્રિટિશ બૅન્ડ કૉલ્ડપ્લેના લીડ સિંગર ક્રિસ માર્ટિને ગઈ કાલે નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં જબરજસ્ત પર્ફોર્મન્સ આપ્યો હતો. (પીટીઆઈ)

# અમરાવતીમાં કાળા જાદુની શંકા પરથી વૃદ્ધાની કરાઈ મારપીટઃ પેશાબ પીવા માટે મજબૂર કરી

### લોખંડના ગરમ સળિયાથી હાથ-પગ પર ડામ પણ આપ્યા

અમરાવતીઃ અમરાવતી જિલ્લાના ગામમાં બનેલી જઘન્ય ઘટનામાં કાળા જાદુની શંકા પરથી ૭૭ વર્ષની વૃદ્ધાની મારપીટ કર્યા બાદ તેને પેશાબ પીવા માટે મજબૂર કરવામાં આવી હતી.

આટલું ઓછું હોય એમ લોખંડના ગરમ સળિયાથી વૃદ્ધાના હાથ-પગ પર ડામ પણ આપવામાં આવ્યા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

૩૦ ડિસેમ્બરે આ ઘટના બની હતી, પણ જાન્યુઆરીની શરૂઆતમાં આ પ્રકરણે ફરિયાદ નોંધાવાઇ હતી. વૃદ્ધાના પુત્ર-પુત્રવધૂએ વરિષ્ઠ પોલીસ અધિકારીઓનો શુક્રવારે સંપર્ક સાધ્યો હતો અને કાર્યવાહીની માગણી કરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર વૃદ્ધા અમરાવતી જિલ્લાના ચિખલદારા તાલુકાના રેત્યખેડા ગામની રહેવાસી છે. ડિસ્ટ્રિક્ટ કલેક્ટર અને પોલીસ સુપરિન્ટેન્ડેન્ટને આપેલા પત્રમાં ફરિયાદીએ આક્ષેપ કર્યો હતો કે વૃદ્ધા ૩૦ ડિસેમ્બરે ઘરમાં એકલી હતી ત્યારે પડોશીઓએ તેને પકડી હતી અને કાળો જાદુ કરતી હોવાનો તેના પર આરોપ લગાવ્યો હતો.

ગામવાસીઓએ વૃદ્ધાને લાફા માર્યા બાદ લાઠીથી માર માર્યો હતો. લોખંડના ગરમ સળિયાથી તેના હાથ-પગ પર ડામ પણ આપવામાં આવ્યા હતા.

ફરિયાદ અનુસાર વૃદ્ધાને પેશાબ પીવા અને શ્વાનનું મળમૂત્ર ખાવા મજબૂર કરવામાં આવી હતી. બાદમાં ગળામાં ચંપલનો હાથ પહેરાવીને તેની પરેડ કાઢવામાં આવી હતી.

વૃદ્ધાનો પુત્ર અને પુત્રવધૂ કામ અર્થે બહાર ગયાં હતાં અને તેમને પાંચમી જાન્યુઆરીએ ઘટનાની જાણ થઇ હતી, જેને પગલે પોલીસમાં ફરિયાદ નોંધાવાઇ હતી.

અમરાવતીના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ વિશાલ આનંદે કહ્યું હતું કે ઘટના ગંભીર છે અને ફરિયાદીએ શુક્રવારે મારી સાથે વાત કરી હતી.

ગામ જંગલના આંતરિક ભાગમાં આવેલું છે અને ઘટનાની તપાસ કરવા માટે પોલીસ અધિકારીને ત્યાં મોકલવામાં આવ્યો હતો. આ પ્રકરણે કાર્યવાહી કરવામાં આવશે. (પીટીઆઇ) ■

# બુલેટ ટ્રેનની દરિયા નીચેની ૨૧ કિ.મી. લાંબી ટનલનું કામ પુરજોશમાં ચાલે છે



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈથી અમદાવાદ વચ્ચે કલાકના ૨૫૦થી ૩૦૦ કિલોમીટરની ઝડપથી બુલેટ ટ્રેન દોડાવવાના પ્રકલ્પને ઝડપથી સાકાર કરવા માટે રેલવે પ્રશાસન કમર કસી છે ત્યારે રેલવે પ્રધાને ગઈ કાલે મુંબઈ અમદાવાદ હાઈ સ્પીડ રેલ (બુલેટ ટ્રેન)ની ટનલ સહિત અન્ય કામગીરીનું પરીક્ષણ કરીને સંતોષ વ્યક્ત કર્યો હતો.

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેનના કામકાજ માટે ભારતીય રેલવેની સાથે રેલવે મંત્રાલય તેમ જ વિવિધ એજન્સી યુદ્ધના ધોરણે કામગીરી કરી રહી છે, ત્યારે ઈલેક્ટ્રિફિકેશનના કામકાજના પ્રારંભ સાથે મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં પણ કામગીરીનું પરીક્ષણ કરતા રેલવે પ્રધાને પ્રસ્તાવિત પ્રોજેક્ટ નિર્ધારિત સમયગાળામાં પૂરો થવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

મુંબઈમાં બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી) ખાતે સૌથી પહેલું બુલેટ ટ્રેનનું સ્ટેશન બનાવવામાં આવશે. આ સ્ટેશન એન્જિનિયરિંગ કામગીરી માટે એક મિસાલરુપ બનશે. હાલના તબક્કે મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેનના કોરિડોરનું લગભગ ૩૪૦ કિલોમીટરનું કામ પ્રગતિના પંથે ચાલી રહ્યું છે. બુલેટ ટ્રેનના પ્રોજેક્ટ માટે મહારાષ્ટ્રમાં દરિયાની અંદર ૨૧ કિલોમીટર લાંબી ટનલનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. બીકેસી સ્થિત અન્ડરગ્રાઉન્ડ સ્ટેશન સાથે અન્ડરગ્રાઉન્ડ કમ અન્ડરસી ટનલને જોડવાનું કામ કરવામાં આવશે. મે, ૨૦૨૪માં ૩૯૪ મીટર લાંબી એડિશનલ ડ્રિવન ઈન્ટરમિડિયેટ ટનલનું કામ પાર

(જુઓ પાનું ૪) ▸▸

# છગન ભુજબળ હજી રિસાયેલા છે

### એનસીપીના સંમેલનમાં હાજરી આપવા વિશે સ્પષ્ટતા કરી કે, વરિષ્ઠોએ કહ્યું એટલે આવ્યો, બાકી તમામ પ્રશ્નો હજીય અકબંધ છે

શિર્ડીઃ મહારાષ્ટ્રના પ્રધાનમંડળમાં જગ્યા ન મળતા નારાજ થયેલા છગન ભુજબળ શનિવારે બે દિવસના એનસીપીના સંમેલનમાં હાજર રહ્યા હતા. આને કારણે તેમની નારાજગી દૂર થઈ ગઈ હોવાના અહેવાલો પ્રસર્યા હતા પણ તેમણે એ વિશે સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, હું પક્ષના વરિષ્ઠ નેતાઓની વિનંતીને માન આપીને સંમેલનમાં આવ્યો છું પણ આનો અર્થ એવો નથી થતો કે મારા અને પક્ષ વચ્ચેના તમામ પ્રશ્નોનો નિવેડો આવ્યો છે. મહારાષ્ટ્ર કેબિનેટમાંથી બાકાત રાખવા બદલ પાર્ટીના વડા અને નાયબ મુખ્યમંત્રી અજિત પવાર પર નિશાન સાધનારા એનસીપીના વરિષ્ઠ નેતા છગન ભુજબળે શનિવારે કહ્યું કે તેઓ વરિષ્ઠ નેતાઓની વિનંતી પર પાર્ટી સંમેલનમાં હાજરી આપી રહ્યા છે.

ભુજબળે કહ્યું કે બે દિવસીય એનસીપી સંમેલનમાં તેમની હાજરીનો અર્થ એ નથી કે બધા મુદ્દાઓનું સમાધાન થઈ ગયું છે. ''પાર્ટીના નેતા પ્રફુલ પટેલે

(જુઓ પાનું ૪) ▸▸

## પાલકપ્રધાનોની યાદી જાહેરઃ ધનંજય મુંડેને ઠેંગો દેખાડાયો, એકેય જિલ્લાનો અખત્યાર ન સોંપાયો

# બીડ અને પુણે અજિતદાદા પાસે

મુંબઈઃ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળની મહાયુતિ સરકારના પ્રધાનમંડળનું વિસ્તરણ થયું પણ રાજ્યના જિલ્લાઓના પાલકપ્રધાનની નિમણૂક રખડેલી હતી. શનિવારે આખરે પાલકપ્રધાનની યાદી જાહેર કરવામાં આવી હતી. આ યાદીમાં નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારને પુણે જિલ્લા સહિત સૌની જેના પર નજર હતી એ બીડ જિલ્લાના પાલકપ્રધાનપદ તેમને સોંપવામાં આવ્યું હતું. જોકે બીડમાંની હત્યાને પગલે વિવાદમાં ફસાયેલા ધનંજય મુંડેને એકય જિલ્લાનું પાલકપ્રધાનપદું નથી સોંપાયું. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને ગઢચિરોલી જિલ્લાનું અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને થાણે જિલ્લાનું પાલકપ્રધાનપદ સોંપવામાં આવ્યું છે. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને થાણે અને મુંબઈ શહેરનું પાલકપ્રધાનપદ સોંપવામાં આવ્યું હોવાનું યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

નાગપુર અને અમરાવતીનું પાલકપ્રધાનપદ ચંદ્રશેખર બાવનકુળેને જ્યારે રાધાકૃષ્ણ વિખે પાટીલને અહિલ્યાનગરનું પાલકપ્રધાનપદ, વાશીમમાં હસન

(જુઓ પાનું ૪) ▸▸

## ખંડણી ન આપી તો મોતની ધમકીઃ બીડનાં મહિલા સરપંચની પોલીસને ફરિયાદ

બીડઃ ખંડણીરૂપે એક લાખ રૂપિયા ચૂકવવામાં નહીં આવે તો જાનથી હાથ ધોવા પડશે એવી ધમકી ભૂતપૂર્વ સરપંચ અને અન્ય બે શખસે આપી હોવાની ફરિયાદ રાજ્યના બીડ જિલ્લાના એક ગામની મહિલા સરપંચે પોલીસને કરી છે.

અંબાજોગાઈ તાલુકાના મામદાપુર ગામના સરપંચ મંગલ મામડગેએ એમ પણ જણાવ્યું હતું કે તેમના પુત્રએ ભૂતપૂર્વ સરપંચ અને અન્ય લોકોના દબાણને કારણે પોતાનું જીવન ટૂંકાવી લીધું હતું.

મામડગેએ જણાવ્યું કે પોતે બીડ એસપીનો સંપર્ક કર્યો અને તેમને કહ્યું કે ભૂતપૂર્વ સરપંચ વસંત સોપાન શિંદે, અનિલ લાલાસાહેબ દેશમુખ અને જ્ઞાનોબા શ્રીમંત દેશમુખ તેમની પાસેથી એક લાખ રૂપિયાની માગણી કરી રહ્યા છે અને ધમકી આપી રહ્યા છે. ''મેં અગાઉ સ્થાનિક પોલીસનો સંપર્ક કર્યો હતો પરંતુ તેઓએ મારી ફરિયાદ પર ધ્યાન આપ્યું ન હતું. મેં બીડ એસપીનો સંપર્ક કર્યા પછી જ કેસ નોંધવામાં આવ્યો હતો,'' મામડગેએ પત્રકારોને જણાવ્યું.

તેના પતિ રામ મામડગેએ જણાવ્યું હતું કે ત્રણેય તેમની પત્નીને ધમકી આપી રહ્યા છે કે જ્યાં સુધી તે રકમ ચૂકવે નહીં ત્યાં સુધી તેઓ તેને સરપંચ તરીકેની સત્તાવાર ફરજો બજાવવા દેશે નહીં. (પીટીઆઈ)■

# મૅરથનવીરો તમારા હાર્ટને સંભાળજો...

## ડોક્ટરોએ સલાહ આપી છે કે જેટલી પ્રેક્ટિસ કરી છે, જેટલી ક્ષમતા છે એટલા જ શારીરિક શ્રમથી ગતિવિધિ કરજો

મુંબઈ: આજે થનારી મુંબઈ મૅરથનમાં આ વર્ષે ૬૦૦૦૦થી વધુ રનર્સ હિસ્સો લઇ રહ્યા છે. સામાન્ય રીતે મૅરથનમાં દોડનારાઓ જોશમાં આવી જઇને પોતાના સ્વાસ્થ્ય અંગે લાપરવાહી વર્તતા હોય છે. આથી નિષ્ણાતો જોશમાં આવી જઇને તમારા સ્વાસ્થ્યને જોખમાવશો નહીં, એવી સલાહ આપી રહ્યા છે. ડોક્ટરોએ એવી પણ સલાહ આપી છે કે જેટલી પ્રેક્ટિસ કરી છે, જેટલી ક્ષમતા છે એટલા જ શારીરિક શ્રમથી ગતિવિધિ કરજો, કારણ કે વધુ પડતું જોર લગાવવામાં ક્યાંક તમારા હૃદયને નુકસાન ન પહોંચાડે.

દોડવીરો મૅરથનનો આનંદ લઇ શકે અને સ્વાસ્થ્ય પણ ન જોખમાય એ અર્થે નિષ્ણાતોએ પ્રદૂષણને ધ્યાનમાં રાખીને શ્વાસ સંબંધિત દર્દીઓને પણ મહત્ત્વપૂર્ણ ટિપ્સ આપી છે. જોકે ઘણી વાર એવું બને છે કે દોડવીર જોશમાં આવી જઇને પ્રેક્ટિસ કર્યા વિના શરીર પર વધુ પડતો ભાર નાખી દેતા હોય છે, જેને કારણે ડિહાઈડ્રેશન, ક્રેમ્પ અને હાર્ટ અટેકનો તેઓ શિકાર બની જતા હોય છે. વાતાવરણ અને આબોહવા ઘણી વાર દોડવીરોને સાથ આપતાં હોય છે, પણ આ વખતે રવિવારે ઉષ્ણતામાન ૩૫ ડિગ્રી સેલ્સિયસ રહે એવો અંદાજો સેવાઈ રહ્યો છે. બીજી બાજુ એર ક્વોલિટી પણ કથળેલી છે. એવામાં દોડવીરો માટે બમણો પડકાર સાબિત થવાનો છે.

શહેરના કાર્ડિયોલોજિસ્ટ અને પલ્મોનોલોજિસ્ટનું માનીએ તો રવિવારના વાતાવરણને જોતાં દોડવીરોને આ વર્ષે પસીનો છૂટી જવાનો છે. હવામાન ખાતાના જણાવ્યા અનુસાર પૂર્વ અને પશ્ચિમથી આવતી હવા સમુદ્રની હવાઓને સેટ નહીં થવા દે, જેને કારણે તાપમાન વધુ રહે એવી શક્યતા છે. આથી દોડવીરોને એવી સલાહ આપવામાં આવે છે કે સ્વાસ્થ્યને લઇને કોઇ પણ મુશ્કેલી હોય તો જોખમ ન ઉઠાવે.


## મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.
KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675
MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.
MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.
DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.
TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032
OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769
GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470
BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.
BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.
ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.
MASJID BUNDER
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500
KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755
NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.
MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070
THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269
MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105
GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116
CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2
BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986
NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684
VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722


# ટાટા મુંબઈ મૅરથન: પ્રતિષ્ઠિત માધ્યમ, બહુમૂલ્ય મૅસેજ

*અજય મોતીવાલા*

મુંબઈ: આજે ટાટા મુંબઈ મૅરથનની ૨૦મી સીઝન છે અને એમાં ફરી એકવાર ફિટનેસ સંબંધિત અંગત લાભ મેળવવા ઉપરાંત આ પ્રતિષ્ઠિત મંચ પરથી સામાજિક તથા રાષ્ટ્રીય દૃષ્ટિકોણથી અમૂલ્ય અને પ્રેરક સંદેશ લોકો સુધી પહોંચાડવામાં આવશે. આ મૅરથનની ઓળખ રેસ કરતાં પણ વિશેષ પ્રકારની ઇવેન્ટ તરીકે થાય છે.

પ્રોફેશનલ ઍથ્લીટ્સ, ઉત્સાહિત સિનિયર સિટિઝન્સ તથા દિવ્યાંગ રનર્સ તેમ જ પરિવાર અને મિત્રગણ સાથે ભાગ લેનારા રનર્સ એશિયાની આ સર્વશ્રેષ્ઠ અને વિશ્વની ટૉપ-ટેનમાં આવતી મુંબઈ મૅરથનમાં ભાગ લઈ રહ્યા છે અને ઘણા દિવસોથી કરેલી પ્રૅક્ટિસને આજે પરિણામમાં ફેરવશે.

પ્રૉકેમ ઇન્ટરનૅશનલ દ્વારા આયોજિત મુંબઈ મૅરથનમાં આ વખતે કુલ વિક્રમજનક ૬૦,૦૦૦થી પણ વધુ રનર્સ ભાગ લઈ રહ્યા છે. વિદેશીઓમાં સૌથી વધુ ઇથોપિયાના તથા કેન્યા સહિતના આફ્રિકન રનર્સ આ વખતની મૅરથનમાં ભાગ લઈ રહ્યા છે. હેઇલ લેમી બેર્હાનુ અને ઍબર્શ મિન્સેવો ગયા વર્ષની મુંબઈ મૅરથનમાં ચૅમ્પિયન બન્યા હતા અને તેઓ આ વખતે ટાઇટલ જાળવી રાખવા મક્કમ છે.

જાણીતા સ્પોર્ટ્સ નેટવર્ક પર મુંબઈ મૅરથનનું જીવંત પ્રસારણ જોઈ શકાશે. ભારતીય તથા વિદેશી રનર્સ માટેની મુખ્ય મૅરથનમાં વિજેતા બનનાર પુરુષ ચૅમ્પિયનને ૫૦,૦૦૦ ડૉલર (અંદાજે ૪૪ લાખ રૂપિયા) અને મહિલા ચૅમ્પિયનને ૫૦,૦૦૦ ડૉલર (અંદાજે ૪૪ લાખ રૂપિયા)નું પ્રથમ ઇનામ અપાશે. ત્યાર પછી પણ વિવિધ ઇનામો અપાશે. પ્રથમ સ્થાને આવનાર ભારતીય રનરને (પુરુષ, મહિલા બન્ને વર્ગમાં) પાંચ-પાંચ લાખ રૂપિયાનું પ્રથમ ઇનામ અપાશે. એ ઉપરાંત બીજાં ઘણાં ઇનામો આપવામાં આવશે.

મૅરથનના આયોજકોએ ૧૫ મેડિકલ સ્ટેશન, નવ મેડિકલ બેઝ કૅમ્પ સ્થાપિત કર્યા છે. ૧૬૦ કાર્ડિયાક તથા સ્પોર્ટ્સ રીહૅબ ફિઝિયોથેરપિસ્ટની ટીમ રનર્સની સારવાર માટે તૈયાર રહેશે. રેલવે દ્વારા પરોઢિયે મુખ્ય રેસના આરંભ અગાઉ બે-ત્રણ કલાક પહેલાંની સ્પેશિયલ ટ્રેન દોડાવવાનું નક્કી કર્યું હોવાનું અહેવાલમાં જણાવાયું હતું. મરીન ડ્રાઇવથી માંડીને માહિમ સુધીના માર્ગો પર ટ્રાફિકને લગતાં નિયંત્રણો પણ જાહેર કરવામાં આવ્યાં છે.

# ૧૦ કૅન્સરમુક્ત રનર્સ પણ દોડશે




આ વખતની ટાટા મુંબઈ મૅરથનમાં કૅન્સરના મહારોગમાંથી બચી ગયેલા ૧૦ રનર્સ ભાગ લઈ રહ્યા છે. એમાંથી ચાર રનર મુંબઈના તેમ જ બાકીના લખનઊ, દિલ્હી, કોલકાતાના છે. તેઓ કૅનકિડ્સ કિડ્સકૅનના ઉપક્રમે ભાગ લઈ રહ્યા છે. નૅશનલ સોસાયટી ફૉર ચેન્જ ફૉર ચાઇલ્ડહૂડ કૅન્સર ઇન ઇન્ડિયાના બૅનર હેઠળ તેઓ ૫.૯ કિલોમીટરની ડ્રીમ રનમાં ભાગ લઈ રહ્યા છે અને પોતાની શક્તિ, સંકલ્પશક્તિ, નીડરતા, હિંમત વગેરે ગુણોથી અન્યો માટે પ્રેરક બનશે. આ ફાઉન્ડેશનના સ્થાપક-અધ્યક્ષા અને પશ્ચિમ રેલવેના ભૂતપૂર્વ ઑફિસર ૬૨ વર્ષનાં પૂનમ બાગાઈ કૅન્સરમાંથી મુક્તિ મેળવી ચૂક્યાં છે અને આ વખતે પહેલી વાર મુંબઈ મૅરથનમાં દોડવાનાં છે. તેમણે 'મુંબઈ સમાચાર'ને કહ્યું હતું કે 'અમારી સંસ્થા કૅન્સર પીડિતોની મદદ માટે તેમ જ કૅન્સરથી પીડાતા લોકોની અનેક પ્રકારની પાયાભૂત સેવા માટે દેશભરની અનેક હૉસ્પિટલો સાથે મળીને કાર્ય કરે છે, હૉસ્પિટલોને મૅનપાવર, દવાઓ પૂરા પાડે છે. ખાસ કરીને અમે ૧૯ વર્ષ સુધીની ઉંમરના કૅન્સર પીડિતો માટે કાર્ય કરીએ છીએ. અમારી સંસ્થા ૧૫ વર્ષથી મુંબઈ મૅરથન સાથે જોડાયેલી છે અને સાત વર્ષથી એમાં અમારી સંસ્થાના કૅન્સરમુક્ત બચ્ચાંઓ ભાગ લે છે. આ મૅરથન દ્વારા અમે જે ફંડ ઊભું કરીએ એ કૅન્સર પીડિત બાળકોના લાભાર્થે ખર્ચ કરીએ છીએ. અમારી જ 'સાઇકલ ફૉર ગોલ્ડ' નામની ઇવેન્ટ દર વર્ષે યોજાય છે જેનું આ વખતે આયોજન ચોથી ફેબ્રુઆરીએ થશે. ઘણા કહેતા હોય છે કે બીજા દેશોમાં કૅન્સર પીડિતોમાંથી ૮૦ ટકા લોકોનો સફળ ઈલાજ થતો હોય છે, પરંતુ ભારતમાં જનમ્યા હોય અને કૅન્સર થયું હોય તો બચવું બહુ મુશ્કેલ હોય છે. જોકે અમે આ વાત સાથે સહમત નથી. કૅન્સરમાંથી મુક્ત થતા લોકોનું પ્રમાણ અહીં પણ ઘણું મોટું છે. ૮૦ ટકાવાળી માન્યતા બાબતમાં ભારતનું પણ નામ લેવાતું થાય એ જોવાનો અમારો ઉદ્દેશ છે.'

પૂનમ બાગાઈની આ સંસ્થાની મદદ બાદ કૅન્સરમુક્ત થયેલાઓમાં અતુલ રાઠોડ, શાનુ શેખ, સુમિત ગુપ્તા સહિત અનેકનો સમાવેશ છે.

# કચ્છી પરિવાર ૧૫ વર્ષથી અસરદાર સંદેશ સાથે ભાગ લે છે




ગ્રાન્ટ રોડ (વેસ્ટ)માં રહેતા કચ્છ વાગડ સમાજના મિતેન શાહ તેમના જોડિયા પુત્રો (અક્ષય અને લક્ષ્ય) તેમ જ પત્ની સહિત સપરિવાર મુંબઈ મૅરથનમાં ફરી એકવાર ભાગ લઈ રહ્યા છે. તેમનું મુંબઈ મૅરથનમાં આ ૧૫મું વર્ષ છે. તેઓ ફરીવાર સમાજ માટેના એક ખાસ સંદેશ, વિશેષ થીમ સાથે ડ્રીમ રનમાં દોડી રહ્યા છે. ૨૦૧૦થી ૨૦૨૪ સુધીમાં શાહ પરિવારે જે મૅસેજ અને થીમ સાથે મુંબઈ મૅરથનમાં ભાગ લીધો હતો એની યાદી આ મુજબ છે: ૨૦૧૦માં શાંતિ (ટ્વિન્સ ગાંધીજી જેવા ડ્રેસમાં હતા), ૨૦૧૧માં સેવ ટાઇગર્સ (વાઘ બચાવો), ૨૦૧૨માં સેવ ટ્રીઝ (વૃક્ષ બચાવો), ૨૦૧૩માં સૅલ્યૂટ સૉલ્જર્સ, ૨૦૧૪માં સૅલ્યૂટ ભૂતપૂર્વ નેતાઓ અને સ્વાતંત્ર્ય સેનાનીઓ, ૨૦૧૫માં સ્વચ્છ ભારત, ૨૦૧૬માં સેવ વૉટર, ૨૦૧૭માં સ્મોકિંગ છોડો, ૨૦૧૮માં સેવ ગર્લ ચાઇલ્ડ, ૨૦૧૯માં સોશિયલ મીડિયાના વધુ પડતા ઉપયોગની ખરાબ અસર, ૨૦૨૦માં સ્ટૉપ ઍસિડ ઍટૅક, ૨૦૨૩માં રોડ સેફ્ટી અને ૨૦૨૪માં સાયબર ક્રાઇમ.

ગારમેન્ટના હોલસેલ વેપારી મિતેનભાઈએ 'મુંબઈ સમાચાર'ને કહ્યું, 'મુંબઈ મૅરથનમાં અમે છેલ્લા ત્રણ વર્ષથી બેસ્ટ કૉસ્ચ્યૂમમાં રનર-અપનું ઇનામ જીતીએ છીએ. આ મૅરથનમાં ભાગ લઈને અમારામાં અલગ જ પ્રકારની ઊર્જા આવે છે. દર વર્ષે મારા જોડિયા પુત્રોના બૉડી પેઇન્ટિંગ મારા સાળી ચાર્વી ગડા કરે છે.'

# ટાટા મુંબઈ મૅરથનના શેડ્યૂલ પર એક નજર...

(૧) ફુલ મૅરથન (૪૨.૧૯૫ કિલોમીટર, સવારે ૫.૦૦ વાગ્યાથી): ૧૨,૦૦૦થી વધુ રનર્સ ભાગ લેશે. આ રેસ સીએસટીથી શરૂ થઈને ઓસીએસ ચૉકી ખાતે પૂરી થશે.

(૨) હાફ મૅરથન (૨૧.૦૯૭ કિલોમીટર, સવારે ૫.૦૦ વાગ્યાથી): ૧૫,૦૦૦થી વધુ રનર્સ ભાગ લેશે. આ રેસ સીએસટીથી શરૂ થઈને ઓસીએસ ચૉકી ખાતે પૂરી થશે.

(૩) ઓપન ૧૦-કે રેસ (૧૦ કિલોમીટર, સવારે ૬.૦૦ વાગ્યાથી): ૮,૫૦૦થી વધુ રનર્સ ભાગ લેશે. આ રેસ સીએસટીથી શરૂ થઈને ઓસીએસ ચૉકી ખાતે પૂરી થશે.

(૪) ડ્રીમ રન (૫.૯ કિલોમીટર, સવારે ૮.૧૫ વાગ્યાથી): ૨૫,૦૦૦થી વધુ રનર્સ ભાગ લેશે. આ રેસ સીએસટીથી શરૂ થઈને મેટ્રો થિયેટર ખાતે પૂરી થશે.

(૫) સિનિયર સિટિઝન્સ રન (૪.૨ કિલોમીટર, સવારે ૭.૩૫ વાગ્યાથી): ૧,૮૯૫ રનર્સ ભાગ લેશે. આ રેસ સીએસટીથી શરૂ થઈને મેટ્રો થિયેટર ખાતે પૂરી થશે.

(૬) ચૅમ્પિયન્સ વિથ ડિસઍબિલિટી (સહયોગી સાથે) (૧.૩ કિલોમીટર, સવારે ૭.૨૨ વાગ્યાથી): આશરે ૧,૧૦૦ લોકો ભાગ લેશે. આ રેસ સીએસટીથી શરૂ થઈને ઓસીએસ ચૉકી ખાતે પૂરી થશે.

(૭) મૅરથન એલીટ રેસ: આ રેસ સવારે ૭.૨૦ વાગ્યે સીએસટી સ્ટેશનથી શરૂ થશે.

# 'અબ મેરે કો બૈઠના પડેગા સેક્રેટરી કે સાથ, ફૅમિલી-વૅમિલી કા ડિસ્કસ કરને કે લિયે...સબ મેરે કો બોલ રહે હૈ, યાર'

## કૅપ્ટન રોહિતે ચીફ સિલેક્ટર સાથેની હળવી ચર્ચા બાદ પત્રકારોને સંકેત આપ્યો કે તેને અને સાથી ખેલાડીઓને બીસીસીઆઇના ૧૦ કડક નિયમો સામે વાંધો છે

મુંબઈ: ચીફ સિલેક્ટર અજિત આગરકરના મતે બીસીસીઆઇ દ્વારા તાજેતરમાં ભારતીય ક્રિકેટરો માટે જે ૧૦ નવા નિયમો બનાવ્યા છે એ કોઈ પ્રકારની 'સજા' નથી, પરંતુ કૅપ્ટન રોહિત શર્માએ ગઈ કાલે સંકેત આપ્યો હતો કે તેને અને તેના ટીમના સાથીઓને અમુક નિયમો સામે વાંધો છે.

સૌથી મોટો નિયમ એ છે કે વિદેશી ટૂર જો ૪૫ કે વધુ દિવસની હશે તો ખેલાડી પોતાના સૌથી નજીકના પરિવાર (પત્ની તથા ૧૮ વર્ષની ઉંમર સુધીના બાળકો)ના મેમ્બર્સને વધુમાં વધુ ૧૪ દિવસ સુધી એ ટૂર પર પોતાની સાથે રાખી શકશે. ફૅમિલી મેમ્બર એક જ વાર મુસાફરી કરી શકશે અને તેમના ટ્રાવેલને લગતી બધી વ્યવસ્થા કોચ, કૅપ્ટન તથા બીસીસીઆઇના જનરલ મૅનેજરની મંજૂરી પછી જ કરી શકાશે. ફૅમિલી મેમ્બરનો પ્રવાસ ૧૪ દિવસથી વધારવા વિશે ખેલાડીએ હેડ-કોચ (ગૌતમ ગંભીર)ની પરવાનગી લેવી પડશે.

બીસીસીઆઇએ સત્તાવાર રીતે આ નિયમો બહાર નથી પાડ્યા. જોકે મીડિયામાં એ પ્રગટ થઈ ચૂક્યા છે.

ગઈ કાલે મુંબઈમાં પત્રકાર પરિષદની શરૂઆત પહેલાં કૅપ્ટન રોહિત શર્મા ચીફ સિલેક્ટર અજિત આગરકરને કહી રહેલો સાંભળવા મળ્યો હતો કે 'અબ મેરે કો બૈઠના પડેગા સેક્રેટરી કે સાથ, ફૅમિલી-વૅમિલી કા ડિસ્કસ કરને કે લિયે...સબ મેરે કો બોલ રહે હૈ, યાર.'

પીટીઆઇના અહેવાલ મુજબ રોહિતની આ કમેન્ટ મીડિયા માટે નહોતી, પણ માઇક્રોફોનમાં તેની આ કમેન્ટ સાંભળવા મળી હતી જેના પરથી પત્રકારો સારી રીતે સમજી શક્યા હતા કે રોહિતસેના નવા નિયમો વિશે નારાજ છે.

જ્યારે રોહિતને નવા ૧૦ નિયમો વિશે પૂછવામાં આવ્યું તો તેણે કહ્યું કે 'કોણે કહ્યું કે આ નિયમો બનાવાયા છે? શું આ નવા રુલ્સ (સોશિયલ મીડિયામાં) બીસીસીઆઇના સત્તાવાર હૅન્ડલ પરથી તમને મળ્યા? હજી એ નિયમોને સત્તાવાર રીતે તો બહાર આવવા દો.'

જોકે આગરકરે આ મુદ્દા પરની ચર્ચામાં કબૂલ્યું હતું કે આ પ્રકારના નિયમો બન્યા તો છે.

# નવો રવિચન્દ્રન ઊભર્યો, કર્ણાટક પાંચમી વાર વિજય હઝારે ટ્રોફીમાં ચૅમ્પિયન

વડોદરા: વન-ડે ફૉર્મેટની વિજય હઝારે ટ્રોફીમાં આજે કર્ણાટકે (૫૦ ઓવરમાં ૩૪૮/૬) વિદર્ભ (૪૮.૨ ઓવરમાં ૩૧૨/૧૦)ને હાઇ-સ્કોરિંગ અને રોમાંચક ફાઇનલમાં ૩૬ રનથી હરાવીને પાંચમી વખત ટાઇટલ જીતી લીધું હતું. ભારતીય ક્રિકેટને રવિચન્દ્રન અશ્વિન પછી હવે રવિચન્દ્રન સ્મરણ નામનો નવો ક્રિકેટર મળ્યો છે.

કર્ણાટકના રવિચન્દ્રન સ્મરણે ૯૨ બૉલમાં ત્રણ સિક્સર, સાત ફોરની મદદથી ૧૦૧ રન બનાવ્યા હતા. સ્મરણના ૧૦૧ રન તેમ જ ક્રિષ્નન શ્રીજીતના ૭૮ રન તથા અભિનવ મનોહરના ૭૯ રનની મદદથી વિદર્ભને ૩૪૯ રનનો લક્ષ્યાંક અપાયો હતો. જોકે વિદર્ભની ટીમ ધ્રુવ શોરેના ૧૧૦ રન તથા હર્ષ દુબેના ૬૩ રન છતાં ૩૧૨ રને આઉટ થઈ જતાં હારી ગઈ હતી. કર્ણાટક વતી વાસુકી કૌશિક, પ્રસિદ્ધ ક્રિષ્ના અને અભિલાષ શેટ્ટીએ ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી.

રવિચન્દ્રન સ્મરણને મૅન ઑફ ધ ફાઇનલનો અને કરુણ નાયરને મૅન ઑફ ધ સિરીઝનો પુરસ્કાર અપાયો હતો.

# આગામી રણજી મૅચ રમીશ, પણ જિંદગીમાં ક્રિકેટ સિવાય પણ થોડો સમય જરૂરી હોય છે: રોહિત

મુંબઈ: ભારતના ટેસ્ટ અને વન-ડે કૅપ્ટન રોહિત શર્માએ ગઈકાલે અહીં બીસીસીઆઇના વડા મથક ખાતે પત્રકારો સાથેની વાતચીતમાં રણજી ટ્રોફીની આગામી મૅચમાં પોતે રમશે કે કેમ એ વિશે સમર્થન આપતા કહ્યું હતું કે 'જમ્મુ અને કાશ્મીર સામે રમાનારી આગામી રણજી મૅચમાં મુંબઈ વતી હું રમીશ.'

સ્ટાર ખેલાડીઓએ પણ ડોમેસ્ટિક ક્રિકેટમાં ભાગ લેવો જ જોઈએ એવી કેટલાક ભૂતપૂર્વ ક્રિકેટરોની તેમ જ સોશિયલ મીડિયામાં અસંખ્ય ક્રિકેટ ચાહકોની ડિમાન્ડ બાબતમાં રોહિતે ભાર આપતા કહ્યું હતું કે 'આખું વર્ષ ભરપૂર ક્રિકેટ રમાતી હોય છે અને ખેલાડીએ એ વ્યસ્ત કાર્યક્રમ વચ્ચે ક્રિકેટ સિવાયનો થોડો સમય કાઢવો પણ જરૂરી હોય છે.'

રોહિતે એવું પણ કહ્યું હતું કે 'કોઈ પણ ખેલાડી ડોમેસ્ટિક ક્રિકેટની અગ્રગણ્ય રેડ-બૉલ ટૂર્નામેન્ટને (આંતરરાષ્ટ્રીય ક્રિકેટની સરખામણીમાં) ઊતરતી ન ગણતો હોય.'

રોહિતનું કહેવું એવું હતું કે કોઈ પણ પ્લેયર (રણજી ટ્રોફી જેવી) ડોમેસ્ટિક ટૂર્નામેન્ટને અગત્યની ગણતો જ હોય. મુંબઈની આગામી રણજી મૅચ ૨૩મી જાન્યુઆરીએ બાન્દ્રા (પૂર્વ)માં એમસીએ-બીકેસીના મેદાન પર જમ્મુ અને કાશ્મીર સામે રમાશે. વર્તમાન સીઝનમાં એલીટ, ગ્રૂપ 'એ'માં ૨૭ પૉઇન્ટવાળા અવ્વલ બરોડા પછી બીજા નંબરે જમ્મુ અને કાશ્મીરની ટીમ (૨૩ પૉઇન્ટ) અને ત્યાર બાદ ત્રીજા સ્થાને મુંબઈ (૨૨ પૉઇન્ટ) છે.

શું તમે જમ્મુ અને કાશ્મીર સામેની આગામી રણજી મૅચમાં રમશો? એવા એક પત્રકારના સવાલના જવાબમાં તેણે 'હા'માં જવાબ આપ્યો હતો.

રોહિતે ત્યાર પછી તરત ઉમેરતાં કહ્યું હતું કે 'તમે છેલ્લાં છ-સાત વર્ષના કૅલેન્ડર જોશો તો જણાશે કે વર્ષ દરમ્યાનના વ્યસ્ત કાર્યક્રમ વચ્ચે અમે વર્ષમાં સરેરાશ માંડ ૪૫ દિવસ પણ ઘરે નથી રહી શક્યા. સામાન્ય રીતે આઇપીએલ પછી ક્રિકેટ સિવાય પણ થોડો સમય મળી જતો હોય છે. આપણી ડોમેસ્ટિક સીઝન ઑક્ટોબરમાં શરૂ થતી હોય છે અને માર્ચ સુધી ચાલતી હોય છે. જે ખેલાડીઓ તમામ ફૉર્મેટ ન રમતા હોય અને જો ડોમેસ્ટિક ક્રિકેટની મૅચો એ અરસામાં રમાવાની હોય તો તેઓ એમાં રમવા માટે સમય કાઢી શકે.'

રોહિતે વધુમાં કહ્યું, 'મેં ટેસ્ટ ક્રિકેટ રાબેતા મુજબ ધોરણે ૨૦૧૯માં રમવાનું શરૂ કર્યું અને ત્યાર પછી ભાગ્યે જ મને ફુરસદ મળી છે. વર્ષ દરમ્યાન આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રાબેતા મુજબ રમીએ તો રીફ્રેશ થવા માટે થોડો સમય કાઢવો જરૂરી બને છે. કોઈ પણ ખેલાડી ડોમેસ્ટિક ક્રિકેટને ઊતરતી ન ગણે.'

૩૭ વર્ષનો રોહિત હાલમાં ફૉર્મમાં નથી. છેલ્લી ૧૫ ઇનિંગ્સમાં તેની માત્ર એક હાફ સેન્ચુરી છે. તાજેતરમાં સિડની ખાતેની ઑસ્ટ્રેલિયા સામેની છેલ્લી ટેસ્ટમાં ખુદ રોહિતે નબળા ફૉર્મને ધ્યાનમાં રાખીને ઇલેવનમાંથી પોતાને બહાર રાખી દીધો હતો અને જસપ્રીત બુમરાહે સુકાન સંભાળ્યું હતું.

મંગળવારે રોહિતે વાનખેડેમાં મુંબઈના ખેલાડીઓ સાથે પ્રૅક્ટિસ કરી હતી.




**રોહિતના રૂપ અનેક:** ગઈ કાલે મુંબઈની પત્રકાર પરિષદ દરમ્યાન ચહેરા પરના વિવિધ ભાવમાં જોવા મળેલો રોહિત શર્મા. (અમય ખરાડે)

સૌરાષ્ટ્ર આવૃત્તિ

મુંબઈ સમાચાર ઉત્સવ રવિવાર

તા. ૧૯-૧-૨૦૨૫



# હિંડનબર્ગનો આમ અચાનક સંકેલો કેમ?

**વિદેશની અનેક જાયન્ટ કંપનીઓની સાથે ‘અદાણી ગ્રુપ’ વિશે પણ નકારાત્મક રિપોર્ટ રજૂ કરીને કરોડોનું નુકસાન કરાવનારા રહસ્યમય નેથન એન્ડરસનના છૂપા ઈરાદા શું હતા? આવા વિદેશી રિપોર્ટ્સને સાચા માની લેવાની આપણી માનસિકતા પણ બદલવાનો સમય આવી ગયો છે**

કવર સ્ટોરી

વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

અંતે હિંડનબર્ગ રિસર્ચને ખંભાતી તાળાં લાગી ગયાં. ભારતમાં કૉર્પોરેટ જગતમાં મોટું માથું અને ભારતના સૌથી ધનિકોમાંના એક એવામાં જેમની ગણના થાય છે એવા ઉદ્યોગ સાહસિક ગૌતમ અદાણીની કંપની સમૂહમાં કહેવાતા ગરબડગોટાળાનો રિપોર્ટ બહાર પાડનારી અમેરિકાની હિંડનબર્ગ રિસર્ચ એજન્સીનો અચાનક સંકેલો થઈ ગયો છે.

હિંડનબર્ગ રિસર્ચે ભારતમાં શેરબજારો પર નિયંત્રણનું કામ કરતી સિક્યુરિટી એન્ડ એક્સચેન્જ બૉર્ડ ઑફ ઈન્ડિયા (સેબી)નાં ચૅરમૅન માધબી પુરી બુચ સામે પણ ગંભીર પ્રકારના આક્ષેપો કર્યા હતા.

સનસનાટીભર્યા આક્ષેપો કરીને ભારતમાં રાતોરાત જાણીતા થઈ ગયેલા હિંડનબર્ગ રિસર્ચના સ્થાપક નેથન એન્ડરસને જોકે ત્રણેક દિવસ પહેલાં જ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા હિંડનબર્ગ રિસર્ચનો સંકેલો કરી લેવાની જાહેરાત કરી છે. નેથન એન્ડરસને દાવો કર્યો છે કે, હિંડનબર્ગ રિસર્ચ જે પ્રોજેક્ટ્સ પર કામ કરવા સ્થપાઈ હતી એ પ્રોજેક્ટસ પૂરા થઈ ગયા હોવાથી હું મારી સ્વેચ્છાથી હિંડનબર્ગ રિસર્ચ કંપની બંધ કરું છું. મેં ગયા વરસે જ મારા પરિવાર, મિત્રો અને અમારી ટીમને કહી દીધેલું કે, મેં હિંડનબર્ગ રિસર્ચ બંધ કરવાનો નિર્ણય લીધો છે તેથી એ બધાને તો પહેલેથી મારા નિર્ણયની જાણ હતી.

નેથને પોતાની રીતે કંપની બંધ કરી કે બંધ કરવી પડી એ ખબર નથી, પણ બહુ ટૂંકા ગાળામાં હિંડનબર્ગ રિસર્ચે જે તરખાટ મચાવ્યો એવો તરખાટ બહુ ઓછી રિસર્ચ કંપનીઓએ મચાવ્યો છે. અમેરિકન ઇન્વેસ્ટમેન્ટ રિસર્ચ ફર્મ હિંડનબર્ગ રિસર્ચનું કામ શેરબજાર, ઈક્વિટી, ડેરિવેટિવ્સ વગેરે પર સંશોધન કરવાનું હતું, પણ નેથને રિસર્ચનો ઉપયોગ પોતાના આર્થિક ફાયદા માટે પણ કર્યો.

નેથને એવી કંપનીઓને ટાર્ગેટ કરી કે જે ટૂંકા સમયગાળામાં એકદમ ઝડપથી ઉપર આવી હોય. આ કંપનીઓ વિશે રિસર્ચ કરતો અને પછી તેમાં શોર્ટ સેલિંગ કરતો. એ રીતે નેથન એન્ડરસને હિંડનબર્ગ કંપનીને ઇન્વેસ્ટમેન્ટ ફર્મ કરતાં વધારે શોર્ટ સેલિંગ કંપની બનાવી દીધી હતી. અમેરિકા સહિતના દેશોમાં શોર્ટ સેલિંગને કાયદેસર રીતે માન્યતા મળેલી છે અને રોકાણ માટેની જોરદાર સ્ટ્રેટેજી માનવામાં આવે છે. શોર્ટ સેલિંગ એટલે પહેલાં ઉછીના લીધેલા સ્ટોક અથવા સિક્યોરિટીઝ ઊંચા ભાવે વેચીને રોકડી કરવી અને ચોક્કસ સમય પછી એ જ કંપનીના શેર બજારમાંથી ખરીદીને ઉછીના લીધેલા શેર પાછા આપી દેવા. આ ધંધો જોખમી છે કેમ કે જરૂરી નથી કે દરેક વાર ઉછીના લીધેલા શેરના ભાવ ઘટી જ જાય કોઈ વાર વધી પણ જાય તો નુકસાન કરવાનો વારો પણ આવે.

નેથનને આવા શોર્ટ સેલિંગમાં કદી નુકસાન નથી થયું. બલકે શોર્ટ સેલિંગ કરીને નેથન અબજો કમાયો હોવાનું કહેવાય છે. તેનું કારણ એ કે, નેથન પોતે સ્ટોક રિસર્ચ કરતો. કોઈ પણ કંપની કશું ખોટું કરતી હોય, નાણાંની હેરાફેરી કરતી હોય, એકાઉન્ટમાં ખોટી માહિતી આપતી હોય, પોતાના ફાયદા માટે રોકાણકારોને ગેરમાર્ગે દોરતી હોય, શેલ કંપનીઓ દ્વારા ગરબડગોટાળા કરતી હોય તો નેથન એ બધું શોધી કાઢતો ને તેના આધારે રિપોર્ટ તૈયાર કરતો.

આ રિપોર્ટ બહાર પાડવામાં આવે એ પહેલાં નેથન શોર્ટ સેલિંગ કરતો. નેથને કે રિપોર્ટ તૈયાર કરાયો હોય એ કંપનીના શેર ઉછીના લઈને વેચી દેતો. પછી પોતાનો રિપોર્ટ બહાર પાડતો. હિંડનબર્ગ રિસર્ચનો રિપોર્ટ બહાર આવતાં જ કંપનીના શેરના ભાવમાં કડાકો બોલે એટલે નેથન ઘટેલા ભાવે શેર ખરીદીને ઉછીના શેર પાછા આપી દેતો. આમ એ અબજો કમાયો હોવાનું કહેવાય છે.

નેથને ૨૦૧૭માં હિંડનબર્ગની સ્થાપના કરેલી. છેલ્લાં ૮વર્ષમાં નેથને ૧૬ કંપનીના રિપોર્ટ બહાર પાડ્યા ને મોટા ભાગની કંપનીઓમાં શોર્ટ સેલિંગ કર્યું હોવાનું સ્વીકાર્યું પણ છે.

અદાણીના કિસ્સામાં પણ નેથને આ જ મોડસ ઓપરેન્ડી અપનાવી હતી. ૨૦૨૩માં હિંડનબર્ગે અદાણી ગ્રુપની કહેવાતી નાણાકીય ગરબડો અંગે રિપોર્ટ બહાર પાડ્યો તેમાં દાવો કરેલો કે, ગૌતમ અદાણી કૉર્પોરેટ ઇતિહાસમાં સૌથી મોટો ફ્રોડ કરી રહ્યા છે. અદાણીએ પોતાની કંપનીઓના શેરના ભાવમાં ચેડાં કર્યાં છે અને અદાણી ગ્રુપના શેરની વાસ્તવિક વેલ્યૂ કરતાં ૮૫ ટકા સુધી ભાવ વધારવામાં આવ્યા છે. અદાણીના પરિવારના લોકો વિદેશમાં શેલ કંપનીઓ ચલાવીને મની લોન્ડરિંગ કરે છે. આ રિપોર્ટને કારણે અદાણી ગ્રુપની કંપનીઓના શેરોમાં કડાકો બોલી ગયો હતો. અદાણી ટોચના ૩૦ અબજપતિઓની યાદીમાંથી પણ બહાર ફેંકાઈ ગયા હતા.

આ જ રીતે, હિંડનબર્ગે ‘સેબી’ ચૅરમૅન માધબી પુરી બૂચને પણ અડફેટે લીધાં હતાં. ૨૦૨૪માં ૧૦ ઑગસ્ટે બહાર પાડેલા રિપોર્ટમાં હિંડનબર્ગે દાવો કર્યો હતો કે, બર્મુડા અને મોરેશિયસ જેવા ટૅક્સ હેવન દેશોમાં અદાણી ફેમિલીનાં રોકાણમાં ‘સેબી’ના ચેરપર્સન માધબી પુરી બુચ અને એમના પતિ ધવલ બુચનો પણ ભાગ છે. માધબી પુરી બુચે કરેલી કહેવાતી નાણાકીય ગરબડોની બીજી વિગતો પણ હિંડનબર્ગે આપી હતી. આ વિગતો પ્રમાણે માધબી પુરી બુચે અદાણી સાથેની સાંઠગાંઠમાં કરોડોની કમાણી કરી છે અને પોતાનાં કરતૂતોની વિગતો છુપાવીને કાયદાનો ભંગ પણ કર્યો છે.

અદાણી અને માધબી બંને અંગેના આવા રિપોર્ટે ભારતમાં ભારે હોબાળો મચાવ્યો હતો. કૉંગ્રેસ સહિતના વિપક્ષોએ આ મુદ્દાનો ઉપયોગ કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારને ભીંસમાં લેવા પણ કર્યો હતો. સામે ભાજપે નેથન એન્ડરસન અને એની કંપની હિંડનબર્ગ રિસર્ચને હળાહળ ભારતવિરોધી અમેરિકાના એક જાણીતા વગદાર જ્યોર્જ સોરોસ મદદ કરે છે એવા આક્ષેપો કરતાં રાજકીય દંગલ જામી ગયેલું. આ દંગલ શમી પણ ગયું, પણ હિંડનબર્ગ રિસર્ચ બંધ થતાં આ વાતો પાછી યાદ આવી ગઈ છે.

હિંડનબર્ગ રિસર્ચે ભૂતકાળમાં અદાણીની જેમ ઘણી કંપનીઓને નિશાન બનાવીને ભળતાસળતા રિપોર્ટ બનાવેલા, જેમાં નિકોલા કૉર્પોરેશન, ઓરમેટ ટેકનોલૉજીસ, મૂલ્લેન ઑટોમોબાઈલ્સ, ક્રિપ્ટોમાઈનિંગ અને બ્લોકચેઈન એસઓએસ ઇત્યાદિ ઇત્યાદિ જાણીતી કંપનીઓને નેથને નિશાન બનાવેલી. આ પૈકીની મોટા ભાગની કંપની તો બદનામ થઈને પતી ગઈ, પણ ‘અદાણી ગ્રુપ’ ઝીંક ઝીલીને ટકી ગયું. અદાણી ગ્રુપના શેરના ભાવ એ વખતે ઘટેલા, પણ પછી ક્રમશઃ ધીરેધીરે રિકવરી થઈ ગઈ તેથી ‘અદાણી ગ્રુપ’ને સાવ ખતમ કરી નાખવાની નેથનની મનસા ફળી નહીં.

હિંડનબર્ગ રિસર્ચના રિપોર્ટ્સની વિશ્વસનિયતા કેટલી એ મુદ્દો અદાણી સામેનો રિપોર્ટ બહાર આવ્યો ત્યારે ઊભો થયેલો. હિંડનબર્ગના બીજા રિપોર્ટ્સ અંગે પણ એવા સવાલો થયા છે ને છતાં વાસ્તવિકતા એ છે કે, હિંડનબર્ગ રિસર્ચે ઘણી કંપનીઓને ખતમ કરી નાખી. તેનું કારણ એ કે, લોકો નકારાત્મકતા પર બહુ જલદી વિશ્વાસ કરી લે છે. આપણે ત્યાં પણ આ જ સ્થિતિ છે. ભારતમાં તો વિદેશથી આવતા કોઈ પણ રિસર્ચના નામે કહેવાતા રિપોર્ટને લોકો આંખો મીંચીને સાચો માની લે છે તેથી હિંડનબર્ગના રિપોર્ટને પણ સાચો માનીને લોકોએ અદાણીને એક વાર તો નકારી જ કાઢેલા...

જોકે હવે હિંડનબર્ગ રિસર્ચે જે રીતે એનાં જુઠ્ઠાણાંની બાજી સંકેલી લેવી પડી છે એના પરથી આપણે પણ આવાં વિદેશી ‘સચ્ચા-જૂઠા’ની પરખના પાઠ શીખી રાખવા રહ્યા. ■

---

# અનકોર્કિંગ વાઈન - ટેસ્ટિંગ, ટ્રેડિશન્સ અને ટ્રાવેલ દ્વારા એક જર્ની

**વાઈનની સમૃદ્ધ દુનિયામાં ડાઈવ કરો કારણ કે અમે ટેસ્ટિંગ ટીપ્સ, ફૂડ પેરિંગ્સ અને વિશ્વભરની અનન્ય પરંપરાઓને એક્સપ્લોર કરીએ છીએ. ભલે તમે હમણાં જ શરૂઆત કરી રહ્યાં હોવ અથવા પહેલેથી જ જાણકાર હોવ, આ લેખ તમારી વાઈનની મુસાફરીને વધારવા માટે આંતરદૃષ્ટિ પ્રદાન કરે છે.**



અરાઉન્ડ દ વર્લ્ડ

નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

ડા સપ્તાહ પૂર્વે અમારા પોડકાસ્ટ અને વિડિયો સિરીઝ ટ્રાવેલ એક્સપ્લોર સેલિબ્રેટ લાઈફના એપિસોડ માટે મેં મારા વહાલા મિત્ર અને પાડોશી તેમ જ સર્ટિફાઈડ વાઈન એક્સપર્ટ અને શિક્ષક અપૂર્વ ગાવડે માટે હોસ્ટની ભૂમિકા પાર પાડી! તો વાર્તાલાપને આગળ વધારતાં આ સપ્તાહમાં હું વાઈનની અત્યાધુનિક છતાં પહોંચક્ષમ દુનિયામાં ડોકિયું કરાવવા માગું છું. તમે ઉત્સુક નવાગંતુક હોય કે અનુભવી શોખીન હોય, વાઈન માણવા, સ્વાદ ચાખવા અને સમજવાની પ્રક્રિયાનો ફોડ પાડવા માટે આ ઉત્તમ જગ્યા છે. જોકે સૌપ્રથમ વાઈનની દુનિયામાં આપણે પ્રવેશ કરી રહ્યા છીએ ત્યારે હું એ વાત પર ખાસ ભાર આપવા માગું છું કે અમે બેજવાબદારીથી આલ્કોહોલ સેવનને પ્રોત્સાહન આપતા નથી. કૃપા કરી હંમેશાં વિચારપૂર્વક ડ્રિંક કરવાનું અને ક્યારેય ડ્રિંક કરીને ડ્રાઈવ નહીં કરવાનું યાદ રાખો. તો ચાલો, વાઈનની બોટલનું ઢાંકણું ખોલીએ!

### વાઈનના લેબલની ગોપનીયતા

આપણે ઘણા બધા લોકો માટે વાઈનના લેબલ વાંચવું એ બહુ મુશ્કેલ કામ છે. નામો ઉચ્ચાર કરવાનું મુશ્કેલ બની શકે છે, તેની પરિભાષા ગૂંચભરી જણાઈ શકે છે અને તેના આયુષ્ય અથવા દ્રાક્ષનો પ્રકાર હંમેશાં મૂંઝવણમાં મૂકી દેનારાં હોય છે. આથી આ મૂંઝવણ દૂર કરવા માટે એપિસોડ દરમિયાન અપૂર્વએ અમારી સામે બે બોટલ રજૂ કરી.

ફ્રેન્ચ વાઈન લેબલ ‘ગેવરે ચેમ્બર્ટિન’ જૂની દુનિયાનું લેબલ હતું. જૂની દુનિયાના પ્રદેશો, જેમ કે, ફ્રાન્સ, ઈટાલી અને સ્પેનની વાઈન મોટે ભાગે રહસ્યમય હોય છે, જે ‘જેઓ પોતાની વાઈનને જાણે’ તેમને માટે જ તે ખાસ હોય છે. જોકે અપૂર્વએ અમને ખાતરી આપી કે આ ભદ્રવાદની વાત નથી, પરંતુ પરંપરાની વાત છે.

આથી વિપરીત ન્યૂ ઝીલેન્ડ સોવિગ્નન બ્લાન્ક સ્પષ્ટ લેબલ સાથેની નવી દુનિયાની વાઈન હતી. ઓસ્ટ્રેલિયા, યુએસ અને આર્જેન્ટિના જેવા પ્રદેશોની નવી દુનિયાની વાઈન મામલાને સરળ રાખે છે, જેથી તે નવાગંતુક શોખીનો માટે વધુ પહોંચક્ષમ બને છે.

### શું વાઈન ખરેખર આયુષ્ય સાથે વધુ બહેતર બને છે?

વાઈન વિશે એક સામાન્ય ભ્રમણા એવી છે કે તમે તેને જેટલો લાંબો સમય રાખો તેટલી તે બહેતર (અને વધુ મૂલ્યવાન) બને છે. આ બાબત આકર્ષક છે, પરંતુ અપૂર્વએ સ્પષ્ટતા કરી કે વાઈનના અમુક ચોક્કસ પ્રકાર માટે જ આ વાત સાચી છે. મોટા ભાગની વાઈન, ખાસ કરીને ભારતમાં નિર્માણ કરાય છે તે બોટલમાં ભર્યાના જૂજ મહિનાથી વર્ષોની અંદર યુવાનો દ્વારા પીવા માટે બનાવવામાં આવેલી હોય છે.

બોર્ડોક્સ અથવા બર્ગંડી જેવા પ્રતિષ્ઠિત યુરોપિયન પ્રદેશોમાં લાક્ષણિક રીતે મળી આવતી એજીઈંગ સંભાવના સાથેની વાઈન સમયાંતરે વિકસે તેવું માળખું ધરાવતી હોય છે. જોકે આ વાઈન તમે આદર્શ સ્થિતિઓમાં સંગ્રહ નહીં કરો તો એજીઈંગ (જૂની બનાવવી) નિયોજન અનુસાર કામ નહીં કરી શકે.

### વાઈનનો સ્વાદ ચાખવા (ટેસ્ટિંગ)ની કળા

ખાસ કરીને સોમેલિયર (વાઈન પ્રોફેશનલો) તમને તેને ઘુમાવતા, સૂંઘતા અને ઘૂંટડો ભરતા જુએ ત્યારે તમને આત્મીયતા જણાઈ શકે છે. જોકે મને એપિસોડ પરથી જણાયું કે તે ‘યોગ્ય’ કરવા વિશે ઓછું છે અને તમે શું માણો છો તેની ખોજ કરવા વિશે વધુ છે.

**અપૂર્વ આ માટે પાંચ પગલાંની ભલામણ કરે છે:**

૧. જુઓ: વાઈનના રંગ અને શુદ્ધતા જુઓ. તેની પરથી તેનું આયુષ્ય અને ગુણવત્તાનો અંદાજ આવી શકે છે.
૨. ઘુમાવો: તમારા ગ્લાસમાંથી વાઈનનો સુગંધ આવે તે માટે ધીમેથી તેને ઘુમાવો.
૩. સૂંઘો: સુગંધ વાઈનનો અનુભવ કરવાનો મહત્ત્વપૂર્ણ ભાગ છે. આથી તેને ઊંડાણથી સૂંઘો. તેમાંથી ફળ, ફૂલ કે માટીની સુગંધ આવે છે?
૪. ઘૂંટડો ભરો: નાનો ઘૂંટડો ભરો અને મોઢામાં ફેરવો. તેની મીઠાશ અથવા સૂકાપણું મહેસૂસ કરો.
૫. સ્વાદ લો: આખરે વાઈનનું ટેક્સ્ચર, એસિડિટી અને ફ્લેવરની રૂપરેખા ધ્યાનમાં લો. ફ્લેવર કેટલો સમય રહે છે?



### વાઈન અને ખાદ્યનો સુમેળ

વાઈનનું સૌથી રોમાંચક પાસું તેનો ખાદ્ય સાથે સુમેળ સાધવાનું છે. પારંપરિક નિયમો અનુસાર વ્હાઈટ વાઈનનો વ્હાઈટ મીટ્સ (માંસાહારનો પ્રકાર) સાથે સુમેળ સારો સધાય છે અને રેડ વાઈન્સનો રેડ મીટ્સ (માંસાહારનો પ્રકાર) સાથે સારો સુમેળ સધાય છે. જોકે ખાસ કરીને ફ્લેવર્સ અને મસાલાઓની વૈવિધ્યપૂર્ણ શ્રેણી પ્રદાન કરતી ભારતીય વાનગીઓની વાત આવે ત્યારે આ માન્યતાને પડકારે છે.

જૂની ઘરેડ સાથે વળગી રહેવાને બદલે વાનગીની સઘનતા સાથે વાઈનની સઘનતાનો સુમેળ સાધવા પર ધ્યાન કેન્દ્રિત કરો. દાખલા તરીકે,સમૃદ્ધ તંદૂરી ચિકન નાજુક વ્હાઈટને બદલે મજબૂત રેડ સાથે ઉત્તમ રીતે સુમેળ સાધશે.

ભારતીય ખાદ્યો અને અન્ય મસાલેદાર વાનગીઓ માટે સામાન્ય નિયમ ઓછી આલ્કોહાલ માત્રા સાથેની વાઈન અપનાવવાનો છે. કારણ?ઉચ્ચ આલ્કોહોલ ધરાવતી વાઈન મરચાના મસાલામાંથી બળતરાની સંવેદનાને સઘન બનાવી શકે છે.

### ટોચનાં વાઈનનાં સ્થળો

જો તમે વાઈનની દુનિયામાં પોતાને ગળાડૂબ કરવા માગતા હોય તો વાઈનયાર્ડસમાં પ્રવાસ કરવા જેવી બહેતર રીત બીજી કોઈ હોઈ નહીં શકે. ભારતનો નાશિક પ્રદેશ તેમના પ્રસિદ્ધ સુલા વાઈનયાર્ડસ અને ચંદન્સ એસ્ટેટ સાથે ઘરઆંગણે વાઈનની ખોજ કરવા માગનારા માટે ઉત્તમ વિકલ્પ આપે છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે ફ્રાન્સમાં શેમ્પેઈન અને બુર્ડોક્સ જેવા પ્રદેશો પ્રતિકાત્મક છે. શેમ્પેઈન વાઈન પ્રેમીઓ માટે ડિઝનીલેન્ડ જેવી છે, જેની ભૂગર્ભ ટનલ દુનિયાની શ્રેષ્ઠ વાઈનની બોટલોથી ભરચક હોય છે. ઈટાલીનું તુસ્કેની અને કેલિફોર્નિયાની નાપા વેલી પણ આકર્ષણરૂપ છે, જે ગાઈડેડ ટુર્સ, ટેસ્ટિંગ્સ અને તેમના સ્રોત ખાતે દુનિયાની અમુક ઉત્કૃષ્ટ વાઈનનો સ્વાદ ચાખવાની તક આપે છે.

**ઘણા બધા દેશોની વાઈન આસપાસ પોતાની અજોડ પરંપરા અને રીતરસમ છે. અહી દુનિયામાંથી અમુક મજેદાર અને બોલકણી વાઈનની પરંપરા વિશે જાણો:**

### જ્યોર્જિયા: વાઈનનું જન્મસ્થળ

જ્યોર્જિયા મોટે ભાગે વાઈનનું ઘોડિયાઘર માનવામાં આવે છે. પૌરાણિક પુરાવા સૂચવે છે કે વાઈનનું નિર્માણ 8000 વર્ષ પૂર્વે થયું હતું!જ્યોર્જિયન વાઈન ઉત્પાદક ‘ક્વેવરી’ નામે વિશાળ માટીનાં વાસણો ઉપયોગ કરે છે, જેઓ વાઈનનો આથો બનાવવા અને સંગ્રહ કરવા માટેભૂગર્ભમાં દાટે છે.

### સ્પેનની લા બટાલા ડેલ વિનો (ધ વાઈન બેટલ)

સ્પેનના રિયોજા પ્રદેશમાં હેરો શહેરમાં અનોખો વાર્ષિક વાઈન મહોત્સવ - લા બટાલા ડેલ વિનો યોજાય છે. દરેક જૂનમાં સ્થાનિકો અને પર્યટકો ઓલ-આઉટ વાઈન બેટલ (જંગ) દરમિયાન રેડ વાઈનમાં એકબીજાને પલાળવા માટે ભેગા થાય છે. આ પછી બધા જ પારંપરિક ખાદ્યો, નૃત્ય અને દેખીતી રીતે જ પીવા માટે આ વખતે વધુ વાઈન સાથે ઉજવણી કરે છે.

### ઈટાલીના વાઈન ફાઉન્ટન

ઈટાલિયન દેશમાં લટાર મારતા હોય અને વાઈન ફાઉન્ટન સાથે ભટકાઈ જાઓ તેની જરા કલ્પના કરો. હા, ઈટાલીના અમુક ભાગોમાં ખાસ કરીને અબ્રુઝો પ્રદેશમાં આ ફાઉન્ટન (ફુવારા) બધા પ્રવાસીઓને મુક્ત વહેતી વાઈન ઓફર કરે છે!

### સાઉથ આફ્રિકા: ધ કોન્સ્ટેન્શિયા વાઈન રુટ

સાઉથ આફ્રિકા દુનિયામાં સૌથી પ્રાચીન વાઈન રુટ્સમાંથી એક ધરાવે છે, જે કેપટાઉન નજીક કોન્સ્ટેન્શિયા વેલીમાં મળી આવે છે. આ રુટ ખાસ કરીને વિશ્વ પ્રસિદ્ધ વિન દ કોન્સ્ટન્સ જેવી તેની મીઠી વાઈન્સ માટે પ્રસિદ્ધ છે, જેને નેપોલિયન અને જેન ઓસ્ટેન જેવી ઐતિહાસિક હસ્તીઓ માણતી હતી.

### વાઈન ફેસ્ટિવલ્સ અને તેની પાર

દુનિયાભરમાં મોટા ભાગના દેશો વાર્ષિક વાઈન ફેસ્ટિવલોનું આયોજન કરે છે, જે સંગીત, સંસ્કૃતિ, ખાદ્ય અને દેખીતી રીતે જ સ્વાદિષ્ટ વાઈનને એકત્ર લાવે છે. તો ઈટાલિયન કન્ટ્રીસાઈડમાં લાઈવ સંગીત પર નૃત્ય કરતી વખતે અથવા સ્પેનના વાઈન બેટલમાં ભાગ લેતા સહભાગીઓનો ઉત્સાહ વધારવા સાથે સ્થાનિક વિનો વાઈનનો ઘૂંટડો ભરતા હોય તેવી કલ્પના કરો.

ટૂંક સમયમાં જ ટ્રિપનું નિયોજન કરવા માટે આ વાઈબ્રન્ટ ફેસ્ટિવલમાંથી એકમાં હાજરી આપી શકે તે રીતે તમારી મુલાકાતનું નિયોજન કરવાનું વિચારો

સ્પેનમાં ફેરિયા દ જેરેઝ (જેરેઝ ફેર): શેરી વાઈન માટે પ્રસિદ્ધ આ એન્ડાલુશિયન મેળો ફ્લેમેન્કો, પારંપરિક હોર્સ પરેડ્સ અને શેરી ટેસ્ટિંગ્સની ઉજવણી છે, જે મેમાં થાય છે.

**ફ્રાન્સમાં ન્યુઈટ્સ-સેન્ટ-જ્યોર્જીસ:** માર્ચમાં યોજાતો આ બર્ગંડી ફેસ્ટિવલ સંગીત અને ઉત્સવો સાથે પ્રદેશની સંસ્કૃતિની ઉજવણી કરવા સાથે વિશ્વ કક્ષાના પાઈનોટ નોઈર્સના ટેસ્ટિંગ્સ માટે વાઈન પ્રેમીઓને એકત્ર લાવે છે.

**સાઉથ આફ્રિકામાં કેપ વાઈન ફેસ્ટિવલ:** આ દ્વિવાર્ષિક મહોત્સવ કેપ વાઈનલેન્ડ્સમાંથી શ્રેષ્ઠ વાઈન્સ પ્રદર્શિત કરીને સ્વર્ણિમ અને શૈક્ષણિક વાતાવરણમાં સાઉથ આફ્રિકાની સમૃદ્ધ વાઈન સંસ્કૃતિ માણવાની તક આપે છે.

તો, તમે ઘરમાં ગ્લાસમાં વાઈન રેડતા હોય કે તમારું આગામી વાઈન ડેસ્ટિનેશન નિયોજન કરતા હોય, યાદ રાખો- આ ખોજ કરવાની, સ્વાદ ચાખવાની અને દરેક ઘૂંટડે જીવનની ઉજવણી કરવાનો મામલો છે. તમારો રવિવાર માણો!

**નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઈટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.**



## સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




**મોતીબાબુ** ચંદનના મોતનું રહસ્ય જાણવાના ઇરાદામાં મક્કમ હતો. એણે જાણી લીધું હતું કે બસ્તા શેઠના પડછાયાની જેમ સાથે ફરતો જોરાવર જ બસ્તા શેઠ સુધી પહોંચવાનો સરળ રસ્તો છે. મોતીબાબુ જોરાવરના પગલાં ક્યાં ક્યા પડે છે એ જાણવા એણે પગરખાં ઘસી નાખ્યા હતા. જોકે બસ્તા શેઠ કે જોરાવરને એ વાતનો બિલકુલ અંદાજ નહતો કે ચંદનની બીજી પણ એક ટેક્સી હતી જે મોતીબાબુ નામનો કોઇ માણસ ચલાવે છે. રોજ જોરાવરનો પીછો કરી રહેલા મોતીબાબુને ખબર પડી કે જોરાવર અમુક ચોક્કસ સમયે એક ચોક્કસ બારમાં બેસીને દારૂ પીએ છે. એ પણ પહોંચી ગયો બારમાં. જોરાવર બેઠો હતો એની સામે જઇને બેઠો.

પેગ બનાવી રહેલા જોરાવરની સામે જરા હસીને પૂછ્યુંઃ 'યહાં બૈઠ સકતા હું.?' કદાવર જોરાવરે એની સામે ઝીણી આંખ કરીને જોયું.

'બૈઠ તો ગયે હો.' જોરાવર બોલ્યો ને મોતીબાબુ ઊઠવા ગયો..

'અરે બૈઠો બૈઠો.' મોતીબાબુ બેસી ગયો. વેઇટરને ક્વાર્ટરનો ઓર્ડર આપીને વાતની શરૂઆત કેમ કરવી એનો વિચાર કરતો આસપાસ જોવા લાગ્યો. જોરાવર પોતાનામાં મસ્ત હતો. વેઇટરે આવીને બાટલી મુકી. મોતીબાબુએ ગ્લાસમાં દારૂ રેડીને....ગ્લાસ ઉઠાવીને જોરાવરને બતાવ્યો. જોરાવરે પણ ગ્લાસ ઉઠાવ્યો. બંને વચ્ચે મનોમન ચિયર્સ થઇ ગયું ને મોતીબાબુનો વાત કરવાનો માર્ગ મોકળો થઇ ગયો.

'આપકો કહીં દેખા હૈ' મોતીબાબુએ વાત માંડી.

'કહાં દેખા હૈ.?' જોરાવર બોલ્યો ને મોતીબાબુ વિચાર કરવાનો ઢોંગ કરવા લાગ્યો.

'હાં યાદ આયા જુહુ માચ્છીમાર કોલોની મેં....આપ બસ્તા શેઠ કે સાથ આયે થે.' જોરાવરે હવે મોતીબાબુને ધ્યાનથી જોયો.

'હાં....હમમમમમ' કહીને જોરાવર ફરી દારૂમાં ડૂબવા ગયો.

'તુમ ક્યા કરતે હો.?' થોડીવારે જોરાવરે પૂછ્યું.

'ટેક્સી ડ્રાઇવર હું.......ચંદન નામ કા એક થા....વો તો બિચારા એક્સિડેન્ટ મેં મર ગયા. ઉસકી દુસરી ટેક્સી મૈં ભાડે પે ચલાતા હું.' જોરાવર ગળામાં દારૂનો ઘૂંટડો અટવાઇ ગયો.'

'કૌન ચંદન છન્નુલાલ સોનાર?' એણે પૂછ્યું.

'હાં હાં વોહી.....તુમ જાનતે હો ઉસકો..?' મોતીબાબુએ પૂછ્યું.

'જાનતા ભી હું ઔર નહીં ભી જાનતા. મેરે શેઠ કો મિલને આયા થા એક દો બાર.' એણે કહ્યું.

'કૂછ કામ કર દિયા હોગા તુમ્હારે શેઠને ચંદન કા...બહુત દયાલુ હૈ તુમ્હારા શેઠ....સૂના હૈ મૈને.' મોતીબાબુએ કહ્યું.

'તુમ ચંદન કી દુસરી ટેક્સી ભાડે પે ચલાતે હો..?' જોરાવરે પૂછ્યું.

'હાં.' મોતીબાબુએ કહ્યું.

'રહેતે કહાં હો?'

'જુહુ તારા રોડ..દેવી ભુવન ચાલ મેં.'

'અકેલે હો..?'

'હાં.....બિલકુલ અકેલા હું.?'

'યે સબ ક્યું પૂછ રહે હો તુમ?' મોતીબાબુએ પૂછ્યું.

'એસે હી....આમને સામને બૈઠે હૈ તો કૂછ બાત તો કરની પડેગીના' જોરાવરે મજાકમાં કહ્યું. હકીકતમાં જોરાવરના મનમાં કાંઇક જુદું જ ચાલી રહ્યું હતું, પણ વીસની સ્પીડે ગાડી હંકારી રહેલા મોતીબાબુને વિશ્વાસ બેસી ગયો હતો કે આ રસ્તો જરૂર બસ્તા શેઠ સુધી લઇ જશે.

*******

અભિ એક મોડી રાતે એક્ટર્સ અડ્ડા પર પહોંચી ગયો. ત્યાં મોડે સુધી બેઠેલા એકાદ બે જણ પણ નીકળી ગયા છતાં અભિ ત્યાં જ બેસી રહ્યો હતો. અચાનક ડંડો પછાડવાનો અવાજ આવ્યો.

'ચલો...બંધ કરને કા ટાઇમ હો ગયા.' ડંડાના અવાજની સાથે જાણીતો અવાજ ભળ્યો. અભિએ વોચમેનની સામે જોયું.

'પહેચાનતે હો?' .અભિએ પૂછ્યું.

'હાં, અભિનય શ્રીવાસ્તવ હો. બહુત બડે કલાકાર બન ગયે હો' વોચમેને

કહ્યું.

'તુમને ઉસ રાત મુઝે યહાં સે ભગા દિયા થા....ઔર મૈંને કહા થા ના કી મૈં બહુત બડા સ્ટાર બન કર આઉંગા.' વોચમેનને થયું કે કલાકાર નહીં, પણ એનું ઘમંડ બોલી રહ્યું હતું.

'આઇ એમ સોરી..'વોચમેન નરમ પડી ગયો.

'તુમ્હારે મન મેં સ્ટ્રગલર્સ કે પ્રતિ ઇતની કડવાહટ ક્યું હૈ. ?' અભિએ પૂછ્યું.

'મૈં કૂછ નહીં કર પાયા..કૂછ નહીં બન પાયા.'

'લેકિન...તૂમ ભી તો એક કલાકાર હો..' અભિએ કહ્યું.

'કલાકાર થા....અબ વોચમેન બન કર રેહ ગયા હું. મેરી ફ્રસ્ટ્રેશન મેરે ડંડે કી આવાઝ સે નીકલતી હૈ.'

> 'કલાકાર થા....અબ વોચમેન બન કર રેહ ગયા હું. મેરી ફ્રસ્ટ્રેશન મેરે ડંડે કી આવાઝ સે નીકલતી હૈ'

'ફિલ્મ મેં કામ કરોગે.?' અભિએ પૂછ્યું.

'એક્ટિંગ ભૂલ ચુકા હું.'

'એકટર કભી એક્ટિંગ નહીં ભૂલતા....મેરી એક ફિલ્મ 'બદલતે રાસ્તે' સેટ પર હૈ. કલ ફિલ્મિસ્તાન સ્ટુડિયો મેં મિલો મુઝે. ઔર હાં, તુમ્હારા નામ ક્યા હૈ?' અભિએ પાછા ફરીને પૂછ્યું.

'કંવલ..' વોચમેને બોલીને ડંડો પછાડ્યો.

*******

આદિલ ખાનના ઘરેથી નીકળ્યા પછી બસ્તા શેઠે ઘણું વિચાર્યું. તરક્કી કરવી હોય તો આગળનો રસ્તો સાફ કરતા જવું પડે. વિદેશમાં બેઠેલા ભાઇની કરીબ રહેવું હોય તો હબીબના રકીબ બની જવા કરતા તક મળ્યે એને ઉડાવી પણ દેવો પડે. શૈતાની દિમાગમાંથી નીકળેલો કીડો રાક્ષસી રૂપ લેવા તૈયાર થયો. એણે હબીબને માર્ગમાંથી હટાવવાનું કાવતરું ઘડી કાઢ્યું. બસ એક મોકાની રાહ જોવાતી હતી.

*******

જોરાવરે મોતીબાબુને મળ્યા પછી બીજે જ દિવસે બસ્તા શેઠને વાત કરી. બસ્તા શેઠે ધ્યાનથી સાંભળ્યા પછી કાંઇક ઝડપથી વિચારીને એને બોલાવી લેવાનું કહી દીધું.

રાતે મોતીબાબુ જોરાવરની રાહ જોતો બારમાં બેઠો હતો. મોતીબાબુ એને મળીને સમજી ગયો હતો કે જોરાવરનું કદ જ મોટું છે. બાકી બુદ્ધિ જડ અને જાડી છે.

જોરાવરે એની સામે બેસતા કોઇ જૂનો દોસ્ત હોય એમ કહ્યુંઃ 'જલ્દી આ ગયા.?'

'નહીં અભી આયા.' મોતીબાબુ બોલ્યો. વેઇટર જોરાવરને જોઇને એની બ્રાન્ડનો દારૂ લાવ્યો. ચિર્યસની ઔપચારિકતા પતી કે તરત જ જોરાવરે પૂછ્યુંઃ 'બસ્તા શેઠ કો મિલોગે.?'

મોતીબાબુનો ગ્લાસ હાથમાં જ રહી ગયો. પહેલી મુલાકાતનું આટલું જલ્દી સુખદ પરિણામ આવશે એનો એને અંદાજ નહતો.

'હાં....જરૂર મિલુંગા...બડે આદમી હૈ.'

'શાયદ ખુશ હો કર તુમ્હે કોઇ કામ ભી દેંગે.' જોરાવરે કહ્યું. કામ સોંપવાની વાત મોતીબાબુને ગળે ઊતરી નહીં, પણ એ બહાને બસ્તા શેઠની નિકટ પહોંચવાની તક એ જતી કરવા માગતો નહતો.

*******

પિન્ટોએ કોઇ કામસર પ્રિયાને કેબિનમાં બોલાવી. પ્રિયાને કોઇ વિચારમાં જોઇને પિન્ટોએ પૂછ્યુંઃ 'ક્યા સોચ રહી હો.?'

'કૂછ નહીં.' પ્રિયાએ કહ્યું.

'સોચો મત અભિ સે જલ્દી શાદી કર લો.. ઔર બન જાઓ બડે સ્ટાર કી વાઇફ.'

'માં જાતે જાતે ઉનકો યહી બાત કરનેવાલી થી...લેકિન અભિ ઉસ રાત પહોંચા નહીં.'

'તુમ માં કી ઇચ્છા પૂરી કર દો.' પિન્ટોએ પ્રિયાને વિચારતી કરી દીધી.

*******

જોરાવરે મોતીબાબુને બસ્તા શેઠની સાથે મુલાકાત કરાવવા બોલાવી લીધો. મોતીબાબુનું મન નાચી રહ્યું હતું. ચંદનના મોતનું કારણ જાણવા સુધી પહોંચવું હતું....સાથે થોડી શંકા પણ હતી.

મોતીબાબુને બેસાડીને જોરાવર બસ્તાશેઠની બહાર આવવાની રાહ જોતો બાજુમાં ઊભો રહ્યો. મોતીબાબુ કુતૂહલવશ આજુબાજુ ઉપરનીચે નજર દોડાવી રહ્યો હતો. બસ્તા શેઠ બહાર આવ્યા કે તરત જ એ ઊભો થયો ને કમરેથી જરા ઝુકીને...બે હાથ જોડીને નમન કર્યા. બસ્તા શેઠ પ્રભાવિત થયા.

'બૈઠો.' એણે કહ્યું. પછી જોરાવરની સામે જોયું. જતા રહેવાની જાણીતી ઇશારત જાણતો જોરાવર મોતીબાબુ પર એક અછડતી નજર નાખીને નીકળી ગયો.

'તો તૂ ચંદન કો જાનતા હૈ.' બસ્તા શેઠ બોલ્યા.

'હાં....મૈં ઉસકી ટેક્સી ચલાતા હું.'

'દુસરી ટેક્સી.' બસ્તા શેઠે ચોખવટ કરી.

'હાં, દુસરી વાલી.....પહેલી ટેક્સી તો એક્સિડેન્ટ મેં ગઇ.'

'પહેલી ટેક્સી લોન પર લી થી....લોન કી શિફારીશ મૈંને કી થી,'

બસ્તા શેઠે કહ્યું.

'આપ તો બડે દયાલુ હૈ...માછીમાર કોલોની મેં આપકે બારે મેં બહુત સૂના હૈ..' મોતીબાબુએ ફરી ઝુકીને નમન કર્યું.

'કિતના કમા લેતે હો....ટેક્સી મેં સે.' બસ્તા શેઠે પૂછ્યું.

'દાલ રોટી નિકલ જાતી હૈ શેઠ.'

'ઝ્યાદા કમાના હૈ કી નહીં.?' બસ્તા શેઠે પૂછ્યું. સવાલથી મોતીબાબુ મુંઝાઇ ગયો, પણ બિચારો, ગરીબ, લાચાર બનવાનો અભિનય ચાલુ રાખ્યો.

'દાલ રોટી કે સાથ પકવાન ખાના કૌન નહીં ચાહેગા શેઠ.' મોતીબાબુ હાથ જોડીને ઊભો રહ્યો.

'અકેલે રહેતે હો.?' બસ્તા શેઠે પૂછ્યું.

'હાં.....એક રૂમ હૈ.' મોતીબાબુએ કહ્યું..

'કભી મૈં કોઇ ગેસ્ટ કો એકાદ દિન કે લિયે તુમ્હારી રૂમ પર ભેજું તો રખોગે.? પૈસા બડા મિલેગા.'

મોતીબાબુ રહસ્યમય ગુફામાં પહોંચી ગયો હતો. હવે એની પાસે ગુફાના બીજે છેડે પહોંચવા સિવાય બીજો કોઇ માર્ગ નહતો. કદાચ બીજે છેડેથી ચંદનના મોતનું રહસ્ય મળી આવે એવી આશાથી મોતીબાબુ લાંબો થઇને બસ્તા શેઠના ચરણોમાં પડી ગયો. (ક્રમશઃ)■

## ફોકસ

વીણા ગૌતમ
feedback@bombaysamachar.com

### રાષ્ટ્રીય કન્યા બાળ દિવસ

# કેટલાંક લક્ષ્ય હાંસલ કર્યાં છે, કેટલાંક હજુ કરવાનાં છે



વર્ષ ૨૦૦૮માં મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા દેશમાં નેશનલ ગર્લ ચાઈલ્ડ ડેની ઉજવણી શરૂ કરવામાં આવી હતી. તેની પાછળનો મુખ્ય ઉદ્દેશ છોકરીઓ દ્વારા સામનો કરવામાં આવતી અસમાનતાઓને ઉજાગર કરવાનો અને લોકોને તેમના શિક્ષણ, આરોગ્ય અને પોષણના અધિકારો વિશે જાગૃત કરવાનો હતો. એમ ન કહી શકાય કે આ ઉદ્દેશ્યો સિદ્ધ થયા પણ એવું પણ ન કહી શકાય કે કશું થયું નથી. છેલ્લા ૧૭ વર્ષમાં ઘણી સિદ્ધિઓ હાંસલ થઈ છે અને હજી ઘણી હાંસલ કરવાની છે. ઉદાહરણ તરીકે લિંગ ભેદભાવ લઈ લો. આપણા સમાજમાં લાંબા સમયથી છોકરીઓ સાથે લિંગ ભેદભાવ થતો આવ્યો છે. જેમ કે સ્ત્રી ભ્રૂણ હત્યા, તેમને શિક્ષણથી વંચિત રાખવી અને બાળ વિવાહ. આ દિવસ દ્વારા છોકરીઓને સમાન અધિકાર અને તકો આપવાનો સંદેશ આપવામાં આવે છે. તેથી શરૂઆતમાં તે ધાર્મિક વિધિ જેવું લાગતું હતું. પરંતુ હવે પાછળ જોતા આ પ્રયાસ તદ્દન સફળ જણાય છે.

### કેટલાક ઉદ્દેશ્યો પૂરા થયા

એમાં કોઈ શંકા નથી કે ઓછી અપેક્ષાઓ હોવા છતાં, આ અભિયાને સમાજમાં છોકરીઓ પ્રત્યેના ભેદભાવની ઘણી પ્રવૃત્તિઓનો અંત લાવી દીધો છે. કેટલાક નબળા પડ્યા છે, પરંતુ બેશક હજુ પણ ઘણા બાકી છે. જે ધીરે ધીરે લુપ્ત થઈને એક દિવસ સમાપ્ત થઈ જશે. આ દિશામાં સકારાત્મક પરિણામો આપનાર કેટલીક યોજનાઓમાં બેટી બચાવો બેટી પઢાવો, સુકન્યા સમૃદ્ધિ યોજના અને બાલિકા શિક્ષા અભિયાનનો સમાવેશ થાય છે જેણે શાળાએ જતી છોકરીઓની સંખ્યામાં વધારો કર્યો છે. યુનિફાઇડ ડિસ્ટ્રિક્ટ ઇન્ફોર્મેશન સિસ્ટમ ફોર એજ્યુકેશનના અહેવાલો દર્શાવે છે કે છેલ્લા દોઢ દાયકામાં છોકરીઓની શાળામાં નોંધણી નોંધપાત્ર રીતે વધી છે. હવે છોકરીઓની નોંધણી ૯૫ ટકાથી પણ વધુ છે. છેલ્લા ૧૦ વર્ષમાં છોકરીઓની શાળા છોડવાના દરમાં પણ ૩૦ ટકાથી વધુનો ઘટાડો થયો છે. વર્ષ ૨૦૨૦-૨૧મા, ઉચ્ચ શિક્ષણમાં છોકરીઓની કુલ નોંધણીનો ગુણોત્તર ૨૭ ટકા હતો. જ્યારે ૨૦૧૫-૧૬મા તે ૨૪ ટકાથી થોડો વધારે હતો. લિંગ રેશિયો પણ સકારાત્મક સુધારા તરફ છે, ૨૦૧૧ની વસ્તી ગણતરીમાં લિંગ રેશિયો ૧૦૦૦ છોકરાઓ દીઠ ૯૧૫ છોકરીઓ હતો, જ્યારે ૨૦૨૧માં તે વધીને ૧૦૦૦ છોકરાઓ દીઠ ૯૨૯ છોકરીઓ થયો હતો, તે વર્ષ ૨૦૨૩-૨૪મા વધુ સુધર્યો છે.

### અન્ય ક્ષેત્રોમાં પણ સશક્તીકરણ

નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (એનએફએચએસ -૫ ૨૦૧૯-૨૧) અનુસાર, ભારતમાં કિશોરીઓ (૧૫-૧૯ વર્ષ)માં એનિમિયાના દરમાં નજીવો છતાં, ઘટાડો થયો છે. સુપોષણ અભિયાન અને મિડ-ડે મિલ યોજના જેવી યોજનાઓ છોકરીઓના પોષણમાં સુધારો કરવા માટે અસરકારક રહી છે. ગર્લ ચાઈલ્ડ ડે અને અન્ય અભિયાનો દ્વારા સમાજમાં છોકરીઓના અધિકારો અને તેમના મહત્ત્વ વિશે જાગૃતિ વધી છે. રોજગાર ક્ષેત્રે પણ સશક્તિકરણ થયું છે. વિશ્વ બેંક અનુસાર, ૨૦૧૮માં મહિલાઓની શ્રમ સહભાગિતા દર જ્યાં કુલ શ્રમ શક્તિના ૨૧ ટકા હતો, તે ૨૦૨૩ સુધીમાં વધીને ૨૫ ટકા થઈ ગયો છે અને હવે તે ૨૮ ટકાની આસપાસ છે. સ્ટેન્ડ-અપ ઈન્ડિયા યોજના અને મહિલા સાહસિકતા જેવી યોજનાઓએ પણ મહિલાઓને આત્મનિર્ભર બનાવવામાં ઘણો ફાળો આપ્યો છે. સાથે જ સેલ્ફ- હેલ્પ ગ્રુપો દ્વારા પણ ઘણું સશક્ત કરવામાં આવ્યું છે. દીનદયાળ અંત્યોદય યોજના રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ, છેલ્લા એક દાયકામાં ૮ કરોડથી વધુ મહિલાઓ સેલ્ફ- હેલ્પ ગ્રુપોનો હિસ્સો બની છે, જે આર્થિક સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ છે.

### પરંતુ પડકારો જે યથાવત્ છે

નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે અંતર્ગત ચલાવવામાં આવતી વિવિધ ઝુંબેશને કારણે, છોકરીઓના ઉત્થાન અને આખરે મહિલા સશક્તિકરણ પર ઘણું ધ્યાન આપવામાં આવ્યું છે, પરંતુ સ્ત્રી ભ્રૂણ હત્યા અને લિંગ ભેદભાવનો મુદ્દો હજુ પણ અમુક અંશે યથાવત છે. કડક કાયદા હોવા છતાં હજુ પણ ઘણા વિસ્તારોમાં સ્ત્રી ભ્રૂણ હત્યા થઈ રહી છે અને છોકરીઓ સાથે ભેદભાવના બનાવો પણ બને છે. કારણ કે સામાજિક માન્યતાઓ અને પિતૃસત્તાક વિચારસરણીને સંપૂર્ણ રીતે બદલવાનું હજુ સુધી શક્ય બન્યું નથી. ખેર, આ ગર્લ ચાઈલ્ડ ડેનો સૌથી મોટો ધ્યેય છોકરીઓને શિક્ષણ આપવાનો છે. આમાં આ દિવસ ઘણી હદ સુધી સફળ થાય છે. આ દિવસ દેશમાં એવું વાતાવરણ ઊભું કરવામાં સફળ રહ્યો છે કે છોકરીઓ પણ છોકરાઓની જેમ સમાન તકો અને શિક્ષણની અધિકારી છે. સાથે જ છોકરીઓને સશક્ત અને આત્મનિર્ભર બનાવવા માટે સરકાર અને સમાજની ભૂમિકાને પણ આ ખાસ દિવસે પ્રકાશિત કર્યો છે. 'બેટી બચાવો, બેટી પઢાવો, સુકન્યા સમૃદ્ધિ યોજના, અને બાલિકા શિક્ષા અભિયાન, જો આ યોજનાઓ છેલ્લા એક દાયકામાં ખૂબ સફળ રહી છે, તો તેનો શ્રેય અમુક અંશે આ બાલિકા દિવસને જાય છે.'

### કઈ રીતે ઊજવીએ આ દિવસ?

રાષ્ટ્રીય બાલિકા દિવસ ખરેખર એક એવો દિવસ છે જેના વિશે વધુને વધુ દેશવાસીઓને વારંવાર જણાવવું જોઈએ જેથી કરીને જો તેઓ અર્ધજાગૃતપણે પણ છોકરીઓ સાથે કોઈ પ્રકારનો ભેદભાવ કરતા હોય, તો તેઓ તેનાથી દૂર રહે અને અજાણપણે છોકરીઓ સાથે થતા ભેદભાવથી મુક્તિ મળે. જ્યાં સુધી આ દિવસને ઉજવવાનો સંબંધ છે તો સ્કૂલો, કોલેજો અને સરકારી સંસ્થાઓમાં વિવિધ કાર્યક્રમો યોજવા જોઈએ, જેમાં રેલી, ચર્ચાઓ અને નિબંધ લેખન જેવી સ્પર્ધાઓ હોય. આ દિવસે એવી છોકરીઓનું સન્માન કરવું જોઈએ જેમણે શિક્ષણ, રમતગમત, કલા કે વિજ્ઞાનના કોઈપણ ક્ષેત્રમાં વિશેષ સિદ્ધિ મેળવી હોય. છોકરીઓના અધિકારો અને તેમની સિદ્ધિઓને પ્રોત્સાહન આપતી ઝુંબેશ સોશિયલ મીડિયા પર ચલાવવામાં આવે, ત્યારે જ નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે જેવા કાર્યક્રમોથી સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું સાબિત થશે. ■

## આકાશ મારી પાંખમાં

કલ્પના દવે
feedback@bombaysamachar.com

# ધ મોસ્ટ લવિંગ હસબન્ડ


AI ઈમેજ

**૩૬વર્ષની** વયે માધવીએ પોતાની ગારમેન્ટ ફેક્ટરીને આધુનિક રૂપ આપવા ત્રણ વર્ષનો ફેશન ડિઝાઈનિંગનો કોર્સ કર્યો. ત્યારે માધવીએ સ્વપ્નમાં પણ વિચાર્યું ન હતું કે એનો બિઝનેસ ખૂબ વધવાનો છે. અત્યારે મુંબઈમાં માધવીનો સંસ્કૃતિ ફેબ્રિક્સ શોરૂમનો વેપાર આંતરરાષ્ટ્રીય સ્તરે ફેલાયેલો છે. પિતૃતુલ્ય ચીમનકાકાના ફોટાને પ્રણામ કરીને તેમના જ સિદ્ધાંતોને જાળવીને માધવી આ ફેક્ટરી ચલાવે છે.જો કે ચીમનકાકાના કહેવાથી એમના પુત્ર અજયને પાર્ટનર તરીકે રાખ્યો છે.

પરંપરિત ડ્રેસ હોય કે આધુનિક ડ્રેસ માધવી હંમેશાં તેને ક્રિયેટીવ રૂપ આપે. શ્રેષ્ઠતા અને પ્રમાણિકતા અને સમયપાલન એ કંપનીનો મૂળ મંત્ર ગણાય છે.

અત્યારે જીવનની ભઠ્ઠીમાં તપીને પ્રૌઢ અવસ્થાએ પહોંચેલી ૪૯વર્ષની માધવી આજે ચીમનકાકાની તસવીર સામે જોઈ ભૂતકાળમાં ખોવાઈ ગઈ.

વડોદરાના શંખલપુર ગામમાં ઉછરેલી માધવી પરણીને મુંબઈમાં આવી ત્યારે માધવીના સાસરામાં તેનો હસબન્ડ અરવિંદ અને જેઠ જેઠાણી જ હતાં. પણ નાનપણમાં જ પોતાની માતાને ગુમાવી દેનાર માધવીને પડોશમાં રહેતા ચીમનકાકાએ તથા કાકીમાએ જ સાચવી લીધી હતી. તેની કાબેલિયત અને હોશિયારી જોઈને ચીમનકાકાએ તેમની ગારમેન્ટ ફેક્ટરીમાં માધવીને નોકરીએ રાખી હતી.

આજે વાતાનુકૂલિત ઓફિસમાં બેસીને માધવીએ પોતાનું જીવન સરવૈયુ માંડ્યું.

માધવી વિચારવા લાગી કે છેલ્લા કેટલાક દિવસોથી એને આટલો બધો થાક કેમ લાગે છે? આખું શરીર તૂટતું હોય એવું કેમ લાગે છે? આખા શરીરમાં સતત દુઃખાવો અને ભયંકર અશક્તિ લાગવાનું કારણ શું? પણ એને ઉત્તર મળતાં નહીં.

મારી કાર્યશક્તિને આ શું થઈ ગયું છે કે ફેક્ટરીનું કામ પણ બરાબર કરી નથી શકતી? મારી કુનેહને આ શું થઈ ગયું છે કે મારા પાર્ટનર અજયે મને કામ અંગે ઠપકો આપવો પડે છે? મને આટલો બધો થાક કેમ લાગે છે? તે દિવસે અજયભાઈએ મોટા ડીલર્સોની મીટિંગમાં પણ હું કશું જ બોલી ન શકી, શા માટે? આ અચાનક માથું ભમવા લાગે, છાતી ભારે થઈ જાય એવું કેમ થાય છે.

સાચે જ મારું જીવન કેટલું બદલાઈ ગયું છે. મારો એકનો એક દીકરો ચિરાગ બારમામાં ૮૭ટકા મેળવીને પાસ થયો, અને હોટલ મેનેજમેન્ટનો અભ્યાસ કરવા લંડન ગયો. જો કે અજયએ મોટી લોન આપીને મને મદદ તો કરી હતી.. આમ તો બધું ઠીક છે, પણ ચિરાગ વગરનું ઘર કેવું સૂનું લાગે. અને પતિ અરવિંદનો સ્વભાવ પણ જરા ચીડિયો થઈ ગયો છે.

હા,ચિરાગ સાથે ફેસટાઈમ પર વાત કરીએ ખરાં, પણ જીવનનો ખાલીપો કોણ સમજે? મારા ચિરાગને પૂરણપોળી, બટેટાવડા બહુ ભાવે, પણ એ ભણવા ગયો ને પછી ઘરમાં સારું ખાવાનું બનાવવું પણ કયાંથી ગમે? વળી અરવિંદનો ખર્ચો નથી પોષાતો એની કચકચ ચાલુ જ હોય. હું સમજું છું કે આવક ગમે તેટલી મોટી હોય પણ આવકમાંથી બચત ન થાય તો આખરે તો જ્યાં હતાં ત્યાંને ત્યાં જ રહેવાના! મે ધરાર ના પાડી હતી તો ય અરવિંદે બેંકમાંથી વી.આર.એસ. લીધું. અને ડબલ ઈન્કમમાં મોટું ગાબડું પડ્યું. આ યાદ આવતાં જ માધવીની છાતી ભારે થઈ ગઈ અને માથું ભમવા લાગ્યું.

મેડમ, અજય શેઠ બુલાતે હૈ. પ્યુને કેબિનના દરવાજા પાસે આવીને કહ્યું.

માધવી, આજે ત્રણ પાર્ટીની ડિલિવરી કરવાની છે. બધું રેડી છે ને. અજયભાઈએ પૂછયું.

હા, પણ એ ડિલિવરી પચીસ તારીખે કરવાની છે, હજુ ત્રણ દિવસ બાકી છે.

જરા,તમારી ફાઈલ જુઓ અહીં આજે બાવીસ તારીખે લખેલી છે. અજયભાઈ, પ્લીઝ મને બે દિવસ આપો, ડિલિવરી થઈ જશે.. સોરી, હું ભૂલી ગઈ. માધવી, આવી બેદરકારી કેમ ચાલે, તમે જાણો છો કે આ કેટલી મોટી પાર્ટી છે. એક વાર ઓર્ડર કેન્સલ થાય તો ફરી વાર કયારેય ન મળે- સોરી, અજયભાઈ (ડૂસકું દેતાં માધવીએ ગભરાતાં ગભરાતાં કહ્યું) કોણ જાણે કેમ મને હમણાં હમણાં કશું યાદ નથી રહેતું.

યાદ ન રહેતું હોય તો લખી લો. અજયે કહ્યું.

એ ડિલિવરી તો થઈ ગઈ. ત્રણ અઠવાડિયા વીત્યાં હશે ત્યાં અરવિંદને હાર્ટએટેક આવ્યો, માધવીએ હિંમત રાખીને એકલે હાથે પતિની માંદગી સંભાળી લીધી. તે કપરા કાળમાં અરવિંદની માંદગી અને લોનના હપ્તાનો ખર્ચ અજયભાઈ જ ઉઠાવતાં. એ કહેતા કે માધવી, તારે આ બધી ચિંતા કરવાની જરૂર નથી. આ તમારો નાનો ભાઈ તમારી સાથે છે. તમારે કોઈ ટેન્શન લેવું નહીં.

માધવી તે દિવસે ઓફિસથી રાત્રે નવ વાગે ઘરે પહોંચી. ઘરનું કામ આટોપતા થાકીને લોથપોથ થઈ ગઈ હતી. થાક-અશક્તિને કારણે બોલવાના પણ હોંશ ન હતા. રાત્રિના સાડાદસ વાગી ગયા હતા.

આખો દિવસ કામેચ્છાને વશમાં રાખનાર પતિશ્રી આજે રંગીન મિજાજમાં હતા. તેમણે માધવીને પાસે ખેંચીને પસવારવા લાગ્યા. અત્યારે એમની શારીરિક ક્રીડા માધવી માટે અસહ્ય થઈ પડી. પ્લીઝ, આજે હું ખૂબ થાકી ગઈ છું. મને છાતીમાં ગભરામણ થાય છે. માધવીએ જરા દૂર થતાં કહ્યું. સાવ ઢીલું પોટલું થઈ ગઈ છે. હું જ્યારેય કહું ત્યારે જ બહાનાં કાઢે છે. અને ઓફિસમાં તો ધમધમ મેડમ કામ કરે, ત્યારે કશું નથી થતું. ત્યાં તો ધમધમ કામ કરે છે. અરવિંદે કહ્યું.

તમે ખોટા આકળા ન થાઓ. હું સાચું કહું છું મને ખૂબ અશક્તિ લાગે છે,.માધવીએ કહ્યું. જો, માધવી પુરુષની ઈચ્છા ન સંતોષાય તો એનાં પરિણામ માઠા આવે-ડોળા કાઢતાં પતિશ્રી બોલ્યા. પણ, મારી હવે ઉંમર થઈ-તે રાત્રે ખૂબ ઝઘડો થયો. અને અરવિંદે માધવી પર હાથ ઉગામ્યો.

બીજે દિવસે ઉજાગરો,થાક અને રાત્રે બનેલી ઘટનાથી માધવી ખૂબ ટેન્શનમાં હતી. સવારે પણ માધવી અને અરવિંદે એકમેક સાથે કંઈ વાત ન કરી. આ ઘાતક મૌનમાં બંને અકળાયેલા જ હતાં, પણ, સમજણનો સેતુ કોણ બાંધે?

માધવીના મનમાં હતું કે મને અરવિંદ કેમ સમજતા નથી જ્યારે અરવિંદને થતું કે માધવી મને પહેલાં જેવો પ્રેમ કરતી નથી. મને ધૂતકારે છે. હું કમાતો નથી, એટલે એને ગમતો નથી. પેલી કંપનીમાં પાર્ટ ટાઈમ જોબ મળશે પછી કદાચ પૈસાની તૂટ નહીં પડે.

બીજે જ દિવસે માધવી ઓફિસ ગઈ પણ તે ખૂબ ટેન્શનમાં હતી. સવારે અગિયાર વાગે ફેક્ટરી પર અજય સાથે તેમનાં પત્ની સુધાભાભી આવ્યાં માધવીએ ગઈ કાલની ઘટના ભાભીને જણાવી. માધવી હું તારી મુશ્કેલી સમજી શકું છું .સ્ત્રીઓના ઋતુકાળની સમાપ્તિનો આ મોનાપોઝનો સમય પતિ-પત્ની બંનેએ સમજવો જરૂરી છે.

માધવી અને અરવિંદભાઈ બંનેએ ગાયનોકોલોજીસ્ટ ડૉ.સુજાતા અગ્રવાલની મુલાકાત લીધી. ડૉ.સુજાતા અગ્રવાલ ખુબ બાહોશ અને અનુભવી હતાં, એમણે માધવીની નાજુક તબિયત વિશે અરવિંદને સમજાવ્યું અને અરસ-પરસ સમજણનો સેતુ રચાયો. માધવીના હાથને પોતાના હાથમાં લેતા અરવિંદે કહ્યું- યસ,ડોકટર આય વીલ બી મોસ્ટ લવિંગ એન્ડ અન્ડરસ્ટેન્ડિંગ હસબન્ડ. ■

સ્પોટ લાઈટ
મહેશ્વરી
feedback@bombaysamachar.com

# ટાંટિયા એવા મજબૂત રાખવા કે હાથ ન જોડવા પડે



જોગેશ્વરીનું પોતીકું ઘર છોડ્યા પછી જાણે મારા પગમાં ભમરી હોય એમ હું એક ઠેકાણેથી બીજે ઠેકાણે, બીજેથી ત્રીજે અને... એમ ઘર બદલતી રહેતી હતી. મારું મગજ સ્થિર હતું, પણ મારું રહેવાનું સ્થાન અસ્થિર હતું, પણ હું હિંમત નહોતી હારી. પ્રભુને કાયમ એટલી પ્રાર્થના જરૂર કરતી હતી કે 'ટાંટિયા એવા મજબૂત રાખજો કે બે હાથ જોડવા ન પડે.' માનવીના હાથ-પગ માત્ર શરીરનાં અવયવ નથી, એવાં ઓજાર છે જેની મદદથી માણસ ઈતિહાસ લખી શકે છે અને ઈતિહાસ રચી પણ શકે છે.

માણસ ગમે એટલો પુરુષાર્થ કરે, પણ જો પ્રારબ્ધ સાથ ન આપે તો જીવનમાં બહુ આગળ નથી વધી શકાતું કે ઝળહળતી સફળતા નથી મળતી એવું અનેક લોકોનાં મોઢે સાંભળ્યું હતું. મેં તો કાયમ પુરુષાર્થને જ મહત્ત્વ આપ્યું છે. પુરુષાર્થ કરવો આપણા હાથની વાત છે જ્યારે પ્રારબ્ધ શું કરશે, કેવા ખેલ દેખાડશે એની કલ્પના પણ નથી કરી શકાતી. બરકત વિરાણી 'બેફામ' સાહેબનો એક શેર કોઈએ સંભળાવ્યો હતો અને મને એટલો બધો ગમી ગયો કે હૈયામાં જડાઈ ગયો. 'બેફામ' સાહેબ લખી ગયા છે કે 'પુરુષાર્થી લલાટે જે રીતે પ્રસ્વેદ પાડે છે, ઘણા પ્રારબ્ધને જળ છાંટીને એમ જ જગાડે છે.' આ કવિ લોકો ગજબ હોય છે. કેવળ પરમાત્મા પર નિર્ભર રહેવાને બદલે આત્મનિર્ભર બનવાની શીખ આપે છે.

અંધેરીના 'રાજકુમાર' સેનેટોરિયમના ત્રણ મહિના તો જાણે ચપટી વગાડતાંમાં પૂરા થઈ ગયા. પાછું નવું ઘર શોધવા પુરુષાર્થ કરવાનો. મારા ઘર શોધવાના સંકટ સમયની સાંકળ જેવા વિનયકાંત દ્વિવેદી અને જ્યોતિ દ્વિવેદી મારી મદદ માટે ફરી હાજર થઈ ગયા. વિનુભાઈ જે બૅન્કમાં નોકરી કરતા હતા ત્યાં તેમના એક સહકર્મચારીએ પોતાના ઘરમાં એક પેઈંગ ગેસ્ટની જરૂર છે એમ જણાવ્યું. વિનુભાઈ તો રાજી થઈ ગયા, કારણ કે એમાં એમને મારી સમસ્યાનો ઉકેલ દેખાતો હતો. મને એ સાથી બૅન્ક કર્મચારીનું સરનામું આપ્યું અને હું તાબડતોબ તેમને મળી આવી. અંધેરીમાં હાઈવે નજીક આવેલા એ ભાઈના ઘરમાં બે વિશાળ બેડરૂમ હતા જેમાંથી એક બેડરૂમ પેઈંગ ગેસ્ટ તરીકે આપવા માગતા હતા. જૂની બચત તેમ જ ગુજરાતી-મરાઠી નાટકોમાં કામ કરીને મળેલી રકમમાંથી સાચવી રાખેલા પૈસા સાથે મારી પાસે દસેક હજાર રૂપિયા જમા હતા. એ રકમ ડિપોઝિટ તરીકે આપી હું બાળકો સાથે 'નવા ઘર'માં શિફ્ટ થઈ ગઈ.

ઘર તો મળી ગયું, પણ ઘરવખરીનું શું? થોડાં વાસણકૂસણ હતાં, પણ ગેસનો ચૂલો નહોતો. યોગી નગરમાં ગેસ કનેક્શન ન હોવાને કારણે પડેલી મુશ્કેલી દિમાગમાં તાજી હતી. જોકે, કશું કહ્યા વિના અનેક વાર મારી મુશ્કેલી - તકલીફ સમજી એનો ઉકેલ લાવી દેતાં જ્યોતિબહેને ગેસનો ચૂલો અને સિલિન્ડરની વ્યવસ્થા કરી આપી. આ દ્વિવેદી પતિ-પત્ની મને જીવનમાં એટલી બધી વાર મદદરૂપ થયાં છે કે હું તેમનું ઋણ ક્યારેય ફેડી નહીં શકું. આર્થિક મદદ કરતાં, મુશ્કેલીમાં ટેકો બની ઊભાં રહે, હિંમત આપે, વ્યવસ્થા ગોઠવી દે એ બધાનું મૂલ્ય વધુ ઊંચું છે.

વિનુભાઈના પિતાશ્રી પ્રભુલાલ દ્વિવેદીએ 'ઉઘાડી આંખે' નામના નાટકમાં એક હૃદયસ્પર્શી ગીત લખ્યું હતું જેની બે પંક્તિ આ પ્રમાણે છેઃ 'કોઈના દુઃખમાં ભાગ પડાવીને પોતે સુખ માને, જમે થાય એ જગદીશ્વરના ચોપડાના પાને.' દ્વિવેદી દંપતીએ આ પંક્તિ જીવનમાં ઉતારી હતી. તેમણે મારાં દુઃખમાં કાયમ ભાગ પડાવ્યો. દ્વિવેદી દંપતીનું માયાળુ વર્તન મારા જીવનની સોગાદ છે. એક એવી સોગાદ જેની પાસે આર્થિક સંપત્તિ પાણી ભરે. અમે - હું, મારી બે દીકરી અને એક દીકરો - અંધેરીના નવા ઘરમાં સેટ થઈ ગયાં. ગેસ મળી ગયો હોવાથી અહીં ઘાસલેટ માટે દોડાદોડ નહોતી કરવી પડતી એ મોટી નિરાંત હતી. નાટકોનું કામ ચાલતું હતું. જૂની રંગભૂમિ પર આધારિત વિનુભાઈએ તૈયાર કરેલા 'સંભારણાં'ના ક્યારેક શો થાય.

'વડીલોના વાંકે'ની ભજવણી થતી અને મીડિયાના 'કોરી આંખો ને ભીનાં હૈયા'ના શો પણ થતા હતા. જીવનનું ગાડું ગબડતું હતું. આ નવા ઘરમાં મારી પાસે રહેલા નાનકડા કાષ્ઠના મંદિર પાસે હું નિયમિત પૂજા કરવા બેસતી. પૂજા કરતી હોઉં ત્યારે કાયમ ગણપતિ બાપ્પા મારી નજર સામે તરવરવા લાગે. જાણે મારી આસપાસ હોય એવો ભાસ થાય. વહાલા વાચક સ્નેહીઓને જાણી નવાઈ લાગશે કે હું ક્યારેય કોઈ મંદિરનાં પગથિયાં નથી ચડી. હા, નાનપણમાં મંદિરમાં ગઈ હતી, નવરાત્રી વખતે કે ગણેશોત્સવને ટાંકણે, પણ એમાં ભક્તિભાવ નહોતો, નર્યું ભોળપણ હતું. મંદિરના પ્રાંગણમાં દોડાદોડી કરતાં, રમતાં. લગ્ન પછી તો ક્યારેય મંદિરમાં નહોતી ગઈ.

લગ્નજીવનની કડવાશ કદાચ એને માટે જવાબદાર હશે. દુન્યવી નજરે હું નાસ્તિક હોવા છતાં મને કેમ બાપ્પા દેખાતા હશે એ સમજાતું નહોતું. મેં ગણેશજીને મનોમન કહ્યું પણ ખરું કે મને ખ્યાલ નથી આવતો કે હું શું કરું? ત્યારે મને ખબર પડી કે પ્રભાદેવી વિસ્તારમાં ગણેશજીનું પ્રતિષ્ઠિત સિદ્ધિવિનાયક મંદિર છે. ત્યાં જઈ બાપ્પાનાં દર્શન કરવાના ભાવ જાગ્યા. પરોઢિયે ચાર વાગ્યે પહેલી વાર હું દર્શન કરવા ગઈ અને એ દિવસથી દર મંગળવારે દર્શન કરવા જવાનો સિલસિલો અનેક વર્ષ સુધી ચાલતો રહ્યો. ભક્તિ ભાવ જ્યારે અંદરથી પ્રગટે એની વાત જ ન્યારી હોય છે, પણ એક વાત કહું? મેં ક્યારેય બાપ્પા પાસે ખોળો પાથરી મારા રહેવાનો કાયમી ઉકેલ લાવી દ્યો કે બીજી કોઈ માગણી નથી કરી. બધા જેમ વંદન કરતા હતા એમ વંદન કરી પાછી ફરતી હતી. સવારે ચાર વાગ્યે નીકળી જતી અને નવેક વાગે ઘરે પહોંચી જતી. એક દિવસ દર્શનની લાઈનમાં ઊભી હતી ત્યારે એક બહેને એવી સરસ વાત કરી કે ભક્તિભાવનો એક અલગ જ અર્થ મને એ દિવસે સમજાયો.

## દરેક શહેરમાં થિયેટરનું સપનું

રંગભૂમિને સમર્પિત પૃથ્વી થિયેટર્સની સ્થાપના ૧૯૪૨માં પૃથ્વીરાજ કપૂરે કરી હતી. સંસ્થાનું પહેલું નાટક હતું કવિ કાલિદાસનું 'શકુંતલા' જેની ભજવણી ૧૯૪૪માં થઈ હતી. ૧૯૪૪થી ૧૯૬૦ દરમિયાન પૃથ્વી થિયેટર્સ કંપનીએ ૧૧૨ શહેરમાં ૨૬૬૨ નાટકના પ્રયોગ કર્યા હતા જે એક અનોખી સિદ્ધિ લેખવામાં આવી છે. આ એક એવો વિક્રમ છે જે નિઃશંક સમગ્ર પ્રજા માટે ગૌરવ લેવા જેવી વાત છે. કંપનીની નાટ્ય પ્રવૃત્તિ તેમ જ એના કલાકાર- કસબીઓ વિશે 'ધ પૃથ્વીવાલાઝ' નામનું પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું હતું. થિયેટર કંપનીની વિશિષ્ટ સ્મૃતિઓ પુસ્તકની લાક્ષણિકતા છે. આયુષ્યના ૯૨મા વર્ષે પૃથ્વી થિયેટર્સમાં 'એક થી નાની' નાટક ભજવનારાં અને નાટ્ય કંપની સાથે ૧૯૪૫માં જોડાનારાં ઝોહરા સહગલે એક વખત પૃથ્વીરાજ કપૂરને કુતૂહલવશ પૂછ્યું હતું કે 'કેમ તમે તમારી નાટ્યસંસ્થાનું નામ પૃથ્વી થિયેટર નહીં, પણ બહુવચનમાં 'પૃથ્વી થિયેટર્સ' કેમ રાખ્યું છે? કોઈ ખાસ કારણ છે?' સવાલ સાંભળી પૃથ્વીરાજજીએ હળવું પણ માર્મિક સ્મિત કર્યું અને જણાવ્યું કે 'ભારતના દરેકે દરેક શહેરમાં સંસ્થાનું થિયેટર હોય એ મારું સપનું છે.' ફિલ્મોમાં ખાસ્સી લોકપ્રિયતા અને કમાણી મળ્યા પછી પણ આવું સપનું તો રંગભૂમિનો ઓલિયો જ જોઈ શકે. (સંકલિત)■

કેન્વાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# દુનિયાને કૉફી ભાવે, પણ ભારતને ચાની ચાહ!



ચાના દેશમાં કોફીના વખાણ કરવા થોડા અઘરા છે, પણ કોફી એ કોફી. કોફી પીવાના ઘણા લાભાલાભ ગણાવી શકાય. કોફી પીવાનો એક મોટો ફાયદો સંશોધકોને છેલ્લાં થોડાંક વર્ષો દરમિયાન ધ્યાનમાં આવ્યો હતો. દરરોજ કોફીની લહેજત માણનારી વ્યક્તિમાં આપઘાત કરવાની શક્યતા પચાસ પ્રતિશતથી વધુ ઘટી જાય છે! કોફીનું સેવન શરીરમાં બાયોલોજીકલ ફેરફાર તો કરે જ છે, પણ માનસિક સ્તર ઉપર મસ્ત મોટીવેશનલ બુસ્ટ આપે છે, જે વ્યક્તિની મરી જવાની ઈચ્છા ઉપર સીધો કાપ મૂકે છે.!

કોફી પ્રત્યે માનવજાતને પ્રેમ નથી, પણ વળગણ કહી શકાય એવો મોહ છે. પેટ્રોલિયમ પછીની જગતની સૌથી મોંઘી કોમોડિટી કોફી છે. બ્રાઝિલ જેવો સેક્સી દેશ કોફીનું ઉત્પાદન બંધ કરી નાખે તો એની ઈકોનોમી કાયમી ધોરણે પંગુ બની જાય. કોફી મોંઘી હોવા છતાં ચા કરતાં વધુ પીવાય છે. આ હકીકત જ એક અજાયબી છે. આજ સુધી એક પણ પ્રોડક્ટમાં એવું નથી થયું કે એના સસ્તા વિકલ્પ ઉપલબ્ધ હોવા છતાં મોંઘી પ્રોડક્ટ વેચાતી હોય. વળી વિરોધાભાસ એ છે કે આપણા વડવાઓને કોફીની આદત ન હતી.. કોફીને એક પીણાં તરીકે પીવાની શરૂઆત હજુ માંડ ચારસો-પાંચસો વર્ષ પહેલાથી થઇ છે. આજે રોજના અઢી અબજ કપ કરતાં વધુ કોફી પીવાય છે. સોમરસ અને મદિરાપાન જ્યાંના સાહિત્યમાં સમાવિષ્ટ હતા એવા ભારતમાં કોફી કલ્ચર બહુ મોડું આવ્યું. કોફી કલ્ચર આવ્યું, પણ અહીંથી સરહદો વટાવીને વિદેશોમાં ન ગયું. ભારતની એક પણ કોફી બ્રાન્ડ વૈશ્વિક સ્તર ઉપર ઓળખાતી નથી.

જર્મન સરમુખત્યાર અને બીજા વિશ્વયુદ્ધનો જનક એવો હિટલર, રશિયન તુંડમિજાજી સરમુખત્યાર સ્ટાલીન, માર્ક્સીસ્ટ થિયરીનો પ્રણેતા અને રશિયન રાજકારણમાં ક્રાંતિ લાવનાર ત્રોત્સકી, યુગોસ્લાવિયાના ઈતિહાસમાં અમર થઇ ગયેલો ટીટો અને લીજેન્ડરી માનસશાસ્ત્રી સિગ્મંડ ફ્રોઈડ ઈ.સ. ૧૯૧૩ના અરસામાં પાસપાસે રહેતા હતા. આ બધા ઈતિહાસ-સર્જકો ત્યાંના કોફીહાઉસની નિયમિત મુલાકાત લેતા. આ બધાનો ક્યારેક આકસ્મિક રીતે એકબીજા સાથે ભેટો પણ થઇ જતો. છેલ્લી અમુક સદીઓની મહાન શોધો, મસમોટા બિઝનેસના પ્રાથમિક પ્લાન, નવી આઈડિયોલોજીનું નિર્માણ, રાજકીય કે સામાજિક ક્રાંતિના શરૂઆતી તણખા વગેરેનો પ્રારંભ જુદા જુદા કોફીહાઉસોમાં થયેલો છે. કોફી ફક્ત આલ્કોહોલથી ડેમેજ થયેલા લીવરને જ સરખું ન કરે, પણ મગજની વિચારશક્તિને પણ બુસ્ટ કરે. 'અ લોટ કેન હેપન ઓવર કોફી'- કેફે કોફી ડેનું આ સ્લોગન બીજા દરેક કોફીસ્ટોરની ટેગલાઈન કરતાં કોફીને વધુ સારી રીતે વ્યકત કરે-છે.

માનો યા ન માનો, વિજ્ઞાન પાસે છેલ્લાં પાંચસો વર્ષ દરમિયાન ચલણમાં આવેલી કોફી વિશે જાણકારી વધુ છે અને આદિમાનવના સમયથી ચાલી આવતી સ્તનપાનની પ્રથા અને માતાના દૂધ વિષે માહિતી ઓછી છે! કોફીનો જનસમુદાયના માનસપટલ ઉપરનો કબજો કેટલો સશક્ત છે એનો અંદાજ આ વાતે આવશે.

કોફીના મૂળ ભારતમાં નથી. બટેટા કે ટામેટા પણ ભારતના નથી. ભારતીયોની પરંપરા રહી છે કે ઈમ્પોર્ટ કરી લેવું અને એક્સપોર્ટ કરીને છૂટી જવું. જયારે યુરોપિયનો કે અમેરિકનોના લોહીમાં એવું છે કે ઈમ્પોર્ટ કરેલી વસ્તુને પોતાના પેકેજિંગમાં એ જ વસ્તુના એક્સપોર્ટર દેશને ડબલ કે ટ્રીપલ ભાવે વેચવી. આપણી જ ગળીથી રંગાયેલા જીન્સ આપણને બહુ ઊંચા દામમાં એ લોકો વેચતા જયારે બ્રિટિશરો આપણી ઉપર રાજ કરતા. આ તરેહની આક્રમક વેપાર નીતિ અને લુચ્ચાઈનો અભાવ પણ એક કારણ છે કે કોઈ ઇન્ડિયન બ્રાન્ડ બીજા કોઈ પણ દેશના નાગરિકની લાઈફસ્ટાઈલનો ભાગ નથી બની શકી.

આજ સુધી આપણે એક દવા પણ શોધી શક્યા નથી તો કોઈ લક્ઝરી, લાઈફસ્ટાઈલ બ્રાન્ડ કે કન્ઝ્યુમર પ્રોડક્ટનો ગ્લોબલ લેવલે સિક્કો જાગે એવી આશા નકામી. તેના માટે સરકારની નીતિરીતિઓ પણ પ્રોત્સાહક હોવી જોઈએ અને ઉદ્યોગપતિએ ફક્ત ઉત્પાદક રહેવાને બદલે સાહસિક બનવું પડે. સાપ પગમાં ડંશ આપી જાય તો ખેતરમાં ને ખેતરમાં કુહાડીથી પોતાનો અંગૂઠો કાપી નાખનારા ખેડૂતો ભારત જેવા દેશમાં વસે છે, પણ અહીંનો કોઈ બેયર ગ્રેલ્સ જેવો સાહસવીર બનીને ડોનાલ્ડ ટ્રમ્પને પણ રાજસ્થાનના રણમાં ઊંટસવારી કરતો દેખાડે એવું દ્રશ્ય અહીં જોવા નહિ મળે. આંતરરાષ્ટ્રીય સ્તર ઉપર પોતાનો સિક્કો જમાવવાની ધગધગતી મહત્ત્વાકાંક્ષા જોઈએ. અમેરિકા જેવા દેશની ચોપન પ્રતિશત પ્રજા રોજ કોફી પીવે છે.

પ્રોસ્ટેટ કેન્સરથી લઇને ઘણી બીમારીઓ એવી છે જે લાગુ પડવાની શક્યતાઓ નિયમિત કોફીના સેવનથી ઘટી જાય. ફ્રાન્સમાં એક એવું કેફે છે જ્યાં કોફીનો ઓર્ડર કરતાં પહેલા 'હેલો' જેવા શબ્દોથી ગ્રીટ ન કરો કે 'પ્લીઝ' જેવો શબ્દ ન વાપરો તો તમારે એ જ કોફીનો બીજા કસ્ટમર કરતાં વધુ ભાવ ચૂકવવો પડે.

દુનિયા કોફીને એક તેહઝીબ વધારતું પીણું માને છે. જાપાન અને કોરિયામાં તો 'કેટ કોફી કેફે' છે, જ્યાં બિલાડાઓ સાથે કોફી પીને ધમાલ કરી શકાય. સૌથી મોંઘી કોફી થાઈલેન્ડના હાથીઓના છાણમાંથી નીકળતા કોફીના દાણામાંથી બને છે. કોફીની આવી અનેક ખૂબીલીટીનો અભ્યાસ કરીને 'સ્ટારબક્સ'ની સમાંતર એક સામ્રાજ્ય ઊભું થઇ શક્યું હોત, પરંતુ ભારતમાં ચાનું ચલણ છે, કોફી વ્યવહારિક અને પ્રાસંગિક છે.

ઈ.સ. ૧૯૩૨ માં અમેરિકામાં ઓલિમ્પિક્સનું આયોજન થયું હતું. મંદીનો એ દૌર હતો. બ્રાઝિલના ખેલાડીઓ પાસે ઓલિમ્પિકમાં ભાગ લેવા માટે પૂરતા નાણાં ન હતાં તો એમણે શું કર્યું? અમેરિકા જતા રસ્તામાં કોફી વેચી ને ફંડ ભેગું કર્યું. ફંડ ખૂટી ગયું તો સાન ફ્રાન્સિસ્કો ગયા અને ત્યાં કોફી વેચી. કોફી કેન મેક વન્ડર્સ...આ પીણું આવા ચમત્કાર સર્જી શકે.કોફી પાસે અજાયબ તાકાત છે. કોઈ પણ વસ્તુની આદત, અંતે ખરાબ પરિણામ લાવે, પણ દુનિયાને કોફીનું ઘેલું છે, પણ ભારત તે ઘેલાપણાની રોકડી કરી શકી નથી. ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com

# બ્રાન્ડિંગમાં ફેરફાર ક્યારે લાવવા?




થોડા દિવસો પહેલાં ૨૦૨૪માં કઈ ગાડી વધુ વેચાણી તેનો રિપોર્ટ આવ્યો. આ રિપોર્ટ પ્રમાણે પહેલું સ્થાન 'ટાટા પંચે' લીધું અને બીજુ સ્થાન 'મારુતિ વેગન આર'. બંનેની વચ્ચે તફાવત અમુક હજારોનો છે પણમુદ્દાની વાત તે છે કે ચાર દાયકા પછી અર્થાત આશરે ૪૦ વર્ષ રાજ કરનાર 'મારુતિ'ને અંતે કોઈએ પાછળ મૂકી અને આ શરૂઆત છે. આનો અર્થ તે નથી કે 'મારુતિ' લીડર બ્રાન્ડ નથી, પણ લોકોની પસંદ બદલાઈ રહી છે અને તે મુજબ ગાડીઓ બનવી જોઈએ, 'મારુતિ' પાસે તે પ્રમાણેની ગાડીઓ છે અને તે પણ સારી એવી વેચાઈ. મુદ્દો તે છે કે બ્રાન્ડ માટેની લોકોની ધારણા બદલાઈ રહી છે. 'મારુતિ' એટલે વેગન આર કે પછી સ્વિફ્ટ તે બદલાવ માગશે. લોકો SUV તરફ વળી રહ્યા છે ત્યારે આ બદલાવ જોવામાં આવ્યો.

આજનો વિષય આ જ છે. થોડા સમય પહેલાંડ વૈશ્વિક સ્તરની ઓટો કંપની 'જેગવારે' પોતાનો લોગો બદલ્યો પછી અનેક લોકોએ પોતાનાં મંતવ્યો આપ્યા. વધુ પડતા મંતવ્યો નકારાત્મક હતા, કારણ કેકંપનીએ પોતાના લોગોમાંથી ફેમસ જેગ્વાર પ્રાણીનું પિક્ચર કાઢી નાખ્યું અને ફક્ત ફોન્ટ સાથેનો લોગો બનાવ્યો. આટલાં વર્ષો પછી આ બદલાવનું કારણ શું હતું? આ કંપની થોડા સમયથી નુકસાન કરતી હતી અને ધીરે ધીરે એ નફામાં આવી . નક્કી કર્યું કે સમય સાથે બદલાવ જરૂરી છે અને હવે બધી ગાડીઓ ઇલેક્ટ્રિક બનાવીશું. જયારે લોકોને કંપનીની આ વાત સમજાણી ત્યારેલાગ્યું કે આ પગલું યોગ્ય હતું.

આ વાત આપણા વિષયને સમજવા માટે હતી કે મોટી મોટી બ્રાન્ડ પણ સમય આવતા પોતાનાં બ્રાન્ડિંગમાં ફેરફાર લાવે છે.

હવે પ્રશ્ન થશે કે બ્રાન્ડિંગમાં ફેરફાર લાવવા ક્યારે ?

આજના ઝડપથી વિકસતા બિઝનેસ વાતાવરણમાં મજબૂત બ્રાન્ડ આવશ્યક છે. તમારી બ્રાન્ડ એ તમારી કંપનીનો ચહેરો છે, જે તેનાં મૂલ્યો, ઓળખ અને અનન્ય તકોનું પ્રતિનિધિત્વ કરે છે. જો કે, માર્કેટ અને કન્ઝ્યુમર અર્થાત ઉપભોક્તાઓની પસંદગીઓ બદલાતી હોવાથી, સમયાંતરે તમારી બ્રાન્ડિંગ વ્યૂહરચનાઓનું પુનઃમૂલ્યાંકન કરવું જરૂરી છે. બ્રાન્ડિંગ બદલવાનો સમય આવ્યો છે તેના સંકેતોમાંનોએક એટલે જ્યારે તમારો લોગો, વેબસાઇટ અથવા માર્કેટિંગ સામગ્રી જૂની લાગવા-દેખાવા લાગે છે. બ્રાન્ડ્સ ઝડપથી બદલાય છે અને જે થોડાં વર્ષો પહેલાં અત્યાધુનિક હતું તે ઝડપથી જૂનું અને રસહીન બની શકે છે. વર્તમાનમાં રહેવા માટે, તમારે એવી બ્રાન્ડની જરૂર છે જે ટ્રેન્ડી હોય અને સારી દેખાય. બ્રાન્ડ જૂની થઇ રહી છે તે જાણવાનો સરળ રસ્તો એટલે પ્રતિસ્પર્ધીની આધુનિક બ્રાન્ડિંગની તુલનામાં જો તે ઓછી આકર્ષક લાગે તો પોતાની કંપનીનું બ્રાન્ડિંગ જૂનું છે કે નહીં તે નક્કી કરી શકાય.

બીજી વાત, જેમ જેમ તમારો વ્યવસાય વધે છે તેમ તમારા ગ્રાહકો પણ વધે છે. જો તમને લાગે કે તમારી બ્રાન્ડિંગ હવે તમારા આદર્શ ગ્રાહકો સાથે બંધબેસતી નથી અથવા નવા લોકોને આકર્ષવામાં નિષ્ફળ જાય છેતો આ એક મજબૂત સંકેત છે કે બ્રાન્ડને અપડેટની જરૂર છે. ગ્રાહકોની બદલાતી

જરૂરિયાતો અને પસંદગીઓને વધુ સારી રીતે સમજવા માટે માર્કેટ રિસર્ચ કરો અને તમારા ગ્રાહકો પાસેથી માહિતી એકત્રિત કરો.

જો તમારો વ્યવસાય અન્ય વ્યવસાય અથવા કંપની સાથે મર્જ થઈ રહ્યો છે અથવા હસ્તગત કરવામાં આવી રહ્યો છે અથવા તો નવી માર્કેટમાં તમે પ્રવેશો છો અથવા નવાં ઉત્પાદનો / સેવાઓ લાવી રહ્યા છો, જેનો હેતુ અથવા ઉદેશ્ય જૂની બ્રાન્ડ સાથે મેળ ના ખાતા હોય ત્યારે રિ-બ્રાન્ડિંગ જરૂરી છે.

આનો અર્થ એ નથી કે તમારે તમારી મૂળ બ્રાન્ડની ઓળખને સંપૂર્ણપણે છોડી દેવી પડશે, પરંતુ તમારે તમારી બ્રાન્ડ વ્યૂહરચનાના આધારે ફેરફારો કરવા પડશે.

જો તમારી ઇન્ડસ્ટ્રીમાં ધરમૂળથી બદલાવ આવી રહ્યા હોય, જો તમારા પ્રતિસ્પર્ધી તમારાથી વધુ સારું કરી રહ્યા હોય, જો તમારી બ્રાન્ડિંગ તમારી કંપનીની જોઈએ તેવી સ્થિતિને પ્રતિબિંબિત કરતી નથી અથવા તમારા સ્પર્ધાત્મક લાભને વ્યક્ત કરવામાં નિષ્ફળ જાય છેતો તમારી બ્રાન્ડ વ્યૂહરચનાને બદલવાનો સમય આવ્યો છે તેમ જાણવું-સમજવું.

આપણે જાણીએ છીએ કે વેપાર, પ્રતિષ્ઠા મહત્વની છે. જો તમારા માટે મીડિયામાં ખરાબ વાતો લખાય અથવા અમુક ઘટનાઓએ તમારી બ્રાન્ડની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડ્યું હોય તો રિ-બ્રાન્ડિંગ વિશ્વાસ પુનઃનિર્માણ કરવામાં મદદ કરી શકે છે.

જો તમારી બ્રાન્ડિંગમાં સુસંગતતા નથી તો તમારે તેના માટે વિચારવું પડશે. તમારો લોગો અલગ કલરનો છે અને તમારું માર્કેટિંગ મટેરીઅલ અલગ છે તો આવા સમયે તમે તમારા ગ્રાહકોને મૂંઝવણમાં મૂકો છો. આવા સમયે બ્રાન્ડિંગની સુસંગતતા બ્રાન્ડની અલગ છબી ઊભી કરી વધુ વિશ્વાસ નિર્માણ કરશે.

રિ-બ્રાન્ડિંગ માત્ર પરિવર્તન વિશે નથી, પણ આગળ વધવા વિશે પણ છે. રિ-બ્રાન્ડિંગ તમને નવા ગ્રાહકો, નવા સેગ્મેન્ટ સુધી પહોંચવામાં મદદ કરી શકે છે. તમારી બ્રાન્ડ કંટાળાજનક નહિ, પણ એક વિચારશીલ અને સમય સાથે ચાલતી બ્રાન્ડ છે તે સમજાવશે. તમારા સ્પર્ધકો સાથે અથવા એમનાથી તમે બેહતર છોએવી છાપ ઊભી કરવામાં મદદ કરશે. આમ સમય સાથે બ્રાન્ડમાં બદલાવ તમારા વ્યવસાયના સફળ ભવિષ્ય માટેનો માર્ગ મોકળો કરશે. ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# ગઝલનો ભેખધારી પ્રતિભાવંત શાયર રતિલાલ ‘અનિલ’

## નથી એક માનવી પાસે બીજો માનવી પહોંચ્યો ‘અનિલ’ મેં સાંભળ્યું છે ક્યારનો બંધાય છે રસ્તો.



ગુજરાતી ગઝલનો પોણી સદીનો જીવંત ઈતિહાસ જેણે રચ્યો, વર્તમાન ગઝલના પાયાના પથ્થર બનેલા શાયરો સાથે સાક્ષાત્કાર જેવો પરિચય અને મુશાયરાના આયોજનનું વફાદારીથી કામ કરનાર સર્જકની આજે વાત કરવી છે. આ સર્જક છે રતિલાલ ‘અનિલ’. મૂળ નામ રતિલાલ મૂળચંદદાસ રૂપાવાલા, વતન સૂરત, તખલ્લુસ ‘અનિલ’. જન્મ તારીખ ૨૩-૨-૧૯૧૯. ૯૪ વર્ષના આયુષ્યમાં ૭૧ વર્ષ ગઝલની સાધના, આરાધના, સંવર્ધન અને સજ્જતામાં વીતાવ્યા.

આઝાદી સંગ્રામમાં સરકાર વિરોધી ચોપાનિયા છાપીને લોકો સુધી પહોંચાડવાના કામ બદલ ૧૯૪૨માં એક વર્ષની જેલ થઈ. સાબરમતી જેલમાં તે વખતે પુરુષોત્તમ માવળંકર, રવિશંકર મહારાજ જેવા મોટા નેતાઓના પરિચયમાં આવ્યા. ૧૯૪૩માં કેદમાંથી છૂટીને સૂરત આવ્યા. જરીના કારખાનામાં શાળ પર વણાટકામ અને સાથે સાથે નવા જ સ્થાપેલા ‘મહાગુજરાત ગઝલમંડળ’માં જોડાઈ ગયા અને લેખન કાર્ય વેગવંતું બનાવ્યું. અનેર મોટાં અખબારોમાં હાસ્ય-વ્યંગ અને કટાક્ષની કૉલમ લખી અને પછી વર્ષો સુધી ‘ગુજરાત મિત્ર’ના તંત્રી વિભાગમાં કાર્યરત રહ્યા. ‘પ્યારા બાપુ’, ‘પ્રજ્ઞા’, ‘બહાર’ જેવા શિષ્ટ સાહિત્યના માસિકોના સંપાદક રહ્યા. ‘કંકાવટી’ નામનું સાહિત્યનું માસિક એકલે હાથે ૪૩ વર્ષ સુધી ચલાવ્યું. ‘અનિલ’ ઉપનામ ગઝલ માટે જ્યારે નિબંધ અને અન્ય સાહિત્ય માટે ‘સાંદીપનિ’, ટચાક અને ‘કલ્કિ’ તેમનાં ઉપનામો હતાં.

ગઝલ ક્ષેત્રમાં ૭૫ વર્ષના પ્રદાન માટે સાહિત્ય અકાદમીએ વલી ગુજરાતી ગઝલ એવોર્ડ આપ્યો હતો અને ૨૦૦૬માં નિબંધ સંગ્રહ ‘આટાનો સૂરજ’ માટે પુરસ્કાર પ્રદાન થયો હતો.

મહાગુજરાત ગઝલ મંડળના મંત્રી તરીકે વર્ષો સુધી ગાંઠના ગોપીચંદન કરીને સેવા આપી. છેલ્લે પ્રમુખ પણ થયા. ‘સફરના સાથી’ પુસ્તકમાં રતિલાલ ‘અનિલ’ નોંધે છે કે શાયર અમીન આઝાદની સાઈકલની દુકાને સાંજે પહોંચી ત્યાં અમીનભાઈના અરબી કંઠે સ્વરબદ્ધ ગઝલો સાંભળી તેના સંસ્કારથી ગઝલ પ્રત્યેનું આકર્ષણ વધ્યું. મંડળ દર ત્રણ મહિને મુશાયરો યોજે ગુજરાત અને મુંબઈના શાયરો શયદા સાહેબની આગેવાની નીચે પોતાના ખર્ચે ભાગ લેવા આવે. મંડળ કોઈકના ખાલી ઘરમાં ઉતારાની, ચા-પાણી અને જમવાની વ્યવસ્થા કરે. ૧૯૪૨ થી ૧૯૫૦, ફરી ૧૯૫૫ થી મંડળ ચાલ્યું ત્યાં સુધી શાયરો અને મુશાયરાનો એમને ગાઢ સંપર્ક, અંગત ઘરોબો. ઉમાશંકર જોશી, બળવંતરાય ઠાકોર, વિજયરાય જેવા સાક્ષરોની ઉપસ્થિતિમાં મુશાયરા યોજાતા. આમ ગઝલનો નક્કર પાયો રચવામાં રતિલાલનું પ્રદાન બહુ મૂલ્ય છે. આજની ગઝલ એ પાયા પર ઊભી છે. એ જ મુશાયરા પ્રવૃત્તિએ સંખ્યાબંધ નીવડેલા શાયરો આપ્યા છે. એ પ્રવૃત્તિ ન થઈ હોત તોયે થોડાકે ગઝલ લખી હોત. પણ સતત લખતા રહ્યા હોત નહીં. વિવિધ સ્થળોએ મુશાયરા યોજીને ગઝલને લોકસમુદાય સુધી પહોંચાડી.

મુશાયરા પ્રવૃત્તિ સાથે ‘અનિલ’ ગઝલ સર્જનમાં આગળ વધી રહ્યા હતા. તેમનો પહેલો ગઝલ સંગ્રહ ‘ડમરો અને તુલસી’ ૧૯૫૫માં પ્રગટ થયો. શયદાની પેઢીના તમામ શાયરો સાથે અંગત મૈત્રિ તો ત્યાર પછી પણ આધુનિક ગઝલકારોની ત્રીજી-ચોથી પેઢી સાથે ગઝલના સર્જન માટે પ્રવૃત્ત રહ્યા. ‘મસ્તીની પળોમાં’ ૧૯૫૬માં મુખ્યત્વે રુબાઈ સંગ્રહ આપ્યો. ૧૯૭૭માં ‘રસ્તો’ નામનો બીજો ગઝલ સંગ્રહ આપ્યો છે. ‘આવા હતા બાપુ’ના ત્રણ ભાગ અને ‘ઈન્દિરા ગાંધી’, ગઝલકારોના પરિચય સાથે ગઝલના પોણી સદીના ઈતિહાસ સમું આત્મકથનાત્મક નોંધ આપતું પુસ્તક ‘સફરના સાથી’ ૨૦૦૧માં આપ્યું છે. ‘ચાંદરણા’માં એક વાક્યની ચમત્કૃતિ છે.

શાળાનો અભ્યાસ માંડ ચાર ધોરણ સુધીનો. ભણતરની બાબતમાં એમની તુલના મરીઝ સાથે થઈ શકે.

‘અનિલ’માં વાસ્તવિકતા છે, નક્કર ધરતી પર રહીને વાત કરે છે. શબ્દોની સૂઝ, વિવિધ રસોની સહજ નિષ્પતિ, બોલચાલની મીઠડી ભાષા, પ્રતીકો અને રૂપકોની સાચી સમજણ એમની ગઝલોને અલાયદું સ્થાન આપે છે. ગુજરાતી ગઝલનો ઈતિહાસ લખાશે ત્યારે રતિલાલ ‘અનિલ’નું નામ નિઃસંકોચ પ્રથમ હરોળમાં જ હોવાનું. ગઝલમાં એમણે કરેલા પ્રદાનની નોંધ લઈ એમના કેટલાક અમર શેરોનો આસ્વાદ માણીએ. એમની પ્રખ્યાત ‘રસ્તો’ ગઝલના ચંદ શેરથી શરૂઆત કરીએ, રસ્તો તો વસ્તીથી જંગલ સુધી બધે પહોંચે છે પણ એક માનવીથી બીજા માનવી સુધી રસ્તો બંધાયો નથી.

અહીંથી સાવ સીધો ને સીધો આ જાય છે રસ્તો
તમારા ધામ પાસે કેટલો વંકાય છે રસ્તો.
નથી એક માનવી પાસે બીજો માનવી હજી પહોંચ્યો
‘અનિલ’, મેં સાંભળ્યું છે ક્યારનો બંધાય છે રસ્તો!

અનિલે પહેલી પ્રીતના રંગોથી રંગાયેલી ગઝલ આપી છે જેને લય અને રવાની મંત્રમુગ્ધ કરે તેવાં છે. આખી ગઝલ માણીએઃ

યૌવનની પ્રીત પ્હેલી, ફાગણની રંગહેલી
હૈયું અતિ અધીરું ને આંખ સાવ ઘેલી.
નયને કટાક્ષ આછા વાણી પ્રીતે રસેલી
હૈયામાં પ્રીત જાણે મ્હેંકી ઊઠી ચમેલી.
પ્રસરે છે એમ બાહુ, વીંટળાય છે જેમ વેલી
શરમાઈ તે રહ્યા છે, મેં સાવ લાજ મેલી
ઈર્ષ્યાળુ કેટલી છે, ઊગી ઉષા વહેલી
જોઈ રહ્યાં છો સ્વપ્નો! કાં આંખ છે ઢળેલી?
તારી શરમની લાલી ગુલમ્હોરમાંય રેલી
કાં આંગળીઓ આજે પાલવથી ખૂબ ખેલી
ફૂલો તો શું વસંતે કળિયો છે છકેલી
સુંદર છે એ ‘અનિલ’, મેં વસ્તુઓ સૌ ચહેલી

‘અનિલ’ની વરસાદી ગઝલનો મત્લા માણવા જેવો છેઃ

કોરું હૈયું કૈં જ ભીંજાયું નહીં?
કેમ તે વરસાદમાં ગાયું નહીં?
* * *

‘અનિલ’ના બીજા શેરોને માણીએ જેથી એમના અનન્ય પ્રદાન વિશે ખ્યાલ આવેઃ

આવી હતી બહાર કદી ઘરને આંગણે
ને હું જ ઘરબહાર હતો - કોણ માનશે?
* * *
મારામાં તું વસી રહ્યો એ વાત સત્ય હોય તો
મારા પતનને કાજ હા, તુંયે જવાબદાર છે
* * *
હસવું પડ્યું જે કોઈને સારું લગાડવા
એ શોકનો પ્રકાર હતો કોણ માનશે?
* * *
મારા જીવનનું શિલ્પ ઘડાયું નહીં ‘અનિલ’,
જીવન વિતાવ્યું કોઈની મૂર્તિ ઘડી ઘડી
મારી સૂરત ન જોઈ મેં નિજને ન ઓળખ્યો,
થાકી ગયું જગત મને દર્પણ ધરી ધરી
* * *
ડહાપણનો ભાર નિત્ય તો ઊંચકાય ના કદી
પાગલ થવાની થાય છે ઈચ્છા કદી કદી
* * *
તાજનું શિલ્પ કાવ્ય નીરખીને હર્ષના આંસુ કૈંક લૂછે છે
દાદ આપે છે શા’જહાંને સૌ, એના શિલ્પીને કોણ પૂછે છે?
* * *
મેં ‘અનિલ’ માગી નથી જગમાં યુગોની જિંદગી
કોઈ યુગને સાંપડે છે એક એવી ક્ષણ મળે! ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ

# વિકટ સંજોગોમાં પણ આત્મવિશ્વાસ ન ગુમાવવો જોઈએ

એક મિત્રએ પ્રખ્યાત પત્રકાર રજત શર્માનો એક નાનકડો વીડિયો મોકલ્યો, જેમાં શર્માએ ન્યૂઝ એજન્સી ‘એએનઆઈ’નાં સ્મિતા પ્રકાશ સાથે વાત કરી હતી કે ફિલ્મ અભિનેતા શાહરૂખ ખાન સાથે પોતાની પ્રથમ મુલાકાત કઈ રીતે થઈ - શાહરૂખે એમનું દિલ કઈ રીતે જીતી લીધું અને પછી એમની દોસ્તી કઈ રીતે થઈ.... જોકે એ વીડિયોમાંથી એક વાત જીવનમાં ઉતારવા જેવી એ હતી કે માણસે સપનાં જોવાનું ન છોડવું જોઈએ અને આત્મવિશ્વાસ જાળવી રાખવો જોઈએ.

આગળના શબ્દો રજત શર્માના છેઃ

‘શાહરૂખ જ્યારે મુંબઈ આવ્યા હતા તો એ મને નહોતા ઓળખતા અને હું એમને ઓળખતો નહોતો. એમની ‘બાઝીગર’ ફિલ્મ રિલીઝ થઈ હતી એ સમયમાં એક વાર શાહરૂખ ખાન ઍરપૉર્ટ પર ઊભા હતા. મને જોઈને એ મારી પાસે આવ્યા અને કહ્યુંઃ ‘સર, હું તમને ઓળખું છું.’

મેં કહ્યું કે ‘હું પણ તમને ઓળખું છું.’

શાહરૂખે કહ્યુંઃ ‘પણ સર, આઈ હેટ યુ, હું નફરત કરું છું તમને!’

હું સ્તબ્ધ થઈ ગયો. મેં કહ્યું કે, ‘મેં શું બગાડ્યું છે? નફરત કેમ?’

શાહરૂખે કહ્યુંઃ ‘પેલી સ્ત્રી જે અત્યારે પોતાં કરી રહી છે ને ઍરપૉર્ટ પર એ જુઓ છો તમે?’

મેં કહ્યુંઃ ‘હા.’

શાહરૂખે કહ્યુંઃ ‘તે તમારી પાસેથી નીકળી તો એણે તમને કહ્યુંઃ ‘શર્મા સર, જરા ખસશો?’

મેં કહ્યું, ‘હા. એણે એવું કહ્યું હતું.’

શાહરૂખે કહ્યુંઃ ‘પણ તે મારી પાસે આવી ત્યારે એણે મને એવું કહ્યુંઃ ‘એ શાહરૂખ, ખસ!’ હું ‘એ શાહરૂખ’ અને તમે ‘શર્માસર’! તમારા પર શું સુરખાબની પાંખ લાગી છે? હું ચશ્માં પહેરું? શું કરું? કમ્પ્યુટર લઈને ફરું?’

શાહરૂખના એ ચાર વાક્યએ મારું દિલ જીતી લીધું. મને થયું કે શું વાત કરે છે આ માણસ! એ પછી ફ્લાઇટમાં મારી બાજુમાં આવીને બેઠો અને એણે મારી સાથે વાતો શરૂ કરી. તમે નહીં માનો, પણ બે ક્લાક પછી અમારી ફ્લાઇટ લૅન્ડ થઈ ત્યારે હું એનો ચાહક બની ગયો હતો!

અમે ઍરપૉર્ટમાંથી બહાર નીકળી રહ્યા હતા ત્યારે એણે મને પૂછ્યુંઃ ‘શું ઊંધા લટક્યા છો તમે ક્યારેય?’

મેં કહ્યુંઃ ‘હું શા માટે ઊંધો લટકું?’

તો એણે કહ્યુંઃ ‘હું ત્રણ ક્લાક ઊંધો લટકીને આવ્યો છું. હું ‘એ શાહરૂખ!’ અને તમે ‘શર્મા સર!’ પછી એણે મને કહ્યુંઃ ‘મારી સાથે મારી ફિલ્મના સેટ પર આવશો?’



શાહરૂખ ખાન અને રજત શર્મા

મેં કહ્યુંઃ ‘હા, ચાલો.’

ઍરપૉર્ટ બહાર એની લાલ કલરની કાર ઊભી હતી. એણે કહ્યુંઃ ‘આ કાર રાજેશ ખન્નાની છે મેં ખરીદી છે.’

મેં કહ્યુંઃ ‘સારું.’

એણે કહ્યુંઃ ‘આ જે ડ્રાઈવર છે તે રાજેશ ખન્નાનો છે. મેં એને નોકરીએ રાખ્યો છે.’

મેં કહ્યુંઃ ‘સારું.’

એણે કહ્યુંઃ ‘તમે જેમ રાજેશ ખન્નાને ‘આપ કી અદાલત’માં લાવ્યા હતા એમ શાહરૂખ ખાનનેય લાવો.’

શાહરૂખ રાજેશ ખન્નાને બહુ મોટા સ્ટાર માને છે. એ સમયમાં માત્ર રાજેશ ખન્ના એક જ એવા ફિલ્મ સ્ટાર હતા જે ‘આપ કી અદાલતમાં’ આવ્યા હતા. એ વાતને એકાદ વર્ષ થયું હતું.

શાહરૂખની વાત સાંભળીને મેં કહ્યુંઃ ‘પણ તમે હજી એક-બે ફિલ્મ જ કરી છે.’

તો એણે કહ્યુંઃ ‘નહીં સર. હું ઘણી ફિલ્મો કરવાનો છું.

મેં કહ્યુંઃ ‘સારું, ચાલો હું જોઈશ.’

એક મહિના પછી મુંબઈમાં ‘આપ કી અદાલત’નું શૂટિંગ શેડ્યુલ હતું, જેમાં બાળ ઠાકરે, શરદ પવાર, ગુલશન કુમાર જેવી પર્સનાલિટી આવવાની હતી. મેં મારી ટીમને કહ્યુંઃ ‘શાહરૂખ ખાનની ‘આપ કી અદાલત’માં આવવાની ઇચ્છા છે.’ તો બધાએ કહ્યુંઃ ‘સર, આપણે માત્ર એક સ્ટારને જ અને એ પણ રાજેશ ખન્ના જેવા મોટા સુપરસ્ટારને જ લાવ્યા છીએ. હવે આ નવા એક્ટરને લાવીશું?’

મેં કહ્યું, ‘નહીં, આ માણસમાં દમ છે, કૉન્ફિડન્સ છે અને મને લાગે છે કે આ માણસ બહુ આગળ જશે. તો હું એનો ઇન્ટરવ્યૂ કરીશ.’

તો ટીમના બધા સભ્યોએ કહ્યુંઃ ‘બિલકુલ નહીં કરવા દઈએ તમને.’ ઘણી વાતચીત પછી એ બધા માની ગયા અને મેં શાહરૂખ સાથે શો કર્યો અને તેણે શું જવાબો આપ્યા હતા! એ શો બહુ જ હીટ સાબિત થયો. અમારી દોસ્તી ગાઢી થઈ ગઈ. એ પછી મને શાહરૂખ પાસેથી વારંવાર સાંભળવા મળતુંઃ ‘સર, પહેલાં મને પાંચ હજાર લોકો પ્યાર કરતા હતા હવે આ શો પછી પાંચ લાખ કરશે.’

અઢાર વર્ષ પછી ફરી વાર શાહરૂખ ‘આપ કી અદાલત’માં આવ્યા. ત્યારે એ બહુ જ મોટા સુપરસ્ટાર બની ગયા હતા. મેં એમને સવાલ પૂછવાનું શરૂ કર્યું એ પહેલાં એમણે કહ્યુંઃ ‘હું એક વાત કહેવા માગું છું.’

એણે ઑડિયન્સ તરફ ફરીને કહ્યુંઃ ‘મારી જિંદગીનો સૌથી મોટો અને પ્રથમ ઇન્ટરવ્યુ ‘આપ કી અદાલત’માં હતો.’ એ પછી એણે મને કહ્યુંઃ ‘હું તમને થેન્ક યુ કહેવા માગું છું કે તમે મને મોટો સ્ટાર બનાવ્યો!’

મેં કહ્યુંઃ ‘તમારી ફિલ્મોને કારણે...’

તો એમણે કહ્યુંઃ ‘નહીં, સર. એ સમયમાં તમે મને મોટો બનાવ્યો હતો.’

આ શાહરૂખની મહાનતા છે.’

*****

અહીં રજત શર્માની વાત પૂરી થાય છે, પણ એમાંથી સાર તારવવા જેવો છે એ વિશે વાત કરીએ.

શાહરૂખ ખાન મુંબઈ આવ્યા ત્યારે એમણે ઘણો સંઘર્ષ કર્યો હતો. પ્રોડ્યુસર્સ કલાકો સુધી બેસાડી રાખતા હતા અને રાહ જોવડાવ્યા પછી પણ પ્રોડ્યુસર્સ કે ડિરેક્ટર્સ એમને મળે નહીં એવા કિસ્સાઓ પણ બનતા હતા, પરંતુ એવા સમયમાં પણ શાહરૂખ ખાને સપનાં જોવાનું છોડ્યું નહોતું.

સંઘર્ષના એ દિવસોમાં એ મુંબઈના વાંદરા ઉપનગરના બેન્ડ સ્ટેન્ડ વિસ્તારમાં જતા અને ત્યાં દરિયાકિનારે બેન્ડ સ્ટેન્ડની પાળીએ બેસીને સામે એક બંગલો જોઈને વિચારતા હતા કે એક દિવસ હું આ ઘર ખરીદી લઈશ અને કેટલાક દાયકા પછી એમણે ખરેખર એ વિશાળ ઘર ખરીદી લીધું અને ત્યાં છ માળનો બંગલો બનાવ્યો. એમનો ‘મન્નત’ બંગલો આજે હવે મુંબઈ ફરવા આવતા પ્રવાસીઓ માટે આકર્ષણનાં કેન્દ્ર સમાન બની ગયો છે.

માણસે સપનાં જોવાનું ન છોડવું જોઈએ. માણસ પાસે બીજું કશું ન હોય ત્યારે પણ એની પાસે આત્મવિશ્વાસ હોય તો એ ગમે તેવા વિકટ સમય-સંજોગમાંથીય પોતાનો રસ્તો કાઢી શકે છે એનો સાક્ષાત પુરાવો શાહરૂખ ખાન છે. ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# એક ‘અગાથા’ની ગાથાઃ ‘ગુમનામ’ની નામચીન લેખિકા

**ટાઇટલ્સઃ**
**જીવનથી મોટું કોઈ રહસ્ય નથી. (છેલવાણી)**

‘ચૂરાનેવાલે તો આંખોં સે સૂરમા તક ચૂરા લેતે હૈં’, એવું શાયરો ભલે કહે, પણ અચાનક જ માણસનું વેશપલટો કરી ગાયબ થઈ જવું એ જાદૂ જ છે ને?

ઇંગલૅન્ડની સોફી લોઈડ નામની જાદુગરણીએ ખરેખર આવું કર્યું છે. થયું એવું કે ૧૯૮૦ના દાયકામાં જાદૂગરોની ‘મેજિક સર્કલ’ સંસ્થામાં સ્ત્રીઓને પ્રવેશ નહોતો, પણ સોફીને એના મિત્ર જેનીએ ૧૮ મહિના જાદૂની તાલીમ આપી અને પુરુષનું વર્તન, અવાજ વગેરે શીખવ્યું. પછી સોફી વેશપલટો કરીને, ‘રેમન્ડ લોઈડ’ના નકલી નામે ભલભલા જાદૂગરોની આંખો પર જાદૂ કરીને વરસો સુધી સંસ્થામાં રહી અને માર્ચ ૧૯૯૧માં ‘મેજિક સર્કલ’ની પરીક્ષા પાસ પણ કરી!

આખરે જ્યારે સોફી પકડાઈ ગઈ ત્યારે એને કાઢી મૂકવામાં આવી ને ઇંગ્લૅન્ડભરમાં જાદૂગરણી તરીકે સોફી પર પ્રતિબંધ લદાયો ત્યાર બાદ સોફી ગુમનામ રહીને લોકોને થોડો સમય મેજિક શિખવાડતી હતી, પણ પછી કંઇ એનો અતોપતો નહોતો. સમય જતાં સમય બદલાયો. ‘મેજિક સર્કલ’માં સ્ત્રીઓ સાથે ભેદભાવ અટક્યો અને છેક અત્યારે ૨૦૨૪માં ‘મેજિક સર્કલ’ની પ્રથમ મહિલા પ્રેસિડેન્ટ લૌરા લંડનએ ગુમશુદા સોફીની માફી માગવા ખૂબ શોધ આદરી પણ સ્ટેજ પર આખેઆખા માણસને ગુમ કરી દેનારી સોફી પોતે જ કાયમ માટે ગાયબ થઈ ગઈ છે!

આવી જ રીતે ક્રાઈમ થ્રિલર્સ નવલકથાઓની જગમશહૂર લેખિકા અગાથા ક્રિસ્ટી પણ ૧૯૨૬માં પ્રથમ પતિ સાથે છૂટાછેડા બાદ મહિનાઓ સુધી સાવ ગાયબ હતી! ‘અગાથાએ આપઘાત કર્યો? એનું અપહરણ થયું? એની હત્યા થઇ?’ વગેરે અફવાઓ ઊડી. ‘ક્વિન ઑફ ક્રાઇમ’ અગાથાની નામના એટલી કે દેશવિદેશથી પત્રકારો ગાયબ અગાથા વિશે જાણવા ઇંગ્લૅન્ડ આવી પહોંચ્યા. ડિટેક્ટિવ ‘શેરલોક હોમ્સ’ જેવું અમર પાત્ર સર્જનાર અને ઇંગ્લૅન્ડના જાણીતા લેખક સર આર્થર કોનન ડોયલે મૃતાત્માઓનો સંપર્ક પણ સાધી જોયો અગાથાનું પગેરું મેળવવા! ૧૦૦૦ જેટલી પોલીસ, ૧૫૦૦૦ જેટલા સ્વયંસેવકો અગાથાને શોધવા માંડ્યા પછી અચાનક જ અગાથા એક હોટેલમાંથી મળી આવી, જ્યાં એ છદ્મનામે રહેતી હતી!

અગાથાના એ ગાયબ થવાનું રહસ્ય ક્યારેય ઉકેલાયું નહીં કે ના તો એની આત્મકથામાં એ ગુમનામી વિશે કશું છે. કમાલની વાત એ છે કે ૧૯૬૫ની સુપરહિટ હિંદી ફિલ્મ ‘ગુમનામ’ ફિલ્મની વાર્તા અગાથાની નવલકથા ‘એન્ડ ધેન ધેર વેર નન’ પરથી આધારિત હતી!



અગાથા ક્રિસ્ટીએ ૬૦થી વધારે ક્રાઇમ-નવલકથાઓ લખી, જેના પરથી અનેક અંગ્રેજી યુરોપિયન કે હિંદી ફિલ્મો, વેબ સીરિઝ કે નાટકો બન્યાં. અગાથાનું ‘માઉસટ્રેપ’ નામનું નાટક છેક ૧૯૫૨થી આજ સુધી સતત ભજવાય છે.

(આપણે ત્યાં આ નાટક ગુજરાતીમાં પણ INTએ ભજવ્યું છેઃ ‘વ્હેંત છેટું મોત’ના નામે!)

અગાથાએ માત્ર ૧૦ જ વર્ષની ઉંમરે પહેલું કાવ્ય અને ૧૮ વર્ષે ટૂંકી વાર્તાઓ લખવા માંડેલી, પણ એની મોટી બહેને અગાથાને લાંબી વાર્તા-નવલકથા લખવા ચેલેન્જ આપી તો અગાથાએ ‘મિસ્ટિરિયસ અફેર એટ સ્ટાઈલ’ નવલકથા લખી દેખાડી. એ નોવેલ લખતી વખતે અગાથાએ માત્ર બે જ મિનિટ માટે બસની સફર દરમિયાન જોયેલા એક બેલ્જિયન પુરુષ પરથી એક પાત્ર રચી કાઢ્યું, જેને આજે સૌ ‘ડિટેક્ટિવ હરક્યૂલ પાયરો’ તરીકે ઓળખે છે.

**ઇન્ટરવલઃ**
**કિસકો સમઝે હમ અપના? કલ કા નામ હૈ એક સપના!**
**ગુમનામ હૈ કોઈ, અનજાન હૈ કોઈ..(હસરત)**

અગાથાની સસ્પેંસ કથનીની ખાસ સ્ટાઈલ હતી. કોઈની હત્યા પછી અલગઅલગ વ્યક્તિઓ તરફ શંકાની આંગળી ચીંધતી ને છેલ્લે હત્યા-હત્યારાનો પર્દાફાશ કરાવતી. ‘ખૂન કરાવવા હંમેશા હથિયાર હોવું જરૂરી છે’ એવું અગાથા માનતી નહીં કારણ કે વિશ્વયુદ્ધ-૧ વખતે એણે રેડક્રોસની નર્સ તરીકે સેવા આપેલી અને ત્યાં એને જુદાં જુદાં ‘વિષ’ વિષે જાણકારી મળેલી. એમ તો યુદ્ધ વખતે જુદાં જુદાં હથિયારો પણ જોયાં હશે, પણ ‘વિષ’ એ વેર લેવા માટે અગાથાને બહુ ગમતું. ભારતની કંઈ કેટલીય ડિટેક્ટિવ ફિલ્મો-સિરિયલો અગાથાની વાર્તાઓ પર પ્રેરિત છે અને ત્યાં સુધી કે લોકપ્રિય હિંદી સિરિયલ ‘બ્યોમકેશ બક્ષી’માં ‘કરોળિયાના ઝેરથી થતી હત્યા’, એ પણ અગાથાનાં ખતરનાક ભેજાની ઊપજ છે. સસ્પેંસના બેતાજ બાદશાહ શહેનશાહ, હોલિવૂડના સમર્થ ડાયરેક્ટર આલ્ફ્રેડ હિચકોક પણ અગાથાના ફેન હતા. એમણે ‘મર્ડર ઑન ઓરિએંટલ એક્સપ્રેસ’ જેવી અદ્‌ભુત ફિલ્મ અગાથાની નોવેલ પરથી સર્જેલી.



જગમશહૂર લેખિકા અગાથા ક્રિસ્ટી

૧૯૧૪માં રોયલ મિલિટરી કૉલેજના આર્કિબાલ્ડ ક્રિસ્ટી સાથે અગાથાનાં પ્રેમલગ્ન થયાં, એક દીકરી જન્મી, પણ ૧૯૨૮માં આર્કિબાલ્ડ સાથે છૂટાછેડા લીધાં બાદ અગાથા અનેક બીમારીઓ, હતાશાનો ભોગ બની.. પછી એ ઇરાક ચાલી ગઈ, જ્યાં પોતાનાથી ૧૩વર્ષ નાના આર્કિયોલૉજિસ્ટ - પુરાતત્ત્વવિદ મેક્સ મેલોવનના પ્રેમમાં પડી પરણી ગઈ. ખંડેરોમાં, પુરાણી જગ્યાઓમાં સંશોધન માટે દિવસો સુધી મેલોવનને એના બોસ વૂલી સાથે અગાથાથી દૂર રહેવું પડતું, જેના ગુસ્સામાં અગાથાએ ‘મર્ડર ઈન મેસોપોટેમિયા’ પુસ્તક લખ્યું, જેમાં આર્કિયોલૉજિસ્ટની પત્નીનું ખૂન થાય છે! આ પુસ્તક એણે મેલોવેનના ક્રૂર બોસ વૂલીને અર્પણ કરીને કલાત્મક બદલો લીધો. અગાથા કહેતીઃ

‘પતિ તરીકે પુરાતત્ત્વવિદ સારો, કારણકે જેમ પત્ની જૂની થાય એમ એનો પ્રેમ વધે!’


ક્રાઇમ થ્રિલરવાળી ઈમેજને બદલવા અગાથાએ ‘મેરી વેસ્ટમેકોટ’ના ઉપનામે પ્રેમકથાઓ લખી, પણ નિષ્ફળતા મળી. અગાથા ક્રિસ્ટીનાં લગભગ ૧૧૦ જેટલાં પુસ્તક ૧૫૭ ભાષામાં આવ્યાં છે, જેની ૪૦૦ કરોડ કોપી વેચાઈ છે, જે એક રેકોર્ડ છે. અગાથાના નાટક ‘વિટનેસ ફોર ધ પ્રોસિક્યુશન’ પરથી આજે કેવળ હાસ્યલેખક તરીકે ઓળખાતા આપણાં લેખક તારક મહેતાએ ‘૧૬મી જાન્યુઆરીની મધરાતે’ નામનું ગુજરાતી નાટક લખેલું, જે મુંબઈમાં ખૂબ સફળ પણ થયેલું. એ નાટકની મજા એ હતી કે એના ચાલુ શોમાં પ્રેક્ષકોમાંથી ૪૫ લોકોને સ્ટેજ પર બોલાવીને જજ લોકોની એક જ્યુરી બનાવવામાં આવતી અને એ લોકો અંતમાં ગુનેગાર અને સજાનો ફેંસલો કરતા! પણ જગભરના વાચકોની જ્યૂરીમાં અગાથા આજેય અજોડ લેખિકા છે ને રહેશે.

**એન્ડ - ટાઇટલ્સઃ**
**આદમઃ એક સસ્પેંસ કહું?**
**ઈવઃ જાણું છું.** ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# તને માન છે કે તારી છડીને!



કહેવત પાછળની કથા રસપ્રદ હોય છે. એ જાણ્યા પછી કહેવત પર વધુ પ્રકાશ પડે છે. રજવાડાના સમયની વાત છે. રાજાનો એક મદોન્મત હવાલદાર કાયમ પ્રજાને ત્રાસ આપતો. એનું કામ રાજના કામકાજ માટે મજૂરો ભેગા કરવાનું હતું. આ કામ ઝડપથી પૂરું કરે તો એની હોશિયારી ગણાતી. 'આગુસે લાત ઔર પીછુસે બાત' જેવો કાળો કેર વર્તાવતો હવાલદાર હાથમાં લાંબી લાકડી – છડી રાખતો. કારણ વિના મજૂરોને ધીબેડી નાખતો. એના જુલમથી જનતા ત્રાહિમામ પોકારી ગઈ હતી. એને ખોખરો કરવાનો લાગ મળે એની રાહ જોતા હતા. રાજાનો આદેશ આવતા આપણા હવાલદાર ભાઈ કામે લાગી ગયા. રોફમાં એમને આવતા જોઈ મજૂરોના પેટમાં ફાળ પડી.

હવાલદાર પકડવા આવ્યો છે એની જાણ થતા જ વિસામો લેવા બેઠેલા મજૂરોમાં નાસભાગ થઈ ગઈ. જોકે, બે ચાર તો હવાલદારના હાથમાં ઝડપાઈ જ ગયા. તેમને બોચીએથી ઝાલી હવાલદારે કહ્યું કે 'હાલો, મારી હારે.' એક મજૂર બોલ્યો કે 'અમે બધા હમણાં જ મજૂરીએથી પાછા ફર્યા છીએ. માટે આજનો દિવસ અમને પોરો ખાવા દ્યો તો સારું. જોકે, હવાલદાર પર આ વિનવણીની કોઈ અસર ન થઈ. એ તો રીતસરનો તાડૂક્યો કે 'મારી ભેગા હાલો છો કે પછી મરમ્મત કરું.' એમ બોલી હાથમાં રહેલી છડી હવામાં વીંઝી. હવાલદારનો આવેશ જોઈ એક મજૂર બોલ્યો કે 'આટલો બધો અહંકાર કરવો રહેવા દે. તું તો શું તારો પીર પણ પાછો ફરે એ સમજી લે. **તને માન છે કે તારી છડીને!** આ તો તારા હાથમાં રાજાની છડી છે એટલે અમે બધા બી ગયા છીએ.'

આ સાંભળી હવાલદારનો ક્રોધ તો ઓર વધી ગયો અને બોલ્યો કે 'હું અં અં! મને માન નથી એમ? જો છડીને માન હોય તો આ છડી પડી' એમ બોલી જમીન પર ફેંકી દીધી અને હાકોટા પાડવા લાગ્યો. આ જોઈ મજૂરો વિચારવા લાગ્યા કે 'રાજા નથી ચલાવતો એટલો હુકમ આ ચલાવે છે. તેણે છડી ફેંકી આપણા રાજાનું મોટું અપમાન કર્યું છે. એનો હુકમ માનવાની જરૂર નથી અને આવો લાગ ફરી નહીં મળે.' અને બધા મજૂરો ભેગા થઈ હવાલદાર પર તૂટી પડ્યા અને મારપીટ થતા હવાલદાર રોવા લાગ્યો. ખાટલામાં નાખી ઘરે પહોંચતો કર્યો.

હવાલદારે મજૂરો વિરુદ્ધ દરબારમાં ફરિયાદ કરી. રાજાએ મજૂરોને બોલાવી મારપીટનું કારણ પૂછ્યું. મજૂરોએ અથથી ઇતિ વાત કરી અને વાંક હવાલદારનો છે એવો અભિપ્રાય રાજાનો બંધાયો. બક્ષિસ આપી રાજાએ મજૂરોને રવાના કર્યા અને હવાલદારને નોકરીમાંથી કાઢી મૂક્યો.


## રાષ્ટ્ર ભાષા — कहावत की कथा

કેટલીક કહેવતો એવી હોય છે જેની પાછળ રહેલી કથા જાણતી વખતે મનોરંજન તો મળે જ. ભાષાના સામર્થ્યની અને એની લાક્ષણિકતાની સુધ્ધાં જાણ થાય છે. હિન્દી કહેવત **तेरा ही चुन्न, तेरा ही पुन्न, मेरी तो हवा ही हवा है** એ પંક્તિમાં બિરાજે છે. **चुन्न** એટલે લોટ અને **पुन्न** એટલે પુણ્ય. ગામના એક વાળંદની કથા છે. લોકોના કેશ કર્તન ઉપરાંત જન્મદિન, વિવાહ સહિત અનેક પ્રસંગોએ યજમાન વતી આમંત્રણ આપવા ઉપરાંત જે તે પ્રસંગે હાજર રહી ભોજન પણ આરોગતો. એના ઘરે પુત્ર જન્મ થતા ગામવાસીઓએ કહ્યું કે 'તું બધાને ત્યાં જમણવારમાં હાજરી આપે છે, પણ ક્યારેય લોકોને જમવા નથી બોલાવતો.' વારંવારની રજૂઆતથી વાળંદ અકળાયો. કશોક વિચાર કરી તેણે જમણવારનો દિવસ જાહેર કરી ગામના લોકોને આમંત્રણ આપી દીધું. પ્રસંગને ૪ – ૫ દિવસની વાર હતી ત્યારે વાળંદ કેટલાકના ઘરે જઈ પ્રસંગ પછી પરત કરી દેશે એવું આશ્વાસન આપી જમણવાર માટે જરૂરી વાસણ કૂસણ લઈ આવ્યો. એક દિવસ રાત્રે બધું થેલામાં બંધ કરી શહેર જઈ બધા વાસણ વેચી માર્યા. જે પૈસા મળ્યા એમાંથી જમણવાર માટેની સામગ્રી લઈ આવ્યો. મીઠાઈ, ફરસાણ અને વિવિધ વાનગીઓ સાથેનો જમણવાર થયો અને ભોજન પતરાવાળી અને પડિયામાં પીરસ્યું હતું. જોકે, ભોજનનો આનંદ લેતી વખતે ગામવાસીઓને આપેલા બે ચાર વાસણ યાદ ન આવ્યા. પંગતને જમાડતી વખતે વાળંદ એમને હાથપંખાથી હવા નાખતો હતો અને લોકો એને ધન્યવાદ આપી રહ્યા હતા. એટલે વાળંદ મનોમન કહેતો કે **तेरा ही चुन्न, तेरा ही पुन्न, मेरी तो हवा ही हवा है**. તમારો જ લોટ (સામગ્રી) છે અને પુણ્ય પણ તમારું જ છે, મારી તો બસ આ હવા છે.

## એનગ્લિશ વિંગલિશ — IDIOM STORY

દરેક ભાષામાં કેટલીક કહેવતો વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી કે પછી પરીક્ષા લક્ષી તરીકે તૈયાર થઈ હોય છે. Burn the Midnight Oil idiom primarily refers to students reading late at night for achieving greater success. It can also refer to people who remain awake through wee hours in order to finish time bound work. 'બર્ન ધ મીડનાઈટ ઓઈલ' – મોડી રાત સુધી દીવો બાળી (બલ્બની શોધ થઈ એ પહેલાં) જાગી અભ્યાસ કરી જ્વલંત સફળતા મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓના સંદર્ભમાં હોય છે અથવા નક્કી કરેલા સમયમાં કામ પૂરું કરવા પરોઢિયા સુધી જાગતા લોકોના સંદર્ભમાં પણ વાપરવામાં આવે છે. આ કહેવત સદીઓથી ભાષાકીય વ્યવહારમાં સામેલ છે. કામ કરતી વખતે પોપચાં બીડાઈ ન જાય એ માટે લોકો કોફી, એનર્જી ડ્રિંક પીને કે પછી દ્રઢ નિર્ધારથી જાગતા હોય છે.

સૌપ્રથમ આ કહેવતનો ઉપયોગ ૧૭મી સદીમાં થયો હોવાનું માનવામાં આવે છે. એ સમયે અંધારું હોય ત્યારે પ્રકાશ માટે લાઈટની સ્વીચ દાબી બલ્બ કે અન્ય કોઈ લાઈટનો ઉપયોગ હાથવગો નહોતો. સૂર્યાસ્ત પછી અંધારું થતાં આ લોકો ઓઇલ લેમ્પ – તેલથી બળે એવા દીવા કે ફાનસનો ઉપયોગ કરતા હતા. આ કહેવતનો સર્વપ્રથમ ઉપયોગ ૧૬૩૫માં થયો હોવાની નોંધ છે. આજની તારીખમાં ઓઇલ લેમ્પની જરૂર નથી પડતી, પણ એ કહેવત આજે પણ પ્રસ્તુત છે અને એના ભાવાર્થને સાર્થક કરી રહી છે. વર્તમાન ગળાકાપ શૈક્ષણિક હરીફાઈના સમયમાં મોડી રાત સુધી જાગી મહેનત કરતા વિદ્યાર્થીઓની સંખ્યા અગાઉ કરતાં અનેક ગણી વધારે છે એ હકીકત છે.



A night owl, evening person, or simply owl, is a person who tends or prefers to be active late at night and into the early morning, and to sleep and wake up later than is considered normal. મોડી રાત સુધી અને ક્યારેક પરોઢિયા સુધી જાગીને કામ કરતા લોકો 'નાઈટ આઉલ' – રાત્રીના ઘુવડ તરીકે ઓળખાય છે. ઘુવડ નિશાચર (રાત્રે પ્રવૃત્તિ કરનાર) પક્ષી તરીકે પ્રખ્યાત છે. આ લોકો મોટાભાગના લોકો દિવસ દરમિયાન કામ કરતા હોય ત્યારે ઊંઘતા હોય છે. Burning the midnight oil કહેવત એ વાતનું ભાન કરાવે છે કે મનુષ્ય આકરી મહેનત કરી પોતાનું લક્ષ્યાંક પાર પાડવા ઊંઘવાના કલાકોનો ભોગ આપવા પણ તૈયાર હોય છે.

## સગ્ગી બહિણ — म्हणीची कथा

**मराठीत एक वाक् प्रचार आहे अनागोंदी माजणे. अनागोंदी म्हणजे अव्यवस्था किंवा गोंधळ.** ધાંધલ ધમાલ કે અંધાધૂંધી જેવો અર્થ થાય. અનાગોંદી માજણે એટલે અંધાધૂંધી ફેલાઈ જવી અથવા ધાંધલ ધમાલ થવી. આ વાક્ય પ્રયોગ પાછળની જાણકારી રસપ્રદ છે. કર્ણાટકના હંપી – વિજયનગર વિસ્તારમાં અણેગુંડી નામની જગ્યા છે. એવું કહેવાય છે કે આ સ્થળે પૂર્વે હાથીઓની વસ્તી હતી. હાથીને બાંધી રાખવાના પથ્થરના બાંધકામ આજની તારીખમાં પણ જોવા મળે છે. એ જગ્યા ગજશાળા તરીકે પણ ઓળખાય છે. **अणे किंवा आणे म्हणजे हती आणि गुंडी म्हणजे ठाणे यावरून जागेचा नाव अणेगुंडी अणि त्यावरून अनागोंदी नाव पडले असेल.** એકંદરે હાથીને બાંધી રાખવાનું સ્થળ અનાગોંદી પડ્યું હોવું જોઈએ. બીજી રસપ્રદ માહિતી એ છે કે મહારાષ્ટ્રના સાતારા પાસેના નાગઠાણે નામના ગામમાં પણ એક સમયે હાથીઓનું સ્થાન હતું. સંસ્કૃતમાં જમીન પર સરકતું એક પ્રાણી નાગ તરીકે ઓળખાય છે અને હાથી પણ દેવભાષામાં નાગ તરીકે ઓળખાય છે. એટલે જ હસ્તિનાપુરનો મહાભારતમાં નાગપુર તરીકે ઉલ્લેખ છે. અત્યારે મહારાષ્ટ્રના વિદર્ભ વિસ્તારમાં પણ નાગપુર છે જ ને. **थोडक्यात अणेगुंडी असो. नागपुर असो, नागठाणे असो. सारीकडे अनागोंदी आहे हे स्वरं.** એકંદરે અણેગુંડી હોય, નાગપુર હોય કે નાગઠાણે હોય, ભાષાની અંધાધૂંધી છે એ હકીકત છે. ■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# જૉબ માટે લખી આપો લોહીભીનું આવું લખાણ!



'નામ બોલો.' એક ખડુસ બૅન્કરે પૂછ્યું.

એક બૅન્કની ઑફિસ. રાજુ રદી વેઇટિંગ હોલમાં એનો વારો આવે તેની રાહ જોતો હતો. નોકરીના પહેલા દિવસે હાજર થનાર ગમે તેવો તિસમારખાં હોય, પણ હતપ્રભ દેખાતો હોય.

'મારું નામ ફોર્મમાં લખેલ છે.' રાજુ રદીએ જવાબ આપ્યો. રાજુએ ધકકા બૅન્કમાં કારકુનની નોકરી માટે અરજી કરેલી. રાજુ પ્રિલિમિનરી, મેઇન્સ અને ઇન્ટરવ્યુના કોઠા-કોઠી પાર કરીને ફાઇનલી સિલેકટેડ થયો. રાજુને એપોઇન્ટમેન્ટ ઑર્ડર મળ્યો. રાજુ રદી નોકરીમાં હાજર થવા ઑરિજિનલ ડૉકયુમેન્ટ સાથે હાજર થયેલો.

'રાજુ રદી, પ્લીઝ ગો ઈનસાઈડ.' રાજુને સૂચના મળી.

'મે આઈ કમ ઈન, સર' કહી રાજુ જનરલ મૅનેજરની ચેમ્બરમાં પ્રવેશ્યો.

'યસ, મિ. રાજુ . કોન્ગ્રેચ્યુલેશન ટુ...યુ. બી સીટેડ એન્ડ બી કમ્ફર્ટેબલ.' રાઉન્ડ ફ્રેમનાં ચશ્માં પહેરેલ અધિકારીએ રાજુને આવકાર્યો.

'થેંક્સ સર.'

'તમારા એપોઇન્ટમેન્ટ લેટરની ઑરિજિનલ કોપી આપો.' એક ડેપ્યુટી મૅનેજરે રાજુને કહ્યું.

'યેસ સર.' એમ કહી રાજુએ એપોઇન્ટમેન્ટ લેટર આપ્યો. આજકાલ નકલીની બોલબોલા છે. એપોઇન્ટમેન્ટના નકલી ઑર્ડર આપી લાખો રૂપિયા પડાવાય છે. એટલે બૅન્કે નવા એમ્પ્લોઇના ડૉકયુમેન્ટની ચકાસણી કરવી પડે. નહિતર કોર્ટ કેસમાં બૅન્ક હારી જાય. કેસ લડવાનો ખર્ચ માથે પડે.

'કૉલેજની માર્કશીટ અને ડિગ્રી સર્ટિફિકેટ આપો.' મૅનેજર જેવા માણસે રાજુને સૂચના આપી.

'આ મારી ડિગ્રીની માર્કશીટ અને ડિગ્રી સર્ટિફિકેટ.' રાજુએ ઑરિજિનલ દસ્તાવેજ રજૂ કર્યા. રાજુ ગ્રેજ્યુએટ વિથ ડિસ્ટિંક્શન હતો.

'બારમા અને દસમા ધોરણની માર્કશીટ આપો.' નવી સૂચના મળી.

'આ મારા દસમા અને બારમા ધોરણની માર્કશીટ. નર્સરી અને કિન્ડર ગાર્ડનની માર્કશીટ પણ લાવ્યો છું તેની જરૂર છે? રાજુએ અકળાઈને પૂછી લીધું.

'નો જેન્ટલમેન. બટ વી નીડ બર્થ સર્ટિફિકેટ. યુ નો આજકાલ સ્કેમ, ફ્રોડ ગોટાળા વધતા જાય છે.'

'આ ભવનું બર્થ સર્ટિફિકેટ છે. પાછલા ભવના પણ બર્થ સર્ટિફિકેટ મારી પાસે છે.' રાજુએ સૂસવતા અવાજે કહ્યું.

'રિલેક્સ... જેન્ટલમેન. વી બાઉન્ડ ટુ ફોલો પ્રોસિજર. તમારી અકળામણ અમે સમજી શકીએ છીએ.' જનરલ મૅનેજરે રાજુને ધૈર્ય રાખવા નસીહત આપી.

'મિ. રાજુ રદી, સીસી પ્લસ પાસ કર્યાનું પ્રમાણપત્ર આપો.' કારકુને રાજુ રદીને વિનંતી કરી.

'સ્યોર સર. ધીસ ઇઝ સીસી કલિયરન્સ સર્ટિફિકેટ.' રાજુએ ડૉકયુમેન્ટ પ્રોડ્યુસ કર્યું.

'કેરેક્ટર સર્ટિફિકેટ.' ચારિત્ર્ય પ્રમાણપત્રની માગણી કરવામાં આવી. નોકરીમાં દાખલ થવા માટે કેટલાબધા કાગળોની જરૂર પડે છે તેના પર કોઈએ પીએચ.ડી. કરવાની જરૂરિયાત છે.

'સર, આ મારું કેરેક્ટર સર્ટિફિકેટ.' રાજુએ વધુ એક કાગળિયું રજૂ કર્યું. રાજુ કાગળિયા રજૂ કરી થાક્યો પરંતુ, બૅન્કરના મનમાં નથી જેવો તાલ થયેલો.

'બે સદ્ગૃહસ્થનાં પ્રમાણપત્રો આપો.'

'લો, આ સદ્ગૃહસ્થોનાં પ્રમાણપત્રો.' રાજુએ એ પણ કાગળિયા રજૂ કર્યાં.

'તમારે બેથી વધુ જીવિત સંતાનો હશે તો તમને વ્હીકલ એડવાન્સ કે હાઉસ બિલ્ડિંગ એડવાન્સ કે એલટીસી મળશે નહીં. તમારે બેથી વધુ બાળકો નથી તેનું પ્રમાણપત્ર નોટરીઇઝ્ડ કરીને આપવું પડશે.' બૅન્કરે બકરું કાઢીને ઊંટ પેસાડ્યું.

'સર, મારાં લગ્ન જ થયાં નથી તો બાળકોનો ક્યાં...?' રાજુએ ડરતાં ડરતાં કહ્યું.

'તમે બૅન્કની નોકરીનો સ્વીકાર કરો પછી ત્રણ વરસ સુધી નોકરી છોડી જશો નહીં તેનું પાંચ લાખ રૂપિયાનું બોન્ડ આપવું પડશે.' બૅન્કરે એક ઔર ફતવો રજૂ કર્યો.

'ઓકે, નો પ્રોબ્લેમ. હવે કોઈ કાંડાં કાપવાનાં છે?' રાજુએ ધ્રુજારો વ્યક્ત કર્યો.

'યસ, ઓફ કોર્સ મિસ્ટર રાજુ.... યુ નો ઘેટ બૅન્કને બોડી બામણીનું ખેતર સમજીને ધનવાનો બોરડી ઝૂડતા હોય તેમ કરોડોનાં કૌભાંડ કરતા હોય છે, જેમ કે હર્ષદ મહેતા, નિરવ મોદી, વિજય માલ્યા વગેરે, વગેરે અને આવાં કૌભાંડ કરવામાં બૅન્કનો સ્ટાફ પણ ઉદાર હાથે સાથ આપતા હોય છે. સૌનો સાથ, કૌભાંડીઓનો વિકાસ ને બૅન્કોનો વિનાશ!

ખબર છે ને, હમણાં જાપાનની મિત્સુબીશી યુએફ ફાયનાન્સિયલ બૅન્કમાં બૅન્કના કર્મચારીઓ બૅન્કના ઘાતકી થઈને એક અબજ યેન એટલે કે ૬.૬ મિલિયન ડૉલરનું એટલે કે ભારતીય ચલણમાં અબજો રૂપિયાનું કરી નાખ્યું. બૅન્કના સીઈઓએ ગ્રાહકો સાથે વિશ્વાસભંગ બદલ માફી માગી. તાજેતરમાં બૅન્ક ઑફ ચાઇનાના ભૂતપૂર્વ ચૅરમૅન ચોરી મેરા કામ માટે ફાંસીના માંચડે ચડાવ્યા છે. એણે ૧૬૦ કરોડ રૂપિયાની મામૂલી લાંચ લીધેલી..!. પુરુષો બૅન્ક કૌભાંડ કરે તો મહિલાઓ શું કામ પાછળ રહે? મહિલાઓ કૌભાંડસમોવડી બનવા લાગી છે....' બૅન્કરે લાંબુંલચક લેકચર સંભળાવ્યું.

'સર, એ બધું તો બરાબર. આમાં મારે શું કરવાનું એ બોલોને? ચ્યુંગમની જેમ વાત લાંબી ખેંચો નહીં.' રાજુ ચિડાયો..

'તમારે પોતાનાં લોહીથી તમે બૅન્કમાં સ્કેમ કરશો તો આત્મહત્યા એટલે સ્વેચ્છાએ સ્યુસાઇડ કરશો તેવું લખાણ આપવાનું રહે છે, નહિતર નોકરીથી હાથ ધોવા પડશે.'

બૅન્કરે સખ્ત શબ્દોમાં નોકરીમાં દાખલ થવા માટેની સોફ્ટ શરત રાજુને જણાવી. કંકુ છાંટી કંકોતરી તો મોકલવામાં આવે છે, પરંતુ નોકરી મેળવવા લોહી છાંટી કાંડાં કાપવાં પડે તે દુનિયાની દસમી અજાયબી ન ગણાયને? લોહીથી લથબથ કાગળ અંતિમ વિકલ્પ તરીકે લખાય છે એવું પણ અખબારમાં વાંચેલું, પરંતુ નોકરી જૉઇન કરવા લોહીથી લખાણ આપવું પડે?!

'હેં હેં ના હોય!' રાજુનો પ્રથમ રિસ્પોન્સ.

'યસ, મિસ્ટર રાજુ રદી... રૂલ્સ આર રૂલ્સ..' બૅન્કર ઉવાચ.

'મિસ્ટર મૅનેજર, બૅન્કના ચૅરમૅન કે મૅનેજિંગ ડિરેક્ટરો અબજો નિખર્વનાં કૌભાંડ કરે છે.. આ લોકો ખુદના લોહીથી બૅન્કમાં સ્કેમ કરશે તો આત્મહત્યા એટલે સ્વેચ્છાએ સ્યુસાઇડ કરશે તેવું લખાણ આપે છે? એ લોકો લખાણ આપતાં હોય તો હું લખાણ આપવા તૈયાર છું!' આમ કહી રાજુ રદી ઘેટાંબકરાંની ભીડમાં સિંહ પસાર થાય તેમ ખુમારીથી નીકળી ગયો! ■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# કચ્છઃ એક જિલ્લો... અનેક કચ્છ





ભારત એટલો વિશાળ દેશ છે જેમાં અનેક ભિન્નતા જોવા મળે છે. વૈવિધ્યસભર દેશમાં અહીં પ્રકૃતિ પણ વિવિધ રૂપે જોવા મળે છે. ક્યાંક પહાડ, મહાસાગર તો ક્યાંક રણ ..આવા પ્રાદેશિક અને ભૌગોલિક વિવિધતાવાળા વિશાળ ભૂખંડ પર નિવાસ કરતા કચ્છની એક અલગ જ તાસીર છે.

અત્યારે ભલે કચ્છ જિલ્લા તરીકે દસ તાલુકાઓમાં વહેંચાયેલો હોય, પરંતુ પ્રાકૃતિક રીતે તેના કુલ ૧૩ વિભાગો છે. બન્ની અને પચ્છમના વિસ્તારો, પાવર પટ્ટી, મિયાણી પટ્ટી, માકપટ, ગેરડો, પ્રાંથળ, કડ, વાગડ, ઉગમણી અને આથમણી કંઠીના વિસ્તારો, અંજાર તથા ભુવડ ચોવીસી. આ બધા જ એકબીજા સાથે પોતાની મર્યાદાઓ અને ક્ષમતાઓની લાક્ષણિકતાના આધારે અંકિત થયેલા હતા. ગુજરાતના અન્ય વિસ્તારના લોકો માટે તો કચ્છ એટલે એક જિલ્લો જ છે, પરંતુ કચ્છની અંદર જ જુદા જુદા કચ્છ છે. જ્યારે સંચાર માધ્યમો નહોતાં અને માર્ગ પરિવહન નહિવત હતું ત્યારે કચ્છના ખાવડા કે ખડીર વિસ્તારનો કોઈ વ્યક્તિ ભુજ કે માંડવી આવે તો એ કહે કે કચ્છ જાઉં છું. રાપર તાલુકાનો ઉત્તર છેડો જે મોટા રણને અડીને આવેલો છે તે પ્રાંથળ તરીકે ઓળખાય છે. પૂર્વ કચ્છનો રાપર તાલુકો અને ભચાઉ તાલુકાનો થોડો વિસ્તાર વાગડ કહેવાય છે. ભુજ અને અંજારની ઉતરીય પટ્ટીને જોડતા ભાગને આહિરપટ્ટી કહેવાય છે. કચ્છના પૂર્વી પ્રવેશદ્વાર સૂરજબારીના પુલને અડીને આવેલો વિસ્તાર કાંઠો કહેવાય છે. ભુજની ઉત્તરે આવેલો વિસ્તાર આમ તો બન્ની તરીકે હવે આખાય વિશ્વમાં તેની વિરલ લોકા સંસ્કૃતિ અને રણ વિસ્તારને કારણે જાણીતો છે, પરંતુ ખાવડા પછીના કાળા ડુંગર અને તેની આસપાસનો વિસ્તાર બન્ની નહીં પણ પચ્છમ છે. કાળા ડુંગરથી પૂર્વમાં રણદ્વીપ આવેલો છે જે ખડીર વિસ્તાર છે. ભવ્ય ભૂતકાળ ધરાવતાં માંડવી અને મુંદ્રા બંદરો જે વિસ્તારમાં આવેલાં છે એ કચ્છનો દરિયાઈ પટ્ટો એટલે કંઠીપટ્ટ. અબડાસાથી નારાયણ સરોવર સુધીના વિસ્તારને ગેડો અથવા ગરડાપંથક કહેવાય છે. અબડાસા અને ગરડાપંથક તેની ફળદ્રુપ જમીન માટે જાણીતા છે. લખપત તાલુકાના દયાપરથી ભુજ તરફ આવતાં નખત્રાણા આસપાસનો વિસ્તાર માકપટ કહેવાય છે. કચ્છી ભાષામાં માકનો અર્થ ઝાકળ થાય છે. આ વિસ્તારમાં ઝાકળ વધારે પડતી હોવાથી આ વિસ્તાર માકપટ તરીકે જાણીતો બન્યો છે. નખત્રાણાનો ઉત્તરીય વિસ્તાર જ્યાં ધીણોધર ડુંગર આવેલો છે. ધીણોધરની આસપાસનો વિસ્તાર પાવરપટ કહેવાય છે. આમ તો કચ્છીમાં પાવર શબ્દ પાટ પરંપરા સાથે જોડાયેલો છે. આ ખસિયતો છે કચ્છની.

ભાવાનુવાદઃ

ભારત ઇતરો વડો ડેસ આય જેમેં કિઇક ભિન્નતા ન્યારેલા જુડ઼ેત્યું. વિવિધતા ભરલ હિન ડેસમેં પ્રિકરતિજા પ આઉગા રુપ ઐં. કિતક ડુંગરા, મહેરામણ ત કિતક રિણ. ઍડે઼ પ્રાડેસિક ને ભૌગોલિક વિવિધતાવારે ભૂખંડ તે આવલ કચ્છજી પ આઉગી તાસીર આય.

હેવર ભલે કચ્છ જિલ્લે તરીકેં ડો તાલુકેમેં વેરાયલ આય પ પ્રિકરતિ જે હિસાબે કુલ તેરો વિભાગ ઐં. બન્ની ને પચ્છમજા વિસ્તાર, પાવરપટ્ટી, મિયાણીપટ્ટી, માકપટ, ગેરડો઼, પ્રાંથડ, કડ, વાગડ, ઉગમણી ને આથમણી કંઠીજા વિસ્તાર, અંજાર તીં ભુવડ ચોવીસી. હી મિડે઼ હિકડે-બ્યે ભેરા પિંઢજી મર્યાધા નેં છમતાજે આધારે અંકિત થેલા વા. ગુજરાતજે બ્યે વિસ્તારજે માડૂએંલા કચ્છ ઇતરે હિકડો઼ જિલ્લો જ બસ આય. પ કચ્છજી મિંજારા નિડારા નિડારા કચ્છ ઐં. જેર સંચારજા માધ્યમ ન વા ને માર્ગ પરિવહન વિકસ્યો ન વો તેર કચ્છજે ખાવડા઼ કે ખડીર વિસ્તારજો કોક માડૂ ભુજ ક મડઇ અચે ત ચે ક, આઉં કચ્છ વનાંતો. રાપર તાલુકે જો ઉતરાધો છેડો઼ જુકો વડે રિણ વિસ્તારકે અડીને આવેલો આય ઉ પ્રાંથડ઼ તરીકેં ઓરંખાજેતો. પૂર્વ કચ્છજો રાપર તાલુકો ને ભચાઉ તાલુકેજો થોડો વિસ્તાર વાગડ઼ ચોવાજેતો. ભુજ ને અંજારજી ઉતરાંધિ પટ્ટીકે જોડંધલ ભાગકે આહિરપટ્ટી ચોવાજેતિ. કચ્છજે ઉગમણો પ્રવેશદ્વાર સૂરજબારીજે પુલકે અડીને આવેલો આય તેંકે કાંઠો ચેમેં અચેતો. ભુજજી ઉતરાંધે પાસે આવેલો વિસ્તાર હીં ત બન્ની તરીકે સજી ધુનિયામેં પ્રિખ્યાત આય નેં રિણ વિસ્તારજે લિધે પ પ્રિખ્યાત આય જ પ ખાવડા઼ પોયજા કારે ડુંગર નેં તેંજી આજુબાજુ વિસ્તાર બન્ની ન પણ પચ્છમ વિસ્તાર ભનિ વિઞેતો.

કારે ડુંગરજી ઉગમણે પાસે રણદ્વીપ આવલ આય જુકો ખડી઼ર વિસ્તાર આય. મડઇ ને મુંદ્રા બંધર જુકો વિસ્તારમેં આવલા ઐં ઇ કચ્છજો દરિયાઈ પટ્ટો ઇતરે કંઠીપટ્ટ. અબડા઼સેનું નારાયણ સરોવર સુધીજે વિસ્તારકે ગેરડો઼ ચોવાજેતો. અબડા઼સો નેં ગેરડો઼ ફલદ્રુપ જમીન જે માટે જાણિતા ઐં. લખપત તાલુકેમેં દયાપર સે ભુજ કોરા અચીંધે નખત્રાણા ને આસપાસજો વિસ્તાર માકપટ ચોવાજેતો. કચ્છી ભાસામેં માકજો અરથ ઝાકળઃ થિએતો. હિન વિસ્તારમેં માક ગ્ચ પેતિ ઇતરે ઇ માકપટ ચોવાણો. નખત્રાણાજો ઉતરાંધો વિસ્તાર જિત ધીણોધર ડુંગર આવેલો આય ઇ પાવરપટ ભનિ વ્યો. હીં ત કચ્છીમેં પાવર પાટ પરંપરા ભેરો જુડલ આય. હી ખસિયત આય પાંજે કચ્છજી.

અંતમેં,

*એ સરજમીને કચ્છ તેરી, અલાહી શાન હૈ,*
*તેરા વજુદ દહેરમેં, દારુલ અમાન હૈ.*

*– શાયર 'અદા' બ્રીટાનવી* ■

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com


## લોસ એન્જલસની આગ
# હા, એક ભારતીય લેખકે આવી આગાહી કરી હતી..!

ગ્લોબલ વોર્મિંગ એટલે કે જળવાયુ પરિવર્તનનો મુદ્દો જેટલો ગંભીર છે, આપણે એટલા જ તેનાથી અનભિજ્ઞ-અજાણ છીએ.

ગ્લોબલ વોર્મિંગનો અર્થ થાય છે પૃથ્વીની સપાટીના સરેરાશ તાપમાનમાં લાંબા ગાળાનો વધારો, જે મુખ્યત્વે અશ્મિભૂત ઈંધણ બાળવાથી, જંગલોના નાશથી અને ઔદ્યોગિક પ્રક્રિયાઓ જેવી માનવપ્રવૃત્તિઓના કારણે થાય છે. આવા મુદ્દાને આપણે ભાગ્યે જ કોઈ લોકપ્રિય લેખકના રસના વિષય તરીકે કલ્પી શકીએ છીએ, પરંતુ ભારતના એક અંગ્રેજીભાષી લેખક અમિતાવ ઘોષ નિયમિત એમનાં પુસ્તકો અને અન્ય લખાણોમાં માનવજાતિ પર તોળાઈ રહેલી આ આફત અંગે લખતા રહે છે.

તાજેતરમાં તમે સમાચાર વાંચ્યા હશે કે અમેરિકાના લોસ એન્જલસનાં જંગલોમાં ભયાનક આગ ફાટી નીકળી હતી અને તેમાં જાનમાલનું પારાવાર નુકસાન થયું હતું. અમિતાવ ઘોષે ૨૦૧૯માં પ્રકાશિત થયેલી એમની એક નવલકથા ‘ગનઆઈલૅન્ડ’માં લોસ એન્જલસમાં જંગલી આગનું અનુમાન કર્યું હતું.




અમિતાવ ઘોષ

અમિતાવ ઘોષને વર્ષ ૨૦૧૮ માટે જ્ઞાનપીઠ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત થનારા એ પ્રથમ અંગ્રેજી લેખક છે. કોલકાતામાં ૧૧ જુલાઈ ૧૯૫૬ના રોજ જન્મેલા અમિતાવ દિલ્હીની સેન્ટ સ્ટીફન્સ કૉલેજ અને દિલ્હી સ્કૂલ ઑફ ઇકોનોમિક્સમાંથી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી એમની પ્રથમ નવલકથા ‘ધ સર્કલ ઑફ રીઝન’થી ચર્ચામાં આવ્યા હતા અને ધીમે ધીમે આંતરરાષ્ટ્રીય સ્તરે અંગ્રેજી લેખક તરીકે પ્રખ્યાત થયા હતા.

અમિતાવ ઘોષનાં પુસ્તકોમાં ધ સર્કલ ઑફ રીઝન, ઇન એન્ટીક લૅન્ડ, ધ કલકત્તા ક્રોમોસોમ, ધ શેડો લાઈન્સ, ડાન્સિંગ ઇન કંબોડિયા, ધ ગ્લાસ પેલેસ, ધ હંગ્રી ટાઇડ અને આઇબિસ ટ્રિલોજીઃ સી ઑફ પોપીઝ એન્ડ રિવર ઑફ સ્મોકનો સમાવેશ થાય છે.

ઘોષને એમની નવલકથા ‘શેડો લાઈન્સ’ માટે ૧૯૮૯માં સાહિત્ય અકાદમી પુરસ્કાર પણ મળ્યો છે. એ ‘પદ્મશ્રી’ પુરસ્કારથી પણ સન્માનિત થયા છે. ‘ધ સર્કલ ઑફ રીઝન’ને ૧૯૯૦માં ‘ફ્રાન્સ પ્રિક્સ મેડિસિસ એવોર્ડ’ પણ મળ્યો છે. એમની નવલકથાઓ ત્રીસ જેટલી ભાષામાં અનુવાદિત થઈ છે.

એમની છેલ્લી નવલકથા ‘ગન આઈલૅન્ડ’ જળવાયુ પરિવર્તન પર છે. તેમાં એમણે લોસ એન્જલસનાં જંગલોમાં આગ લાગી છે તેવી કલ્પના કરી હતી. સીધો ઉલ્લેખ નથી, પણ ઘોષ તેના માટે જળવાયુ પરિવર્તનને દોષ આપે છે.

એ નવલકથાનો નાયક ડીન દુર્લભ પુસ્તકોનો વેપારી છે અને મોટા ભાગે ઘરમાં જ રહે છે, પરંતુ સંજોગોવસાત્ એને બહાર નીકળવું પડે છે અને ભારતથી લોસ એન્જલસ તેમ જ વેનિસ જાય છે. એ યાત્રામાં તે અનેક લોકોને મળે છે અને ઘણા અનુભવો કરે છે.

એને લોસ એન્જલસના એક સૌથી ધનિક સંગ્રહાલયનું આમંત્રણ મળે છે, જે શેક્સપિયરના નાટક ‘ધ મર્ચન્ટ ઑફ ધ વેનિસ’ની એક દુર્લભ નકલના સંપાદનની ઉજવણી કરી રહ્યું હતું. મુસાફરીના દિવસે જ્યારે એ વિમાનમાં સવાર થાય છે ત્યારે લોસ એન્જલસની આસપાસ જંગલમાં ભારે આગ લાગી હોવાની વાતચીત એના કાને પડે છે.

અમિતાવ ઘોષ લખે છેઃ

‘...મને ખબર પડી કે લોસ એન્જલસની આસપાસ ઘણા દિવસોથી ભારે જંગલી આગ ભડકી રહી હતી. તેમાં હજારો એકર જમીન બળીને ખાખ થઈ ગઈ હતી અને હજારો લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યાં છે.’

તમે જો છેલ્લા ઘણા દિવસોથી મીડિયામાં સમાચારો જોયા હોય, તો ખ્યાલ આવશે કે અમિતાવ ઘોષને છેક ૨૦૧૯માં એ અંદેશો હતો કે લોસ એન્જલસનાં જંગલોમાં જો આગ લાગશે તો હજારો એકર જમીન અને હજારો લોકો પાયમાલ થઈ જશે. અને આજે એવું જ થયું. લોસ એન્જલસનાં જંગલોમાં સાત દિવસ સુધી ભભૂકતી રહેલી આગ અમેરિકાના ઇતિહાસની સૌથી ભયાનક ઘટના છે.

પ્રકૃતિનો આ કહેર ત્યારે જ બન્યો છે જ્યારે નવનિર્વાચિત ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિની ખુરશીમાં બીજી વાર બેસવા જઈ રહ્યા છે. આ એ જ ટ્રમ્પ છે જે જળવાયુ પરિવર્તનને ‘ગપ્પું’ ગણીને ફગાવીદે છે અને જેમણે પોતાના પ્રથમ કાર્યકાળમાં જળવાયુ પરિવર્તન પરની આંતરરાષ્ટ્રીય પેરિસ સંધિમાંથી અમેરિકાને પાછું ખેંચી લીધું હતું...!

અમિતાવ ઘોષ ભારત સહિત દુનિયાના દેશોમાં જળવાયુ પરિવર્તનના કારણે સર્જાતી કુદરતી આફતો વિશે અત્યંત જાગૃત છે અને એમનાં મોટા ભાગનાં પુસ્તકોમાં (કુલ ૧૭ પ્રકાશિત થયાં છે) સીધી કે આડકતરી રીતે આ માનવસર્જિત સમસ્યાનો ઉલ્લેખ થતો રહે છે.

એક ઇન્ટરવ્યૂમાં એમણે કહ્યું હતુંઃ ‘જળવાયુ પરિવર્તન વિશે લખવું ખૂબ જ મુશ્કેલ છે અને જ્યારે તે કાલ્પનિક હોય ત્યારે વધુ મુશ્કેલ બની જાય છે; તમે હીટવેવમાંથી વાર્તા કેવી રીતે બનાવો? તમે કદાચ તોફાન અથવા આંધી કે એવી કોઈ બાબતમાંથી વાર્તા બનાવી શકો છો, પરંતુ જે કારણે હું જળવાયુ પરિવર્તનના વિષય તરફ આકર્ષાયો તે એ છે કે લોકો વિચિત્ર રીતે આ સંકટ અંગે સામાન્ય વ્યવહાર કરે છે.’

ભારતમાં પણ લોકો આ બાબતે સભાન નથી. તમને ભાગ્યેજ આની કોઈ ચર્ચા સંભળાશે. ભારતમાં એક પણ ચૂંટણીમાં જળવાયુ પરિવર્તન મુદ્દો બનતું નથી. સરકારને પણ આ વિષયમાં ‘કસ’ દેખાતો નથી.

અમિતાવ ઉમેરે છેઃ ‘હું થોડા સમય પહેલાં ભારતમાં હતો અને ત્યાં ભયાનક ગરમી હતી, પરંતુ મને એ વાતનો આઘાત લાગ્યો કે લોકોને બધું સામાન્ય લાગતું હતું. એવું લાગે છે કે આપણે આ પરિવર્તનો સાથે જીવતાં શીખી ગયા છીએ. હવે એ સ્પષ્ટ છે ભારતનો એક મોટો હિસ્સો જળવાયુ પરિવર્તનથી આપત્તિ તરફ આગળ વધી રહ્યો છે. દિલ્હીની વાત કરીએ તો મને લાગે છે કે આબોહવા પરિવર્તન કરતાં તેની વાસ્તવિક સમસ્યા લાંબા ગાળે પાણી હશે. દિલ્હી ઉજ્જડ અને સૂકા ક્ષેત્રમાં વસેલું છે. તે પાણીની અછત ધરાવતો પ્રદેશ છે. આપણે ઉપલી ગંગાના ધોધમાંથી બહાર આવતા અશ્મિભૂત પાણી પર સંપૂર્ણપણે નિર્ભર બની ગયા છીએ અને તે લગભગ ખતમ થઈ ગયું છે. એકવાર આ સમાપ્ત થઈ જાય પછી આપણે શું કરીશું તે પ્રશ્ન આપણે બધાએ પૂછવો જોઈએ. આપણે વિનાશની વચ્ચે છીએ. આબોહવા પરિવર્તન એક ધીમી હિંસા જેવું છે અને તેથી જ આ વિશે લખવું જરૂરી છે.’ ■

હેં... ખરેખર?!
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# વારાણસીમાં ભારતમાતા મંદિરમાં મૂર્તિને બદલે અખંડ ભારતનો અનોખો નકશો

ઉત્તર પ્રદેશ અને એમાંય વારાણસી એટલે ધર્મ, આધ્યાત્મિકતા, શ્રદ્ધા અને ભક્તિની નગરી, પરંતુ અહીં એક એવું મંદિર છે કે જેમાં કોઈ ભગવાન, દેવી કે દેવતાની પ્રતિમા નથી. અને બધા ભારતીઓનું કે સર્વધર્મજનોનું મંદિર બેશક કહી શકાય.


આ છે ભારતમાતા મંદિર. હા, ભારતમાતાનું મંદિર જેનું મુખ્ય આકર્ષણ છે મકરાણાના આરસમાંથી બનેલો અવિભાજન ભારતનો નકશો. આ દેશનું એક માત્ર મંદિર છે કે રાષ્ટ્ર-ભાવનાને સમર્પિત છે.

પહેલા જોઈએ આ મંદિરના નિર્માણ પાછળની કથા. સ્વાતંત્ર્ય સેનાની બાબુ શિવપ્રસાદ ગુપ્તને ૧૯૧૩માં કરાચીમાં યોજાયેલા કૉંગ્રેસના અધિવેશનમાંથી પાછા ફરતી વખતે મુંબઈ જવાનું થયું. મુંબઈથી તેઓ પુણે ગયા અને ધોંડો કેશવ કર્વેનાં વિધવા આશ્રમની મુલાકાતે જવાનું થયું. મહર્ષિ કર્વે તરીકે ઓળખાતા આ સમાજસેવક વિધવા પુનઃવિવાહના પ્રખર આગ્રહી હતા.

અહીં જમીન પર ભારતમાતાનો નકશો બનાવેલો હતો. આમાં માટીથી નદીઓ અને પર્વતો બનાવાયા હતા.

આનાથી ખૂબ પ્રભાવિત થયેલ, શિવપ્રસાદે કંઈક આવું જ પણ વધુ ભવ્ય મંદિર બનાવવાનું વિચાર્યું. એ ય પાછું આરસપહાણમાંનું આ કામ આસાન કે સસ્તું નહોતું. મિત્રો સાથે લાંબી ચર્ચા-વિચારણા બાદ તેમણે એ સમયના ખૂબ જાણીતા એન્જિનિયર દુર્ગા પ્રસાદનો સંપર્ક સાધ્યો. દુર્ગાપ્રસાદજીએ હરખભેર આ પડકાર ઝીલી લીધો.



લગભગ રૂપિયા દશ લાખના ખર્ચે બનેલા આ મંદિરમાં અખંડ ભારતનો નકશો છે. મહાત્મા ગાંધી કાશી વિદ્યાપીઠના પરિસરમાં બનેલા આ મંદિરમાં આરસપહાણના નકશા બનાવવામાં ૨૦ શિલ્પી જોતરાઈ ગયા હતા, તો મંદિરનો બહારનો ભાગ ૨૫ શિલ્પીઓએ બનાવ્યો હતો. આ મંદિર લગભગ પાંચ વરસે તૈયાર થયું હતું.

૧૯૩૬ની શારદીય નવરાત્રિમાં મહાત્મા ગાંધી સૌ પ્રથમ મંદિરના દર્શને ગયા. એના પાંચ દિવસ બાદ એટલે કે વિજયાદશમીએ બાપુએ આ મંદિરનું ઉદ્ઘાટન કર્યું હતું. ભારતમાતા મંદિરના ઉદ્ઘાટન વખતે ગાંધીજીએ સંબોધનમાં કહ્યું હતું. ‘‘આ મંદિરમાં કોઈ દેવ-દેવીની મૂર્તિ નથી. મને આશા છે કે આ મંદિર બધા ધર્મ, બધી જાતિઓના લોકો માટે એક સ્વદેશીય મંચનું રૂપ ગ્રહણ કરશે અને દેશમાં પરસ્પર ધાર્મિક એકતા, શાંતિ તથા પ્રેમની ભાવનાને વધારવામાં પ્રદાન આપશે.’’ આ મંદિરની સૌથી નોંધપાત્ર વિશિષ્ટતા એ છે કે એમાં ક્યાંય એના સ્થાપક શિવપ્રસાદ ગુપ્તનો ઉલ્લેખ જ નથી.

અહીં બનાવાયેલા ભારતમાતાના મકરાણાના આરસપહાણના નકશાનું સર્જન આઝાદી અગાઉ થયું હતું. આ નકશામાં હાલના ભારત ઉપરાંત પાકિસ્તાન, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન, બલુચિસ્તાન, શ્રીલંકા (ત્યારનું સિલોન) અને મ્યાંમાર (ત્યારના બર્મા)નો પણ સમાવેશ કરાયો છે.

અખંડ ભારતનો આરસપહાણનો નકશો ખૂબ અભ્યાસ, ચોકસાઈ, અને પરિશ્રમ અને ગણતરી સાથે તૈયાર કરાયો છે. કોઈ જગ્યા, નદી, પર્વત કે નદી આડેધડ જેમફાવે એમ બનાવાયા નથી. આમાં પર્વતીય શૃંખલાઓ અને એના શિખરના એટલા વ્યવસ્થિત લેઆઉટ બનાવાયા છે કે જાણે કોઈ આધુનિક ભવ્ય બિલ્ડિંગ ન બનાવ્યું હોય. એમાં એકદમ ચોકસાઈ અને ગણતરી સાથે ૪૫૦ મેદાન, નદી, દરિયા અને ઉચ્ચ સપાટ પ્રદેશ સહિતની ભૌગોલિક રચના દર્શાવાઈ છે. આ બધાની ઊંચાઈ અને વિસ્તારનો વ્યવસ્થિત ઉલ્લેખ કરાયો છે. આમાં મંદિરોની વિશિષ્ટતામાં પાંચ સ્તંભ બનાવાયા છે. એ સ્તંભ સૃષ્ટિના મૂળ તત્ત્વ જમીન, વાયુ, જળ, અગ્નિ અને આકાશના પ્રતીક છે. આ પાંચેય સ્તંભ એક જગ્યાએ મળે છે. એટલે કે બધા તત્ત્વ અંતે એક સર્વોચ્ચ શક્તિમાં ભળી જાય છે.

આ નકશામાં ભારતની ભૂમિની સમુદ્રથી ઊંચાઈ અને ઊંડાણને પણ ધ્યાનમાં લેવાયા છે. આ નકશામાં જમીનના માપ માટે ૬.૪ માઈલ માટે એક ઈંચનો ઉપયોગ થયો છે, તો ઊંચાઈ માટે બે હજાર ફૂટ માટે એક ઈંચ છે. એક દાખલો જોઈએ. માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈ દર્શાવવા માટે ૧૫ ફૂટ ઊંચો આરસપહાણનો પથ્થર મુકાયો છે. આ નકશામાં હિમાલય સહિત ૪૫૦ શિખર, નાની-મોટી ૮૦૦ નદીઓ પણ કોતરાયેલી છે. મોટા શહેર અને જાણીતા તીર્થધામ પણ એના સ્થળે દર્શાવાયા છે.

ભારતમાતા મંદિરના સ્થાપક શિવપ્રસાદ ગુપ્તે નકશાને જનની જન્મભૂમિ રૂપે મૂકયો છે. મંદિરની ભીંત પર બંકિમચંદ્ર ચેટર્જીનું ‘વંદે માતરમ’ મુકાયું છે. ઉદ્ઘાટન સમયે રાષ્ટ્રકવિ મૈથિલીશરણ ગુપ્ત દ્વારા લખાયેલી કવિતા પણ દેખાય છે જે કહે છેઃ

*ભારતમાતા કા મંદિર યહ*
*સમતા કા સંવાદ જહાં*
*સબ કા શિવ કલ્યાણ યહાં*
*હૈ પાવે સભી પ્રસાદ યહાં*

ભારતમાતાના મંદિરની મુલાકાતે આવનારા દરેક નાગરિક ભાવાવેશમાં આવીને ‘ભારતમાતા કી જય’ બોલવાનું ચૂકતા નથી. આ અનોખું આસ્થા સ્થાન રાષ્ટ્રીયતા અને દેશપ્રેમનું વિલક્ષણ પ્રેરણા સ્થાન છે. ■

ઈકો-સ્પેશિયલ
જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# AIનો લાભ ગામડાંને છેવટના માણસ સુધી પહોંચવો જરૂરી છે

**ભારતમાં AIના વિકાસમાં ‘માઈક્રોસોફ્ટ’નો કેવો સાથ રહેશે એ એના સીઈઓ સત્ય નાડેલા પાસેથી સમજવા ઉપરાંત AI ક્ષેત્રે ભારતના સંકેત પણ જાણવા જોઈશે.**


માઈક્રોસોફ્ટ સીઈઓ – સત્ય નાડેલા

‘ભારતની હ્યુમન કૅપિટલ (માનવ મૂડી) એ તેનું સૌથી ભવ્ય સત્ય છે’ આવું વિધાન તાજેતરમાં ગ્લોબલ કંપની માઈક્રોસોફ્ટના ચૅરમૅન અને સીઈઓ સત્ય નાડેલાએ કર્યું છે. આ કોઈ રાજકીય નિવદેન નથી, બલકે ભારતની હકીકત છે, જેમાં ભારતનું વર્તમાન અને ભાવિ પ્રતીત થાય છે.

આ સત્યને ભારતની પ્રજાએ ઓળખવાનું-પારખવાનું ને સમજવાનું છે.

‘માઈક્રોસોફ્ટ’ કંપનીએ તાજેતરમાં જ ભારતમાં તેના તરફથી ત્રણ અબજ ડૉલરના ઈન્વેસ્ટમેન્ટની જાહેરાત કરી છે, જે ભારત પ્રત્યેના વિશ્વાસની સાબિતી છે. આ ઘટના અન્ય ગ્લોબલ કંપનીઓ માટે પણ સંકેત છે.

‘એપલ’ પણ આપણા દેશમાં તેનો વ્યાપ વધારી રહ્યું છે.

નાડેલા કહે છે કે ભારતની પ્રજા ભારતનું નિર્માણ કરી રહી છે, જેથી રોજગાર સર્જનની અસંખ્ય તકો પણ અહીં પોતાની મેળે જ વધુ ઊભી થઈ રહી છે. ભારતની વિશાળ વસતિ તેની માટે મોટું પીઠબળ છે, અમેરિકા પણ ત્યાં સ્પર્ધાશક્તિ વધારવાના અને નિર્માણના માર્ગે છે. ટેલેન્ટને આકર્ષવામાં અમેરિકા બહુ બાહોશ રહ્યું છે. ભારત પાસે આંતરિક સ્તરે વિરાટ બજાર છે અને તે આંતરરાષ્ટ્રિય માર્કેટમાં પણ ભાગ લેવા સક્ષમ છે. ભારતની માનવ મૂડીને આકર્ષવામાં જે દેશ ઉત્સુક નથી તે સ્પર્ધાશક્તિ વિકસાવવામાં ઓછો રસ ધરાવે છે એવું અર્થઘટન થઈ શકે.


## ‘માઈક્રોસોફ્ટ’ ભારતને કેવો સહયોગ આપશે

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના સંદર્ભમાં સત્ય નાડેલા કહે છે કે AIથી રોજગાર સર્જન છિનવાઈ જશે એવું સંપૂર્ણપણે માની લેવાની જરૂર નથી. ભારતને સંબંધ છે ત્યાં સુધી ભારત માટે AI ડેવલપ કરવાનો મૂડીભાર ઊંચકવાનું સંભવત સરળ ન પણ હોય તેમ છતાં ભારત વ્યૂહાત્મક પસંદગી કરીને આગળ વધી શકે છે. ભારત આ ક્ષેત્રે જે કાર્ય ૧૦ અબજ ડૉલરમાં કરી શકે છે તેને ‘માઈક્રોસોફ્ટ’ ભારત માટે એક અબજ ડૉલરમાં કરી શકે છે, કેમ કે ભારતમાં ખર્ચની દૃષ્ટિએ કાર્યક્ષમ AI વિકસાવવાની ઊંચી સંભાવના છે. ‘માઈક્રોસોફ્ટે’ ભારતના ‘ડિજિટલ ઈન્ડિયા કોર્પોરેશનના ડિવિઝન’ સમાન ‘INDIA AI’ સાથે સમજૂતી કરાર કર્યા છે. એ અનુસાર‘માઈક્રોસોફ્ટ’ ભારતમાં AIને એ રીતે વિકસાવવામાં સહયોગ આપશે, જેનાથી ભારતમાં વધુ શોધ-સંશોધન થાય - પ્રોડક્ટિવિટી વધે ને રાષ્ટ્રના વિકાસમાં એનો સમાવેશ બહેતર રીતે થઈ શકે. AI દર વરસે ૧૦થી ૧૫ ટકા કાર્યકારી ક્ષમતા સુધારવામાં સહાય કરી શકે છે. પાંચ-છ વરસમાં તે ૧૦૦ ટકા સુધી પહોંચી શકે. અલબત્ત, આનેલઈને AI કોઈ નેગેટિવ પરિણામ ન સર્જે અને તેના લાભોને હાનિ ન પહોંચે તે માટે ઉદ્યોગે પણ જવાબદારીપૂર્વક ભૂમિકા ભજવવી પડશે.

સત્ય નાડેલા એક મહત્ત્વનું વિધાન કરતાં કહે છે કે AI સાથે વિચારવાનું ખરું, પરંતુ આ માટેનું કાર્ય માનવબળ- માનવમૂડી સાથે કરવાનું છે. આને નવા યુગનો મંત્ર યા સિદ્ધાંત પણ કહી શકાય.

જરૂર પડતાં નવા કાનૂન આવી શકે AIના વિષયમાં ‘માઈક્રોસોફ્ટ’ સાથેના સહયોગને લઈને ઈન્ફૉર્મેશન ટેકનોલૉજી ખાતાના કેન્દ્રિય રાજ્યપ્રધાન જિતિન પ્રસાદે કરેલી વાત પણ મહત્ત્વની છે, જેમ કે દેશના નિમ્ન સ્તર કે ગ્રાસરૂટ લેવલ સુધી AIનું પહોંચવું અનિવાર્ય છે. એને માત્ર ડ્રોઈંગ રૂમ સુધી સીમિત રાખી શકાય નહીં. એનાં ફળ દેશનાં ગામડાઓમાં રહેતા છેવટના માણસો સુધી પહોંચવાં જોઈએ... સરકાર જરૂરી સંજોગોમાં આ મામલે કાનૂની સુધારા કરવા કે નવા કાનૂન લાવવામાં પાછીપાની નહીં કરે. ■

## બાય ધ વે, આ AI છે શું?




નિષ્ણાતોના સરળ શબ્દોમાં કહીએ તો AIને એક પ્રકારનું સોફ્ટવેર કહી શકાય, જે માનવીય દિમાગ - હ્યુમન ઈન્ટેલિકચ્યુઅલ જે કામ કરી શકે છે તે કામ AI પણ કરી શકે અને કયાંક તો વધુ બહેતર રીતે પણ કરી શકે છે. AI અનેક પ્રકારનાં આધુનિક કાર્ય કરી શકે છે, જેમ કે લખાયેલા કે બોલાયેલા શબ્દોના અર્થ કે અનુવાદ કરવા, ડેટાના એનાલિસિસ કરીને વ્યાપક માહિતી પૂરી પાડવી, સંકેત આપવા, પરિણામ સમજાવવા, સલાહ આપવી વગેરે. બીજા શબ્દોમાં એમ પણ કહેવાય કે AI કૉમ્પલેક્ષ (ગૂંચવણભર્યા) કામકાજને સરળ અને ઝડપભેર પાર પાડવાનું કાર્ય કરી શકતી કૉમ્પ્યુટર સિસ્ટમ્સ છે. AI અનેક લોકોનું કામ એકલું કરી શકે છે. અલબત્ત, આના દુરુપયોગ અને ગેરલાભ પણ થઈ શકે છે માટે સત્તાવાળાએ અને પ્રજાએ પણ સાવચેતી રાખવી અનિવાર્ય બનશે. ■

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# ગુજરાતી કવિતાની રાજેન્દ્રશાહી.....

લોકશાહી, સામંતશાહી અને સૌથી વધુ તો બાદશાહીમાંથી જ પ્રેરિત થઇને શબ્દ ત્રોફાવ્યો છે... રાજેન્દ્રશાહી... ભૂલથી આપણા આવકારના અકિંચન ઉતારે મોટા કવિને બોલાવવાનું વિસરી જવાયું હોય તો અન્ય સમાનભાસિત શબ્દોનું દેવું કરીનેય યોગ્ય સમ્માન ધરવાનો પ્રયત્ન તો કરીએ!!!

પણ રાજેન્દ્રશાહી વર્ણવું એ પહેલાં જે કવિતાની આજે વાત કરવાના છીએ, કવિવર રાજેન્દ્ર શાહની એ કવિતાની સાચી પરખ પહોંચાડવા નામેરી રાજેન્દ્ર શુકલનાં એક શેરથી તમારાં નેણલાં આંજુ....

*એવાય છે સવાલી, કૈં બોલતા નથી ને*
*દર પર ઊભા રહે છે કેવળ સબર થઇને*


શબ્દશઃ તો એમ કહેવાય છે કે કોઇક ટહેલ નાખવાવાળા હોય છે એવા નમણા અને અદ્ભુત કે દરવાજે ચૂપચાપ ઊભા હોય છે રાહ જોઇને... કે અંદરથી કોઇ આવે અને આંતરસૂઝને ઝોળીમાં નાખે. સવાલી=માગવાવાળો. પણ રાજેન્દ્ર શાહની આ કવિતા યજમાન એટલે કે ગુજરાતી ભાષા/પ્રજાને આપવા માટે ૭૦-૮૦ વર્ષથી આંગણે સવાલીના લિબાસમાં સબર બનીને ઊભી છે. જોઇએ આજે કેટલી પહોંચે છે... હું કેટલી પહોંચાડી શકું છું. સ્વમાન્યતાનો કિલ્લો ચોમેરથી જડબેસલાક હોય ત્યારે પળેપળનું આત્મનિરિક્ષણ અતિ અનિવાર્ય છે જ... કવિવર રાજેન્દ્ર શાહ! પધારો મારે કોલમ....

### શરત

*પાતળી કેડી કેરકાંટાળી*
*અંટવાળે આવતાં એખણ એરુ,*
*સાવજ કેરી ખાલની મને આલ મજાની મોજડી*
*એને હોંશથી રે કંઇ પહેરું.*

*ગોખણના એક ઘાવથી ઉતાર*
*નભનો તેજલ તારો,*
*ભાલની મારી બિંદીએ મેલી*
*અંજવાળું જન્મારો :*
*ઝરણાનાં ઝાંઝરના તાલે રમતાં રહેતાં,*
*ચડવો મારે એક અવિચલ મેરું*

*ઉગતા આ પ્રરભાતનો રાતો*
*રંગ ને ધૂમર ભૂરું*
*એકબીજાને તાંતણે વણી આણુ*
*પહોળે પટ પૂરું;*
*આટલું મારું વેણ રુડી જે રીતથી રાખે*
*એ જ તે મારા આયખાનો ભડ ભેરું,*
*આટલી મારી પત રાખે તે પર*
*ઓવારી જાઉં રે જીવન, પારવનું વ્હાલ વેરું*



પ્રેમમાં હોવાના કારણો, લગ્ન, સાથીદારી ઇત્યાદિ દિન બ દિન કેવાં કદરૂપા વ્યાપારીકરણના અતિ બોલકા કળણમાં ખૂંપતા જાય છે... એવામાં ૭૦-૮૦ વર્ષ પહેલાં સર્જાયેલાં આ ગીતમાં એક પ્રેમોત્સુક કુંવારિકા (ના, કવિતાની નાયિકા નહીં, આ કોઇ ફિલ્મ નથી, કવિતા છે, માટે પ્રેમોત્સુક કુંવારિકા જ) એના બનનાર સાથી સમક્ષ મૂકે છે અમુક શરત. આગળ જતાં આ સ્વયંવરના કોઇ પણ પાત્રો સર્વનાશ નોંતરતું કોઇ યુદ્ધ નથી કરવાના કે જેથી એમાં ફરતી માછલી અને નીચે જળ અને ધનુષ્ય બાણ ઇત્યાદી રાખવાં પડે, આગળ જઇને અંત સુધી આ બે પાત્રો અને ભવિષ્યના એમના પરિવારનો એક અત્યંત દૈદિપ્યમાન, સ્વયંપ્રકાશિત, ઉચ્ચ આદર્શથી દિક્ષિત જીવનનો ઇરાદો છે. એ માટે જે શરૂઆત, જે મજબૂત પાયા માટે જરૂરી હોય એ સર્વ અત્યંત કાવ્યમય લઢણમાં પહેલી શરત તરીકે મુકાય એ પહેલાં કુંવારિકા પોતે શું આપવાની ખાત્રી ધરે છે એનું તો મુખડું છે. કેરના કાંટાથી ભરેલી પાતળી કેડી કે જેના પર નાગ-સાપ નિરાંતે વિહરતા હોય એનાથી રક્ષણ પામવા મને સાવજની ખાલની મોજડી તું આપે તો એને પગે બાંધીને મોજથી મહાલું. સાવજની ખાલની મોજડી અને આલે કોણ? થનાર જીવનસાથી. પછી ડર કોનો? શેનો? કયાંનો? સાવજ કેરી ખાલ પછી 'આપ' ને બદલે 'આલ' મૂકે એટલે આંતરપ્રાસની રાજેન્દ્રાઈ અંતિમ આસમાને... હજી નમણાં હુકમોનો ચાલતો દોર તો જુઓઃ તાક ગોફણ નભમાં અને હેઠો ઉતાર વધુ ચળકતો તારો, મારે એને મારા કપાળમાં સજાવીને તારા સાથનો જનમારો અજવાળવો છે. આવી રમ્ય ગમ્ય અભાનતામાં વહેતા ઝરણાના રુમઝુમ તાલે રમતાં રમતાં બાજુની ટેકરીની ટોચે પહોંચવું છે. આ પરબ્રહ્મ જગાએથી ઉગતા પ્રભાતના રાતા રંગ સાથે ભૂરું આભ ગૂંથી જે પટ વણાય, એ આણાં જેવું જીવન મારે જોઇએ. બોલ આપી શકીશ આ બધું? શરત ગણ તો શરત અને મારું વરત ગણ તો વરત... પાળી શકીશ? તો આગળ વાત કરીએ...

હિરાના હાર, મોંઘીદાટ મોટરગાડીઓ - બેન્ટલી બુગાટી રોલ્સ રોઇસ વગેરે, ટ્રમ્પ ટાવર મેનહટનમાં પેન્ટ હાઉસની માગણીઓ હોય અથવા આપવાનો દેખાડો હોય....

આપણે આજે રાજેન્દ્રશાહીનાં નામે કુમળી મર્દાનગી ને સંપૂર્ણ સ્ત્રીત્વ દ્વારા પડકારાતો ઉત્સવ ઉજવવા એકઠા છીએ એ આપની જાણ ખાતર.... કવિતામાં મધ્યબિંદુ પરથી સમગ્ર પરિઘ ઊભો કરી શકવાનું સામર્થ્ય છે. પણ મધ્યબિંદુ તો અનિવાર્ય જ ને?! તો આ મધ્યબિંદુ કવિવર રાજેન્દ્ર શાહ જીવનસાથીમાં હોવાની કલ્પના કરી શકયા હશે? કે મંજુલા રાજેન્દ્ર શાહે આ મધ્યબિંદુ ધર્યું હશે?!

ગુજરાતી ભાષાનાં અગણિત અને અદ્ભુત ગીતભંડારમાંથી એક ચૂપચાપ મહાનતમ ગીત કાયમ માટે અંતરમાં સજાવેલું રાખીએ....

આજે આટલું જ..... ■

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

# શિયાળામાં ગુજરાતના વિવિધ ઘાસિયાં મેદાનોમાં કલરવ કરીને થનગનતાં મુસાફર જીવ - કુંજ

**પંખીઓ** સૃષ્ટિનાં આરંભથી જ આ ધરાને વસુધૈવ કુટુંમ્બકમની ભાવનાથી જોતા આવ્યા છે અને એ ક્રમ આજ દિન સુધી ચાલતો આવ્યો છે. યુરોપિયન દેશોમાંથી ભારત આવતાં વિવિધ પક્ષીઓની મુસાફરીનું વિજ્ઞાન અચરજ પમાડે તેવું હોય છે. આ સૃષ્ટિનાં સમગ્ર જમીની વિસ્તાર, સમુદ્ર અને આકાશ પર લાખો વર્ષોથી લઈને આજની ઘડી સુધી પક્ષીઓ રાજ કરતા આવ્યાં છે. વસંત ઋતુ ખીલે કે આ પક્ષીઓ મુસાફરની માફક ધરતીનાં એક છેડેથી બીજા છેડા સુધી લાંબી મુસાફરીનો આરંભ કરે છે અને પતઝડની મોસમ બેસતા જ ફરી એ જ રસ્તે પરત ફરે છે, જેનું એક માત્ર કારણ છે પોતાનાં જીવનનાં અસ્તિત્વને ટકાવી રાખવું. જીવનનાં દરેક પાસાઓનો ખૂબ જ ઓછા સમયમાં અનુભવ કેળવીને કોઈ પણ જાતના સ્વાર્થ વિના બધી જ હકારાત્મક અને નકારાત્મક શક્યતાઓને તેઓ પોતાની આગલી પેઢીને શીખવે છે. આ જ પક્ષીઓ સરળ અને સફળ લાંબી એટલે કે હજારો માઈલની મુસાફરી માટેની વ્યૂહ રચનાને દરેક સાથીદારોના મગજમાં ઠસ્સાવી દે છે અને સઘળા પક્ષીઓ એક સાથે મુસાફરી આદરે છે. મારા પપ્પા ખેતરમાં ઊંચે નજર માંડીને કહેતા કુંજડાં આવવાનાં શરૂ થઇ ગયા એટલે હવે શિયાળો બેઠો સમજો. આ કુંજ ગજજબનાં મુસાફર જીવડાં હો ભાઈ. શિયાળાનું પાકું એંધાણ જ આ પક્ષીઓ આપે.

આપણા પ્રદેશમાં શિયાળુ મોંઘેરા મહેમાન કુંજનાં આગમનની શરૂઆત થઇ ચૂકી છે. સદીઓથી પક્ષીઓ આ સૃષ્ટિ પર રાજ કરતા આવ્યાં છે. પક્ષીઓનાં માઈગ્રેશન રૂટ સેન્ટ્રલ એશિયન ફ્લાયવેનો મહત્ત્વનો હિસ્સો ગુજરાતમાંથી પસાર થાય છે એટલે હવે અવનવાં પક્ષીઓ મુસાફર બનીને ગુજરાત આવે છે. પંખીઓના આવા વિશ્વને શ્રી ધ્રુવ ભટ્ટે અદભુત શબ્દો આપ્યા છે.

***પાંખમાં ભરીને ચલો આખું આકાશ કોઈ તગતગતા સરોવરમાં ઢોળીએ***
***ભાંગતા કિનારાનું ભાંગે એકાંત એવી કલબલતી કોઈ વાત બોલીએ***
***માળાનો હોય નહીં આપણને સાદ સાવ ટૂંકા રોકાણ છીએ આપણે***
***યાયાવર ગાન છીએ આપણે***

*- ધ્રુવ ભટ્ટ*

શિયાળો બેસે કે ગુજરાત અને રાજસ્થાનના રણ વિસ્તાર, ઘાસિયા મેદાનો અને સરોવરોની આસપાસનાં ખેતરોમાં કુંજનો કલરવ ગુંજવા માંડે. વહેલી સવારે ઊંચે આકાશમાં નજર માંડો કે એકમેકની પાછળ શિસ્તબદ્ધ શેપમાં ઉડાન ભરતા નજરે ચઢે.



દેખાવે આકર્ષક લાગતા કુંજ મોટા ભાગનો સમય ખોરાક શોધવામાં જ વિતાવતા હોય છે. પોતાની લાંબી અને મજબૂત ચાંચનો ઉપયોગ કરીને જમીનમાં ઊગેલા ઝાંખરાઓનાં મૂળ ખોદીને તેઓ ખાતા હોય છે આ સિવાય ખેતરમાં જમીનમાં રહી ગયેલા મૂળિયાઓમાંથી અને રણ વિસ્તારનાં ઝાંખરાંઓમાંથી તેઓ ખોરાક મેળવતા હોય છે. તેઓનું દિશા જ્ઞાન અચરજ પમાડે તેવું છે. જે રૂટનો ઉપયોગ કર્યો હશે એ જ રસ્તેથી તેઓ પરત ફરે છે અને એ જ પ્રક્રિયા વર્ષો વર્ષ સુધી ચાલ્યા જ કરે છે. તેઓ નવી પેઢીનાં પક્ષીઓને રસ્તા અને રસ્તા પર આવતા સંકટ વિષે માહિતગાર કરતા હશે.

મોટાભાગે તેઓ ૨૫૦૦ મીટર કરતાં વધારે ઊંચાઈવાળા વિસ્તારો પરથી ઊડવાની પ્રક્રિયાને ટાળતા હોય છે જેથી યોગ્ય માત્રામાં હવાની મદદ મળી રહે અને શક્ય. એટલા ઓછા સમયમાં યોગ્ય સ્થળે વિરામ માટે ઉતરાણ પણ કરી શકાય યુરોપિયન દેશોમાં વધુ માત્રામાં જોવા મળતું આ પક્ષી ભારતમાં રાજસ્થાન અને ગુજરાતને પોતાનું શિયાળુ આવાસ બનાવે છે. કચ્છનાં મોકળાં બન્નીનાં ઘાસિયા મેદાનો તેઓ માટે સ્વર્ગ છે. નળ સરોવર આસપાસનાં ખેતરોમાં, કાઠિયાવાડનાં ભાલ વિસ્તારનાં મગફળીનાં ખેતરોમાં, કચ્છનાં નાના રણનાં ખુલ્લાં મેદાનોમાં આ પક્ષીઓ ખૂબ જ મોટા સમૂહમાં ઊતરે છે. આ પક્ષીઓની ઉડાનને જોઈને જાણે પળવાર માટે જગ વિસરી જવાય એવો એનો નાદ હોય છે અને અનન્ય પ્રકારની ઉડાન જોવા મળે છે.

અસંખ્ય પક્ષીઓ એક સાથે ઝડપથી ઊડતા હોવા છતાં એકમેક સાથે એવો તાલમેળ જાળવે છે. તેઓ એકબીજાને મદદ કરીને સુરક્ષિત રીતે હજારો કિમી જેટલી મુસાફરી દિવસ દરમ્યાન સતત ઉડાન ભરીને પાર પાડે છે અને રાત થતા જ સુરક્ષિત વિસ્તાર પસંદ કરીને આરામ કરે છે અને દિવસની શરૂઆત થતા જ ફરી ઉડાન શરૂ કરે છે. પરત ફરતી વખતે ગુજરાતથી નીકળીને પાકિસ્તાન, અફઘાનિસ્તાન, ઈરાન, તુર્કમેનિસ્તાન, ઉઝબેકિસ્તાન અને છેલ્લે કઝાકિસ્તાન પહોંચે છે અને ફરી પાછા ગુજરાતનાં નળ સરોવર સુધી પરત ફરે છે. કુંજ માત્ર દિવસે જ ઉડાન ભરે છે અને રાત્રે યોગ્ય સ્થળે આરામ કરે છે, એમ કરતા કરતા તેઓ ૧૦-૧૨ દિવસમાં આશરે ૪૫૦૦ કિમી સુધીની મુસાફરી કરીને ગુજરાત અને રાજસ્થાનમાં ઉતરાણ કરે છે. કુંજ પક્ષીઓમાં મોટા ભાગે વડીલ કુંજ હોય જ છે જે માર્ગદર્શક બની રહે છે. અફઘાનિસ્તાન વિસ્તાર પર પસાર થતી વખતે તેઓ ખાસ સાવચેતી રાખીને ઓછામાં ઓછો વિશ્રામ કરીને પસાર થાય છે.

કચ્છનાં છારી ઢંઢનાં વિશાળ મેદાનો તેઓ માટે સ્વર્ગ સમાન છે. બનાસકાંઠાનો રણ વિસ્તાર, પોરબંદર નજીક આવેલ અમીપુર ડેમ વિસ્તાર, મોકરસાગર જળ પ્લાવિત ક્ષેત્ર, માંડવીનો દરિયાઈ પટ્ટો, કચ્છનાં નાના રણથી લઈને રાજસ્થાનનાં આખેય રણ વિસ્તારનો વિશાળ પટ્ટો, પાકિસ્તાન તરફી આવેલો રણ વિસ્તાર જેવાં ક્ષેત્રોમાં કુંજનો કલરવ આખા શિયાળા દરમ્યાન સાંભળવા અને જોવા મળે. શિયાળાની ઋતુમાં કુદરતનાં સંપૂર્ણ પણે ખીલેલા રંગો, પંખીઓનું મધુર સંગીત અને સમીરનાં સ્પર્શની શીતળતાનો અનુભવ શબ્દોમાં વર્ણવીને કોઈ સાથે શેર કરવા કરતાં વગડાની વાટે જ નીસરી જવું પડે.

અમદાવાદ નજીકની નવી જ જાહેર કરાયેલી રામસર સાઈટ થોળ પક્ષી અભ્યારણ્યમાં હાલમાં કુંજનાં ટોળે ટોળા તળાવનાં કિનારે ગમ્મત કરતા જોવા મળે એમને જોવામાં મારો આખો ટંક ક્યાં જતો રહે એ સૂર્ય ક્ષિતિજ પર ઢળ્યા પછી જ ખ્યાલ આવે. ઓક્ટોબર - નવેમ્બર દરમ્યાન શરૂ થયેલું માઈગ્રેશન થકી ડિસેમ્બરમાં ખૂબ જ મોટા પ્રમાણમાં કુંજ જોવા મળે છે. માર્ચ એપ્રિલ મહિનાની ગરમી શરૂ થતા જ પોતાનાં બ્રીડિંગ ગ્રાઉન્ડ તરફ પરત ફરવા ઉડાન ભરે છે. પરત ઉડાન ભરતા પહેલા તેઓ લાંબા પ્રવાસ માટે જરૂરી એવી ઊર્જા મેળવી લે છે જેથી તેઓ ઓછામાં ઓછા સમયમાં વધારેમાં વધારે અંતર કાપી શકે.

દુનિયા માટે દિવસ ઢળે પણ મારા માટે તો દિવસ ઊગે. સોનેરી સંધ્યા ટાણે આ વિશ્વપ્રવાસી કુંજ તેઓનાં કલરવથી આખું વાતાવરણ ગૂંજવી મૂકે ત્યારે એક આખો પરિવાર ક્યાંક પ્રવાસે નીકળવાનો હોય ત્યારે આદરવામાં આવતી તૈયારીઓ નજર સમક્ષ તરવરે. કોઈ પણ જીવ જ્યારે કોઈ સ્થળને પોતાનું ઘર બનાવે એટલે એ સ્થળ સાથે ગજજબની આત્મીયતા બંધાઈ જાય. પોતાના જીવનનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે તેઓ લાંબો પ્રવાસ ખેડીને ગુજરાતમાં શિયાળો ગાળવા આવતા આ પક્ષીઓ ઉનાળો બેસે કે અધધ લાંબી એટલે કે હજારો માઈલની સફર શરૂ કરે એ પહેલા તેઓ આખાયે આકાશમાં ગુંજતા ગુંજતા ચક્કર લગાવે જાણે તેઓ પોતાનાં ઘરને છેલ્લી વાર જતા જતા જોઈ લેતા હોય. મારા મનમાં તેઓને જોઈને એક નિઃશ્વાસ નંખાઈ જાય કે આ તળાવે ફરી હું આવીશ પણ મને કુંજની ગુંજ થોડા મહિનાઓ સુધી નહિ સાંભળવા મળે. આપણે પોતાની જાતને વિશ્વ પ્રવાસી તરીકે ઓળખાવીએ પણ આમનાથી વિશેષ વિશ્વ તો આપણે નહિ જ જોયું હોય ને?

બસ આ સફર ચાલ્યા જ કરે અવિરત! ■

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com


## વેધર એપ્સનું જાણ્યું- અજાણ્યું

# દરેક ડિવાઈસ પર તાપમાન જુદાં જુદાં કેમ?

વર્ષ ૨૦૨૪નો છેલ્લો મહિનો એટલે કે ડિસેમ્બર અને નવા વર્ષ ૨૦૨૫નો પહેલો મહિનો એટલે કે જાન્યુઆરી બન્નેમાં મોસમના દ્રષ્ટિકોણથી કોઈ સામ્યતા હોય તો એ શિયાળો છે. આ વર્ષે ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્રથી લઈને છેક મોહાલી સુધી શિયાળાએ સૌને ધ્રુજાવી દીધા છે. લઘુતમ તાપમાનનો રેકોર્ડબ્રેક થતા હવામાનની સ્થિતિએ હેડલાઈન્સ બનાવી હતી. સામાન્ય રીતે ઉનાળો હોય ત્યારે કેટલા ડિગ્રી તાપમાન ઘટ્યું તો રાહત થાય એવું નોંધવામાં આવે છે, જ્યારે શિયાળામાં કેટલા ડિગ્રી તાપમાન વધ્યું એ અંગેના રિપોર્ટથી હાશકારો થાય છે. દરેક વ્યક્તિના મોબાઈલમાં વેધર એપ્લિકેશન હશે એમાં જે તે શહેરનું તાપમાન ઓટોમેટિક દેખાતું હશે. હવે સવાલ ત્યાં થાય છે કે, એક જ કંપનીના બે જુદા જુદા મોડેલમાં વેધર એપ્સ પર સર્ફ કરવામાં આવે તો એક જ શહેરનું તાપમાન અલગ અલગ કેમ આવે છે?

-તો રવિવારની આજ્ઞી રજામાં તૈયાર થઈ જાવ મોસમની એક અનોખી યાત્રામાં જોડાવા માટે...

દુનિયાની મોટાભાગની એપ્લિકેશન ઈન્ટરનેટ કનેક્ટેડ હોય છે. બેઝિક પ્રોગ્રામિંગ અને સર્વર કનેક્શન આપ્યા બાદ જે તે માપદંડમાં પાસ થવાથી એપ્લિકેશનને પ્લેસ્ટોરમાં એન્ટ્રી મળે છે. મોટાભાગની મોબાઈલ કંપનીઓના હેડક્વાર્ટર ભારતની બહાર છે. ઉત્પાદન બીજે ક્યાંક થાય છે



અને એપ્લિકેશન-સોફ્ટવેર સપોર્ટ આપનાર દેશ જુદા છે. આઈફોનથી લઈને સામાન્ય ફોન સુધી વેધર એપ્લિકેશન કોમન છે. દરેક ફોનમાં આ જોવા મળે છે. ઘણાએ તો આની અપડેટ હોમસ્ક્રિન પર સેટ કરી હશે. માધ્યમોમાં આવતું તાપમાન અને આપણા દરેકના મોબાઈલમાં આવતા તાપમાનમાં તફાવત નોંધ્યો હશે. આ ઉપરાંત હવામાન ખાતાની અપડેટમાં પણ આંકડા ક્યારેક મેચ થાય તો ક્યારેક ન પણ થાય. વેધર સંબંધિત જુદી જુદી વેબસાઈટમાં પણ વેધર રિપોર્ટ જુદા જુદા હોય છે. આ તફાવત પર ટેકનોલોજીના જ માધ્યમથી કરેલું એક નાનકડું રિસર્ચ આવા અનેક પાસાઓ રજૂ કરે છે, જેમાંથી પ્રથમ પાસું એ છે કે, દરેક વેધર એપના અલગ અલગ સોર્સ.

હવામાન ખાતાનો સેટેલાઈટ દિવસ - રાત કામ કરે છે. એવી જ રીતે મોબાઈલ કંપનીઓના વેધર સોર્સ અલગ અલગ હોય છે. જેમ દેશ, પ્રાંત કે રાજ્ય બદલે એમ આ સોર્સ બદલે છે. ઘણી વખત તો હવામાન ખાતાના રિપોર્ટ સાથે એક્યુરેટ આવે છે. એનો અર્થ એ થયો કે, જે તે વેધરનો સોર્સ સરકારની વેધરની ઓફિશિયલ ચેનલ છે. એક વાત તો દરેક સ્વીકારે છે કે, સૂર્યોદય ન થયો હોય ત્યાં સુધી હવામાન ઠંડું હોય અને એ પછી ગરમ થાય અને સૂર્યાસ્ત બાદ ફરી વાતાવરણ ઠંડું પડે. મોબાઈલમાં ઉપયોગમાં લેવાતા સોર્સ પાછળ ઘણી વાર ક્યો સોર્સ મૂકેલો છે એના પરથી વેધરના આંકડા મળે છે. એસી હોલમાં મસ્ત કૂલિંગ વેધરમાં મોબાઈલને લઈ જવામાં આવે તો બહારના તાપમાન સાથે તે એક્યુરેટ નહીં કરે, કારણ કે, રૂમનું તાપમાન અને ત્યાં મળતા ઈન્ટરનેટના સિગ્નલને પણ તે એક સોર્સ તરીકે ધ્યાને લઈ ઉપયોગ કરે છે. આ જ મોબાઈલ સાથે માત્ર પાર્કિંગમાં બે મિનિટ ઊભા રહો એટલે બહારનું ટેમ્પ્રેચર બતાવશે. જ્યારે ટેકનોલોજી આવી અપડેટ ન હતી એ સમયે ઘણી આફતનો ભોગ બનવાનો પણ વારો આવ્યો હતો.

જુદી જુદી વેધર એપ ભલે એક્યુરેસી મામલે મતમતાંતર ધરાવે , પણ ચોક્કસ ફિગરથી નજીક તો હોય છે. બીજી એક સગવડતા એ આપે છે કે, દેશ-દુનિયાના શહેરનું લાઈવ ટેમ્પ્રેચર જાણી શકાય છે. આ પાછળ કામ કરે છે વેધર API અર્થાત 'એપ્લિકેશન પ્રોગ્રામિંગ ઈન્ટરફેસ' , જે જુદા જુદા કોમન સોર્સમાંથી ડેટા એક્સેસ કરે છે અને આપણી સ્ક્રિન સુધી પહોંચાડે છે. એના પાયામાં ઈન્ટરનેટ કનેક્ટિવિટી તો છે જ પણ એ ઉપરાંત એ લોકેશન પ્રોગ્રામિંગ ટેકનોલોજી હોય છે.

આ પ્રક્રિયા પણ સમજવા જેવી છે. જ્યારે કોઈ શહેર કે પ્રાંતનું સર્ચ થાય છે ત્યારે એનો વેધરડેટા પહેલા તે ચેક કરે છે અને પછી આપણને રિપોર્ટ કરે છે. 'ઈન્ટરનેશનલ રિસર્ચ જર્નલ મોર્ડેનાઈઝેશ એન્જિનિયરિંગ એન્ડ સાયન્સ'ના રિપોર્ટ અનુસાર કોઈપણ વેધર એપ રેપિડ એન્ડ ડાયનામાઈક ડેટા એનાલિસ્ટ સિસ્ટમ પર કામ કરે છે.

જુદી જુદી વેબસાઈટમાં પણ આ જ ફોર્મ્યુલા છે. એક વેબસાઈટ પોતાનો અલગ સોર્સ વાપરે છે, જ્યારે બીજી વેબસાઈટ સોર્સ કે ડેટા માટે જે તે એક્યુરેટ સંસ્થા સાથે સમજૂતી કરે છે. આ વેબસાઈટ હવે કલાક પછી કેવું વાતાવરણ ક્યાં રહેશે એની ખૂબ નજીકની માહિતી આપે છે. આ માટે ઘણા બધા એવા હોટસ્પોટનો પણ તે ઉપયોગ કરે છે. સિગ્નલ એનાલિસીસ અને રિપોર્ટ ક્વેરી સિસ્ટમ પર આખો ડેટા તૈયાર થાય છે અને આપણા સુધી પહોંચે છે. ■

### આઉટ ઓફ ધ બોક્સ

***IMD એ ક્રાઉડ સોર્સ વેબ ઈન્ટરફેસનો ઉપયોગ કરીને મોસમ પ્રત્યે લોકોના પ્રતિભાવ લઈને એપ્લિકેશન બનાવેલી, જેનું નામ છે 'પબ્લિક ઓબર્ઝેવેશન'***

# રૂપિયાની નરમાઈ અને વિશ્વ બજાર પાછળ સોનામાં તેજીનું વલણ, ઊંચા મથાળે માગ શુષ્ક

## આયાત જકાતમાં ફેરફારની ભીતિ વચ્ચે અંદાજપત્ર પૂર્વે સ્ટોક હળવો કરવા માગતા ડીલરો

**કોમોડિટી**

**રમેશ ગોહિલ**

આંતરરાષ્ટ્રીય બજારમાં ગત સપ્તાહે અમેરિકાનાં આર્થિક ડેટાઓ એકંદરે નબળા આવતા અમેરિકી ફેડરલ રિઝર્વ વર્ષ દરમિયાન હળવી નાણાનીતિ અપનાવીને વ્યાજદરમાં કપાત કરે તેવો આશાવાદ સપાટી પર આવતાં સોનાના વૈશ્વિક ભાવમાં આગેકૂચ જળવાઈ રહી હતી. વધુમાં પ્રોત્સાહક ડેટાઓને પગલે ડૉલર ઈન્ડેક્સમાં પણ મજબૂત વલણ જોવા મળ્યું હતું. આમ એક તરફ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ અને ડૉલર ઈન્ડેક્સમાં મજબૂતીને કારણે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ધોવાણ જળવાઈ રહેતાં વધુ ૬૦ પૈસાનો ઘટાડો નોંધાયો હોવાથી સોનાની આયાત પડતરોમાં થવાને કારણે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનામાં તેજીનું વલણ જળવાઈ રહ્યું હતું. સોનામાં એકતરફી તેજીને કારણે શુદ્ધ ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૯,૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા. જોકે, તેજીના આ માહોલમાં રિટેલ સ્તરની માગને ફટકો પડ્યો હતો અને હવે ખરીદદારો ભાવમાં ઘટાડા અથવા તો કરેક્શનની રાહ જોઈ રહ્યા હોવાનું મુંબઈ સ્થિત એક ડીલરે જણાવ્યું હતું. ઈન્ડિયન બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૦મી જાન્યુઆરીના ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૮,૦૧૮ના બંધ સામે સુધારાના અન્ડરટોને રૂ. ૭૮,૩૫૦ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૭૮,૦૨૫ અને ઉપરમાં રૂ. ૭૯,૨૯૯ની રેન્જમાં અથડાઈને અંતે સાપ્તાહિક ધોરણે ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨૨૧ અથવા તો ૧.૫૬ ટકાના વધારા સાથે રૂ. ૭૯,૨૩૯ની સપાટીએ બંધ રહ્યા હતા. એકંદરે ગત સપ્તાહે વૈશ્વિક સોનાના ભાવ એક મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે સ્થાનિકમાં પણ ભાવ ઐતિહાસિક ઊંચી સપાટીની નજીક જ છે. જોકે ઊંચી સપાટીએથી રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં જ્વેલરી ઉત્પાદકોની માગ પણ નબળી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. તેમ જ સ્થાનિકમાં માગ શુષ્ક રહેતાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૩૦ ડૉલર ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હતા, જ્યારે આગલા સપ્તાહે ડિસ્કાઉન્ટ ઔંસદીઠ ૧૭ ડૉલર આસપાસની સપાટીએ હતું.



આગામી પહેલી ફેબ્રુઆરીના રોજ થનારી વર્ષ ૨૦૨૫-૨૬ માટેના અંદાજપત્રની રજૂઆતમાં સોનાની આયાત જકાતના માળખામાં ફેરફાર કરવામાં આવે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા ડીલરો અંદાજપત્રની જાહેરાત પૂર્વે સ્ટોક હળવો કરવા માગતા હોવાથી ડિસ્કાઉન્ટમાં વધારો જોવા મળી રહ્યો હોવાનું હૈદરાબાદ સ્થિત બુલિયન મર્ચન્ટ કેપ્સ ગોલ્ડનાં મેનેજિંગ ડિરેક્ટર ચંદા વેંકટેશે જણાવ્યું હતું. તે જ પ્રમાણે એએનઝેડે એક નોટ્સમાં જણાવ્યું હતું કે સરકારે ગત જુલાઈ મહિનાના અંદાજપત્રમાં સોનાની આયાત જકાતમાં કરેલા નવ ટકાના ઘટાડાની આગામી અંદાજપત્રમાં ફેરસમીક્ષા કરવામાં આવે તેવી શક્યતા નકારી ન શકાય અને જો તેમાં ફેરફાર કરવામાં આવશે તો સોનાની માગ સામે પડકારો પણ વધશે. આમ હવે સ્થાનિક સ્તરે જોઈએ તો બુલિયન ડીલરો અને જ્વેલરોની નજર આગામી અંદાજપત્ર પર સ્થિર થઈ છે.

વધુમાં સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન ખાતે વર્ષ ૨૦૨૪નાં બીજા છમાસિકગાળાથી માગ મંદ પડી હતી, પરંતુ હવે સરકારે આર્થિક વૃદ્ધિને વેગ આપવા માટે અપનાવેલી હળવી નાણાનીતિને કારણે અમુક અંશે સોનાની માગમાં થોડો સંચાર જોવા મળ્યો છે અને ચીન ખાતે ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૩થી ૧૩ ડૉલર આસપાસના પ્રીમિયમમાં ઑફર કરી રહ્યાના અહેવાલ હતા. જોકે, ચાઈનીઝ લ્યૂનાર વર્ષનાં આરંભ પૂર્વે માગ જોવા મળી રહી છે, પરંતુ સાથે સાથે રજાઓના મૂડની કામકાજોના વૉલ્યુમ પર અસર જોવા મળે છે, એમ વિન્ગ ફંગ પ્રીસિયસ મેટલ્સનાં ડીલિંગ વિભાગના હેડ પીટર ફંગે જણાવ્યું હતું.

ગત સપ્તાહે અમેરિકાના ફુગાવાના ડેટાની જાહેરાત પશ્ચાત્ આ વર્ષે ફેડરલ રિઝર્વ વધુ વખત વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ સપાટી પર આવતાં સોનાના વૈશ્વિક ભાવ સતત ત્રીજા સપ્તાહે સાપ્તાહિક ધોરણે વધી આવ્યા હતા અને અંદાજે ૦.૫ ટકા જેટલો વધારો થયો છે. તેમ જ ગત ગુરુવારે ભાવ એક તબક્કે એક ટકો જેટલા વધીને ગત ૧૨ ડિસેમ્બર પછીની ઊંચી સપાટી સુધી પહોંચ્યા હતા. નબળા આર્થિક ડેટાને કારણે ડૉલર ઈન્ડેક્સ તથા અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ દબાણ હેઠળ આવી હતી. તેમ જ ફેડ ગવર્નર ક્રિસ્ટોફર વૉલરે જણાવ્યું હતું કે જો આગામી દિવસોમાં અમેરિકાના આર્થિક ડેટાઓ નબળા આવે તો ફેડરલ રિઝર્વ વર્ષ ૨૦૨૫માં ત્રણથી ચાર વખત વ્યાજદરમાં કપાત કરી શકે છે. આમ તેમની આ ટિપ્પણીને કારણે બજારમાં વધુ રેટ કટનો આશાવાદ નિર્માણ થતાં સોનાની તેજીને ટેકો મળ્યો હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડવાઈઝર્સનાં વિશ્લેષકે જણાવ્યું હતું. આ સિવાય આગામી ૨૦મી જાન્યુઆરીથી પ્રમુખપદનો હોદ્દો અખત્યાર કરનાર અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની વેપાર-વેરાની નીતિઓ અંગેની અનિશ્ચિતાનો પણ સોનાને લાભ મળી રહ્યો છે. એકંદરે હાલની સ્થિતિ જોતા આગામી સપ્તાહે વૈશ્વિક સોના માટે ઔંસદીઠ ૨૬૮૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી અને ૨૭૬૦ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થઈ શકે છે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૭,૫૦૦થી ૮૦,૦૦૦ની રેન્જમાં રહે તેવી ધારણા તેમણે વ્યક્ત કરી હતી.

દરમિયાન ગત સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર ડૉલર ઈન્ડેક્સની મજબૂતી સાથે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૨૭૦૧.૦૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા અને વાયદામાં ભાવ ૦.૧ ટકા ઘટીને ૨૭૪૮.૭૦ ડૉલરના મથાળે બંધ રહ્યા હતા. એકંદરે સપ્તાહના અંતે ડૉલર મજબૂત થતાં નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. તેમ છતાં ટ્રમ્પની વેપાર-વેરાની નીતિની અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા ભાવઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું હાઈ રિજ ફ્યુચર્સનાં મેટલ ટ્રેડિંગ વિભાગના ડિરેક્ટર ડેવિડ મિજરે જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ફેડ ગવર્નર ક્રિસ્ટોફર વૉલરે જો આર્થિક ડેટા નબળા આવે તો વર્ષ દરમિયાન વધુ વખત ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા વ્યક્ત કરી હોવા છતાં ટ્રેડરો વર્ષ દરમિયાન બે વખત વ્યાજદરમાં કપાતની શક્યતા જોઈ રહ્યા છે. હવે બજાર વર્તુળોની નજર આગામી ૨૦મી જાન્યુઆરીથી ડૉનલ્ડ ટ્રમ્પ સત્તા પર આવ્યા બાદ કેવી વેપાર નીતિ અપનાવે છે તેના પર ઉપરાંત તે નીતિની ફુગાવા પર થનારી અપેક્ષિત અસર અને વિશ્વમાં ટ્રેડ વૉરની સ્થિતિ નિર્માણ થાય છે કે નહીં તેના પર મંડાયેલી છે. તેમાં પણ ટ્રમ્પ ટેરિફનો કેવો અમલ કરે છે અને તે આર્થિક વૃદ્ધિ રૂંધશે કે નહી, ફુગાવો વધશે કે નહીં તેવાં પ્રશ્નો બજારને વધુ મૂંઝવી રહ્યા હોવાનું વિસ્ડમ ટ્રીનાં સ્ટ્રેટેજિસ્ટ નિતેશ શાહે જણાવ્યું હતું. જોકે, વર્તમાન સપ્તાહે સ્થાનિકમાં સોનાની ભાવની વધઘટનો આધાર વૈશ્વિક વધઘટ ઉપરાંત સ્થાનિક સ્તરે ડૉલર સામે રૂપિયામાં કેવું વલણ રહે છે તેના પર વધુ અવલંબિત રહેશે એમ બજાર વર્તુળો જણાવે છે.

# ખુમારીભર્યું મોત ?

**ઓપિનિયન**

**સી. એ. પ્રકાશ દેસાઈ**

૯/૧૧ના રોજ ન્યૂ યોર્ક શહેરમાં વર્લ્ડ ટ્રેડ સેન્ટરના ટાવર ઉપર પ્લેનથી જે આત્મઘાતી હુમલાઓ થયા ત્યારે દુનિયાને ખબર પડી કે પ્લેનને પણ એક મિસાઇલ બનાવીને આત્માઘાતી હુમલાઓ આતંકવાદી કરી શકે છે અને ત્યારબાદ તો હવાઇ યાત્રામાં બહુ સુરક્ષાનાં પગલાઓ લેવાઇ રહ્યાં છે. પણ શું વર્લ્ડ ટ્રેડ સેન્ટરને તેમાં પ્લાન ઘુસાડીને ઉડાડવાની ફીદાઇન કે આત્મઘાતી ઘટના દુનિયામાં પ્રથમવાર જ બનેલી હતી?

જાપાન અને સમુરાઇ શબ્દથી તો ભાગ્યે જ કોઇ અજાણ્યા હશે. જાપાનીઝ લોકોનો દેશપ્રેમ એ સૌ કોઇ માટે મિશાલ છે તેવી જ રીતે સમુરાઇની ફિલોસોફી છે કે જયારે તકલીફ આવે અને નામોશીનો સામનો કરવો પડે ત્યારે દુશ્મનને શરણે થઇને હારી જવા કરતા બહેતર છે કે શૌર્યથી જાન ગુમાવીને આત્મઘાતી હુમલો કરીને બને તેટલું નુકસાન દુશ્મનને કરવું. આ કાર્યને જાપાનીઝ ભાષામાં કામીકઝે કહેવામાં આવે છે જેનો અર્થ થાય છે ડીવાઇન વીન્ડ.

દ્વિતીય વિશ્વયુદ્ધમાં જાપાન ઉપર એલાઇડ ફોર્સસીના ભયંકર હવાઇ હુમલાઓ થઇ રહ્યા હતા. જાપાન પાસે જે વોર પ્લેન હતાં તેના કરતાં એલાઇડ ફોર્સસી પાસે અમેરિકન બનાવટના જે વોર પ્લેન હતા તેની ક્વૉલિટી બહુ સારી હોવાના કારણે જાપાનીઝ પ્લેનો તેનો સામનો કરવા અસમર્થ હતાં અને આકાશમાં જ યુદ્ધમાં નાશ પામતાં હતાં. આવા સમયે જાપાનીઝ એરફોર્સમાં એક રિઅર એડમિરલ હતા જેનું નામ હતુ મસાફુમી અરીમા તેણે જયારે જોયું કે એલાઇડ ફોર્સના દુશ્મનોનો સામનો કરવામાં તેના પાસે જે પ્લેન છે તેની ક્ષમતા એટલી નથી કે તે દુશ્મન દેશના પ્લેનનો સામનો કરી શકે અને જો તેઓ હુમલો કરવામાં તેના પાસે જે પ્લેન છે તેની ક્ષમતા એટલી નથી કે તે દુશમન દેશના પ્લેનનો સામનો કરી શકે અને જો તેઓ હુમલો કરવામાં નિષ્ફળ ગયા તો દુશ્મન સેના તેઓને બંધક બનાવીને જુલ્મ કરશે તેટલું જ નહીં પણ બીજા જાપનીઝ સૈનિકોનું મોરલ પણ તૂટી જશે ત્યારે આ રિઅર એડમિરલને જાપાની સમુરાઇ ફિલોસોફી અને કામીકઝેની યાદ આવી અને ૧૫મી ઓકટોબર ૧૯૪૪ના એલાઇડ ફોર્સના ફલેકલીન વોર પ્લેન સાથે પોતાના પ્લેનની ટકકર આપીને દુશ્મન દેશનું હવાઇ જહાજ તોડી પાડયું અને આમાં જાપાન માટે શહીદ થઇ ગયા.

મસાફુમી અરીમાના યુદ્ધમાં શહીદ થયા બાદ તેને એડમિરલની પદવી આપવામાં આવી અને જાપાનમાં પ્રથમ કામીકઝે એટેકર તરીકે બીરદાવવામાં આવ્યા.

ત્યારબાદ તો સેકન્ડ વર્લ્ડવોરમાં જાપાની સૈનિકોઓ કામીકઝેની લાઇનો લગાવી દીધી હતી અને હજારો એટેક કરેલા હતા અને આ કામીકઝે એટેકમાં ૩૮૦૦ જાપાની સૈનિકોએ હ્યુમન બોમ્બ બનીને એલાઇડ ફોર્સિસ સાથે લડાઇમાં તેના બોમ્બ અને હથિયારથી ભરેલા પ્લેન જ સીધા હુમલાઓમાં દુશ્મન દેશના નિશાનો ઉપર વર્લ્ડ ટ્રેડ સેન્ટરના હુમલાની જેમ સીધા ઘુસાડી દીધા. આને બોડી એટેક કહેવામાં આવતું. જેમાં પ્લેનને જ મિસાઇલ બનાવીને બોમ્બ ભરેલા પ્લેનને જ દુશ્મન દેશના પ્લેન, પ્રોપર્ટી કે વોરશિપ ઉપર ક્રેશ લેન્ડિંગ કરીને બને તેટલું નુકસાન કરી પાઇલોટસ બહુ ઓનરેબલી જાપાન માટે શહીદ થઇ જતા હતા. ૩૮૦૦ જાપાની સૈનિકો કામીકઝમાં ખુવાર થઇ ગયા અને એલાઇડ ફોર્સની વોરશિપને દરિયામાં ડૂબાડવામાં કામયાબ રહ્યાં સાથો સાથ એલાઇડ ફોર્સસના ૭૦૦૦ સૈનિકો પણ માર્યા ગયા પણ આમ છતાં જાપાનનો સકસેસ રેટ માત્ર ૧૯ ટકાનો જ હતો. જાપાનની નિષ્ફળતાનું મુખ્ય કારણ હતું. જાપનીઝ પ્લેનની પુઅર કવોલીટી અને પાઇલોટોની અણઆવડત આમ કામીકઝે એકટમાં જાપનીઝ સૈનિકોએ વીરતા બતાવી પણ દુશ્મન દેશને મોટું નુકસાન નહીં કરી શકયા અને આખરે જાપાન સેકન્ડ વર્લ્ડવોરમાં બહુ નુકસાન ભોગવીને તબાહ થઇ ગયું હતું.

૧૫ ઓકટોબર ૧૯૪૪ના રોજ રિઅર એડમિરલ મસફુમીએ કામીકઝે કર્યું તે પહેલા પણ કોઇ કોઇ પાઇલોટ આવું પગલું ભરી લેતા પણ તેને જાપાન સરકારની અધિકારીક તૌર પર માન્યતા નહોતી જેમ કે જયારે જાપાને ૭ ડિસેમ્બર ૧૯૪૧ના અમેરિકના પર્લહાર્બર ઉપર ૨૦૦૦ પ્લેનોથી હવાઇ હુમલો કરેલો ત્યારે તેના કાફલાના ફર્સ્ટ લેફટનન્ટ કમાન્ડર ફુસાટા લીન્ડાનું પ્લેન અમેરિકન ફોર્સિસના બચાવના પગલામાં ડેમેજ થતા તેની ફયુઅલ ટેન્ક લીક થઇ જતા ઇંધણ ખલાસ થવા લાગ્યું ત્યારે તેણે સાથીઓને મેસેજ મોકલી આપ્યો કે સર્વાઇવ થવાના કોઇ ચાન્સીસ નથી તેથી તે પ્લેનને બંદર પર રહેલાં અમેરિકી જહાજો ઉપર ક્રેશ લેન્ડિંગ કરીને પ્લેનને મિસાઇલ બનાવીને જેટલું થાય તેટલું નુકસાન કરીને શહીદ થઇ જશે અને તેમ જ કર્યું.

સેકન્ડ વર્લ્ડવોરમાં જાપાનની કફોડી હાલત ખાસ કરીને એવિએશન ક્ષેત્રે હોવાનું પ્રમુખ કારણ હતું. 'ધ બેટલ ઓફ ફિલિપીન્સ સી.'

૧૯ અને ૨૦ જૂન ૨૦૪૪માં અમેરિકાએ પેસિફિક મરિયાના આઇલેન્ડ કેપર્ચડ કરવામાં જે ભયંકર દરિયાઇ યુદ્ધ થયું તેમાં જાપાને ૪૦૦ સુપર મિલિટરી હવાઇ જહાજો અને જાંબાજ પાઇલોટો ગુમાવતા જાપાની એરફોર્સની તાકાતને બહુ મોટો ફટકો પડયો. જેમાંથી તે ક્યારેય બહાર નહીં આવી શકયું તેથી પ્લેનને મિસાઇલ બનાવીને આત્મઘાતી હુમલા કર્યા સિવાય કોઇ છૂટકો નહોતો કારણકે જાપાની સૈનિકો પ્રીઝનર ઓફ વોર થવા કરતાં શહીદ થવાનું વધારે પ્રીફર કરતા હતા.

આવા તો સેંકડો કિસ્સાઓ સેકન્ડ વર્લ્ડ વોરમાં સંડોવાયેલા દરેક દેશના કેસમાં જોવા મળે છે. આના ઉપરથી ખ્યાલ આવે કે વોર કેટલી દુખદ હોય છે જેમાં લાખો કુટુંબો તેનાં સ્વજન ગુમાવે છે અને આઝાદીની કિંમત કેટલી મોંઘી હોય છે.

જાપાનીઝ બહુ દેશપ્રેમી કહેવાય છે અને દ્વિતીય વિશ્વયુદ્ધ પછી શાંત પ્રજા કહેવાય છે પણ આ બધુ કેમ પલભરમાં ભુલાય જાય છે અને સત્તાધીશો કેવા ભ્રષ્ટ થઇ જાય છે અને તેની સામ કેવો એક નવજવાન બદલો લેવા ઊભો થાય છે. તે આપણે આવતા અંકમાં જાણીશું. જિંદગીની ખુમારી એટલે 'લાઇફ શ્રીન્કસ ઓર એકસપાન્ડસ ઇન પ્રપોરર્સન્ટસ ટુ વન્સ કરેજ.'

# ખાદ્યચીજોના ભાવ પર કેન્દ્રની ચાંપતી નજર

નવી દિલ્હીઃ ગ્રાહકોને આવશ્યક ખાદ્ય ચીજો પોસાણક્ષમ ભાવે ઉપલબ્ધ થાય તે માટે કેન્દ્ર સરકાર તેનાં ભાવતાલ પર ચાંપતી નજર રાખી રહી હોવાનું જણાવ્યું હતું.

આવશ્યક ખાદ્ય ચીજો પોસાણક્ષમ ભાવથી ઉપલબ્ધ થાય તે માટે સ્થાનિકમાં ઉત્પાદનને પ્રોત્સાહન આપવું, આયાત કરવી તેમ જ નિકાસ નીતિ અંગે સમયસરના પગલાં લેવામાં આવી રહ્યા છે. તેમાં પણ ખાસ કરીને ભાવમાં સ્થિરતા રહે તથા ગ્રાહકો તથા ખેડૂતોના હિત જળવાઈ રહે તે માટે કેન્દ્ર આગોતરા અને સમયસરના પગલાં લઈ રહ્યું હોવાનું અનાજ મંત્રાલયે એક યાદીમાં જણાવ્યું હતું.

આ વર્ષે દેશમાં સારો વરસાદ અને પાકપાણીની સ્થિતિ સાનુકૂળ રહેતાં પાક વર્ષ ૨૦૨૪-૨૫ (જુલાઈ-જૂન)માં કઠોળ અને કાંદાનું ઉત્પાદન ગત પાક વર્ષ કરતાં વધે તેવી શક્યતા વ્યક્ત કરતાં યાદીમાં ઉમેર્યું હતું કે વર્ષ ૨૦૨૪માં તુવેરનું ઉત્પાદન આગલા વર્ષના ૩૪.૧૭ લાખ ટન સામે ૨.૫ ટકા વધીને ૩૫.૦૨ લાખ ટન રહેવાની ધારણા છે.

તેમ જ કૃષિ મંત્રાલયે તુવેરની પ્રાપ્તિ માટેની મંજૂરીઓ જાહેર કરી છે. વધુમાં કેન્દ્રએ ખરીફ કાંદા અને મોડેથી વાવેતર થયેલા કાંદાના પાકની સ્થિતિ સારી હોવાથી ઉત્પાદનમાં વધારાનો અંદાજ મૂક્યો છે.

# ડિસેમ્બરમાં જેમ્સ અને જ્વેલરીની નિકાસ ૧૦.૨૯ ટકા ઘટી

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય સ્તરે રાજકીય-ભૌગોલિક તણાવ અને ચીનમાં મંદીનું વલણ રહેતાં ગત ડિસેમ્બર મહિનામાં જેમ્સ અને જ્વેલરીની નિકાસ ડિસેમ્બર, ૨૦૨૩નાં ૨૧૯.૩૮૨ કરોડ ડૉલર (રૂ. ૧૮,૨૬૯.૭ કરોડ) સામે ૧૦.૨૯ ટકા ઘટીને ૧૯૬.૭૯૮ કરોડ ડૉલરની સપાટીએ રહી હોવાનું જેમ્સ ઍન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (જીજેઈપીસી)એ એક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

વૈશ્વિક સ્તરે રાજકીય-ભૌગોલિક તણાવની એકંદરે ચીન સહિતના અન્ય દેશોની માગ પર માઠી અસર પડતા શિપમેન્ટમાં ઘટાડો થયો હોવાનું કાઉન્સિલના ચેરમેન વિપુલ શાહે જણાવ્યું હતું. ગત ડિસેમ્બર મહિનામાં કટ અને પૉલિશ્ડ ડાયમંડની નિકાસ ડિસેમ્બર, ૨૦૨૩ના ૮૬.૨૪૮ કરોડ ડૉલર (રૂ. ૭૧૮૨.૫૩ કરોડ) સામે ૧૦.૩૬ ટકા ઘટીને ૭૭.૩૧ કરોડ ડૉલર (રૂ. ૬૫૬૯.૭ કરોડ)ની સપાટીએ રહી હતી.

તે જ પ્રમાણે લેબ ગ્રોન પૉલિશ્ડ ડાયમંડની નિકાસ ડિસેમ્બર, ૨૦૨૩ના ૮.૩૫૧ કરોડ ડૉલર (રૂ. ૬૯૫.૪૮ કરોડ) સામે ૫.૪૮ ટકા ઘટીને ૭.૮૯૩ કરોડ ડૉલર (રૂ. ૬૭૦.૭૭ કરોડ)ના સ્તરે રહી હતી, જ્યારે સોનાના આભૂષણોની કુલ નિકાસ ડિસેમ્બર, ૨૦૨૩ના ૯૦.૦૧૧ કરોડ ડૉલર (રૂ. ૭૪૯૬.૨૭ કરોડ) સામે ૩.૫૬ ટકા ઘટીને ૮૬.૮૦૩ કરોડ ડૉલર (રૂ. ૭૩૭૪.૪૧ કરોડ)ની સપાટીએ રહી હોવાનું કાઉન્સિલે આંકડાકીય માહિતીમાં ઉમેર્યું હતું.

# મીડિયમ ગ્રેડની ખાંડમાં આગેકૂચ, નાકા ડિલિવરીમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની એકંદરે માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ ઉપરાંત અમુક માલની ગુણવત્તા પણ સારી આવી હોવાથી ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦નો સુધારો આવ્યો હતો. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે માગ અને માલની ગુણવત્તાનુસાર મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૨૫થી ૩૫નો સુધારો આવ્યો હતો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં રૂ. પાંચથી ૨૫નો ઘટાડો આવ્યો હતો. જોકે, ગઈકાલે મહારાષ્ટ્રની ખાંડ મિલો પર મહારાષ્ટ્રની સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૨૫થી ૩૫૬૫માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો, જેમાં મુખ્યત્વે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૨૦થી ૩૭૫૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માલની ગુણવત્તા તથા માગને ધ્યાનમાં લેતા વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ના સુધારા સાથે રૂ. ૩૭૨૨થી ૩૮૫૨માં થયા હતા.

જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ ઉપરાંત માલની ગુણવત્તા મુજબ ભાવ ક્વિન્ટલે રૂ. ૨૫થી ૩૫ વધીને રૂ. ૩૬૧૦થી ૩૬૭૦ના મથાળે અને મિડિયમ ગ્રેડની ખાંડમાં એકંદરે માગ નિરસ રહેતાં તેના ભાવ નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. પાંચ અને ઉપલા મથાળેથી રૂ. ૨૫ ઘટીને રૂ. ૩૬૪૦થી ૩૭૧૦ના મથાળે રહ્યાના અહેવાલ હતા.

# પાંખાં કામકાજો વચ્ચે ધાતુમાં મિશ્ર વલણ

મુંબઈઃ વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ઔદ્યોગિક વપરાશકારો, સ્ટોકિસ્ટો અને સ્થાનિક ડીલરોની છૂટીછવાઈ માગ અનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં નિરસ માગે કોપર આર્મિચર અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. એક અને રૂ. ત્રણનો ઘટાડો આવ્યો હતો, જ્યારે ટીન, નિકલ, એલ્યુમિનિયમ કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબના ભાવમાં કિલોદીઠ રૂ. એકથી પાંચનો સુધારો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની છૂટીછવાઈ માગને ટેકે નિકલના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૧૩૯૫, ટીનના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૨૬૩૮, કોપર વાયરબાર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૫૦ અને રૂ. ૨૬૧ તથા એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૧૯૬ અને રૂ. ૨૮૦ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે નિરસ માગ અને સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીના દબાણ હેઠળ બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૫૩૦ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૭૮૩ના મથાળે રહ્યા હતા.

જોકે આજે નિરસ કામકાજે કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૦૪, રૂ. ૭૯૪, રૂ. ૭૩૫, રૂ. ૫૭૫ અને રૂ. ૧૮૦ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના માર્ચ વાયદામાં ગઈકાલે ૬૬ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આજે સપ્તાહના અંતિમ સત્રમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યાં હોવાથી હાજરમાં ભાવ સાંકડી વધઘટે અથડાઈને ટકેલા રહ્યા હતા.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના ભાવમાં રૂચીના રૂ. ૧૩૧૦ અને ગોકુલના રૂ. ૧૩૫૦ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે એડબ્લ્યુએલના મુંદ્રાથી ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦, સનફ્લાવાર રિફાઈન્ડના રૂ. ૧૩૫૦થી ૧૩૫૫ અને આરબીડી પામોલિનના વાર ટૂ વાર ધોરણે રૂ. ૧૩૧૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો અને માત્ર રવાનગીના છૂટાછવાયાં કામકાજો થયાં હતાં. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૨૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૬૫, સિંગતેલના રૂ. ૧૪૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦ અને સરસવના રૂ. ૧૩૮૦ના મથાળે રહ્યા હતા, જ્યારે



આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૦૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે દેશમાં સોયાબીનની અંદાજે ૧.૯૦ લાખ ગૂણીની આવક હતી, જેમાં મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે એક લાખ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૦૦થી ૪૩૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૩૦૦થી ૪૩૮૦માં થયા હતા. આ સિવાય આજે મહારાષ્ટ્રમાં ૯૦,૦૦૦ ગૂણીની, રાજસ્થાનમાં ૧૫,૦૦૦ ગૂણીની અને અન્ય મથકો પર ૧૫,૦૦૦ ગૂણીની આવક થઈ હોવાના અહેવાલ હતા.

# પાંચ વર્ષમાં ભારતીય ઑટોમોબાઈલ ઉદ્યોગ વિશ્વમાં પ્રથમ ક્રમાંકે પહોંચશેઃ ગડકરી

નવી દિલ્હીઃ ઑટોમોબાઈલ ઉદ્યોગે અત્યાર સુધીમાં સૌથી વધુ ૪.૫ કરોડ રોજગારનું સર્જન કર્યું છે અને આગામી પાંચ વર્ષમાં ભારતીય ઑટોમોબાઈલ ઉદ્યોગ વિશ્વમાં ટોચ પર પહોંચશે, એમ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ આજે જણાવ્યું હતું. અત્રે ફેડરેશન ઑફ ઑટોમોબાઈલ ડીલર્સ એસોસિયેશન (ફાડા)ના ઉપક્રમે યોજાયેલા એક પ્રસંગમાં સંબોધન કરતાં રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે ખાતાના પ્રધાન નીતિન ગડકરીએ વધુમાં જણાવ્યું હતું કે વૈશ્વિક સ્તરે ભારતીય ઑટોમોબાઈલ ઉત્પાદનોની માગ ખૂબ પ્રબળ છે. હાલમાં ભારતીય ઑટોમોબાઈલ ઉદ્યોગનું કદ રૂ. ૨૨ લાખ કરોડનું છે અને મને વિશ્વાસ છે કે આગામી પાંચ વર્ષમાં ભારતીય ઑટોમોબાઈલ ઉદ્યોગ વિશ્વમાં પ્રથમ ક્રમાંકે હશે. નોંધનીય બાબત એ છે કે હાલમાં અમેરિકન ઑટોમોબાઈલ ઉદ્યોગનું કદ રૂ. ૭૮ લાખ કરોડ છે ત્યાર બાદ ચીન રૂ. ૪૭ લાખ કરોડ સાથે બીજા ક્રમાંકે છે અને ભારત રૂ. ૨૨ લાખ કરોડ સાથે ત્રીજા ક્રમાંકે છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે મે જ્યારે ટ્રાન્સપોર્ટ ખાતાના પ્રધાન તરીકે હોદ્દો સંભાળ્યો ત્યારે વર્ષ ૨૦૧૪માં ભારતીય ઑટોમોબાઈલ ઉદ્યોગનું કદ રૂ. ૭.૫ લાખ કરોડનું હતું તે હવે વધીને રૂ. ૨૨ લાખ કરોડ પર પહોંચ્યું છે અને આ ઉદ્યોગમાં અત્યાર સુધીમાં સૌથી વધુ ૪.૫ કરોડ રોજગારનું સર્જન થયું છે. આ ઑટોમોબાઈલ ઉદ્યોગ છે જે રાજ્ય સરકાર અને ભારત સરકારને જીએસટીના ભાગરૂપે સૌથી વધુ મહેસૂલી આવક આપે છે, એમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે દેશમાં ઉત્પાદન થતી કુલ દ્વીચક્રી મોટરસાઈકલ પૈકી ૫૦ ટકાની નિકાસ થઈ રહી છે.

# કચ્છમાં ફરી ૨.૯ની તીવ્રતાનો આંચકોઃ ભચાઉ નજીક કેન્દ્રબિંદુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લાની ધરતીના પેટાળમાં વધેલી સીસ્મિક એક્ટિવિટીને પગલે, ભૂકંપ ઝોન-૫માં સમાવાયેલા સરહદી જિલ્લા કચ્છમાં મહાભૂકંપ બાદ શરૂ થઇ ગયેલો આફ્ટરશોક્સનો સિલસિલો યથાવત્ રહેતાં લોકોમાં ગભરાટ ફેલાયો હતો.

ગત ૨૯મી ડિસેમ્બર અને ૧લી જાન્યુઆરીના રોજ ભૂકંપના ૩.૨ની તીવતાના બે આંચકાઓ અનુભવાયા બાદ ગત શુક્રવારની રાત્રે ૧૦ અને ૫૯ કલાકે ભચાઉથી ૧૮ કિલોમીટર દૂર ભરૂડિયા ગામ વચ્ચે કેન્દ્રબિંદુ પર જમીનથી માત્ર ૧૨ કિલોમીટરની ઊંડાઈ ધરાવતો ૨.૯ની તીવ્રતાનો આફ્ટરશોક ગાંધીનગર સ્થિત સિસમોલોજી કચેરી ખાતે નોંધાયો હતો.

ભયાવહ ભૂકંપની ૨૪મી વરસી નજીકમાં જ છે ત્યારે અચાનક હાઇપર એક્ટિવ બનેલી કચ્છની ફોલ્ટલાઈનોમાં ભૂકંપના આંચકાઓનો દોર ચિંતાજનક રીતે વધી ગયો હતો.

કચ્છમાં આમ તો બે દાયકા અગાઉ આવેલા મહાવિનાશક ધરતીકંપ બાદ સતત આંચકાઓ આવી રહ્યા છે, પણ છેલ્લા સાત-આઠ મહિનામાં ભૂકંપના આંચકાઓનું પ્રમાણ અચાનક વધી ગયું છે.

ચાલુ શિયાળાના ઠંડા દિવસોમાં ઉદભવેલા અંસખ્ય નાના-મોટા આંચકાઓએ કચ્છ અને સૌરાષ્ટ્રને ધ્રુજાવ્યું હતું. ■



રાજકોટમાં પેટ્રોલ બોમ્બ ફેંકી હોટલ સળગાવવાનો પ્રયાસ કરી ભાગી ગયેલા ત્રણ આરોપીઓને પોલીસે ઝડપી લીધા હતા. આરોપીઓને તે સ્થળે લઈ જઈ ઘટનાનું રિકન્સ્ટ્રકશન કરાવવામાં આવ્યું હતું. (તસવીરઃ પ્રવીણ સેદાણી રાજકોટ)

# કંડલા બંદરના આધેડ વયના અધિકારીને ડિજિટલ અરેસ્ટ કરીને સાયબર માફિયાઓએ ૩૬.૬૩ લાખ પડાવ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કંડલા પોર્ટના ટ્રાફિક ડિપાર્ટમેન્ટના આસિસ્ટન્ટ ડાયરેક્ટરને મુંબઈ પોલીસ બનીને ગઠિયાઓએ ડિજિટલ અરેસ્ટ કરી ૩૬.૬૩ લાખ રૂપિયા પડાવી લેતાં ચકચાર મચી ગઈ હતી. ગાંધીધામ એ ડિવિઝન પોલીસે આઈટી એક્ટ સહિતની વિવિધ કલમો હેઠળ ત્રણ મોબાઈલ ધારકો વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. મૂળ આંધ્રપ્રદેશના વતની અને કંડલા પોર્ટમાં ૨૨ વર્ષથી નોકરી કરતાં બાવન વર્ષિય સાંઈ એસ. શાસ્ત્રી ચીવુકુલા ડિજિટલ અરેસ્ટનો ભોગ બન્યા હતા.

૧૧ જાન્યુઆરીના રોજ અજાણ્યા નંબર પરથી તેમને ફોન આવ્યો હતો. ગઠિયાએ તેમની સામે મુંબઈમાં મની લોન્ડરિંગ અને ડ્રગ્ઝનો કેસ હોવાનું જણાવતા સાંઈ અત્યંત ડરી ગયા હતા. બાદમાં ઠગોએ તપાસમાં તેમને કેસમાં રાહત આપવાનું જણાવી, ખાતામાં પડેલા નાણાં આરબીઆઈએ દર્શાવેલાં એકાઉન્ટમાં જમા કરાવવા જણાવ્યું હતું. માનસિક રીતે ભાંગી પડેલા ફરિયાદીએ તેમના કહેવા મુજબ ૧૮ લાખ ૩૧ હજાર ૫૨૦ રૂપિયા પશ્ચિમ બંગાળના સિલિગુડીની આઈસીઆઈસીઆઈ બૅન્કની બ્રાન્ચમાં આરટીજીએસ મારફતે ટ્રાન્સફર કરાવ્યા હતાં. બીજા દિવસે ગઠિયાઓએ ફરિયાદીને ફરી ફોન કરીને ધમકાવ્યો હતો જેથી તેમણે ઉત્તરાયણના દિવસે બૅન્કમાં જઈ ડીબીએસ બૅન્ક, કર્ણાટક બ્રાન્ચમાં ફરી તેટલાં જ રૂપિયા આરટીજીએસ મારફતે ટ્રાન્સફર કરાવ્યાં હતાં.

ત્યાર બાદ ફોન આવતા બંધ થતાં પોતાની સાથે ૩૬.૬૩ લાખ રૂપિયાનો ફ્રોડ થયો હોવાનો ખ્યાલ આવતાં સાયબર હેલ્પલાઇન નંબર ૧૯૩૦ ઉપર ફરિયાદ કરતાં ગાંધીધામ એ ડિવિઝન પોલીસે આઇટી એક્ટ તળે આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ■

# પોલીસ તપાસમાં અધૂરાશના લીધે હાઈ કોર્ટે ગુજસીટોકના આરોપીને ચાર્જશીટ પૂર્વે શરતી જામીન આપ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ વ્યાજખોરી, પઠાણી ઉઘરાણીનાં ગુનાહિત ઇતિહાસ ધરાવતા અંજારનાં ત્રણ સગાં ભાઈ-બહેન રીયા ઈશ્વર ગોસ્વામી, તેની બહેન આરતી અને ભાઈ તેજસને ગુજસીટોક જેવા ગંભીર ગુનામાં જેલવાસના ગુજરાતના આ પ્રથમ કેસમાં ત્રણ આરોપી પૈકી તેજસને આજે હાઇ કોર્ટે જામીન પર મુક્ત કરી દીધો હતો.

આરોપી કમ અરજદાર વતી ધારાશાસ્ત્રીએ હાઇ કોર્ટના જસ્ટિસ એમ.આર. મેંગડે સમક્ષ દલીલ કરતાં જણાવ્યું હતું કે જે ફરિયાદના આધારે તેને ગુજસીટોકમાં ફીટ કરાયો છે તે ફરિયાદમાં તેનો રોલ ફક્ત તેની હાજરીમાં બહેનોએ કરેલી નાણાંકીય લેતી-દેતીનો છે, તેની પાસે નાણાં ધીરધાર અંગેનું લાઇસન્સ છે. પોતાની સામે અગાઉ નોંધાયેલા ગુનાના પૂર્વ ઈતિહાસના આધારે ગુજસીટોકમાં ફીટ કરાયો હતો.

મૅજિસ્ટ્રેટ સમક્ષ પોલીસે ગુજસીટોક મામલે જે રિપોર્ટ રજૂ કર્યો તેમાં કયા કયા કેસ નોંધાયેલા છે, ફરિયાદમાં કોણ કોણ આરોપી છે, ગુનામાં તેમની શી ભૂમિકા છે વગેરે અંગે કશી છણાવટ કરાઈ નહોતી. એક કેસમાં તો નામદાર અદાલતે તેને બિનતહોમત મુક્ત કરી દીધો હતો.

ત્યાર બાદ ફરિયાદ પક્ષ વતી સરકારી મહિલા વકીલે દલીલ કરી હતી કે આરોપી સામે ગેરકાયેદે નાણાં ધીરધાર અંગેના સાત ગુના નોંધાયેલા છે, જેમાં ૧૪ લોકો ભોગ બનેલા છે. તપાસ હજુ ચાલુ છે, ચાર્જશીટ બાકી છે તેથી જામીન પર છોડવો જોઈએ નહીં.

બંને પક્ષની દલીલોને સાંભળ્યા બાદ ન્યાયમૂર્તિ મેંગડેએ આરોપીને વિવિધ શરતો પર જામીન આપવા હુકમ કરતાં જણાવ્યું હતું કે, ગુજસીટોકના ગુનામાં ધરપકડ અંગે મૅજિસ્ટ્રેટ સમક્ષ થયેલાં રિપોર્ટમાં તપાસકર્તા અધિકારીએ અગાઉના ગુનાઓ કે ચાર્જશીટ અંગેની વિગતો જણાવી નહોતી. જામીનની વિવિધ શરતો પૈકી એક મહત્ત્વની શરત એ છે એ કે, આરોપી તેજસે ટ્રાયલ કોર્ટ સમક્ષ તેની સ્થાવર મિલકતો અંગેનું સોગંદનામું રજૂ કરવાનું રહેશે. જેમાં આ મિલકત સ્વપાર્જિત છે કે વડીલોપાર્જિત, તેનું સ્થળ સરનામું, વર્ણન, વર્તમાન બજાર ભાવ મુજબ તેનું મૂલ્ય વગેરે વિગતો રજૂ કરવાની રહેશે. ■

# રાજકોટમાં ઈન્સ્ટાગ્રામ પર રીલ જોઈ પેટ્રોલ બોમ્બ બનાવી હોટેલ પર ફેંકનારા ત્રણ આરોપીઓની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં ઉત્તરાયણની મોડી રાત્રે ચાની હોટેલ પર પેટ્રોલ બોમ્બ ફેંકવાના બનાવમાં એક સગીર સહિત ત્રણ આરોપીઓની પોલીસે ધરપકડ કરી હતી. જ્યારે ફરાર થયેલા એક આરોપીને પકડી લેવા માટે શોધખોળ હાથ ધરાઈ છે. હોટેલ ખાતે રૂપિયાની લેતીદેતી મુદ્દે થયેલી મારામારી બાદ મામલો વધુ બીચકતાં આરોપીએ ઈન્સ્ટાગ્રામની રીલ જોઈને તેના પરથી પેટ્રોલ બોમ્બ બનાવ્યો હતો અને હોટેલ પર ફેંક્યો હતો. પોલીસે બંને આરોપીઓને પકડીને જાહેરમાં સરઘસ કાઢી ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કર્યું હતું. પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટમાં ભગતસિંહ ગાર્ડન પાસે ઉત્તરાયણની મોડી રાત્રે નકળંગ ટી સ્ટોલ ખાતે સો રૂપિયાની લેતીદેતીના મામલે બોલાચાલી થઈ હતી. ત્યાર બાદ મારામારી થતાં મામલો વધુ બિચક્યો હતો. આરોપીઓએ પેટ્રોલ બૉમ્બ નાંખી હૉટેલ સળગાવી દેવાનો પ્રયત્ન કર્યો હતો. આ ઘટનામાં રાજકોટ ક્રાઈમ બ્રાંચે શુક્રવારે આરોપી ચિરાગ જલાલજીની ધરપકડ કરી યુનિવર્સિટી પોલીસને સોંપ્યો હતો. જ્યારે જયદેવ રામાવત અને તેની સાથે એક સગીર આરોપીને યુનિવર્સિટી પોલીસે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. હજુ એક આરોપી ફરાર હોવાથી તેને ઝડપી પાડવા તપાસ હાથ ધરી હતી. આરોપીને હૉટેલના સંચાલકે માર માર્યો હોવાથી તે અને તેની સાથેના યુવકો રોષે ભરાયા હતાં. તેમણે ઈન્સ્ટાગ્રામ પર રીલ જોઈને પેટ્રોલ બૉમ્બ બનાવ્યો હતો અને વાહનમાંથી પેટ્રોલ કાઢી બોટલમાં ભરી હૉટેલ પર ફેંકી હતી. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ વાયરલ થયા હતાં. પોલીસે બે આરોપીને પકડીને જાહેરમાં સરઘસ કાઢ્યું હતું અને ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કર્યું હતું. ■



રાજકોટ મનપા કચેરીમાં જનરલ બોર્ડ મળ્યું હતું. જોકે આ બોર્ડમાં વિપક્ષના ૪ પૈકી એકપણ કોર્પોરેટર હાજર ન રહ્યા ન હતા. (તસવીરઃ પ્રવીણ સેદાણી રાજકોટ)

# મોરબી પાસે વાહનોમાંથી ડીઝલ લૂંટતી કચ્છની સમા ગૅંગના બે શખસ પકડાયાઃ ૧૦.૭૪ લાખનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબી વાંકાનેર હાઈવે પર રાત્રીના સમયે ટ્રકના ડ્રાઈવરોને છરી બતાવી ડીઝલની લૂંટ થતી હોવાની ફરિયાદ બાદ એલસીબી પોલીસે કચ્છની કુખ્યાત સમા ગૅંગના એક સાગરીત સહિત બે આરોપીની ધરપકડ કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી ચોરીનું ડિઝલ મળી કુલ ૧૦,૭૪,૮૫૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

મોરબી પોલીસ સ્ટેશનમાં રાજકોટના સંજયભાઇ ચાવડાએ ડિઝલની લૂંટની ફરિયાદ નોંધાવી હતી. તેમણે ફરિયાદમાં જણાવ્યું હતું કે, ટ્રકના ડ્રાઈવરો ટ્રકમાં સૂતા હતા ત્યારે કારમાં આવેલા ત્રણ અજાણ્યા કચ્છી ભાષા શખસો આવ્યા હતા અને ટ્રકોની ડીઝલની ટાંકીઓમાંથી ડીઝલ કાઢતા હતાં. આ દરમિયાન ડ્રાઈવરો જાગી જતાં તેમણે રોકવાનો પ્રયત્ન કર્યો હતો પણ ત્રણ શખસોએ છરી બતાવીને કુલ ૭૫૦ લિટર ડીઝલની લૂંટ કરી હતી.

આ ફરિયાદના આધારે આરોપીઓને પકડવા તપાસ ચાલી રહી હતી.

આ દરમિયાન એલસીબીને બાતમી મળી હતી કે, ગુનાને અંજામ આપનાર આરોપીઓ પૈકીના અમુક આરોપીઓ સફેદ કલરની સ્કોર્પિઓમાં મોરબીના નઝરબાગ રોડ રફાળેશ્વર ગામ જતા રસ્તા ઉપર ઓમકેન કારખાના બહાર ઊભા છે.

બાતમીને આધારે પોલીસ ગાડી પાસે પહોંચી હતી અને બે શખસોની પૂછપરછ કરતાં તેમણે લૂંટના ગુનાની કબૂલાત કરી હતી. પોલીસે તેમની પાસેથી વાહન અને ડીઝલ સહિત કુલ ૧૦,૭૪,૮૫૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસે જણાવ્યુ હતું કે, આરોપી આમદ ઉર્ફે ભાભો સીદીકભાઇ સમા કચ્છ જીલ્લાના જુદાજુદા પોલીસ સ્ટેશનમા નોંધાયેલ ૧૧ ગુનામાં પકડાઈ ચૂક્યો છે. હાલમાં પકડવાના બાકી આરોપી મજીદ તૈયબ સમા કચ્છ જિલ્લાના જુદાજુદા પોલીસ સ્ટેશનમાં ૧૪ ગુનામાં પકડાયેલ છે અને ત્રણ ગુનામાં હજુ પણ વોન્ટેડ છે. બાકીના આરોપીઓને પકડવા તજવીજ ચાલી રહી છે. ■

# અમરેલી લેટરકાંડમાં મહિલા પર પોલીસ દમન મુદ્દે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગમાં ફરિયાદ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી લેટરકાંડમાં પાટીદાર યુવતી પર પોલીસ દમન મુદ્દે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગમાં ફરિયાદ કરવામાં આવી હતી. આયોગે આ ફરિયાદ સ્વીકારી ૧૬ જાન્યુઆરીએ રજિસ્ટર કરી હતી, જેથી હવે ટૂંક સમયમાં આગળની કાર્યવાહી શરૂ થઈ શકે છે. ગુજરાત હાઈ કોર્ટમાં વકીલાત કરતા વકીલ બ્રિજ વિકાસ શેઠે આ ફરિયાદ કરી હતી.

અમરેલીમાં ભાજપના નેતાના લેટરપેડ અને સહી સિક્કાનો દુરુપયોગ કર્યાના કથિત બનાવ બાબતે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. આ ફરિયાદ બાદ આરોપીઓની ધરપકડ કર્યા બાદ પોલીસે પાટીદાર સમાજની એક યુવતીને પણ આરોપી બનાવી મોડી રાત્રે તેના ઘરેથી ધરપકડ કરી હતી. પોલીસે ઘટનાના રિકન્સ્ટ્રક્શનના બહાને યુવતી સહિત તમામ આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢ્યું હતું. ત્યાર બાદ કૉંગ્રેસના નેતાઓ દ્વારા ભારે વિરોધ કરાયો હતો અને ભાજપના નેતાઓએ પણ યુવતીને ન્યાય મળે અને પોલીસે ખોટું કર્યું હોવાના નિવેદનો કર્યા હતાં.

ગુજરાત હાઈ કોર્ટમાં વકીલાત કરતા બ્રિજ વિકાસ શેઠે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગમાં આયોગની ગાઈડલાઈન વિરૂદ્ધ મહિલાના બંધારણીય હકકો અને માનવ અધિકાર ઉપર પોલીસના અતિક્રમણ બાબતે ફરીયાદ કરી હતી. આ ફરિયાદમાં તેમણે ભોગ બનનાર યુવતી અને તેણે સહન કરેલી તકલીફો તેમજ પોલીસ તંત્ર અને જવાબદાર અધિકારીઓ દ્વારા તેની સાથે કરવામાં આવેલી ગેરવર્તણૂક મુદ્દે આ યુવતીને ન્યાય અપાવવા માટે માનવ અધિકાર આયોગમાં ફરિયાદ કરી હતી. ■

# પ્રતાપ દૂધાતે પીએમ મોદીને પત્ર લખી ગુજરાતની મહિલાઓને બીજા રાજયો જેવી સહાય નહીં મળતા સવાલો ઉઠાવ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃઅમરેલી લેટરકાંડ મુદ્દે કૉંગ્રેસના પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દૂધાતે વડા પ્રધાન મોદીને પત્ર લખીને સવાલ ઉઠાવ્યો હતો કે, કાયદાકીય જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને મોડી રાત્રે એક દીકરીને તેના ઘરેથી ધરપકડ કરી તેના જાહેરમાં વરઘોડા કેવી રીતે નીકળી શકે? આ પત્રમાં તેમણે દીકરીને નિષ્પક્ષ ન્યાય મળે તેવી માગ કરી હતી. આ કેસમાં સરકારે સ્ટેટ મોનિટરિંગ સેલના વડા નિર્લિપ્ત રાયને તપાસ સોંપી છે.

કૉંગ્રેસના પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દૂધાતે વડાપ્રધાન મોદીને પત્ર લખીને અન્ય રાજ્યોમાં મહિલાઓને જે સહાય મળે છે તે ગુજરાતની મહિલાઓને કેમ નથી મળતી તે અંગે સવાલો ઉઠાવ્યા હતાં.

રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં મહિલાઓને માસિક ૨૫૦૦ની સહાય, એલપીજી સિલિન્ડરમાં રૂા.૫૦૦ની સબસિડી, વૃદ્ધ મહિલાઓને ૩૦૦૦નું પેન્શન અને મહિલા સન્માન યોજના હેઠળ રૂા.૨૧૦૦ની સહાય સાથે મફત વીજળી આપવામાં આવે છે.

પ્રતાપ દૂધાતે પત્રમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૩૦ વર્ષથી ભાજપની સરકાર છે છતાં અન્ય રાજયો જેવી કોઈ પણ યોજનાનો લાભ રાજ્યની મહિલાઓને મળતો નથી.

સરકાર દ્વારા માત્ર નારી સશક્તિકરણની જાહેરાતો કરવામાં આવે છે. બીજી બાજુ રાજ્યમાં બહેન દીકરીઓ ન્યાય માટે ઝઝુમી રહી છે. આ દીકરીઓને ન્યાય મળે તેવી માગ કરવામાં આવી હતી. ■

# કચ્છના લખપતના નરામાં યુવતીનો અને ગાંધીધામમાં મહિલાનો આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લામાં વીતેલા ૨૪ કલાક દરમ્યાન આપઘાતના બનેલા બે કિસ્સામાં એક યુવતી અને મહિલાના મોત નીપજતાં પંથકમાં ચકચાર પ્રસરી જવા પામી હતી. પાકિસ્તાનને અડકીને આવેલા લખપત તાલુકાના નરામાં દમયંતી દેશર ખોખર (ઉ.વ.૧૮) નામની યુવતીએ અગમ્ય કારણે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો, બીજી તરફ ગાંધીધામ શહેરનાં સુંદરપુરી વિસ્તારમાં મંજુલાબેન નારણ ધેડા (ઉ.વ.૪૧) નામની મહિલાએ ગળેફાંસો ખાઈ પોતાનું જીવન ટૂંકાવ્યું હતું.

પોલીસ કંટ્રોલ રૂમે આપેલી માહિતી મુજબ, હતભાગી યુવતી પોતાના ઘરે હતી, ત્યારે દુપટ્ટાથી ગળેફાંસો ખાઈ લીધો હતો. બનાવની જાણ થતાં તેને સારવાર માટે તાત્કાલિક દયાપર ખાતે લઈ જવાઈ હતી, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરતાં આ મામલે નરા પોલીસે તપાસ હાથ ધરી છે. અપમૃત્યુનો વધુ એક બનાવ પચરંગી ગાંધીધામ શહેર ખાતે બન્યો હતો જેમાં અત્રેની જૂની સુંદરપુરી નવરાત્રિ ચોકમાં રહેતાં મંજુલાબેને પોતાના ઘરે અગમ્ય કારણોસર પાંખમાં બાંધેલા દુપટ્ટા વડે ફાંસો ખાઈ અનંતની વાટ પકડી લીધી હતી. ■

# ભાવનગરના સિહોરમાં તબીબે અલગ અલગ ઈન્જેક્શન મારી આત્મહત્યા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના સિંહોરના રેલવે સ્ટેશન રોડ પર આવેલા ખાનગી દવાખાનામાં જ આસિ. તબીબે કોઈ અગમ્ય કારણોસર પોતાની જાતેથી અલગ- અલગ પ્રકારનાં ઇન્જેકશન મારી આપઘાત કર્યો હતો. આ બનાવ અંગે પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના કાજાવદર ગામે રહેતા અને સિહોર શહેરના રેલ્વે સ્ટેશન રોડ પર આવેલ ડો. જયેશ શુકલના દવાખાનામાં છેલ્લા ૧૫વર્ષથી આસિ. તબીબ તરીકે રાતની પાળીમાં ફરજ બજાવતા લાલુભાઈ પરષોત્તમભાઈ મકવાણા (ઉ. વ. ૩૧) ગત રાત્રીના દવાખાનામાં ફરજ પર હતા ત્યારે કોઈપણ સમયે કોઈ અગમ્ય કારણોસર જાતેથી અલગ- અલગ પ્રકારના ઇન્જેકશનો મારી આપઘાત વહોરી લીધો હતો. બનાવની જાણ થતા સિહોર પોલીસે દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. મૃતક પરિણીત હતો. આ બનાવ અંગે સિહોર પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે. ■

# સિમેન્ટ મિક્સર ટ્રકમાં રાજસ્થાનથી મુંદરા આવતો ૯૫ લાખનો શરાબ અમીરગઢ પાસેથી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સિમેન્ટના બંકર ટ્રેઈલરમાં યુક્તિપૂર્વક સંતાડીને રાજસ્થાનથી મુંદરા લવાતો શરાબનો જંગી જથ્થો બનાસકાંઠા એલસીબીએ ઝડપી પાડી, બાડમેરના સવાઈરામ જેરામ બાડમેર નામના ટ્રેઇલર ચાલકની અટકાયત કરી હતી. પૂર્વ બાતમીના આધારે અમીરગઢ નજીક આવેલી 'કોરોના' હોટલ પાસે નાકાબંધી કરીને રાજસ્થાનના આબુરોડથી પાલનપુર તરફ આવી રહેલા સિમેન્ટના મિકસર બંકર ટ્રેઇલરને અટકાવવામાં આવ્યું હતું.

અંદર તલાશી લેતાં બંકરમાં છુપાવાયેલી ૧૨૫૬ પેટીઓમાં ભારતીય બનાવટની વિદેશી દારૂની અંદાજિત ૯૫ લાખ ૨૭૦૦૦ની કિંમતની ૨૧,૭૬૮ બોટલો મળી આવી હતી. આ જથ્થો ઉપરાંત ૨૦ લાખની કિંમતના સિમેન્ટના મિક્સર બંકર વાહનને પણ કબજામાં લઈ, બનાસકાંઠાની સ્થાનિક ગુન્હાશોધક શાખાએ કુલ એક કરોડ ૧૫ લાખથી વધુનો મુદ્દામાલ અંકે કરી, ચાલકને અટકમાં લઈ, ગહન તપાસ આરંભી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતની સંવેદનશીલ અમીરગઢ બોર્ડર પરથી સમયાંતરે માદક પદાર્થો ઝડપાતા રહે છે. ■

# રાજકોટમાં જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં અનાજ વિતરણ અને આવાસ ફાળવણી સહિતના મુદ્દાઓની રજૂઆત કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃરાજકોટમાં જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં શહેરના મેયર, જિલ્લા પંચાયતના પ્રમુખ, રાજ્યસભાના સાંસદ અને ધારાસભ્યોએ જનહીતલક્ષી પ્રશ્નો રજૂ કર્યા હતાં. આ બેઠકમાં વિવિધ વિભાગ દ્વારા થતી કામગીરી તેમજ આગામી સમયમાં થનારી કામગીરીની વિગતો રજૂ કરાઈ હતી. સમિતિના અધ્યક્ષ દ્વારા લોક પ્રતિનિધિઓ દ્વારા થયેલી રજૂઆતો સંદર્ભે ઝડપથી કામગીરી કરવા સૂચના અપાઈ હતી.

આ બેઠકમાં ઉપસ્થિત રહેલા પદાધિકારીઓ દ્વારા શહેર અને જિલ્લામાં અનાજ વિતરણ વ્યવસ્થા, નવા વિસ્તારોમાં સસ્તા અનાજની દુકાનો શરૂ કરવા, લાભાર્થીઓને આવાસની ફાળવણીની પ્રક્રિયા ઝડપથી કરવા સહિતના પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી. તેમ જ દરેક વિભાગના અધિકારીઓને આગોતરા આયોજન સાથે કામગીરી કરવા પર ભાર મૂક્યો હતો.

આ બેઠકમાં જિલ્લા નોંધણી સર નિરીક્ષક અધિકારી ડી.જે. વસાવા દ્વારા વિવિધ બાબતો પરની સ્ટેમ્પ ડ્યૂટી અંગે સમજૂતી આપવામાં આવી હતી. ખૂટતી કે અધૂરી સ્ટેમ્પ ડ્યૂટીવાળા દસ્તાવેજ માન્ય ન ગણાય, તે બાબત પર ભાર મુકાયો હતો. આ બેઠકમાં શહેરના મેયર, જિલ્લા પંચાયતના પ્રમુખ, રાજ્યસભાના સાંસદ, ધારાસભ્યો સહિત કલેક્ટર અને વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ■